બી.એડ્. (એસ.ઈ.ડી.ઈ) કાર્યક્રમ

# SECM : 03

## ગુજરાતીનું અધ્યાપન

ઘટક - 1

## માતૃભાષાનું શિક્ષણ અને આયોજન

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અને
રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો
સહકાર્યાન્વયનનો કાર્યક્રમ

લેખક :

ડૉ. સ્મિતાબેન ડી. ત્રિવેદી
શ્રીમતી એમ.એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વિમેન
એલિસબ્રિજ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.

પરામર્શ (વિષય)

ડૉ. કે. આર. નાવડીયા
નિવૃત્ત અધ્યાપક
આર.બી. સાગર કોલેજ ઓફ એજ્યુકેશન
પી.ટી. ઠક્કર રોડ, નારાયણનગર, આલોક બસ સ્ટેન્ડ પાસે, પાલડી,
અમદાવાદ.

પરામર્શ (ભાષા)

શ્રી નટુભાઈ રાવલ
નિવૃત્ત આચાર્ય
વૈદ્યશ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અમદાવાદ.

સંકલન

ડૉ. ડી. એમ. બકરાણીયા
વ્યાખ્યાતા
ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

*Printers' Kalptaru Offset, Tavadipura,Shahibaug.*
*Ahmedabad-04,Phone: (079) 25632001*

<u>પ્રકાશક</u>

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380060
C સર્વ હક્ક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# SECM : 03

## ગુજરાતીનું અધ્યાપન

---

## ઘટક - 1

## માતૃભાષાનું શિક્ષણ અને આયોજન

---

એકમ: 1 ભાષા અને માતૃભાષા શિક્ષણ

એકમ: 2 માતૃભાષા શિક્ષણના હેતુઓ

એકમ: 3 માતૃભાષા શિક્ષણનું આયોજન

## એકમ : 1 ભાષા અને માતૃભાષા શિક્ષણ

એકમ રૂપરેખા

1.1 પ્રસ્તાવના
1.2 ઉદ્દેશો
1.3 ભાષાની પરિભાષા
    1.3.1 માતૃભાષાની પરિભાષા
1.4 ભાષાના ઘટકો
1.5 માન્યભાષા અને બોલીઓ
1.6 ભાષા વિકાસ
1.7 ભાષા વિકાસને અસરકર્તા પરિબળો
1.8 ભાષાનું મહત્વ
    1.8.1 માતૃભાષાનું માનવ-જીવન વિકાસમાં મહત્વ
1.9 શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્વ
    1.9.1 માતૃભાષા : શિક્ષણના માધ્યમ તરીકે
    1.9.2 માતૃભાષા : સામાજિકીકરણના સાધન તરીકે
    1.9.3 માતૃભાષા : સામાજિક અને સાંસ્કૃતિક વારસાની ચાવી તરીકે
    1.9.4 માતૃભાષા : પ્રત્યાયનના વાહન તરીકે
    1.9.5 માતૃભાષા : માનસિક વિકાસ તથા વ્યક્તિત્વ ઘડતરના માધ્યમ તરીકે
    1.9.6 માતૃભાષા : અન્ય વિષયોના પાયા તરીકે
1.10 માધ્યમિક શાળા કક્ષાએ માતૃભાષા શિક્ષણ ઉપેક્ષા અને ઉપાયો
1.11 સારાંશ
1.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ
1.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

### 1.1 પ્રસ્તાવના :

કોઇ પણ માણસ ભાષા વગર જીવી શકે તે કલ્પના અકલ્પનીય લાગે છે. કદાચ દરેક સજીવની એ પાયાની જરૂરિયાત છે. કીડીઓની હારમાળા જોઇએ તો પળવારમાં સમજાઇ જાય કે જતી-આવતી કીડીઓ કેવી રીતે એક બીજાને મળીને આવન-જાવન કરે છે. મધમાખીઓનો ગુંજારવ પણ એકબીજા સાથેની વાતચીતનો જ સંકેત કરે છે. વળી કૂતરાઓના જુદા જુદા અવાજો જુદા જુદા ભાવોનું પ્રત્યાયન (communication) નથી કરતાં શું? માનવી મુખ્યત્વે વાચા દ્વારા પ્રત્યાયન કરે છે અને ક્વચિત તો તેનું મૌન પણ વધુ ઘેરી રીતે પ્રત્યાયન કરે છે પણ તેના મૂળમાં તો ભાષાના વિવિધ અર્થો કાર્યરત હોય છે. આ વિશ્વમાં 300 જેટલી ભાષાઓ અસ્તિત્વ ધરાવે છે. માણસ વિશ્વ વિકાસ સાથે કદમ મિલાવવા માટે

ભલે ગમે તેટલી ભાષાઓ શીખે, પણ માતૃભાષાની સાથે તેનો આત્મિક સંબંધ હોય છે. એક કોલેજમાં થયેલા એક અનુભવનો ઉલ્લેખ કરીને આપણે ભાષાનાં કેટલાંક પાયાનાં તત્વો વિશે વિગતે વિચારીશું.

વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ભાષાશિક્ષણની શરૂઆત કરતા પહેલાં શિક્ષકે સર્વને એક કલ્પનાશીલ પ્રશ્ન પૂછ્યો. અને મુક્ત ચર્ચા કરવા કહ્યું પ્રશ્ન એવો હતો કે, જો આ વિશ્વમાં ભાષા જ ન હોત તો શું થાત ? વિદ્યાર્થીઓને વિચારવા માટે પાંચ મિનિટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પાસેથી અત્યંત રસપ્રદ જવાબો પ્રાપ્ત થયા.

- માણસ એકબીજા સાથે વાતચીત જ ન કરી શકત
- કવિતા કે સાહિત્યનું સર્જન જ ન થયું હોત.
- હજુ પણ આપણે મૂંગી-મૂંગી ફિલ્મો જોતા હોત.
- રેડિયો પર કદાચ વાદ્યસંગીત જ સાંભળવા મળત.
- બધા ઇશારાઓથી જ અરસ-પરસ આદાન-પ્રદાન કરતા હોત.
- શાળા-મહાશાળાઓમાં ભણવાનું જ ન બનતા.
- આટલી બધી ક્રાંતિકારી વૈજ્ઞાનિક શોધો જ ન થઇ હોત

તમારા મનમાં પણ કદાચ આવી અન્ય કલ્પનાઓ જન્મી હશે. આ બધા જ વિચારો આપણા જીવનમાં ભાષાના અમૂલ્ય પ્રદાનની મહત્તાને પ્રવિષ્ટ કરે છે. માણસને માણસ તરીકેનો દરજ્જો આપવામાં અને ઇતર પ્રાણીઓથી તેને સંસ્કૃતિના સર્વોચ્ચ શિખર પર બેસાડવામાં ભાષા જ કેન્દ્રસ્થાને છે.

શ્રી એસ.આર.ભટ્ટના શબ્દોમાં કહીએ તો માનવે નિપજાવેલું શ્રેષ્ઠ સાધન એટલે વાણી, કદાચ એમ કહેવું ઉચિત કહેવાય કે, મનુષ્યત્વનો ખરો અર્થ એટલે જ માનવ્ય ગિરા આ ભાષા આપણે આપણી જાણ બહાર જ મોટા થતાં થતાં શીખી લઇએ છીએ. પા, મા, બા, કા, જેવા કાલા કાલા શબ્દો બોલતાં બોલતાં કેવી રીતે આખેઆખાં વાક્યો બોલતાં થઇ જઇએ છીએ એ જાણે ચમત્કાર જેવું લાગે છે. ભાષા જે આપણા વ્યક્તિત્વનો પરિચય છે તે ભાષા વિશે આપણી વૈજ્ઞાનિક સમજ ખૂબ અગત્યની છે. ભાષા શું છે ? તેનો વિકાસ કેવી રીતે થાય છે? તેના ઘટકો કયા કયા વગેરે... પ્રથમ ખંડના પ્રથમ એકમમાં તમે શેનો અભ્યાસ કરશો અને તે થકી તમે શેની સમજ મેળવશો તે ઉદ્દેશોના અધ્યયનથી સમજી શકશો.

## 1.2 ઉદ્દેશો :

આ એકમમાં આપણે ભાષા એટલે શું ?, તેની લાક્ષણિકતાઓ, માતૃભાષા કોને કહેવાય ?, ભાષાના ઘટકો, ભાષાનું સ્વરૂપ, માન્ય અને બોલીઓ, ભાષાનો વિકાસ કઇ રીતે થાય છે, ભાષાને અસરકરતા પરિબળો, જીવન વિકાસમાં માતૃભાષાનું સ્થાન, શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ, માતૃભાષા શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ, તેની ઉપેક્ષા અને ઉપાયો તેમજ ભાષા શિક્ષણના સિદ્ધાંતો વિશે સમજાતી મેળવી શું. આ એકમનું અધ્યયન કર્યા પછી તમે-

- ભાષાની પરિભાષા જણાવી શકશો.
- ભાષાનાં લક્ષણો વિશે સમજૂતી આપી શકશો.
- માતૃભાષા કોને કહેવાય તે વિશે જણાવી શકશો.
- ભાષાના ઘટકો અને સ્વરૂપ વિશે વર્ણન કરી શકશો.

- માન્યભાષા અને બોલી વચ્ચેનો ભેદ તારવી શકશો.
- ભાષાનો વિકાસ કેવી રીતે થાય છે અને તેને અસરકર્તા પરિબળો ક્યાં છે તે જણાવી શકશો.
- જીવનના વિકાસમાં અને શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને અગત્ય વિશે સમજાવી શકશો.
- માતૃભાષા શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ અને તેને બદલવા અંગેના ઉપાયો વિશે રજૂઆત કરી શકશો.

## 1.3 ભાષાની પરિભાષા :

ભાષા એટલે શું ? એવો કોઇ પ્રશ્ન પૂછે તો કદાચ સામાન્ય અર્થ તો કોઇ એવો જ આપે કે જે બોલાય તે ભાષા પણ અહીં સવાલ એવો થાય કે બોલાતા બધા ધ્વનિઓનો ભાષામાં તો સમાવેશ થતો નથી. આપણે તો કેટલાક ધ્વનિઓ જેમ કે.... ક, ગ, મ, પ .... જેવાથી જ ભાષા બોલીએ છીએ. અહીં તમને એ સમજાશે કે દરેક ભાષા પણ અલગ છે અને અલગ રીતે બોલાય છે. એટલે કે ધ્વનિઓનો અમુક રીતે ઉપયોગ કરવાની એક ચોક્કસ વ્યવસ્થા માણસે જ ઊભી કરેલી છે. અને અક્ષરની આ આરાધના થકી જ માનવકુળની સંસ્કૃતિનો ઇતિહાસ રચી શકાયો છે.

આમ તો, સંસ્કૃતના મૂળ શબ્દ ભાષા ધાતુનો અર્થ બોલવું એમ થાય છે. હવે માણસની ઊભી કરેલી આ વ્યવસ્થાને ટૂંકમાં સમજીએ તો એમ કહેવાય કે, ધ્વનિનું સંજ્ઞારૂપ એટલે અક્ષર અને અમૂર્ત ભાવોને મૂર્ત સ્વરૂપમાં રજૂ કરવા એટલે ભાષા હવે ભાષા વિજ્ઞાનીઓએ આપેલી વ્યાખ્યાઓને આધારે ભાષાની પરિભાષા સમજવાનો પ્રયત્ન કરીએ.

"A langlage is a system of arbitrary vocal syimbols by means of which a social group co-operates"

-બ્લોક અને ટ્રગર

"ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ"

- સ્વીટ

"ભાષા સ્વૈચ્છીક વાચિક ધ્વનિઓ અને ધ્વનિશ્રેણીઓની એક સંઘટનાયુક્ત વ્યવસ્થા છે જે માનવ વ્યક્તિઓના કોઇ જૂથ દ્વારા અરસ-પરસના સંદેશા વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે અને જે માનવ પરિસ્થિતિમાં જોવા મળતા પદાર્થો, ઘટનાઓને અને પ્રક્રિયાઓને લગભગ અશેષ પણે નોંધી આપે છે."

- જહોન બી.કરેલ

"ભાષા એટલે સ્વૈચ્છીક રીતે ઉપજાવેલ સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ"

- એડવર્ડ સમીર

" ભાષા એ યાદચ્છીક ધ્વનિ સંકેતોની એક વ્યવસ્થા છે, જેના દ્વારા કોઇ એક સમાજના સભ્ય તરીકે અને સંસ્કૃતિના ભાગીદાર તરીકે માનવી અરસપરસ આંતરક્રિયા કરે છે અને સંસર્ગ રાખે છે."

"ભાષા વાણી અને શ્રવણ વડે માનવો થકી અને એમના પ્રત્યે થતી અભિવ્યક્તિ સર્વવિધા અને સંક્રમણની પ્રક્રિયા છે, જેમાં બોલતા કે સાંભળતા ધ્વનિઓનું, માનવજાતિના ઇતિહાસમાં કોઇપણ એક સમયે અમુક સમુદાય કે સમુદાયોમાં સર્વ સામાન્ય વપરાશથી નિપજાવાયેલ, રૂઢ

થયેલ અને સ્વીકૃતિ પામેલ વ્યવસ્થાઓ રૂપે એવું સંયોજન થાય છે કે એ ધ્વનિઓ એ સમુદાયના લગભગ બધા સરેરાશ સભ્યોને પરસ્પર અર્થબોધક્ષમ બને છે.

- બ્રિટન સર્વ વિદ્યાસંગ્રહ

``ભાષા યાદૃચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઇપણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજા સાથે સંપર્કમાં આવે છે.''

ભાષાની ઉપરોક્ત વ્યાખ્યાઓ જોયા પછી તો કદાચ મનમાં એવું લાગે કે આપણે સરળતાથી જે ભાષા બોલીએ છીએ. તેની પરિભાષા આટલી બધી અઘરી છે.? હવે ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે આપણે ભાષાની વિભાવનાને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કરીએ. નીચે રજૂ કરેલું વિશ્લેષણ તેમાં મદદરૂપ થશે.

(1) **ભાષા એ યાદૃચ્છિક ધ્વનિસંકેતાની વ્યવસ્થા છે.**

તેમ જોયું હશે કે ભાષાની વિભાવનાઓમાં ત્રણ શબ્દો અવાર-નવાર જોવા મળે છે.

(1) યાદૃચ્છિક

(2) ધ્વનિસંકેતો

(3) વ્યવસ્થા.

આમ તો યાદૃચ્છિક એટલે મરજી મુજબ માણસના સ્વરતંત્રમાંથી નીકળતા બધા જ દવનિઓને પોતાના ચોક્કસ અર્થો નથી. એટલે જે-તે સમૂહ દ્વારા ધ્વનિ સંકેતોને અમુક અર્થમાં વાપરવાની યાદૃચ્છિક વ્યવસ્થા હવે એક ઉદાહરણથી સમજીએ.

જેમ કે ક, મ , ળ એમ ત્રણ દવનિસંકેતા છે. ક એટલે અવાજ દ્વારા અમુક ઢબે ઉચ્ચારાતો ધ્વનિ અને તેને ક ના આવા ચિત્ર દ્વારા લિપિબદ્ધ કર્યો ક નો દવનિ સંકેત અને તેને લિપિરચના એ કોઇક સમયે કોઇ જૂથ દ્વારા યાદૃચ્છિક રીતે બોલવા-લખવાની એક વ્યવસ્થા કરાઇ અને એક વખત આવી રીતે યાદૃચ્છિક રીતે નક્કી કરાયેલા સંકેતો પછી પરંપરાથી રૂઢ થયા અને આજે એક વ્યવસ્થા તરીકે પ્રચલિત થયા છે. આવા અનેક દવનિસંકેતોમાંથી દવનિઘટકોને પસંદ કરાયા ઉપર લખ્યું તેમ કમકળક એમ જે ત્રણ અક્ષરો/દવનિઓ સમૂહમાં ગોઠવીએ તો તે ચોક્કસ અર્થ ધરાવતો નથી. પણ કમળ શબ્દ એક ચોક્કસ ફૂલનો નિર્દેશ કરે છે. અલબત્ત આ શબ્દરચના અન્ય રીતે પણ કરી શકાઇ હોત. પણ એક વખત જે અર્થથી કામ ચાલવા માંડે છે પછી તે વ્યવસ્થા બની જાય છે. આમ, દવનિઘટકોને મરજી મુજબ ગોઠવવાની એક અર્થપૂર્ણ વ્યવસ્થા એટલે ભાષા.

(2) **ભાષા નિશ્ચિત અર્થ દર્શાવતી સંકુલ વ્યવસ્થા છે.**

કુદરતી રીતે જોઇએ તો કમળક શબ્દને કમળના ફૂલ સાથે કોઇ વાસ્તવિક સંબંધ નથી. કમળના ફૂલને ખબર પણ નથી, કે તેને કમળ તરીકે ઓળખવામાં આવે છે. પણ આપણે અરસ-પરસ આદાન-પ્રદાન કરવું છે માટે એક ઓળખ વ્યવસ્થા ઊભી કરી છે. અને જે-તે દવનિ સંકેતોની ચોક્કસ ગોઠવણી તેનો નિશ્ચિત અર્થ પ્રગટ કરે છે. અને જુદી જુદી ભાષામાં એક જ બાબત માટે જુદા જુદા શબ્દો હોય છે.

દા.ત. ત્રણ વ્યકિતઓ એક દુકાનમાં જઇને એમ કહે કે -

મારે કેરી જોઇએ છે.

મુઝે આમ ચાહિયે ।

I want mango

તો અહીં જોઇ શકાય છે કે એક જ કળા માટે ત્રણ વ્યકિતઓ અલગ અલગ રજૂઆત કરે છે. વળી એક જ શબ્દ એક જ ભાષામાં જુદા જુદા અર્થ પ્રગટ કરે છે. જેમ કે દાદરા પરથી પડતાં મારો પગ ભાંગી ગયો. અને કોઇ એમ કહે કે, આઘાત જનક સમાચાર મળતાં જ મારા તો પગ ભાંગી ગયા. પ્રથમ વાકયમાં પગ ભાંગવાનો અર્થ એ વાસ્તવિક અર્થ છે કે પગને શારીરિક નુકસાન થયું છે. પણ બીજા વાકયમાં તે રૂઢિપ્રયોગ તરીકે વપરાયો છે કે, સમાચારથી મને અત્યંત દુ:ખ થયું. આમ આ યાદૃચ્છિક વ્યવસ્થા ભલે છે. પણ તે અત્યંત સંકુલ છે. કેટલીક વખત તો ભાષા બોલાય છે કેવી રીતે તેના પર પણ અર્થો નિર્ભર થતા હોય છે અને તેની વિવિધ છાયાઓ પ્રગટ થતી હોય છે.

(3) ભાષા એ સામાજિક ઘટના છે.

બાળક જે સમાજમાં જન્મે તે સમાજની ભાષા બોલે અને એટલે જ તો ભલે ગુજરાતી જ ભાષા બોલાતી હોય છતાં મહેસાણા જિલ્લાનો લોકો ગુજરાતી બોલે કે સુરતી લહેકો સાંભળવા મળે કે સૌરાષ્ટ્રી સોરઠી વાણી બોલાય ત્યારે તેના આગવા મિજાજ પ્રગટતા હોય છે. ભાષા જે-તે સમાજનું પ્રતિનિધિત્વ કરતી હોય છે. ઘણીવાર માણસ જે સમાજના સભ્યો સાથે મળતો હોય તેવી ભાષામાં અભિવ્યકિત કરે છે. દા.ત. તમે ઘણીવાર જોયું હશે અને જાતે અનુભવ્યું પણ હશે કે જયારે આપણે આપણા વ્યાવસાયિક ક્ષેત્રમાં વ્યાવસાયિક માણસો સાથે કામ કરતા હોઈ ત્યારે આપણી ભાષાના રંગઢંગ અલગ હોય છે અને એવામાં આપણને આપણો બાળપણનો મિત્ર મળી જાય તો તરત તેની સાથેની ભાષાનો વ્યવહાર બદલાઈ જાય છે. તો વળી ઘરમાં ભાષા અભિવ્યકિતની મહેક કંઇક ઓર જ હોય છે. આમ એકની એક ભાષા પણ સમાજ તેનું સ્વરૂપ બદલે તેની સાથે ભાષાનું સ્વરૂપ પણ બદલાઇ જાય છે. આમ, ભાષા એ સામાજિક ઘટના છે.

(4) ભાષા ટેવોનો સમૂહ છે.

કો ઈ ગુજરાતી બે-ત્રણ મહિના પણ અમેરિકાની મુલાકાત લઇ આવે તો આવતાની સાથે તેઓની ભાષામાં ''હાય'' ''હેલો'' જેવા શબ્દો વધુ સાંભળવા મળશે. જેમ જેમ આપણું જીવન બદલાતું રહે છે અને વ્યકિતત્વ ઘડાતું રહે છે અને તેમ તેમ ભાષા પણ વ્યકિતત્વના હિસ્સામાં આત્મસાત થતી જાય છે. આપણાં ખાન-પાન, રહન-સહનની જેમ ભાષા પણ ટેવોનો એક સમુચ્ચય છે. ભાષા બોલનારાઓમાં પણ જે બદલાવ જોવા મળે છે તે પણ આ ટેવોનું પરિણામ છે. તમે મુંબઇની ગુજરાતી સાંભળો અને ડાંગની ગુજરાતી સાંભળો તો તરત પરખાઇ જાય. વળી માણસ એક વાતાવરણમાંથી બીજા વાતાવરણમાં જાય તો પણ ભાષાની ટેવો ધીમે ધીમે બદલાઇ જઇને નવી આત્મસાત્ થવા માંડે છે.

(5) ભાષા એ કેળવેલો સંસ્કાર છે.

આપણને માણસ તરીકે બોલવાની શકિત મળી છે પણ ભાષા કયાં, કોની સામે, કોની વચ્ચે કેવી રીતે બોલવી એ કેળવણીનું પરિણામ છે. એવું પણ ઘણીવાર લાગે કે ભાષા ભલે વપરાતી હોય પણ હજુ તે ઘણી વ્યકિતઓમાં કેળવાઈ નથી હોતી. જેમ કે ભૂખ એ જન્મજાત પ્રેરણા છે પણ કયાં અને કયારે શું ખાવું ? ને વાતાવરણમાં મળેલા ઉછેર અને સંસ્કાર નક્કી કરે છે. પુત્રનાં લક્ષણ પારણામાં અને વહુનાં લક્ષણ બારણામાં - આ કહેવતમાં વહુ આવનાર વ્યકિતને કેવી રીતે આવકારે છે તેમાં તેની ભાષા દ્વારા તેના સંસ્કારની વાતનો જ મહિમા કરેલો છે. ભાષાને તાલીમ અને મહાવરા દ્વારા કેળવી શકાય છે એટલું જ નહીં શકિત અનુસાર તેમાં સર્જનશીલતા પણ લાવી શકાય છે. કવિતામાં વપરાતી ભાષા, નિબંધમાં પ્રયોજાતાં અલંકાર અને આજના

એસ.એમ.એસ.માં વપરાતી ભાષા આવી સર્જનશીલતાનાં જ ઉદાહરણો છે.

(6) ભાષા દ્વારા સમાજના સભ્યો પ્રત્યાયન કરે છે.

ભાષા આપણા જીવનમાં એવી રીતે વણાઈ ગઈ છે કે તે વિનાનું જીવન કે સમાજ આપણે કલ્પી શકતા જ નથી. અગાઉ પણ આપણે આ જ વાત કરી ગયા. જે-તે સમાજના સભ્યો ભાષા દ્વારા જ અરસ-પરસ પ્રત્યાયન કરે છે. લાગણીઓ અને વિચારોના આદાન-પ્રદાન દ્વારા જે સમાજના સભ્યો જીવન વ્યવહાર કરતા હોય છે. પછી તે વર્તમાન પત્રોમાં પ્રકાશિત સમાચાર હોય કે, ટી.વી. પર કોઈની મુલાકાત હોય, કે પતિ-પત્નીની ખાટી-મીઠી નોંકઝોંક હોય કે બાળક સાથેની મસ્તી હોય. આ સર્વમાં ભાષા પ્રત્યાયન જ પ્રાણતત્વ છે.

## 1.3.1 માતૃભાષાની પરિભાષા

માતૃભાષાનો માત્ર શાબ્દિક અર્થ કરીએ તો માતા પાસેથી મેળવેલી ભાષા એવો અર્થ સ્પષ્ટ થાય. માતૃભાષા એટલે માતા સમાન ભાષા, માના ખોળામાં જે ભાષા શીખ્યા તે માતૃભાષા.જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી સંસ્કૃતની આ પ્રખ્યાત ઉક્તિને ધ્યાનમાં લેતાં વિચારીએ તો જે જન્મભૂમિરૂપી માતાની છાયામાં જે સ્થળ-વિસ્તારમાં જન્મ્યાં મોટાં થયાં અને જે ભાષા વ્યવહાર આત્મસાત્ થયો તે માતૃભાષા આ ઉપરથી એવું કહી શકાય કે એવી એક ભાષા જેનો સમાજના લોકો પોતાના નિત્ય વ્યવહારમાં સાધન તરીકે સાહજિક રીતે ઉપયોગ કરતા હોય તે માતૃભાષા The Principles and methods of Teaching પુસ્તકમાં ભાટિયા અને ભાટિયાએ નીચે જણાવ્યા અનુસાર માતૃભાષાને વ્યાખ્યાયિત કરી છે. Mothertongue is a means of introducing the child to the rich heritage of his peoples ideas, emotions, aspirations and therefore can be made a valuable means of social educational whilst also instilling right ethical and moral values.

આમ, માતૃભાષા એટલે પોતાના લોકોનાં મૂલ્યો, વિચારો, લાગણીઓ, આકાંક્ષાઓ કે જે સામાજિક શિક્ષણથી ઘડાયેલાં છે તેના વારસાનો પરિચય આપતી ભાષા વ્યક્તિના રોમેરોમમાં વસેલી ભાષા એટલે માતૃભાષા વ્યક્તિ જીવન પર્યંત માતૃભાષાને સાથે જ રાખે છે. એ તો પરદેશમાં વસતા માણસને જ્યારે અમુક સમય પછી પોતાની જ ભાષામાં વાત કરતી વ્યક્તિ મળી જાય ત્યારે તેને જે આનંદ થાય તેને જ ખબર પડે. ચીઠ્ઠી આઇ હૈ, વતન સે ચિઠ્ઠી આઇ હૈ આ ગીત માતૃભાષા સાથેના અનન્ય સંબધને જ વાગોળે છે. માતૃભાષા વિશે હમણાં આટલી પ્રાથમિક વાત કરી. હજી આપણે તેનું આપણા જીવન વિકાસમાં અને તેનું શિક્ષણમાં શું સ્થાન છે તે વિશે આગળ વિગતે ચર્ચા કરીશું હજી તો ભાષા વિશે જ કેટલીક પ્રાથમિક સમજ મેળવવાની બાકી છે. આપણે તેની પરિભાષા જોઇ પણ ભાષા કયાં કયાં ઘટકોની બનેલી છે, તેનું સ્વરૂપ કેવું છે, લોકબોલી અને માન્ય ભાષા વચ્ચે શુ ભેદ છે, માનવ જીવનમાં ભાષાનો વિકાસ કઇ રીતે થાય છે, તેને અસરકર્તા પરિબળો કયાં કયાં છે તે વિશે સમજીએ. આટલું સમજ્યા પછી જે ગુજરાતી ભાષાને માતૃભાષા તરીકે વર્ષોથી બોલીએ, સાંભળીએ, વાંચીએ કે લખીએ છીએ, તેના ઘટકો, સ્વરૂપ અને વિકાસ વિશેની આંટીઘૂંટીઓ ઊકલતી જશે. અને આપણી વૈચારિક પ્રક્રિયામાં તેના તાણાવાણા ગૂંથાતા જશે. તો હવે આપણે ભાષાના ઘટકોનો પરિચય મેળવીશું પણ તે પહેલાં તમારી પ્રગતિ ચકાસી લેશો ?

## તમારી પ્રગતિ ચકાસો - 1

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

1. ભાષાની કોઇપણ બે પરિભાષા લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. માતૃભાષા કોને કહેવાય ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 1.4 ભાષાના ઘટકો :

આપણે અનેક ફિલ્મો નિહાળી છે, પ્રવચનો સાંભળ્યાં છે અને પોતે પણ કેટલુંય બોલ્યા છીએ. પણ જે ભાષા આપણે વાપરીએ છીએ. તે ભાષા શાની બનેલી છે, તેના મૂળભૂત ઘટકો કયા કયા છે જેનાથી દિવસ દરમ્યાન આપણો સતત વ્યવહાર ચાલે છે.? આ મુદ્દામાં આપણે ભાષાનું પૃથક્કરણ કરતાં જે જુદા જુદા ઘટકોથી ભાષા રચાઇ છે તેનો ખ્યાલ મેળવીશું.

(1) વર્ણ કે અક્ષર :

વર્ણ મૂળભૂત રીતે તો અવાજ કે ધ્વનિ છે પણ આ ધ્વનિ એવા ધ્વનિ છે કે જેમનાં સંયોજનથી અર્થ ધરાવતા શબ્દો બનાવી શકાય છે. જેમકે ડચકારો, ઓડકાર વગેરે ધ્વનિ તો છે પણ વર્ણ કે અક્ષર નથી. માણસ અવાજો તો ઘણા કાઢી શકે પણ દરેક અવાજ વર્ણ બની શકતો નથી. ગુજરાતી ભાષામાં આપણે ક, ખ, ગ, મ, ઞ, બ વગેરેને વર્ણ તરીકે ઓળખીએ છીએ. કેમ કે, તેનાં સંયોજનથી અપણે અર્થપૂર્ણ શબ્દની રચના કરી શકીએ છીએ. હિન્દીમાં ક, જ, ય, લ, ખ વગેરે તો અંગ્રેજીમાં A, E, S, K, L, P વગેરેને વર્ણ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતી ભાષામાં 11 સ્વરો અને 34 વ્યંજનો મળીને કુલ 45 વર્ણો છે. ચીની ભાષામાં વિશ્વની તમામ ભાષાઓ કરતાં સૌથી વધુ વર્ણો છે.

(2) રૂપ કે શબ્દ :

જુદા જુદા વર્ણને ભેગા કરીને બનાવેલો અક્ષરસમૂહ એટલે શબ્દ. દા.ત. ક્+અ+મ્+અ+લ્+અ વર્ણો ભેગા કરતાં કમલ શબ્દ બન્યો તે રૂપ કહેવાય.

પણ મ્+અ+બ્+અ = મબ –એ અર્થ પ્રતિપાદિત કરતો નથી. માટે તેને રૂપ કહી શકાય નહીં. જો ગા, મા , તે વગેરે એકાક્ષરી શબ્દો હોવા છતાં તે અર્થ પ્રગટ કરે છે માટે રૂપ કહેવાય.

(3) અંગ :

શબ્દકોશગત અર્થ ધરાવે તેવા રૂપને અંગ કહે છે. અંગને પ્રત્યય લાગી શકે અને નવો શબ્દ પણ બની શકે. એક ઉદાહરણથી સમજીએ ઓળખાણ આ શબ્દ ઓળખ અને આણ પ્રત્યય મળીને બન્યો છે. ઓળખ શબ્દનો અર્થ છે પણ આણ પ્રત્યયનો અર્થ નથી. આથી ઓળખ એ અંગ છે.

(4) પ્રત્યય :

અંગને લાગતા પ્રત્યયો વ્યાકરણગત અર્થ ધરાવે છે. તિ, ઇક, આટ, અણ, તા વગેરે પ્રત્યયો શબ્દકોશગત અર્થ ધરાવતા નથી. એટલે કે તે એકલા પ્રયોજી શકાતા નથી. એટલે જ તેને પ્રત્યયો કહેવામાં આવે છે. પ્રત્યય પણ બે પ્રકારના છે.

**(અ) અંગ સાધક પ્રત્યયો અને (બ) પદ સાધક પ્રત્યયો**

(અ) અંગસાધક પ્રત્યયો :

જે પ્રત્યય લગાડવાથી માત્ર તેની વ્યાકરણગત કામગીરી બદલાય તેને અંગસાધક પ્રત્યય કહે છે. એટલે કે તેના દ્વારા નવું જ અંગ રચાય છે. અને તે કોશગત અર્થ વ્યક્ત કરનાર શબ્દ બને છે. દા.ત. માણસ + આઇ – માણસાઈ , સંસાર + ઇક – સાંસારિક અહીં આઈ અને ઈક પ્રત્યય લગાડતા ભાવવાચક સંજ્ઞા બની. એટલે આ શબ્દો અંગ તરીકે કામગીરી કરતા થયા માટે તેને અંગસાધક પ્રત્યય કહે છે. આવી રીતે પૂર્વ પ્રત્યય- પ્ર - લગાડીને પ્ર + ગતિ = પ્રગતિ, પ્ર + દાન = પ્રદાન, પ્ર + બળ = પ્રબળ એમ અંગ સાધક શબ્દો બનાવી શકાય છે.

(બ) પદસાધક પ્રત્યયો :

પ્રથમ તો વાક્યમાં વપરાયેલ રૂપને પદ કહે છે. જેમ ગમે તે વર્ણો મળીને શબ્દ બનતો નથી તેમ ગમે તે શબ્દો ભેગા કરીને વાક્ય બનતું નથી. વાક્ય અંતર્ગત જે શબ્દો અર્થ પ્રગટ કરવાની કામગીરી બજાવે તેને પદ કહે છે. દા.ત. આજે શિક્ષકે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સરસ ભણાવ્યું.

આ વાક્યના બધા શબ્દો પદ કહેવાય. આ વાક્યમાં વર્ગખંડ માં એ શબ્દને ક્રમાંક અને વિદ્યાર્થીઓને એ શબ્દને પ્રત્યય લાગતાં વાક્ય અર્થ પૂર્ણ બન્યું. આને વિભક્તિના પ્રત્યયો કહેવામાં આવે છે. તે વાક્યની રચના માટે પદની સિદ્ધિ કરાવે છે માટે તેને પદ સાધક પ્રત્યયો કહે છે.

(5) વાક્ય :

બધાં પદો મળીને વાક્ય બને છે. અગાઉ જેમ કહ્યું કે બધા શબ્દો મળીને વાક્ય થતું નથી. તેમ બધાં પદો મળીને પણ વાક્ય રચાતું નથી. પદોનો ચોક્કસ ક્રમ હોય છે. વાક્યમાં વપરાયેલાં પદો વચ્ચે એક પ્રકારનો સંવાદ હોય છે. તેને પદસંવાદ પણ કહે છે. દા.ત. ઉપરોક્ત વિધાનને આપણે એવી રીતે લખીએ કે,

ભણાવ્યું વર્ગ ખંડમાં સરસ આજે વિદ્યાર્થીઓને શિક્ષકે તો તમને જણાશે કે પદોનો પદક્રમ યોગ્ય રીતે જળવાયો નથી માટે અર્થ સ્પષ્ટ થતો નથી. ઉપરાંત વાક્યમાં આરોહ-અવરોહ

અને જંક્ચર (શબ્દની સીમા પરના ઉચિત વિરામ સ્થાનને જેમ કે અ-ખોડો અને અખોડો)પણ અગત્યનો ભાગ ભજવે છે.

આમ, આપણી ઝડપ કે ફટાફટ બોલવાની ભાષામાં વર્ણથી શરૂ કરીને વાક્ય સુધીના વિવિધ ઘટકો પોતાની કામગીરી બજાવે છે. અને આવા વાક્યોના સમૂહથી ભાષાનું નિર્માણ થાય છે. આ સમગ્ર ઘટકોને એક આલેખ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ તો નીચે મુજબ તેની રજૂઆત કરી શકાય.

ભાષાનું વૈજ્ઞાનિક પૃથક્કરણ ભાષાના ઘટકો

ભાષા
વાક્યોનો સમૂહ

વાક્ય
(શબ્દોની બૃહદ્ રચના)
પદક્રમ +ક પદ સંવાદ + આરોહ - અવરોહ + જંક્ચર

પદ
પ્રાથમિક રચના +પદ સાધક પ્રત્યય

અંગ
પ્રાથમિક રચના +અંગ સાધક પ્રત્યય

રૂપ
અક્ષરોનો અર્થયુક્ત સમૂહ

અક્ષર
ધ્વનિઓનો સમૂહ

ધ્વનિ

ભાષાના ઘટકોનો અભ્યાસ કરતાં એવું લાગ્યું હશે કે માણસને મળેલું આ વરદાન કેવી સંકુલ રચના ધરાવે છે.જે વર્ણો દ્વારા આપણે કરોડો શબ્દો બનાવીએ છીએ તે શબ્દો-પદો બને, પણ તેના તેનો પદક્રમ જળવાય એટલે વાક્ય બને અને આવા અસંખ્ય વાક્યો ભાષાનું નિર્માણ કરે. ત્યારે જ સરસ્વતીચંદ્ર જેવી બૃહદ્ નવલકથાનું નિર્માણ થાય ને!પણ તેના પાયામાં તો કુલ 45 વર્ણો જ સમાયેલા છે. કે લાલના જાદુના ખેલ જેવો જ આ ભાષાનો ખેલ નથી જણાતો શું ?

આપણે ભાષાનું વૈજ્ઞાનિક પૃથક્કરણ તો જોયું પણ હવે એ જિજ્ઞાસા પણ થવી જોઈએ કે, ભાષા દેખાય છે કેવી ? તેનું સ્વરૂપ કેવું છે ? શું તેને જોઈ શકાય ? તેનો કોઈ આકાર છે ? દા.ત. કોઈ "ખુરશી" એમ શબ્દ બોલે તો તરત તમારા મનમાં તમે જોયેલી કોઈ ખુરશીનું ચિત્ર અંકાઈ જાય એવુંજ નદી શબ્દ બોલીએ તો તરત માનસપટ પર નદીનો પ્રવાહ દેખાય પણ ££ભાષા££શબ્દ બોલીએ તો માનસપટ પર શું અંકિત થાય ભાષા શબ્દ સાંભળી તમને શું થયું ? તો ચાલો આપણે હવે ભાષાના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ.

## 1.5. માન્ય ભાષા અને બોલીઓ

એક વખત એક સંવાદ સાંભળ્યો હતો. એક ભાઈ એમના એક મિત્રને રસ્તામાં મળ્યા અને કહેવા લાગ્યા, વિમરભાઈ, હું તમને મરવા ઘરે ગયો હતો પણ તમે મર્યા નહીં, સારું થયું આપણે અહીં રસ્તામાં જ મરી ગયા. આ સંવાદ સાંભળીને હસવું તો આવે જ પણ જો બોલીની સમાનતા ન હોય તો અર્થનો અનર્થ થઈ જાય.આ મિત્ર "ળ" ને બદલે "ર" નો ઉચ્ચાર કરતા હતા. વિમળભાઈ, હું તમને મળવા ઘરે ગયો હતો, પણ તમે ત્યાં મળ્યા નહીં. સારું થયું આપણે અહીં રસ્તામાં જ મળી ગયાં. આ વાક્ય કેવી રીતે બોલાયું. કહેવાય છેકે બાર ગાઉએ બોલી બદલાય એમ જુદા જુદા ભૌગોલિક વિસ્તારની પોતાની વિશેષતાઓ ભાષા સાથે વણાઈ જતી હોય છે. માત્ર ગુજરાત રાજ્યના ભૌગોલિક વિસ્તારની વાત કરીએ તો ગુજરાતની ઉત્તરે આબુ, દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળા, પૂર્વમાં સરસ્વતી અને સાતપૂડા તથા પશ્ચિમે અરબી સમુદ્ર આવેલા છે. રાજકીય રીતે જોઈએ તો પૂર્વમાં મહારાષ્ટ્રનો કેટલાક ભાગ અને મધ્યપ્રદેશ ઉતરે રાજસ્થાન દક્ષિણમાં મહારાષ્ટ્ર અને પશ્ચિમમાં અરબી સમુદ્ર આવેલો છે. ગુજરાતના જનસંપર્કમાં માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાતી ભાષા ગુજરાતી છે. પરંતુ વિવિધ પ્રદેશોમાં બોલાતી ગુજરાતી ભાષાના ઉચ્ચારણમાં ભેદ જોવા મળે છે. વળી કેટલાકમાં એક જ અર્થ કે વસ્તુ માટેના શબ્દો અલગ અલગ વપરાય છે. ભાષામાં જોવા મળતો આ ભેદ મૂળભૂત રીતે બોલીનો ભેદ છે.

બોલી એટલે જે-તે પ્રદેશના લોક વ્યવહારમાં પ્રયોજાતી ભાષા.

ગુજરાતમાં વિવિધ જાતિપ્રદેશના લોકો વસે છે. અને તેઓ વચ્ચે સાંસ્કૃતિક ભિન્નતા પણ ખૂબ છે. સૌરાષ્ટ્રથી ડાંગ સુધીનો પ્રદેશ ગુજરાતમાં આવરી લેવાયો છે. આ સમગ્ર પ્રદેશની ભાષા ગુજરાતી હોવા છતાં-ત્યાં જ્યા તાં, પોણી પીવું સે ત્યમ છે ? હાલ્ય હવે, ડાપણ કર્યમા, અને આપ શિદ જાઓ છો જેવા ભાષા વ્યવહારો જોવા સાંભળવા મળે છે. હવે આપણે માન્ય ભાષા અથવા બોલી અને ગુજરાતની મુખ્ય બોલીઓ વિશેનો અભ્યાસ કરીશું.

(અ) માન્ય ભાષા

જુદાજુદા ભૌગોલિક ભેદને લીધે ઉત્પન્ન થતા ભાષાના કથ્ય રૂપને બોલી કહે છે તે તો આપણે સમજ્યા.પણ માન્ય ભાષા કે બોલીનો ઉદ્ભવ પણ આવીજ કોઈ કથ્ય બોલીમાંથી થયો હોય છે. એટલે તાત્ત્વિક રીતે તો બોલી અને માન્ય ભાષા વચ્ચે કોઈ ભેદ નથી. માન્ય ભાષા ચડિયાતી અને અન્ય બોલીઓ ઊતરતી છે તેવું સહેજ પણ નથી. છતાં વિવિધ પરિબળોને કારણે માન્ય ભાષા વધુ વપરાશમાં આવે તેથી આદાન-પ્રદાનમાં આપણે અન્ય બોલીઓ સાંભળીએ ત્યારે વધુ સભાન થઈ જવાય છે. વર્ગખંડમાં કોઈ ચરોતરના સાહેબ એમની બોલીમાં બોલે ત્યારે વિદ્યાર્થીઓ તેમની નકલ કરવા લાગી જાય છે.

આપણે જાણીએ છીએ કે સમાજ ઉંમર, જાતિ, વ્યવસાય, શૈક્ષણિક લાયકાતો, પ્રદેશ, જ્ઞાતિ જેવાં ધોરણો પ્રમાણે સ્તરીકૃત થયેલાં છે. દરેક સ્તરના લોકોની એક ચોક્કસ ભાષા છે.

સમાજના જુદાજુદા સ્તર કે વર્ગો દ્વારા બહુધા ઉપયોગમાં લેવાતી ભાષાને આપણે માન્ય બોલી કહી શકીએ.

કોઈ પ્રદેશને રાજકીય મહત્ત્વ મળે તો એ પ્રદેશની બોલીનો વહીવટી કામ માટે ઉપયોગ થાય છે. વખત જતાં તેમાં સાહિત્ય રચાય અને શિક્ષણમાં પણ તેનો ઉપયોગ વધવા માંડે એટલે તેનું અનુસરણ કરવા સહુ પ્રેરાય છે. અને આ રીતે માન્ય ભાષાનો વિસ્તાર થયા કરે છે. તેના કારણોમાં મહત્ત્વનાં જોઈએ તો -

- વહીવટી કામમાં ઉપયોગ વધવાથી
- શિક્ષણમાં બહોળો ઉપયોગ વધવાથી
- સાહિત્યમાં તેની રચનાઓનો અવકાશ વધવાથી
- ટી.વી સમાચાર પત્રોમાં તેનો વધુને વધુ ઉપયોગ થવાથી
- ભાષામાંથી પ્રાદેશિક અંશો દૂર થતાં શિષ્ટ ભાષાનો પ્રયોગ વધુ સ્પષ્ટ થવાથી
- શહેરીકરણનો વિસ્તાર થવાથી
- શિક્ષણનો વ્યાપ વધવાથી
- સંસ્કૃતિનો પ્રચાર વધવાથી

આમ, માન્ય ભાષાનો વિસ્તાર વધ્યા કરે છે. તેમાં કોઈ એકજ બોલી નહીં પણ ઘણી બધી બોલીઓનો ઓછો વત્તો ફાળો હોય છે.

વળી આ ભાષામાં પણ જુદાજુદા પ્રકારના વ્યવસાયોની પોતાની વિશેષતા અને પારિભાષિક શબ્દોની અસર પણ મુખ્ય છે. જેમ કે વેપારી વર્ગની ભાષા, પોલીસ-લશ્કરી ભાષા, ડૉક્ટરોની ભાષા, વકીલની ભાષા, શિક્ષકોની ભાષામાં તેઓના વ્યવસાયની છાંટ પણ જોવા મળે છે. કાયદો, વહીવટ, પ્રશાસન, શેરબજાર, તકનિકી ક્ષેત્ર વગેરેમાં અમુક શબ્દોનો વિશિષ્ટ અર્થ થતો હોય છે. આને કાર્યવાહક, માન્ય બોલી પણ કહેવામાં આવે છે.જેમ કે ફરિયાદી અને પ્રતિવાદી કાનૂની વ્યવસાયની માન્ય બોલી છે.

(બ) ગુજરાતની મુખ્ય બોલીઓ

જે-તે વિસ્તારની ભૌગોલિક સીમા પૂરી થતાં ત્યાં એક માર્ગદર્શક અમુક બોર્ડ જોવા મળે. એટલે આપણે કહી શકીએ કે અમદાવાદની જિલ્લાની સીમા પૂરી અને વડોદરા જિલ્લાની હદ શરૂ. પણ બોલી માટે કોઇ એક બોલીનું વ્યવહાર ક્ષેત્ર પૂરું થયું અને બીજી બોલી શરૂ થઈ ગઈ તેમ કહેવું મુશ્કેલ છે પણ અગાઉ કહ્યું તેમ પ્રદેશ વિશેષની વિશેષતાઓને ધ્યાનમાં લઈને આપણે ગુજરાતની પ્રાદેશિક બોલીઓને નીચે મુજબ વહેંચી શકીએ.

1. ઉત્તર ગુજરાતની પટણી બોલી

ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણની આજુબાજુના વિસ્તારોમાં બોલાતી ભાષા પટણી બોલી તરીકે બોલાય છે. તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

પદની શરૂઆતમાં આવતાં ક ને બદલે ચ ઉચ્ચારાય છે.

કેટલું ચેટલું, કેળાં ચેળાં, ત્યાં-ચ્યાં, ક્યારો ચ્યારો.

- ને બદલે "સ" નું ઉચ્ચારણ થાય છે.

  ચિઠ્ઠી -સિઠ્ઠી, ચક્કર - સક્કર ચાર-સાર
- "છ" કે "શ" ને બદલે પણ "સ" વપરાય છે.

  છેટું સેટું છેવટે સેવટે, છોકરાં સોકરાં, શાળા સાળા
- "સ" -"શ" ને સ્થાને "હ" જેવો ઉચ્ચાર થાય છે.

  નિશાળ-નેહાળ, મહેસાણા - મેહાણા, સરવગો-હરગવો.
- શબ્દના આરંભમાં " ઈ" કારને બદલે એ કારનું ઉચ્ચારણ થાય છે.

  ધિમું - ધેમું,ચીકણું,-સેકણું, છીકણી-સેંકણી
- શબ્દારંભે આ ને બદલે "ઑ" નો ઉચ્ચાર

  પાણી-પોણી, ગામ-ગોમ, કાન-કોન
- પદને અંતે આવતા "એ" ને બદલે "ઇ" નો ઉચ્ચાર કરશે-કરશિ, ખાશે, ખાશિ, જમશે-જમશિ
- કેટલાક વિશિષ્ટ પ્રયોગો

  ત્યારે-તાણ,-તાણે, વધુ વૌ, બહેન-બુન, દિયર-દિયોર વગેરે...

2. મધ્ય ગુજરાતની ચરોતરી બોલી અમદાવાદની દક્ષિણે આવેલા વિસ્તારોમાં ખાસ કરીને ખેડા જિલ્લામાં આ બોલીનો વ્યાપક ઉપયોગ થાય છે. તેની વિશેષતાઓ નીચે મુજબ છે.

- ''ળ'' ને બદલે ''ર'' નું ઉચ્ચારણ

મળશે-મિરશે, દળવું -દરવું, દાળ-દાલ, માળણ-મારણ, વળાવવું -વરાવવું

- ''શ'' - ''સ ને બદલે ''હ'' નો ઉચ્ચાર (પટણી બોલીમાં પણ આ જ લક્ષણ જોવા મળે છે. સમડી-હમડી, સવારે -હવારે-સાંજે હાંજે, સગું-હગું

શબ્દારંભે ''ઈ'' ને બદલે ''એ'' શ્રુતિનો ઉપયોગ

ખીંટી-ખેંટી, પીપળો પેંપળો, વીંટી-વેંટી વગેરે.

''હ'' કારનો ઉપયોગ

અમારું -અમ્હારું, મારું-મ્હારું, મોં-મ્હોં

નાન્યતર જાતિના બહુવચનના અંતે ''ઓ'' ને બદલે '' ઑ'' બોલાય છે.

ખેતરો-ખેતરૉ, ઘરો-ઘરૉ

- નારી જાતિનાં બહુવચનના નામો સાથે ક્રિયાપદો પણ બહુવચનમાં વાપરે છે.

છોકરીઓ જતી હતી- સોકરીઓ જતિઓ હતિયો. ભેંસો ચરતી હતી- ભેંહો ચરતિયો હતિયો.

કેટલાક વિશિષ્ટ પ્રયોગો પછી-વળી, બૂહલું-ધોકો (કપડાં ધોવાનું સાધન) નહીં તો-નીકર, ધોતિયું -થેપાડું, બદલે સાટે ..

3. દક્ષિણ ગુજરાતની સુરતી બોલી :

વડોદરાની દક્ષિણે આવેલા ભરૂચ અને સુરત જિલ્લામાં આ બોલી વિશેષ સાંભળવા મળે છે. તેનાં નોંધપાત્ર લક્ષણો આ મુજબ છે.

''સ'' કે ''શ'' ની જગાએ ''હ'' નો ઉચ્ચાર પૈસા-પૈહા, શાક હાક, કરીશું-કરશું, સુરત-હુરત.

''ળ'' ને બદલે ''લ'' ઉચ્ચાર દાળભાત-દાલભાત, ભળવું-ભલવું, મળવું મલવું

''ય'' કારનું સ્થાન બદલીને થતા ઉચ્ચારો કર્યું-કયરું, જમ્યો જયમો, બોલ્યા-બોલવા, વાંચ્યું-વાચયું

''ત'' ''દ'' જેવા દંત્યવર્ણોને ''ક'' ની જેમ મૂર્ધન્ય બોલવા.

તેમ-ટમે, તપેલી-ટપેલી, તપસ્વી-ટપસ્વી, દિશા-ડિશા, વાંધો-વાંઢો

''ણ'' -ને બદલે ''ન'' ઉચ્ચારાય છે. ઘણું-ઘનું કોણ-કોન, પાણી-પાની, સતાણું સટ્ટાનું

શબ્દને અંતે કકકક ને બદલે ની નો ઉચ્ચાર આવને આવની, કરને -કરની, જાવને જાવની

વર્તમાનકાળને બદલે કૃદંતનો ઉપયોગ તે લખે છે-તે લખતો છે. હું વાંચું છું -હું વાંચતો છું.

કેટલાક વિશિષ્ટ પ્રયોગો

તેઓ તેવણ, છોકરો- છોરો-પોયરો, છોકરી-છોરી, પોયરી, પણ - બી

4. સૌરાષ્ટ્રની સોરઠી કે કાઠિયાવાડી બોલી :

સૌરાષ્ટ્ર જુદા જુદા પ્રદેશોમાં એક જ બોલીના જુદા જુદા ભેદો જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, ગોહિલવાડ, હાલાર,સોરઠ વગેરેનો સમાવેશ થાય છે. આમ છતાં, આ બધી બોલીઓમાં સર્વ સામાન્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ જોવા મળે છે.

''એ'' અને ઓ ના સાંકડા ઉચ્ચારને બદલે કે પહોળા ઉચ્ચારો થાય છે. જેમ કે ઘોડા-

ઘોડા, જેલ જેલ, મોળું મોળું

ય શ્રુતિનો વ્યાપક ઉપયોગ કર-કર્ય, લખ લખ્ય, વાત-વાત્ય

અનુનાસિકનો વ્યાપક ઉપયોગ

ગામ-ગાંમ, ચોકડી-ચોંકડી, રામ-રોંમ

''સ'' ને બદલે ''હ'' નો ઉપયોગ સગાઈ-હગાઈ, સવાર-હવાર, સાંજ -સાંજય

''ચ'' અને ''છ'' ને બદલે ''સ'' નો ઉપયોગ ચપટી-સપટી, ચાબૂક-સાબૂક, ચોપડી સોપડી

કર્મણિ ભૂતકૃદંતને અંતે આવતા '' યું'' ને સ્થાને ણું નો ઉપયોગ

જેમકે, ગવાયું-ગવાણું, જવાયું-જવાણું, તોડાયું-તોડાણું

નારી જાતિના નામોના બહુવચનમાં ''યું'' લગાડવામાં આવે છે.

જેમ કે, છોકરીઓ-છોકરીયું, બકરીઓ - બકરીયું, લાકડીઓ-લાકડીયું

કેટલાક વિશિષ્ટ શબ્દ પ્રયોગો,

અત્યારે-અટાણે, ઊંઘ -નિંદર, ક્યારના-કેદૂના,ખાટલો-ઢોલિયો, લોટો- કળશ્યો, વિસામો-પોરો, વગેરે...

જો કે આ બોલીઓમાં પણ ક્યારેક એકરૂપતા નથી હોતી. ભરૂચ અને સુરતની બોલીમાં થોડો ભેદ રહેવાનો ચરોતરના બારૈયા અને પાટીદારોની બોલીમાં પણ થોડો તફાવત જોવા મળે છે.

## 5. કચ્છી બોલી:

આ ભાષા સિંધી ભાષાની બોલી છે. પરંતુ તેના ઉપર ગુજરાતી શબ્દભંડોળનો અસર છે. કચ્છી પ્રજા ગુજરાતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં વસે છે. તેમાં મુખ્યત્વે મેમણ, ખોજાઓ, મિયાણા, મુસલમાન, સિંધી, માછીમારો વગેરેની ભાષામાં કચ્છી બોલીની અસર જણાય છે.

## 6. સરહદની બોલીઓ:

ડાંગ જિલ્લાની સરહદ અને વાંસદા ધરમપુર તાલુકા અને એની સરહદે વસતા ભીલ લોકોની બોલીમાં મરાઠી ભાષાનું મિશ્રણ જોવા મળે છે.

રાજપીપળાની ભીલી, પંચમહાલના ભીલોની બોલી, જાંબુઘોડાની તથા લુણાવાડાની નાયકડી બોલી અને ઝાલોદના ભીલોની બોલીમાં તેઓની લાક્ષણિકતા ઓ જણાય છે. ડુંગરપુર-વાંસવાડાના વાગડ પ્રદેશમાં વાગડી બોલી છે.

અહીં આપણે બોલીઓ વિશે ખૂબ સંક્ષિપ્તમાં પરિચય મેળવ્યો છે, તમે એ નોંધ્યું હશે કે વિવિધ બોલીઓ વચ્ચે ભેદની સાથે ઘણું સામ્ય પણ છે. એક બોલીની બીજી બોલી પર પણ અસર જણાય છે. ગુજરાતમાં ખાસ કરીને ગુજરાતી, મરાઠી, મરવાડી વગેરે ભાષાઓનું મિશ્રણ જોવા મળે છે. આ બધી બોલીઓ પર ગુજરાતી ભાષાની અસર તો છે જ.

આ બધી બોલીઓનો અભ્યાસ કરવાથી જે-તે બોલી બોલતી પ્રજાની સંસ્કૃતિને સમજવામાં ઊંડી સહાય મળે છે.

આપણે માન્ય બોલી અને અન્ય બોલીઓનો અભ્યાસ કર્યો ત્યારે આપણા મનમાં એક સવાલ થાય કે આ ભાષાનો વિકાસ કેવી રીતે થયો હશે.બાળક જન્મે ત્યારે તો બોલતું નથી.અને મમ્મી-પપ્પાને તો તેના મુખેથી પ્રથમ મમ્મી-પપ્પા સાંભળવાની તાલાવેલી હોય છે.બાળક પ્રથમ અક્ષરનું ઉચ્ચારણ કરે ત્યારે તો કંસાર રાંધવા જેવો ઉત્સાહ છવાઈ જાય છે અને પછી બાળક ખૂબ બોલવાનું શરૂ કરે ત્યારે માતા-પિતાને એમ થાય કે આટલું બધું બોલતા શીખ્યો ક્યાંથી,અને

હવે સૂપ થાય તો સારું ? આપણે અત્યાર સુધીના અધ્યયનમાં એ પણ જોયું કે માત્ર માણસ જ ભાષાનો વિકાસ કરી શક્યો છે.હવે આપણે ભાષા વિકાસ સાથે સંકળાયેલી આનુષંગિક બાબતોનો અભ્યાસ કરીશું.

## 1.6 ભાષા વિકાસ

ભાષા વિકાસના સંદર્ભમાં વાત કરીએ ત્યારે બે-ત્રણ બાબતોને સ્પષ્ટ કરવી પડે.એક તો એ કે માણસ ભાષા શીખે છે તે દરમ્યાન એવી કઈ પ્રક્રિયા થાય છે જેને કારણે ભાષા શીખે છે.બીજું કયા કયા ઉચ્ચારણ અંગોના વિકાસ સાથે ભાષાનો વિકાસ સંકળાયેલો છે.

(ઘ) વ્યાકરણ:

વારંવાર સાંભળવાને પરિણામે ભાષાની વ્યવસ્થાના નિયમો તે સમજવા લાગે છે.શાળામાં દાખલ થવાની ઉંમરે તેનામાં ભાષાના વ્યાકરણ પર નિયંત્રણ હોતું નથી.ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળનો બોધ સંપૂર્ણ થયો હોતો નથી.શરૂઆતમાં તેનાં વાક્યો એક શબ્દવાળાં હોય છે.સરળ રચનાઓ કરે છે.સંકુલ રચનાઓ તે આગળ જતાં શીખે છે.વસ્તુઓ ગણવાનું શીખે પછી તે ક્રમ શીખી શકે છે.એક, બે, ત્રણ, અને પહેલું, બીજું અને ત્રીજું - આ સંકલ્પનાઓ અને વ્યાકરણગત રચના ધીમે ધીમે આત્મસાત કરતું જાય છે.

વળી ઘરમાં જે ભાષા બોલાતી હોય અને શાળામાં જે શીખવાય તે બે વચ્ચેના અંતરથી શરૂઆતમાં બાળકને મૂંઝવણ થતી હોય છે.માતા-પિતા અને શિક્ષકોએ બાળકના આ નાજુક તબક્કાને સમજીને તેની સાથે મનોવૈજ્ઞાનિક સમજથી કામ લેવું જોઈએ.વળી આ સાથે માતૃભાષા પ્રથમ ભાષા તરીકે અને અન્ય ભાષાઓના અધ્યયનમાં થતી અથડામણને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

## 1.7 ભાષા વિકાસને અસરકર્તા પરિબળો

વર્ગખંડમાં એક જ સરખું વાતાવરણ હોવા છતાં કેટલાંક બાળકો બહુ જ સરસ રીતે પ્રશ્નપત્રો લખીને પ્રથમ નંબર મેળવી જાય છે તો કેટલાકને સમજાવતાં દમ નીકળી જાય છે.બધાં બાળકોમાં ભાષા વિકાસ સમાન નથી

હોતો.ભાષા વિકાસની બાબતમાં વિવિધ પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે જે નીચે મુજબ છે.

(ક) કુદરતી શક્તિઓ:

- બાળકને શારીરિક અને માનસિક શક્તિઓની કુદરતી બક્ષિસ મળેલી છે.બાળકના અંગો કાન,આંખ, જીભ ઉચ્ચારણમાં કામ કરતા અવયવો (જીભ, દાંત, સ્વરપેટી, ફેફસાં વગેરે..)તંદુરસ્ત હોય તો ભાષા વિકાસમાં મોટી મદદ મળે છે.એટલે જ તો જેમણે જન્મથી જ સ્વર સાંભળ્યો નથી એટલે કે જેમના કાનમાં શ્રવણ શક્તિ નથી,બહેરા છે તેઓ બોલી નથી શકતા આ સિવાય પણ શારીરિક તંદુરસ્તી પણ અગત્યની છે.શરીર તંદુરસ્ત હોય તે બાળક ઝડપથી ભાષા વિકાસ ગ્રહણ કરે છે.માનસિક શક્તિઓમાં બુદ્ધિ, સ્મૃતિ એકાગ્રતા, કલ્પનાશક્તિ વગેરેનો સમાવેશ થાય છે.જે બાળકોની બૌદ્ધિક ક્ષમતા વધુ હોય તેઓ ઝડપથી ભાષા ગ્રહણ કરે છે.ભાષા શિક્ષણના પાયામાં સ્મનુકરણ
- સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે.તેમાં બુદ્ધિ અગત્યની છે.ટર્મનના અભ્યાસ અનુસાર બાળકની ભાષા શક્તિ અને બુદ્ધિઆંક વચ્ચે ઊંચો સહસંબંધ જોવા મળે છે. ભાષા

સંકેતોની વ્યવસ્થા હોવાથી તેને ગ્રહણ કરવા સ્મૃતિ અને એકાગ્રતાની વધુ જરૂર છે.આ ઉપરાંત ભાષા પોતે એક અભિયોગ્યતા છે.જેનામાં આ અભિયોગ્યતા વધુ હોય તે ભાષા સાથે સરસ રીતે કાર્ય કરી શકે છે.તેઓ ભાષાને સમજી શકે છે. અનેક લેખકોની સાહિત્ય શૈલી જોઈએ તો ભાષા એક વિશિષ્ટ શક્તિ છે તેનો અહેસાસ થઈ જાય.

(ખ) પ્રેરણા: પ્રેરણા કોઈપણ વિકાસની ગતિને પ્રબળ બનાવી દે છે.બાળક જેમ જેમ ભાષા શીખતું જાય તેમ તેમ તેને પ્રોત્સાહિત કરવામાં આવે તો ભાષાકીય વિકાસ પર તેની વિધાયક અસર થાય છે.બાળક જ્યારે વાતચીત કરતુ હોય ત્યારે તેની વાત ધ્યાનથી સાંભળવાથી, તેની કદર કરવાથી તેની પ્રશંસા કરવાથી તેનુ ગૌરવ જળવાય છે.અને તે વિકાસ પ્રત્યે પ્રેરિત થાય છે.નવા શબ્દો,વાક્યો વાપરવા માટે, વક્તવ્ય આપવા માટે, વાર્તાકથન કરવા માટે કાવ્યગાન કરવા માટે વક્તવ્ય આપવા માટે લેખન કાર્ય કરવા માટે, વિશેષ વાચન માટે બાળકો અને વિદ્યાર્થીઓને સતત પ્રેરિત કરવા જોઈએ.

## 1.8 ભાષાનું મહત્વ:

આમ તો ભાષા વિશેની આટલી ચર્ચા કર્યા પછી તેના મહત્વ વિશે અંદાજ મળી જ જાય છે.છતા તેના માહાત્મ્ય વિશે એક વખત દ્રઢીકરણ કરીએ તો નીચેના મુદ્દાઓમાં તેની રજૂઆત કરી શકાય.

- ભાષા માનવ વ્યવહારનું એક ઉત્તમ અને અવિભાજ્ય અંગ છે.ભાષા દ્વારા જ માણસ પોતાના વિચારો, ભાવો, કલ્પનો અને અનુભવોને વ્યક્ત કરી શકે છે.
- સંસ્કૃતિ અને સભ્યતાને જાણવા તેમજ તેનો પ્રસાર કરવા, જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવા અને શિક્ષણના આદાન-પ્રદાન માટે મહત્વનું ઉપકરણ છે.
- વિજ્ઞાન, અર્થતંત્ર, રાજતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય અને કેળવણી જેવાં ક્ષેત્રોમાં વિકાસનો આધાર ભાષા ઉપર છે.
- સમૂહ માધ્યમોના વિકાસની ધરોહર ભાષા છે.અને સમગ્ર વિશ્વને એકબીજાથી નજીક લાવવામાં અને એક એક global village ની ભૂમિકા ભજવવામાં ભાષાનો જ હાથ છે.
- ભાષા વિના મનુષ્યજીવન પંગુ છે. ભાષા દ્વારા જ માનવજાતિ એક સભ્ય જીવન જીવવા માટે સક્ષમ બની.
- ભાષાનું આ મહત્વ સમજ્યા પછી આપણે એ જોઈએ કે માતૃભાષાનું માનવ-જીવન વિકાસમાં શું સ્થાન છે.

### 1.8.1 માતૃભાષાનું માનવ-જીવન વિકાસમાં સ્થાન:

માતૃભાષાની પરિભાષા સમજતી વખતે આપણે જોયું હતું કે તે મા પાસેથી મેળવેલી ભાષા છે.કોલરીજ નામના વિદ્વાન માતૃભાષાને હ્રદયની ભાષા કહે છે.દાન્તેએ માતૃભાષાનું સ્થાન સમજાવતાં કહ્યું કે,

A mans proper vernacular is nearest unto him, in as much as it more closely united to him, for it is singly and alone in his mind before any other.

માતૃભાષા દ્વારા સમાજનો પારસ્પરિક વ્યવહાર જેટલો સરળતાથી ચાલે તેટલો બીજા કોઈ

ભાષાથી ચાલી ન શકે. વિશ્વના ભાષાશાસ્ત્રીઓએ વિચાર અને માતૃભાષા વચ્ચેનો સંબંધ લોહી અને માંસ જેવો અવિભક્ત અને સક્રિય છે તે હકીકતનો સાર્વત્રિક સ્વીકાર કર્યો છે. માનવની વિરાટ અસ્ખલિત વિચારયાત્રા માતૃભાષામાં જ ચાલે છે. ઊંઘમાં પણ તેનું સ્વપ્નજગત માતૃભાષામાં જ ચાલતું હોય છે. તે તેની નિજી સંપદા છે.

બિરબલની ચતુરાઈની અનેક વાર્તાઓમાં તમે કદાચ એક વાર્તા સાંભળી હશે. જેમાં એક વ્યક્તિ અનેક ભાષાઓનો જાણકાર હોય છે અને તે ઘણીબધી ભાષાઓ સાહજિક રીતે બોલી શકતો જીતી શકતું નથી. બિરબલ પાસે આ કોયડો આવે છે. ત્યારે તે વ્યક્તિને નિવાસ સ્થાને રોકાવવાનું બિરબલ નિમંત્રણ આપે છે. સવારે નહાવા માટે બિરબલ અચાનક તેના પર એકદમ ગરમ પાણી રેડી દે છે. ત્યારે તેના મુખમાંથી નીકળી જાય છે, ઓ મા મરી ગયો રે! અને બિરબલ કહે છે કે તેની માતૃભાષા ગુજરાતી છે અને શરત જીતી જાય છે. આ નાનકડી વાર્તા પણ માતૃભાષા માણસના સમગ્ર અસ્તિત્વ સાથે કેટલી ગાઢ રીતે જોડાયેલી છે તે બતાવે છે. માણસ અચેતન અવસ્થામાં અન્ય ભાષા નહીં પણ માતૃભાષામાં જ વ્યક્ત થતો હોય છે. માણસ સભાનતા સાથે ગમે તેટલી ભાષા ઉત્કૃષ્ટ રીતે બોલે પણ અણધાર્યા સંજોગોમાં જ્યારે સ્વાભાવિકતા સાથે વ્યક્ત થઈ જવાનું આવે ત્યારે માતૃભાષા જ વ્યક્ત થઈ જતી હોય છે. કદાચ એવું કહી શકાય કે માતૃભાષા બોલતી વખતે આપણે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. જેમ શ્વાસ લેવાની પ્રક્રિયા જેટલી સાહજિક છે તેમ માતૃભાષાની અભિવ્યક્તિ છે. કવિવર ટાગોર પણ જણાવે છે કે,

there is no joy, no expression, no blossoming of the faculties without mother toungue.

માણસના વ્યક્તિત્વની સાચી ઓળખ જ માતૃભાષાથી થાય છે. અને આપ્તજનો સાથે તો જ્યાં સુધી આપણે માતૃભાષામાં ન બોલીએ ત્યાં સુધી કશુંક ખૂટતું હોય તેવું લાગે છે. આમ, માતૃભાષા એ વ્યક્તિના જીવનનું એક મહત્વનું વિટામિન છે.

આમ તો, માતૃભાષાના મહત્વને આપણે આપણા જીવનમાં શું સ્થાન છે તેના સંદર્ભમાં સમજવાનું કોશિશ કરી પણ શિક્ષણના સંદર્ભમાં તેનું સ્થાન અને તેનું મહત્વ શું છે તે હવે વિગતવાર જોઈએ.

## 1.9 શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્વ:

શાળા-મહાશાળાકીય શિક્ષણ હવે સમગ્ર વિશ્વમાં સર્વવ્યાપી બનતું ગયું છે. જે બાળકો શાળાએ નથી જઈ શક્યાં તેમને માટે પણ શિક્ષિત કરવાના કાર્યક્રમો અમલમાં મુકાય છે. આપણા-મનમાં એવો જ વિચાર આવે કે શિક્ષણ એટલે શાળા-કોલેજમાં જવું , જે પાઠ્યપુસ્તકો ભણાવે તે ભણવા અને પરીક્ષામાં પાસ થવું એટલે શિક્ષણ. પણ આપણે શિક્ષણમાં માતૃભાષાના માહાત્મ્ય વિશે વિવિધ મુદ્દાઓમાં ચર્ચા કરીશું ત્યારે માતૃભાષા અને શિક્ષણ વચ્ચેનું ઐક્ય આપોઆપ સમજાઈ જશે અને સાથે સાથે બંનેની અગત્ય પણ સમજાશે. નીચેના મુદ્દાઓનો વિગતવાર અભ્યાસ કરીએ.

### 1.9.1 માતૃભાષા: શિક્ષણના માધ્યમ તરીકે:

આજે ચારે-બાજુ અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવાની ઘેલછા જાગી છે અને માતા-પિતાના આવા અધકચરા વલણને કેટલાક વેપારી માનસો સારી રીતે સમજે છે માટે લોભામણી જાહેરાતોથી માતા-પિતાને ઈન્ટરનેશનલ સિટીઝન બનાવવાના સપનાં દેખાડે છે. પોતાનાં સંતાનને પણ માતૃભાષામાં જ શિક્ષણ અપાય તેવી વૈજ્ઞાનિક સમજને કોઈ સ્વીકારતું નથી. કાકાસાહેબ

કાલેલકર માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે કેટલી સક્ષમ છે તેનો ખ્યાલ આપતાં નોંધ્યું છે કે,

"માતૃભાષા એ શિક્ષણક્ષેત્રમાં ચાળણી છે,જે માહિતી ભાષા દ્વારા ન આપી શકાય તે બીજા રૂપમાં સમાજ હજમ કરી ન શકે."

માતૃભાષા વિના શિક્ષણ અધૂરૂં છે.બાળકના વિકાસની ધરોહર જ માતૃભાષા છે.શિક્ષણનું પરમ ધ્યેય તો બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે.ત્યારે સહજ અને સરળ રીતે પોતાની આકાંક્ષાઓ અને ઉન્મેષોને વાચા આપવામાં ઉપયોગી એવી માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે ન હોય તો આ ધ્યેય સિદ્ધ થઈ શકે જ નહી.માતૃભાષા દ્વારા શિક્ષણની હિમાયત કરતા પી.ગેરી લખે છે કે,

The mothertoungue has a very important role to play as the medium of instruction for the most of the school subjects.Its chief value here is that it can be an exact instrument for the explanation and formation of knowledge, even for junior pupils.This is one reason why language is the focal point in education, for instruction in the knowledge subjects Instruction must be carried on in exact language if our pupils are to master them-a fact that should have the widest recognition.

પૂર્વપ્રાથમિકથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીનું શિક્ષણ હવે માતૃભાષામાં ઉપલબ્ધ બનવા લાગ્યું છે.આઈ.એ.એસ.જેવી જાહેર પરીક્ષાઓ પણ માતૃભાષામાં લેવાય છે.વિદ્યાર્થીઓ પોતાના વિચારો માતૃભાષામાં અસરકારક રીતે વ્યક્ત કરી શકે છે.વિદ્યાર્થીના સંદર્ભમાં વિચારીએ તો માતૃભાષાની ભૂમિકા શિક્ષણના માતા-પિતા તરીકેની રહી છે.ટૂંકમાં-માતૃભાષામાં શિક્ષણથી-

- તે શિક્ષણ કાર્યને સારી રીતે સમજી શકે છે.
- તે તેની મુશ્કેલીઓ શિક્ષક સમક્ષ રજૂ કરી શકે છે.
- તે અધ્યયન પ્રક્રિયામાં તેની કાર્યશક્તિ અને સમયને બચાવી શકે છે.
- તેની સર્જનશક્તિઓનો વિકાસ સાધી શકાય છે.
- તેના જીવન દરમ્યાન તે માતૃભાષાથી સઘળો વ્યવહાર વધુ સારી રીતે કરી શકે છે.
- તેના વ્યક્તિત્વનો વિકાસ વધુ સારો સાધી શકાય છે.
- શિક્ષણ મેળવવાની તકોમાં વધારો થાય છે.
- શાળામાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડી શકાય છે.

### 1.9.2 માતૃભાષા: સામાજિકીકરણના સાધન તરીકે:

માણસ એકલો જ હોય તો તેને ભાષાની જરૂર નથી.પણ માણસ સમાજમાં જીવે છે અને ઉછરે છે.વાસ્તવમાં તો માણસ સામાજિક પ્રાણી છે અને તે જે-તે સામાજિક જૂથનો સભ્ય છે.ચોવીસે કલાક તે વિવિધ લોકો સાથે આદાન-પ્રદાન કરે છે.દિવસ દરમ્યાન ઘરના સભ્યોથી માંડીને, રીક્ષા, બેંક, શાળા-મહાશાળા, વેપાર-ઉદ્યોગ, દુકાનો વગેરેમાં સતત તે કેટલા બધા સાથે વ્યવહાર ચલાવે છે.આ વ્યવહારમાં સરળતા, સહજતા, મીઠાશ, પ્રસન્નતા અને તે ઉપરાંત પણ પ્રત્યાયન-ક્ષમતા માતૃભાષા થકી જ સંભવી શકે.

માતૃભાષામાં અભિવ્યક્તિ કરતાં સમાજના સભ્યો સાથે પોતીકાપણાનો-આત્મીયતાનો અનુભવ થાય છે.સંબંધો ટકાઉ અને પ્રાણવાન બને છે.તમે કદાચ અવલોક્યું હશે કે કેટલીક વખત ઘરના વડીલો કે સગા-વહાલાઓ સાથે અન્ય ભાષામાં વાત કરવાથી એક અદૃશ્ય દૂરીનો અનુભવ થાય છે.તેઓ સાંભળી લે છે પણ એક વ્યક્તિ તરીકે તેનો સ્વીકાર કરી શકતા

નથી.પોળ-કે શેરીમાં બાળકો અરસ-પરસ માતૃભાષામાં જ આપલે કરીને રમતો દ્વારા પોતાના સામાજીકરણનો વિકાસ કરે છે.આ રમતો સામાજીકરણની પ્રયોગશાળા છે.માણસના વિકાસ અને પ્રગતિની પહેચાન સામાજિકીકરણ દ્વારા જ થાય છે.માતૃભાષા જ વ્યક્તિ અને સમાજના પુરુષાર્થની આરસી છે.

### 1.9.3 માતૃભાષા: સામાજિક અને સંસ્કૃતિક વારસાની ચાવી તરીકે:

" જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં વસે એક ગુજરાત," આ ઉક્તિ એક સાથે ઘણું બધું અભિવ્યક્ત કરી જાય છે. જયાં પણ એક ગુજરાતી પોતાને વ્યક્ત કરે છે ત્યાં ત્યાં સમગ્ર ગુજરાતની સંસ્કૃતિ અને સમાજનો પડઘો પડે છે. ભલે ગુજરાતેતર પ્રદેશમાં તેને અન્ય ભાષાનો સહારો લેવો પડે પણ તેની પોતાની પહેચાન તો ગુજરાતી જ છે.અને માતૃભાષા દ્વારા જ તેણે ગુજરાતીની સંસ્કૃતિને પીધી છે, અને તે દ્વારા જ તેનો વિકાસ થયો છે.

માતૃભાષા એ જે-તે પ્રદેશ વિશેષની સંસ્કૃતિનું પ્રેરકબળ છે. તેના વિના પ્રજાની સંસ્કૃતિનું ઉત્થાન શક્ય નથી. એક ગુજરાતી તરીકે આપણે આપણો પરિચય મેળવવો હોય તો માતૃભાષા દ્વારા જ મેળવી શકાય અને તેની સાચવણી અને સંવર્ધન પણ માતૃભાષા દ્વારા જ શક્ય બને. છેલાજી રે, "મારે હાટું પાટણથી પટોળાં મોંઘા લાવજો," વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં જી રે! કે પછી સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ કે .માં મુનશીના કાકા અને શશી જેવા પાત્રો કે, રાવજી પટેલનું મારી આંખે કંકુના સૂરજ આથમ્યા કે પછી રમેશ પારેખની ગઝલો હોય ગુજરાતી સંસ્કૃતિની રસધારાનો પરિચય માતૃભાષા વિના કેટલો લૂલો લાગે તે સમજી શકાય તેવું છે. પ્રજાની વ્યથાઓ, પીડાઓ, વિટંબણાઓ, સંઘર્ષો, વિકાસગાથાઓ, ઉતાર-ચઢાવ, પરંપરાની ગતિ-વિધિઓ, ઉત્સવો અને આનંદોનો સંચય માતૃભાષામાં થયેલો હોય છે. તેની આગવી મહેક છે. અને તેનો પરિચય અને ધબકાર માતૃભાષામાં જ અનુભવાય.

ભાષા અને સંસ્કૃતિનો સંબંધ શરીર અને ચામડી જેવો છે. સંસ્કૃતિના શરીર સમાં સાહિત્ય, ચિંતનો, ગાથાઓ, વાર્તાઓ, ગીતો, મંથનો, ચરિત્રો, કળા, વર્ણનો ચામડી રૂપી ભાષામાં વ્યક્ત થાય છે. માતૃભાષા આપણી સંસ્કૃતિઓ અને સાહિત્યની અનુવાદિત કૃતિઓ દ્વારા પણ આપણા સુધી પહોંચાડે છે. શરદબાબુની પરિણિતા, "પતિતા, રવીન્દ્રનાથ ઠાકુરની "ગીતાંજલિ શેક્સપિયરની સાહિત્યકૃતિઓ, ટોલસ્ટોયની વાર્તાઓ, વૈજ્ઞાનિક સિદ્ધિઓનો આપણને કેવી રીતે પરિચય થાત ? એક વિદ્યાર્થી તરીકે આ સંસ્કૃતિને સમજવાનું, તેને જાળવવાનું અને તેનું સંવર્ધન કરવાનું આપણું કર્તવ્ય, ફરજ અને ગૌરવ છે. ચાવી ખજાનો ખોલી આપે તેમ માતૃભાષા સંસ્કાર અને સાંસ્કૃતિક તથા સામાજિક વારસાને ખુલ્લો કરી આપે છે.

### 1.9.4 માતૃભાષા : પ્રત્યાયનના વાહન તરીકે :

જો મારે કોઇ ખંડને સુવાસિત કરવો હોય તો ધૂપસળી પ્રગટાવીને થઇ શકે, ખંડને પ્રકાશિત કરવો હોય તો બલ્બ પ્રગટાવીને થઇ શકે. કોઇ પણ બાબતને સિદ્ધ કરવા માધ્યમ જોઇએ. ધૂપસળી અને બલ્બ માધ્યમ છે. મારા વિચારો, લાગણીઓ ગમા-અણગમા, કલ્પનાઓ વગેરેને તમારા સુધી પહોંચાડવા હોય તો માતૃભાષા જ શ્રેષ્ઠ માધ્યમ છે. આ બધુ જ દાખલા તરીકે મલયાલમ કે તમિલ ભાષામાં લખાય તો તમે જ તેને વાંચી શકો ખરા કોઇ વખત તમે જે ભાષા ન જાણતા હો તેવી કોઇ ચેનલ પરનો કાર્યક્રમ માત્ર પાંચ મિનિટ માટે સાંભળજો, માતૃભાષામાં જ આદાન-પ્રદાન કરવાનું માહાત્મ્ય આપોઆપ સમજાઇ જશે. કેમ કે, ભાષાનું મુખ્ય કાર્ય જ વિચારોનું આદાન-પ્રદાન છે. અને જ્યાં તે શક્ય ન બને ત્યાં તેનો કોઇ અર્થ રહેતો નથી.

વ્યક્તિ પોતાના સર્વ વ્યવહારો માતૃભાષા દ્વારા જ સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી અન્ય વ્યક્તિ આગળ રજૂ કરી શકે છે. તેવીજરીતે અન્ય વ્યક્તિના વિચારો, લાગણીઓ કે માહિતીનું અર્થગ્રહણ પણ પોતાની જ ભાષામાં સારી રીતે કરી શકે છે. વિદ્યાર્થી પ્રત્યાયનના આ બંને છેડા માતૃભાષા દ્વારા જ સફળતાથી સાચવી શકે.

સફળ પ્રત્યાયનથી અનુકૂલનના પ્રશ્નો પણ ઘટી જાય છે. શિક્ષક-વિદ્યાર્થી અને વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચેની અભિવ્યક્તિ અસરકારક બને છે. અસરકારક અભિવ્યક્તિથી શિક્ષક કુશળ શિક્ષક અને નેતા બની શકે છે. વિદ્યાર્થી પણ અસરકારક વક્તા, લેખક અને સમાજનો એક સંસ્કારી સભ્ય બનવા તરફ પ્રયાણ કરી શકે છે. આમ, માતૃભાષા અસરકારક પ્રત્યાયન માટેની એક મહત્ત્વની ઊર્જા છે.

## 1.9.5 માતૃભાષા

માનસિક વિકાસ તથા વ્યક્તિત્વ ઘડતરના માધ્યમ તરીકે માણસ વિષય થી થાય છે. પણ તેનો પરિચય ભાષા કરાવે છે.

કોઈ પણ ઘટના બને ત્યારે માણસ કેવી રીતે વિચારીને તેની સાથે કામ પાર પાડે છે તેના પર તેના વ્યક્તિત્વ વિકાસનો આધાર છે તેમ કહી શકાય અને કોઈપણ ઘટનાને સમજવામાં ઉકેલવામાં માનસિક પ્રવૃત્તિ રહેલી છે. આ પ્રવૃત્તિ માતૃભાષા દ્વારા થાય છે. દા.ત તમે વર્ગખંડમાં હો અને અચાનક કોઈ સ્વજનને હોસ્પિટલમાં દાખલ કર્યા અને વ્યક્તિત્વની પુખ્તતાનો અંદાજ મળી જાય. આ તમામ વૃત્તિ માતૃભાષામાં જ થાય. સમાચાર સાંભળીને તમને જે વિચારો આવે, તેના કારણોની તપાસ શું કરવું, કેવી રીતે કરવું, કોની મદદ લેવી, કોને કહેવું તમામ અનુમાનો, ધારણાઓ અને નિર્ણય પર આવવાની પ્રક્રિયામાં માતૃભાષા સમાયેલી છે. આ વિચારપ્રક્રિયા જેટલી શક્તિશાળી તેટલી જ શક્તિશાળી તેટલી જ શક્તિશાળી સમજણ અને અસરકારક પ્રવૃત્તિ ભાષાની મદદથી જ અમૂર્ત વિચારણા શક્ય બને છે. ભાષા દ્વારા જ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે. ભાષાની મદદથી ગ્રહણ, પૃથક્કરણ, સંયોજન, અનુમાન, સામાન્યીકરણ, તારણ, નિર્ણય વગેરે પ્રક્રિયા ઝડપથી અને ચોકસાઈથી ચાલે છે. ભાષા જેટલી અસરકારક તેટલી શક્તિઓ ઝડપથી વિકસે. ભાષા અને માનસિક વિકાસ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે.

વ્યક્તિત્વ ઘડતર માટે માનસિક વિકાસ જરૂરી છે. સમય જતાં ભાષા વ્યક્તિત્વનો જ અંશ બની જાય છે. ભાષા દ્વારા જ વ્યક્તિનાં ગાંભીર્ય શાલીનતા અને કુલીનતા વર્તાય છે. આમ, માતૃભાષા વ્યક્તિના માનસિક વિકાસ અને વ્યક્તિત્વ વિકાસની કસોટી બની રહે છે.

## 1.9.6 માતૃભાષા: અન્ય વિષયોના પાયા તરીકે :

વિષય કોઈપણ હોય પણ તેનું આદાનપ્રદાન અને માહિતી પ્રત્યાયન માતૃભાષામાં જ વધુ અસરકારક બને છે. માતૃભાષા એ કેવળ વિષય નથી. પણ અન્ય વિષયો શીખવાનો પાયો છે. જે વ્યક્તિ માતૃભાષા સરસ જાણતી હોય તેને અન્ય વિષયોના અનુગ્રહણમાં વધુ સરળતા રહે છે. તેને અન્ય વિષયના પાઠ્યપુસ્તકો, સંદર્ભ પુસ્તકો વાચવામાં ગુરુતમ મદદ મળી રહે છે. જુદા જુદા વિષયોમાં કેટલાક પાયાના ખ્યાલો ભાષાના સ્તરે વિદ્યાર્થીને ન સમજાયતો તેને આવડતી નથી. દા.ત. ત્રિકોણ, વર્તુળ, ત્રિજ્યા, વ્યાસ, ખૂણાઓ વગેરેની સંકલ્પનાઓ જ્યાં સુધી તે ભાષાના સ્તરે યોગ્ય રીતે શીખી શકતો નથી, ત્યાં સુધી તેની સમજ કાચી રહે છે. માટે જ બધા વિષયોનું જ્ઞાન ભાષા દ્વારા જ મેળવવાનું હોવાથી માતૃભાષામાં જ શિક્ષણ આપવું આવશ્ય નહીં પણ અનિવાર્ય છે. આથી જ રિચાર્ડ્સ કહે છે કે,

"મનુષ્ય દ્વારા થતા અધ્યયનમાં ભાષાની અનન્ય ભૂમિકા છે. અને વિભિન્ન વિષયો માટે કરવી

પડતી ઉચ્ચ સ્તરની વિચારણામાં માતૃભાષા અનિવાર્ય પણે જરૂરી છે."

ભાષા એ કૌશલ્યોનું શિક્ષણ છે. શ્રવણ, કથન, વાચન અને લેખન તેનાં મુખ્ય કૌશલ્યો છે. જે વિદ્યાર્થી આ ચારે ય કૌશલ્યો સારી રીતે હસ્તગત કરે તો તેના શિક્ષણ માટે મહત્ત્વની ભૂમિકા સર્જાય છે. કેમ કે શિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીએ સાંભળવા, બોલવા, લખવા અને વાંચવા પર મુખ્ય આધાર રાખવાનો હોય છે. અને આ કાર્ય માતૃભાષામાં વધુ સઘનતાથી કરી શકાય છે. માટે અન્ય વિષયો શીખવામાં માતૃભાષા મુખ્ય ફાળો આપે છે. કેમ કે તે દ્વારા વિદ્યાર્થી મનમાં કોઇપણ પ્રકારની મૂંઝવણ કે સંઘર્ષ વિના સરળતાથી તેને આત્મસાત કરી શકે છે. હવે, આપણે તમારી પ્રગતિ ચકાસી લઇએ ?

## તમારી પ્રગતિ ચકાસો -2

નીચે આપેલા પ્રશ્નોના તમારી મૌલિક ભાષામાં ટૂંકમાં જવાબ લખો.

(1) ભાષાનું માનવજીવનમાં શું મહત્ત્વ છે ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) માતૃભાષા હૃદયની ભાષા છે, આ અંગે તમારા વિચારો જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(3) "માતૃભાષા દ્વારા સમાજિકીકરણ વધુ સારી રીતે કેળવી શકાય છે," આ વિધાનના સમર્થનમાં તમારી દલીલો જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(4) પ્રત્યાયનના વાહન તરીકે માતૃભાષાની ઉપયોગિતા જણાવો.

## 1.10 માધ્યમિક શાળા કક્ષાએ માતૃભાષા શિક્ષણ : ઉપેક્ષા અને ઉપાયો

માધ્યમિક શાળા કક્ષાએ માતૃભાષા શિક્ષણ તરફ આપણે જોઈએ તેટલા સભાન નથી. અને આ અજાગરૂકતા આપણી માતૃભાષા શિક્ષણ પ્રત્યેની ઉપેક્ષા દર્શાવે છે. નીચેની બાબતોનું નિરીક્ષણ કરતાં આ બાબત વધુ સ્પષ્ટ થશે.

1. શિક્ષકની નિમણૂક:

માધ્યમિક કક્ષાએ ગુજરાતી વિષયની અપેક્ષાએ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયોને વધુ પ્રાધાન્ય અપાય છે. અને તેમાં જે-તે વિષયના તાલીમી શિક્ષકોની નિમણૂક થાય છે. પણ ગુજરાતીમાં ભણવા-ભણાવવા જેવું શું છે એવી ખોટી માન્યતાને કારણે ચિત્ર-વ્યાયામના શિક્ષકોને ગુજરાતી ભણાવવાની જવાબદારી સોંપી દેવામાં આવે છે. ગમે તે કારણોસર ગુજરાતી વિષયને સરળ માની લેવામાં આવ્યો છે. પરિણામે તેમાં તાલીમ પામેલા શિક્ષકોની નિમણૂક અનિવાર્ય જણાતી નથી. ઘણીવાર તો ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકને ગુજરાતી ભણાવવાનું કહેવામાં આવે ત્યારે તેમને કવિતામાં કવિની સંવેદનશીલતા કે તેની કલ્પનાશીલતાની ઉત્કૃષ્ટ ભાવના ન દેખાય તેને બદલે લાગણીનો બકવાસ કે શબ્દોની મારામારી લાગે તે શિક્ષક કવિતા શિક્ષણને શો ન્યાય આપી શકે અને વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા પ્રત્યે શો આદર જગાડી શકે ?

આના ઉપાય તરીકે સ્વાભાવિક રીતે જ કહી શકાય કે અન્ય વિષયોની જેમ જ ગુજરાતી ભાષામાં પણ તાલીમ પામેલા શિક્ષકોની નિમણૂક થવી જોઈએ. તેટલું જ નહીં, ભાષા શિક્ષકનો ભાષા પ્રત્યે લગાવ, વલણ, રસ, અભિયોગ્યતા વગેરે પણ ધ્યાનમાં લેવામાં આવે તો તેવા શિક્ષક શાળા માટે અસ્કયામત બની રહે અને વિદ્યાર્થીઓનું ભાવિ પણ ઉજ્જવળ બને. જો શિક્ષક સર્જનશીલ હશે તો વિદ્યાર્થીઓ માતૃભાષા શિક્ષણનો એકડો સાચી દિશામાં ઘૂંટી શકશે.

2. માતૃભાષા શિક્ષણ પ્રત્યેનો ખોટો દૃષ્ટિકોણ

ગુજરાતી શીખવવું એમાં શું ? પાઠ્યપુસ્તકના પાઠો વાંચી પ્રશ્નો કરાવી દેવા અને કવિતા તો વળી સાવ સહેલી. ટૂંકમાં પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ પૂરો કરવો એટલે ગુજરાતી ભણાવી દેવું અને વિદ્યાર્થીઓના પક્ષે પણ આ જ માન્યતા. વાસ્તવમાં ભાષા એ કૌશલ્યોને આત્મસાત કરવા માટેનું સાધન છે. પાઠ્યપુસ્તક દ્વારા વિદ્યાર્થી શ્રવણ અને વાચન જેવા ગ્રહણાત્મક કૌશલ્યો અને કથન-લેખન જેવા અભિવ્યક્તિના કૌશલ્યોમાં ક્ષમતા પ્રાપ્ત કરે તે સાધ્ય કરવાનો છે. ભાષાના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વર્ગખંડની બહાર જ

રહી જાય છે. વાચન, થોડી ચર્ચા અને પ્રશ્નોના જવાબ પણ લખાવી દેવામાં અધ્યાપનની ઇતિશ્રી થઈ જાય છે. ક્યાંક કદાચ કોઈ શિક્ષકને ભણાવવાની તાલાવેલી હોય તો વિદ્યાર્થીઓને પણ પરીક્ષા પાસ કરવામાં જ ગુજરાતી ભણવાનો રસ હોય છે. છંદ વગેરે વૈકલ્પિક પ્રશ્નોમાં છૂટી જતું હોય તો શિક્ષકને ભણાવવામાં અને વિદ્યાર્થીને ભણવામાં રસ હોતો નથી. અહીંથી જે માતૃભાષા શિક્ષણનું મોટું ચણતર શરૂ થઈ જાય છે. ઇમારત તો ભાંગીને ભુક્કો થઈ ગઈ છે. પણ પાયો ખોટો હતો તેનો હજી ખ્યાલ આપણને આવ્યો નથી.

આમ તો આ વ્યથામાં જ ઉપાય મળી જાય છે કે ભાષા શિક્ષણ પ્રત્યેનો વિધાયક દૃષ્ટિકોણ ખીલે તો માતૃભાષા શિક્ષણની સિકલ બદલાઈ જાય.શિક્ષકે માત્ર વલણ બદલીને કેટલાક પ્રયત્નો કરવા જેવા છે. જેથી તેની સાંભળવાની વાંચવાની શક્તિનો વિકાસ થાય અને સાથે સાથે તે સારી રીતે બોલતો-લખતો થાય વિદ્યાર્થી પોતાના જીવનમાં માતા-પિતા, મિત્રો, સગાવહાલાં કે પડોશીઓ સાથેના વ્યવહારમાં ઉચિત ભાષા પ્રયોજતો થાય. ઘરે આવતા મહેમાનો સાથે યોગ્ય ગોષ્ઠિ કે વાર્તાલાપ કરી શકે,. વડીલોના સૂચનોને સાચા અર્થમાં સાંભળીને અનુસરણ કરતો થાય, ઉચ્ચ અભ્યાસ અર્થે ભરાવવામાં ફોર્મ જાતે ભરી શકે, પ્રસંગોચિત પત્રલેખન કરતો થાય, વર્તમાનપત્રોમાં પોતાના મંતવ્યો લખી મોકલે સભા વગેરેમાં પોતાના વિચારો મુક્ત રીતે રજૂકરે-આવા પ્રયત્નોમાં વિદ્યાર્થીના શ્રવણ, વાચન, કથન લેખનનો વિકાસ થાય તેવા પ્રયત્નો શિક્ષકના પક્ષે થવા જોઈએ. જો શિક્ષકો આ વિધાયક દૃષ્ટિકોણ ખિલવીને

કાર્ય કરશે તો શિક્ષક અને વિદ્યાર્થી બંનેના પક્ષે જીવનમાં થતાં સંઘર્ષોને પણ ઘણે અંશે ટાળી શકાશે.

(3) ઉચિત શિક્ષણ પદ્ધતિનો અભાવ :

શિક્ષણમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે અને હેતુલક્ષી શિક્ષણ પદ્ધતિનો અમલ થયા પછી શિક્ષણમાં ચિંતનશીલ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ પ્રચલિત બની છે. એટલું જ નહીં આ દિશામાં ઘણું સંશોધન કાર્ય પણ થયું છે અને થઈ રહ્યું છે. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીએ પણ ક્રાંતિકારી વર્તનને આહ્વાન આપ્યું છે. અને તેનાં સારાં પરિણામો પણ જોવા મળ્યાં છે. પણ અગાઉ જે વાત કરી કે ગુજરાતીમાં શું ભણવા-ભણાવવાનું ? આ ખ્યાલે શાળામાં પરંપરાગત શિક્ષણ જ અપાય છે. ધો-8માં ગાંધીજી લિખિત આત્મકથામાંથી હાઈસ્કૂલમાં પ્રકરણ પાઠ તરીકે લેવાયો છે. પણ અમદાવાદ શહેરની જ માધ્યમિક શાળાઓના કેટલા વિદ્યાર્થીઓએ સાબરમતીના ગાંધીઆશ્રમની મુલાકાત લીધી હશે. તે વિચારવા જેવું છે. અમદાવાદ શહેરમાં જ કેટકેટલા કવિઓ-લેખકો વસે છે ? તેઓને શાળામાં નિમંત્રણ આપી વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરવાનું આયોજન કેટલીક શાળાઓ કરતી હશે! વળી પાઠ્યપુસ્તકના દરેક પ્રકરણને અંતે આટલું કરો, એવા કેટલાક વિશેષ કાર્યો સૂચવાયા છે, પણ તેનો ભાગ્યે જ બધી શાળામાં અમલ થાય છે. ભાષામાં પરિસંવાદ શીર્ષક હોલ્ડર જૂથ ચર્ચા, નિદર્શિત સ્વાધ્યાય, ડાલ્ટન પ્લાન, પ્રોજેક્ટ મેથડ વગેરેનું ઉપયોગ માત્ર બી.એડ, કક્ષાએ સૈદ્ધાંતિક સ્વરૂપમાં શીખવવા પૂરતાં થાય છે. ભણાવવામાં ભાગ્યે જ તેનો ઉપયોગ થાય છે. શિક્ષકો તો લગભગ એવી જ ફરિયાદ કરતા જેવા મળે છે કે, બી.એડ.ની પદ્ધતિએ શીખવવા જતાં તો અભ્યાસક્રમ પૂરો જ ન થાય. આમ ઉચિત શિક્ષણ પદ્ધતિનો અભાવ પણ માતૃભાષા શિક્ષણ પ્રત્યેની ઉપેક્ષા જ દર્શાવે છે.

પરંપરાગત પદ્ધતિની અપેક્ષાએ વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ માતૃભાષા શિક્ષણને જીવંત

બનાવશે એટલું જ નહીં, વિદ્યાર્થીઓમાં ભાષા શિક્ષણ પ્રત્યે રસ અને આદરનું વલણ કેળવાશે. પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરીને વ્યાકરણના સંધિ, સમાસ, વાક્યના પ્રકારો અંગે સરસ ચાર્ટસ્ બનાવી શકાય. અભ્યાસક્રમ આધારિત કાવ્યના ગાનની કેસેટ્સ બનાવી શકાય ઝબક જ્યોત જેવા નાટકને રંગમંચ પર ભજવી શકાય. અભ્યાસક્રમ આધારિત કાવ્યના ગાનની કેસેટસ્ હવે તો ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને ટેપરેકોર્ડર પર સંભળાવીને શીખવાડી શકાય. જે કવિઓનો સહયોગ મળે તેવા કવિઓને શાળામાં નિમંત્રણ આપી કવિ સંમેલન રાખી શકાય. જે-તે કવિ પોતે તે કાવ્ય વિશે શું અનુભૂતિ કરે છે તે જણાવી શકાય. નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિથી વિદ્યાર્થીઓ વિશેષ વાચન કરીને કૃતિને જાતે સમજવાનો પ્રયત્ન કરે અને ચર્ચા થાય તો અધ્યયન અને અધ્યાપનનો આનંદ બેવડાઈ જાય. આમ, નૂતન પદ્ધતિના ઉપયોગથી ભાષા શિક્ષણની ઉપેક્ષાને દૂર કરવામાં મદદ મળી શકે.

(4) શૈક્ષણિક સાધનોનો અનુપયોગ :

તમને યાદ છે કે તમે ગુજરાતી ભાષા કોઈ શૈક્ષણિક સાધનની મદદથી ભણ્યા હો ! કોઈ લેખક-કવિનો પરિચય ચાર્ટ જોયો હોય કે કાવ્યગાન ટેપરેકોર્ડર પર સાંભળ્યું હોય શૈક્ષણિક સાધનોની મદદથી શૈક્ષણિક કાર્યને વધુ અસરકારક બનાવી શકાય છે, એમાં કોઈ બેમત નથી. પણ શિક્ષક ભાષામાં કાળા પાટિયાનો પણ અલ્પઉપયોગ કરતા જોવા મળે છે. ત્યાં અન્ય સાધનોની તો વાત જ શી કરવી? 8,9,10ના નવા અભ્યાસક્રમમાં કૃતિઓની સાથે લેખક-કવિના ફોટા સાથેના પરિચય મૂકવામાં આવ્યા છે. પણ શિક્ષક-વિદ્યાર્થીઓ તેનાથી પરિચિત થતા નથી. વિદ્યાર્થીઓ ફિલ્મી કલાકારોને જેટલા ઓળખે છે તેટલા આપણા સાહિત્યકારોને ઓળખતા નથી. ટેપરેકોર્ડર અને ટી.વી. જેવા માધ્યમોનો અસરકારક ઉપયોગ થઈ શકે તેમ છે. એમ.એડ, અને પી એચ.ડી. કક્ષાએ આ સંદર્ભમાં થયેલાં સંશોધનો શિક્ષણિક સાધનોના ઉપયોગની હિમાયત કરે છે. પણ આ પરિણામોનો વિનિયોગ વર્ગખંડ સુધી પહોંચ્યો નથી. શૈક્ષણિક ટેકનોલોજી રસોડા સુધી (માઈક્રોવેવ ઓવન, મિક્સર વગેરે) પહોંચી ગઈ છે પણ વર્ગખંડ તો તેનાથી સૂનાં જ છે. હવે તો ઈન્ટરનેટ દ્વારા માહિતીનો મહાસાગર ઉપલબ્ધ છે પણ તેનો ઉપયોગ થતો નથી. ઘણી વખત શાળામાં સાધનો હોય છે પણ તે શોભામાં અભિવૃદ્ધિ માટેજ રખાયાં હોય છે. આ સર્વે માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા જ સૂચવે છે ને ?

આ ઉપેક્ષાને દૂર કરવા શિક્ષકે જ શૈક્ષણિક સાધનોના ઉપયોગ કરવા સામે વિધાયક વલણ કેળવીને ઝુંબેશ ઉપાડવી પડશે. એક વખત, શિક્ષક શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરતો થશે પછી તેને આપોઆપ સમજાશે કે શૈક્ષણિક કાર્ય કેટલું બધું રસપ્રદ, સરસ અને સ્પષ્ટ થતું જાય છે ? શબ્દકોશ, જોડણીકોશ, લેખકનાં અન્ય પુસ્તકો, વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા પ્રાસંગિક લેખો (હવે તો સાહિત્યક લેખો વધુ પ્રકાશિત થાય છે.) લેખકના ફોટા, ઉદાહરણોને સ્પષ્ટ કરતાં ફ્લેશકાર્ડસ્ વિષયવસ્તુને સ્પષ્ટ કરતા અન્ય સંદર્ભ સાહિત્યની રોલ-અપ બોર્ડ પર રજૂઆત, જે-તે કાવ્યના કવિનું જ ટેપરેકોર્ડર પર કાવ્યપઠન, કે કાવ્યગાન ભાષા શિક્ષણને વધુ રોચક અને ધ્યાનને કે કેન્દ્રિત કરાવનારું બની રહે છે. અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કેટલીક સાહિત્યિક કૃતિઓનું નાટ્યીકરણ કરી તેનું ફિલ્માંકન કરી શકાય. રામાયણ-મહાભારત જેવા મહાન ગ્રંથો વંચાયા કરતાં ટી.વી. પર વધુ જોવાયા છે. તે ટી.વીની અમેક સાધન તરીકેની બોલબોલા જ બતાવે છે. વ્યાકરણ શિક્ષણ માટે પણ તૈયાર ચાર્ટસ્ ઉપલબ્ધ છે. તેની મદદથી ખૂબ સરસ રીતે વ્યાકરણ શીખવી શકાય. શિક્ષક જો સજાગ બનીને શૈક્ષણિક સાધનોની મદદથી

શિક્ષણ કાર્ય કરે તો ગુજરાતી ભાષા શિક્ષણ પ્રત્યેની ઉપેક્ષાને હળવી કરવામાં મદદ મળશે.

(5) વાચનાલયની સુવિધાનો અભાવ

ઘણી વખત એવો અનુભવ જોવા મળે છે કે વિદ્યાર્થીઓએ શાળા-(કોલેજકક્ષાએ પણ) કક્ષાએ ગુજરાતીના પાઠ્ય પુસ્તક કરતાં તેની માર્ગદર્શિકા કે ગાઈડ વાંચી હોય. કોલેજ કક્ષાએ જે-તે સાહિત્યકારની મૂળ કૃતિ તો વાંચી જ ન હોય આ અત્યંત દુઃખદ બાબત છે. વાંચન પ્રત્યેની કોઈ સૂગ જોવા મળે છે. શિક્ષકો પણ વાંચનાલયનો ઉપયોગ કરતા નથી. ઘણી શાળાઓમાં વાચનાલયની સુવિધા જ નથી હોતી. અને ક્યાંક હોય તો પુસ્તક શિક્ષક- વિદ્યાર્થી સુધી પહોંચાડવાની વ્યવસ્થાનો અભાવ હોય છે. પુસ્તકાલયની મુલાકાત કે મારું પ્રિય પુસ્તક વિશેનો નિબંધ સ્વાનુભાવથી નહીં પણ કાલ્પનિક રીતે લખાતો હોય છે. અનુસ્નાતક સુધી ભણ્યા પછી પુસ્તકાલયમાંથી પુસ્તક કેવી રીતે પસંદ થાય અને તેને મેળવી શકાય તે વિશેની સૂઝનો વિદ્યાર્થીઓમાં અભાવ હોય છે. જ્યા જે-તે લેખકની મૂળ કૃતિ જ ન વંચાઈ હોય ત્યાં ઈતરવાચન વિશે શું કલ્પના કરવી ? સાહિત્યમાં કેટકેટલા ઉત્તમ સામયિકો પ્રસિદ્ધ થાય છે. પણ એ સામાયિકોને વાંચકો નથી મળતા.

સ્વાભાવિક રીતે જ આ ઉપેક્ષાના ઉકેલમાં કહી શકાય કે દરેક શાળાએ વાંચનાલયની વ્યવસ્થા તો ફરજિયાત ઉભી કરવી જ પડશે પણ તેના સદુપયોગ માટે એક ભેખ લઈને કાર્યાન્વિત થવું પડશે. એક ચિંતકે યથાર્થ કહ્યું છે કે, ‘કોઈપણ દેશના લોકો કેવા છે તેનો જવાબ મેળવવો હોય તો તેઓ શું વાંચે છે તે જાણવું જોઈએ.’[૫] વિદ્યાર્થીઓ વધુ પુસ્તકો વાંચે તે માટે વાંચન સ્પર્ધાનું આયોજન કરવું જોઈએ. વાંચનાલયનો સૌથી વધુ ઉપયોગ કરનાર વિદ્યાર્થીને એવોર્ડ આપવો જોઈએ, તેને સન્માનિત કરવો જોઈએ. શાળામાં ઈતરવાચન સ્પર્ધાઓનું મહત્તમ આયોજન થવું જોઈએ. પુસ્તક સમીક્ષા કરવાના કાર્યક્રમો થવા જોઈએ. શિક્ષકો માટે પણ એવા કાર્યક્રમો યોજી શકાય કે શિક્ષક કોઈ પુસ્તક વાંચીને તેના પરના પોતાના મંતવ્યોને પજૂ કરે. મહિનામાં આવો એક કાર્યક્રમ રાખી શકાય. દરેક શિક્ષક પોતે વાંચેલા પુસ્તક વિષે રજૂઆત કરે. ફરતું પુસ્તક જેવો કાર્યક્રમ પણ યોજી શકાય. વર્ગની સંખ્યા મુજબ દિવસે પુસ્તકો નક્કી કરી દર અઠવાડિયે અથવા પંદર દિવસે પુસ્તક રોલ નંબર પ્રમાણે ફરતું રહે, વારાફરતી આપી શકાય નવસારી શહેરમાં ફરતું પુસ્તક અંતર્ગત 9માં ધોરણના એક વિદ્યાર્થીએ વર્ષમાં 168 પુસ્તકો વાંચ્યા હતા. આમ, વાચન દ્વારા ભાષા સજ્જતા પણ કેળવાશે અને તે તરફથી ઉપેક્ષા પણ ઘટશે.

(6) સર્જનાત્મક પ્રવૃત્તિઓ પ્રત્યેનો નિરુત્સાહ:

અંત્યાક્ષરી કે ડાન્સ પાર્ટી જેવા કાર્યક્રમોનું આયોજન ખૂબ જોરશોરથી થાય અને શ્રોતાઓને બેસાડવાની જગા પૂરી ખૂટી પડે એવો તાલ જોવા મળે. પણ જો વક્તૃત્વ સ્પર્ધા, કાવ્ય પઠન, પાદપૂર્તિ, વાચન સ્પર્ધા, નિબંધ લેખન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવાનું થાય તો શિક્ષકને વિદ્યાર્થીઓ મેળવવાના ફાંફાં પડી જાય. અને જેટલા વિદ્યાર્થી સ્પર્ધકો તેટલા જ શ્રોતા એવો ઘાટ સર્જાય. આવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ પાછળ ઘેરી ઉદાસીનતા જોવા મળે છે. કવિસંમેલન, મુશાયરા કે પેનલચર્ચા જેવી પ્રવૃત્તિઓ હવે શાળાઓમાં જવલ્લે થાય છે, રેડિયો અને ટી.વી જેવાં સમૂહ માધ્યમો માટે જ તે થાય છે.

વિદ્યાર્થીઓની મૌખિક અને લેખિત અભિવ્યક્તિ સર્જનશીલ બને તે માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું રચનાત્મક આયોજન થવું હિતકારી છે. વાસ્તવમાં તો આવી પ્રવૃત્તિઓ જ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓનો પરિચય કરાવે છે. આવી પ્રવૃત્તિઓથી અભ્યાસક્રમ પૂરો

કરવામાં મુશ્કેલીઓ સર્જાય છે. જેથી માનસિકતાને બદલાવની તાતી જરૂર છે. શાળામાં ગુજરાતી દિવસ, લેખક-કવિ જન્મદિન ઉજવણી, શુદ્ધ જોડણી દિન, શુદ્ધોચ્ચાર દિન જેવા દિવસોની ઉજવણી કરી શકાય. ભાષા મંડળની સ્થાપના કરી કવિ સંમેલન, સાહિત્ય સર્જકોના વાર્તાલાપ જેવા કાર્યક્રમો હાથ ધરી શકાય. સ્વરચિત રચનાઓને બુલેટિન બોર્ડ પર મૂકી શકાય. હસ્તલિખિત અંક તૈયાર કરાવી શકાય. એક શિક્ષકે 5,6,7,ના વિદ્યાર્થીઓ પાસે ફ્રી તાસમાં મૌલિક વાર્તાઓ કવિતાઓ લખાવીને લગભગ 3000 જેટલા લેખોનો હસ્તલિખિત અંક તૈયાર કરાવ્યો હતો. આ વિદ્યાર્થીઓની ભાષા એટલી ખીલી હતી કે માતા-પિતા તેની પ્રશંસા કરવા માટે મજબૂર બની ગયા હતા. પણ આવા શિક્ષકો કેટલા ? આ બધી પ્રવૃત્તિઓ શિક્ષક અને વિદ્યાર્થીના બંને પક્ષે માતૃભાષામાં અહોભાવ જન્માવે છે અને કદર કરવાનું વલણ આપે છે.

(7) ગુજરાતી ભાષા શિક્ષકનો ઊતરતો દરજ્જો

માતૃભાષા શિક્ષકને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીના શિક્ષકની અપેક્ષાએ ઓછો માન-મરતબો મળે છે. અગાઉ પણ આપણે જોયું હતું કે ગુજરાતી ભણવામાં શું ? એટલે તેના શિક્ષક પ્રત્યે પણ ઉપેક્ષા પરિણામે ગુજરાતી ભાષાનો શિક્ષક પણ માથું ઊંચું રાખીને ફરજ બજાવવામાં પાછો પડે છે. તેને પોતાના વ્યવસાયનું જોઈએ તેટલું ગૌરવ અનુભવાતું નથી. માતૃભાષાના શિક્ષક તરીકેની હસ્તિ લઘુતાનો ભાવ કરાવે છે. અને તેનો આ ભાવ તેના કાર્યને ઠેસ પહોંચાડે છે. પોતે ગુજરાતી ભાષાનો શિક્ષક છે એવું કહેવામાં ખુમારી જણાતી નથી.

જે ભાષા અન્ય વિષયોની કેળવણીમાં પાયાનું કામ કરી રહી છે તે ભાષાના શિક્ષણમાં લઘુતાનો નહીં પણ ગૌરવ નો ભાવ જન્મે તે જરૂરી છે. પ્રથમ તો માતૃભાષામાં શિક્ષક જ પોતાના વિષયનું ગૌરવ કરતો થાય તે જરૂરી છે. ગુજરાતી ભાષાના શિક્ષકો માટે વિશેષ તાલીમ વર્ગો યોજાય, તેઓને વધુ સજ્જ બનાવવા માટેની પ્રેરણા પૂરી પડાય તો ભાષા શિક્ષક પોતે તેનું મહત્વ સમજશે અને લઘુતાના ભાવમાંથી મુક્ત બનશે. પોતે ગુજરાતી ભાષાનો શિક્ષક છે તેમ કહેવામાં તેના અવાજમાં ખુમારીનો રણકો હશે. અન્ય વિષય શિક્ષકો પાસેથી પણ ગુજરાતી ભાષાની સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે તો તેઓ પણ ભાષાનું મૂલ્ય અને શિસ્ત સમજશે. અન્યથા ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યા શિક્ષક જોડણીમાં ભૂલો કરે તો ચાલે તેવો ખ્યાલ મજબૂત બનશે. આ ખ્યાલને તોડવો ખૂબ જરૂરી છે.

(8) **વ્યાકરણ શિક્ષણને પ્રત્યે ઉદાસીનતા:**

અનુસ્નાતક કક્ષાએ 70 ટકા જેટલા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ સ્વર અને વ્યંજન વચ્ચેનો તફાવત ઘણીવાર કહી શકતા નથી. બી.એડ્.ની એક કોલેજમાં ગુજરાતી ભાષાનો કક્કો લખવાનું કહેતાં માત્ર તાલીમાર્થીઓ સાચો કક્કો લખી શક્યા હતા. વ્યાકરણશાસ્ત્ર અને ભાષાના પ્રાણ છે પણ શાળામાં પ્રાણ વિના જ ભાષા શિક્ષણ થાય છે. શિક્ષકો રસપ્રદ રીતે વ્યાકરણ શીખવવા તરફ ઉદાસીન છે તેની માઠી અસર વિદ્યાર્થીઓના વલણ તરફ પણ પડે છે. વ્યાકરણ પ્રત્યેની આ ઉદાસીનતાએ સમાજના સાંસ્કૃતિક સાહિત્ય પોતાને પણ નબળું પાડ્યું છે. વર્તમાનપત્રોમાં, જાહેરમાર્ગો પરની મોટી જાહેરાતોમાં, ટીવી,પર રજૂ થતાં ગુજરાતી સમાચાર, ગુજરાતી ટી.વી શ્રેણીઓ કે ગુજરાતી ચલચિત્રોનો સ્તર જોઈએ એટલે આ વાત સહેલાઈથી સમજાઈ જાય છે. આજથી હવે કોઈને ખોટી જોડણી કરવાનો અધિકાર નથી એવા મહાત્મા ગાંધીજીના કથનને કોણ સાર્થક કરવા પ્રયત્નશીલ છે.? ખોટી જોડણી કરવાનો ખચકાટ પણ મહેસૂસ થતો નથી. માતૃભાષાના વ્યાકરણ પ્રત્યેની આ અપેક્ષાને દૂર કરવા પાંચ કરોડ

ગુજરાતીઓએ હવામાન બદલવા અભિયાન આદરવું પડશે.

જો બાળક ફળ, ફૂલ, પ્રાણીના જન્મ અને તેની રચના અને કાર્યમાં રસ લેતો કરી શકાય તો જે ભાષા માણસના અસ્તિત્વ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે તેના જન્મ અને વિકાસ તેમજ શાસ્ત્ર વિશે રસ લેતો ન કરી શકાય બાળકની જિજ્ઞાવૃત્તિને સંકોરવાની જરૂર છે અને તે માટે જરૂર છે વ્યાકરણ શાસ્ત્રની રસમય રજૂઆત કરવાની શબ્દરમતો દ્વારા જોડણીનું શિક્ષણ સુંદર રીતે આપી શકાય શબ્દ સમૃદ્ધિ પણ વધારી શકાય સુન્દરમ્ ના અનુસ્વાદ અષ્ટક દ્વારા અનુસ્વાર શિક્ષણની સુપેરે રજૂઆત કરી શકાય. કાવ્યમય વ્યાકરણમાં વ્યાકરણના વિવિધ એકમો વિશે સુંદર કાવ્ય રચનાઓ છે. ભાષા પ્રયોગશાળામાં લિંગ્વાફોન કે ટેપરેકોર્ડર પર હેડફોનની મદદથી ઉચ્ચારણ શાસ્ત્રની સૂક્ષ્મતાઓ સરસ રીતે સમજાવી શકાય. શિક્ષકે આ દિશામાં આત્મસૂઝ કેળવીને સઘન પ્રયાસો આદરવા પડશે. અને તો જ ભાષાના ઘટકોની શાસ્ત્રીય સમજ વિદ્યાર્થીઓને હોવી જોઈએ તેવી આપણી અપેક્ષાને પૂરી કરી શકીશું.

(9) વિદ્યાર્થીઓની વધુ સંખ્યા

હેતુ સિદ્ધિ અર્થે શિક્ષક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે ઓળખે અને તેના વિકાસમાં યથોચિત યોગદાન આપી શકે તે માટે વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોવી જોઈએ. પરદેશમાં એક શિક્ષક દીઠ 12થી15 વિદ્યાર્થીઓની સંખ્યા હોય છે. જો કે આમાં દેશદેશે અલગ સંખ્યા જોવા મળે છે. આપણી શાળાઓમાં વર્ગ દીઠ 70 થી 80 ની સંખ્યા જોવા મળે છે. એટલે મોટાભાગનો સમય તો વર્ગ વ્યવસ્થાપન અને શિસ્ત જાળવવામાં જતો રહે છે. કેટલીક વખત નૂતન પદ્ધતિઓના અમલીકરણ માટે પણ આ બાબત જવાબદાર બની રહે છે.

આ પરિબળને હળવો કરવાના પ્રયત્નો મુશ્કેલ નહીં અશક્ય લાગી રહ્યા છે. પણ આ અવરોધક પરિબળની અસરને હળવી શકાય. કેટલીક નિદાન કસોટીઓનો ઉપયોગ કરીને ભાષામાં નબળા વિદ્યાર્થીઓ શોધી કાઢીને તેઓને અલગ શિક્ષણ આપવાની વ્યવસ્થા વિચારી શકાય, ક્રિયાત્મક સંશોધનો કરી ઉચ્ચારણમાં ભૂલ કરતાં, નબળી લેખન શૈલી ધરાવતાં, શ્રવણમાં ખામી હોય તેવા વિદ્યાર્થીઓ માટે સુધારણાત્મક કાર્યક્રમો ઘડી શકાય.

માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા માટે કદાચ આથી પણ વધુ બાબતો જવાબદાર હશે. અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે. કે આપણે એ જ બાબતો અંગે ચર્ચા જ કરવાની છે કે તેના નિરાકરણ વિશે કાર્ય કરવાનું છે !ઉપેક્ષાની સાથોસાથ વિચારેલા ઉપાયો કોઈ એકલદોકલ વ્યક્તિનું કામ નથી. શાળાના પ્રત્યેક શિક્ષકે આચાર્યની સંમતિ મેળવીને ક્રાંતિકારી પગલાં ભરવા પડશે. ગુજરાતી ભાષાની અસ્મિતાને જાળવવાની જવાબદારી નિભાવવાની દાનત કેળવવી પડશે અને તો જ આપણે તેનું ગૌરવગાન કરી શકીશું આજ દિશામાં થોડુંક ઊંડું વિચારતાં આપણને ભાષા શિક્ષણના સિદ્ધાંતો પ્રાપ્ત થાય છે.જો દરેક ભાષા શિક્ષક આ સિદ્ધાંતોનો શિક્ષણમાં વિનિયોગ કરે તો માતૃભાષા શિક્ષણની તસ્વીર અને તાસીર બદલાઈ જાય.

## 1.11 સારાંશ

- ભાષા વગર માણસના જીવનની કલ્પના કરવી અશક્ય લાગે છે. ભાષા આપણા વ્યક્તિત્વનો પરિચય છે.

- ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ
- સ્વરૂપ, નવનિર્માણ, સબંધ, ભાષાનો ઉપયોગ, પરિસ્થિતિ સાથેનો સંબંધ અને સાંસ્કૃતિક સંક્રમણ એ ભાષાની લાક્ષણિકતાઓ છે.
- માના ખોળામાં જે શીખાય તે માતૃભાષા માતૃભાષા એટલે પોતાના લોકોના મૂલ્યો, વિચારો, લાગણીઓ, આકાંક્ષાઓ કે જે સામાજિક શિક્ષણથી ઘડાયેલી છે તેના વારસાનો પરિચય આપતી ભાષા.
- વર્ણ, રૂપ,અંગ, પ્રત્યય (અંગસાધક અને પદસાધક પ્રત્યયો) અને વાક્ય એ ભાષાનાં ઘટકો છે.
- શ્રાવ્ય, દૃશ્ય અને સ્પૃશ્ય એમ ભાષા ત્રણ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે.
- સમાજના જુદાજુદા સ્તર કે વર્ગો દ્વારા બહુધા ઉપયોગમાં લેવાતી ભાષાને માન્ય બોલી કહેવાય છે. અને જે-તે પ્રદેશના લોકવ્યવહારમાં પ્રયોજાતી ભાષા એટલે બોલી ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિશેષતાઓને ધ્યાનમાં લેતાં ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી, મધ્ય ગુજરાતની ચરોતરી બોલી, દક્ષિણ ગુજરાતની સૂરતી બોલી, સૌરાષ્ટ્રની કાઠિયાવાડી બોલી, કચ્છી બોલી અને સરહદની ડાંગી અને વાગડી બોલીઓ પ્રાદેશિક બોલીઓ તરીકે જાણીતી છે.

## 1.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ

સમગ્ર એકમ ના અધ્યયન દરમ્યાન તમને જે મુદ્દાઓ વિશે વધુ ચર્ચા કરવાનું મન થયું હોય અને જે મુદ્દાઓ વિશે વધુ સ્પષ્ટીકરણ મેળવવાની ઇચ્છા હોય તેને નીચે આપેલી જગામાં અવશ્ય નોંધો.

### 1. ચર્ચાના મુદ્દાઓ

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

### 2. સ્પષ્ટીકરણના મુદ્દાઓ

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 1.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.

(1)

1.1 જુઓ 1.3

2. જુઓ 1.8.1

(2)

(1) જુઓ 1.8

(2) જુઓ 1.8.1

(3) જુઓ 1.8.1

(4) જુઓ 1.9.2

(5) જુઓ 1.9.4

# એકમ-2 માતૃભાષા શિક્ષણના હેતુઓ

## એકમની રૂપરેખા

2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશો

2.3 શૈક્ષણિક હેતુઓનો અર્થ

2.4 શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ

2.5 હેતુઓની સંરચના

2.5.1 સામાન્ય હેતુઓ

2.5.2 વિશિષ્ટ હેતુઓ

2.5.3 સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત

2.6. શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ

2.6.1 જ્ઞાનાત્મક ક્ષેત્ર

2.6.2 ભાવાત્મક ક્ષેત્ર

2.6.3 મનોશારીરિક ક્ષેત્ર

2.6.4 બ્લૂમની યોજના મુજબ માતૃભાષાના હેતુઓનું વર્ગીકરણ

2.7 શાળા કક્ષાએ હેતુઓનું વર્ગીકરણ

2.7.1 ધોરણ 8થી 12ના હેતુઓ

2.8 હેતુ સંરચનામાં ધ્યાનમાં લેવાની બાબતો

2.9 સારાંશ

2.10 ચર્ચા અને સ્પષ્ટીકરણ.

2.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.

## 2.1 પ્રસ્તાવના

હેતુઓ વિના શિક્ષણ હોઈ શકે નહીં. એટલે પ્રત્યેક બાબતના શિક્ષણ માટે ચોક્કસ હેતુઓ નક્કી કરવા પડે છે.

1. કશુંક (વિષયવસ્તુ) શીખવવાનું છે ?
2. શા માટે (હેતુઓ) શીખવવાનું છે અને
3. કેવી રીતે (પદ્ધતિઓ) શીખવવાનું છે ?

## 2.2 ઉદ્દેશો

આ એકમના અધ્યયન પછી તમે

- શૈક્ષણિક હેતુઓનો અર્થ અને મહત્ત્વ સમજી શકશો.
- સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત જણાવી શકશો.
- શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ સમજી શકશો.
- શાળા કક્ષાએ હેતુઓનું વર્ગીકરણ કેવી રીતે થયું છે તે અંગે સ્પષ્ટ જણાવી શકશો.
- હેતુઓની સંરચના કેવી રીતે થાય છે તે જાણી તેની રચના કરી શકશો.

## 2.3 શૈક્ષણિક હેતુઓનો અર્થ

સાદી ભાષામાં વાત કરીએ તો કોઇપણ પ્રવૃત્તિ કરતાં પહેલાં તે શા માટે કરવાની છે તે અંગેની વિચારણા એટલે હેતુ તેમ કહી શકાય. માતૃભાષાના સંદર્ભમાં છે તે દ્વારા કયા પરિણામોની અપેક્ષા છે તેની વિચારણા અગત્યની છે.

હેતુ એટલે અધ્યેતા સફળતા પૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે તે શું કરી શકે તે દર્શાવતું વિધાન બીજી રીતે જોઇએ તો અધ્યયન અનુભવોને અંગે અધ્યેતામાં કયા પ્રકારના ફેરફારો ઇચ્છનીય છે તે દર્શાવતાં વિધાનો એટલે હેતુઓ. આ હેતુઓ શિક્ષણના સમગ્ર માળખા માટે આધાર સ્તંભ છે . તેની રચના માટે ત્રણ શબ્દો ખૂબ જ અગત્યના છે.

1. વર્તન એટલે વિદ્યાર્થી દ્વારા થતી કોઇ પણ પ્રવૃત્તિ કે જેને નિહાળી શકાય તે
2. અંતિમ વર્તન એટલે કે વિદ્યાર્થી જે તે મુદ્દો શીખવાનું પૂર્ણ કરે ત્યારે તેની પાસેથી જે પ્રકારના વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તે.
3. માપદંડ એટલે કે ધોરણ અથવા કસોટી જેના દ્વારા અંતિમ વર્તનનું મૂલ્યાંકન કરવાનું છે તે.

   વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલક્ષી શિક્ષણની સંકલ્પના ડૉ.બેન્જામિન બ્લુમની વ્યાસસરણી દ્વારા અસ્તિત્વમાં આવેલી છે તેમના વિચારો પ્રમાણે વિદ્યાર્થીઓમાં જેતે વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનાં જે પરિવર્તનો લાવવા ઇચ્છીએ છીએ તે વિષય શિક્ષણના હેતુઓ બને છે. હેતુઓના નિર્ધારણમાં ઉપરોક્ત ત્રણ શબ્દો જોતાં ત્રણ પરિમાણો મહત્વનાં બને છે.

(1) લક્ષ્ય માટે ક્રિયાની દિશા- હેતુ દિશા: શિક્ષક જે હેતુ માટે કયું વાતાવરણ સર્જશે.

(2) ક્રિયા દ્વારા આવનાર પરિવર્તન : તે ક્રિયા દ્વારા વિદ્યાર્થીમાં શું પરિણામ આવશે.

(3) હેતુસિદ્ધિ : વર્તન પરિવર્તનની ચકાસણી કરવી. આ પરિણામો માટે વિષયનું સ્વરૂપ, બાળકના શારીરિક માનસિક વિકાસની કક્ષા, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો તથા હેતુ સિદ્ધિની વ્યાવહારિક સાધ્યતાનો ખ્યાલ રાખવો પડે છે. આપણે 8 થી 12 ધોરણ સુધીના માતૃભાષા શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ જોઇશું એટલે આ બાબત વધુ સ્પષ્ટ થશે. આ દૃષ્ટિએ હેતુઓ જડ નથી હોતા, પરંતુ પરિવર્તનશીલ, વિકાસશીલ, વ્યવહારુ અને ઊર્ધ્વગામી હોય છે. હવે આપણે તેનું મહત્ત્વ જોઇશું.

## 2.4 શૈક્ષણિક હેતુઓનું મહત્વ :

આમ તો, સંકલ્પના પરથી જ તમને હેતુઓના મહત્વનો ખ્યાલ આવી ગયો હશે. હેતુ વિનાનું શિક્ષણ દિશા વિના નાવ હંકારવા જેવું છે. તે ક્યાં પહોંચાડે તે કહી શકાય નહીં. શૈક્ષણિક હેતુઓની સંરચના કરવાથી નીચેની પ્રવૃતિઓનું અસરકારક નિયમન કરી શકાય અને શિક્ષણ પ્રક્રિયાને ધારદાર બનાવી શકાય.


- વર્ગ શિક્ષણ દરમ્યાન કઈ કઈ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવો તે નક્કી કરી શકાય.
- વર્ગ વ્યવહાર દરમ્યાન શિક્ષક શી પ્રવૃત્તિ કરશે અને વિદ્યાર્થીઓ પાસે કઇ કઇ પ્રવૃતિ ઓ કરાવશે તેની વિચારણા સ્પષ્ટ બને છે.
- શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક સાધનોનો અસરકારક ઉપયોગ કરવાનો ખ્યાલ સ્પષ્ટ બને છે.
- સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયાનું સમય અને શક્તિની રીતે નિયમન કરી શકાય છે.
- શિક્ષણના અંતે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન શી રીતે કરવું તે નિર્ણિત કરી શકાય છે.
  શિક્ષણ કાર્યને ચોક્કસ દિશા આપવા માટે ઉપયોગી બને છે.વિષયવસ્તુ કેન્દ્રી કે પાઠ્યપુસ્તક કેન્દ્રી શિક્ષણને બદલે વર્તન પરિવર્તન લક્ષી કે અધ્યેતા સુધારલક્ષી શિક્ષણ અંગે વિચારણા કરી શકાય છે.અને તેનો અમલ કરી શકાય છે.
- હેતુઓના આધારે જ શિક્ષણ કાર્યની સફળતા વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ કે અધ્યયન અધ્યાપન પ્રક્રિયાની ગુણવત્તાનું મૂલ્યાંકન કરી શકાય છે.
  આમ, સર્વગ્રાહી દૃષ્ટિએ જોઇએ તો શિક્ષણનાં આયોજન, અમલ, મૂલ્યાંકન અને સુધારણા માટે હેતુઓ મહત્વ છે. તેથી શિક્ષણનો પ્રારંભ કરતાં પહેલાં શિક્ષણ કાર્યના હેતુઓ સુનિશ્ચિત કરવા જોઇએ.

## 2.5 હેતુઓની સંરચના

હેતુઓની સંકલ્પના અને મહત્વ જોયા પછી જાણે એવું લાગે કે કેટલું બધું અગત્યનું છે અને સરળ પણ એવું નથી. હવે સવાલ એ આવે છે કે હેતુઓ નક્કી કેવી રીતે કરવા ? તેમની રચના કેવી રીતે કરવી એમાં શબ્દોની માયાજાળ ન હોવી જોઇએ. કેટલાક શબ્દોના અનેક અને વ્યાપક અર્થો થઇ શકતા હોય ત્યારે કયા શબ્દોનો ઉપયોગ કરીને હેતુઓ લખવા તે સ્પષ્ટ હોવુ જોઇએ. શિક્ષણના હેતુઓ અને ધ્યેયો વચ્ચે માત્રાનો તફાવત છે. આપણે કહીએ કે શિક્ષણનો હેતુ ઉત્તમ માનવનું સર્જન કરવાનો તો અહીં ઉત્તમ માનવ એટલે શું તેના સામેથી અર્થો છે અને આ કાર્ય સમગ્ર શિક્ષણ સાથે સંકળાયેલું છે. બાળકનો સર્વાંગી વિકાસ કરવો તે સમગ્ર શિક્ષણ ને અંતે સર્જ થઇ શકતો હેતુ છે અને આવા વ્યાપક, વિશાળ અને ઊંડાણ વાળા હેતુઓ સમગ્ર શિક્ષણ વ્યાવહારને અંતે પણ સંપૂર્ણ તો સિદ્ધ ન જ કરી શકાય. નહીં તો શિક્ષણનું આટલુ પ્રમાણ વધવા છતાં સમાજમાં કેટકેટલી અંધાધૂંધી છે !

જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ નાના નાના હેતુઓ સિદ્ધ કરવાથી વિશાળ હેતુઓ સિદ્ધ કરી શકાય. બાળકને શુદ્ધોચ્ચારથી સાંભળવાનું, યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાંભળવાનું, વક્તાના ભાવ અને વ્યંગ સમજીને સાંભળવાનું, તેના કથયિતવ્યનો અર્થ સમજીને સાંભળવાનું એમ નાના નાના આવા હેતુઓનો સમન્વય કરતાં કરતાં તેને શ્રવણ અર્થગ્રહણ કરતાં શીખવી શકાય. તેને એક ઉત્તમ શ્રોતા બનાવી શકાય. કહેવાય છે કે જે ઉત્તમ શ્રોતા બને છે તે જીવનના મર્મને સમજી શકે છે. તો અહીં આપણે જોયું કે, નાનકડા વર્તનના અંશને

સંરચિત હેતુઓનું સ્વરૂપ આપીને મન અને આત્માની કેળવણી સુધીના હેતુઓને આંબી શકાય છે. નીચેની આકૃતિ દ્વારા આપણે આ બાબતને વધુ સ્પષ્ટ રીતે સમજીએ.




નાના વર્તુળમાં સંરચિત હેતુ છે. તે વર્તન પરિવર્તનની ચોક્કસ પરિભાષાનો એક નાનકડો અંશ છે. દા.ત.,વિદ્યાર્થી યોગ્ય ઝડપે વાંચે. તે અવલોકનીય છે.સંરચિત હેતુઓની સિદ્ધિ વિશિષ્ટ હેતુઓ તરફ પ્રયાણ કરે છે. વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ સામાન્ય હેતુઓ તરફ આગળ વધે છે અને સામાન્ય હેતુઓ શિક્ષણના વિશાળ હેતુઓની સિદ્ધિ તરફ લઇ જાય છે.આમ પરિઘ તરફ જતાં આપણે શિક્ષણના વિશાળ હેતુઓ તરફ આગળ વધીએ છીએ જે સર્વાંગી વિકાસ તરફ દૃષ્ટિપાત કરાવે છે.રોજ બરોજના શિક્ષણ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓમાં જે પરિવર્તન લાવવા ઇચ્છે છે તેના બે મુખ્ય પ્રકાર પાડી શકાય.

1. સામાન્ય હેતુઓ (General Objectives)
2. વિશિષ્ટ હેતુઓ (Spesitic Objectives)

હવે આપણે આ બંને પ્રકારને વિસ્તારથી સમજીએ અને માતૃભાષા શિક્ષણમાં કયા કયા હેતુઓનો સમાવેશ થાય છે તેમજ બંને વચ્ચે શો તફાવત છે તે પણ સમજીએ.

## 2.5.1. સામાન્ય હેતુઓ.

વિષયના સંદર્ભમાં વર્ગ શિક્ષણ માટે નિશ્ચિત કરતા અધ્યયન હેતુઓને સામાન્ય હેતુઓ કહે છે. આવા હેતુઓ લાંબા ગાળે સિદ્ધ થાય છે. આવા હેતુઓ વિષય, ધોરણ અને તેના વિષયાંગોને આધારે નક્કી થાય છે. અનેક વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ વડે એક સામાન્ય હેતુ સિદ્ધ થાય છે. આ હેતુઓની સંકલ્પના વિશાળ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા નીચે મુજબના સામાન્ય હેતુઓ નિર્ધારિત થયા છે.

વિદ્યાર્થીઓ

1. ભાષાનાં મૂળતત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
2. શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.
3. વાચન દ્વારા અર્થગ્રહણ કરે.

4. કથન દ્વારા અભિવ્યક્તિ કરે.

5. લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.

6. વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.

7. સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ અને વલણ કેળવે.

માતૃભાષા શિક્ષણ માટે નિર્ધારિત કરાયેલા આ હેતુઓનું વધુ સ્પષ્ટીકરણ હવે થશે જ્યારે તમે બ્લૂમ દ્વારા રચાયેલ વિવિધ હેતુઓ અને તેના સ્તરો વિશે પરિચય મેળવશો. ભાષા કૌશલ્યોની બનેલી છે તે આપણે પ્રથમ એકમમાં જોયું. એ સંદર્ભમાં સાહિત્યકૃતિઓ દ્વારા, વ્યાકરણના જ્ઞાન દ્વારા અર્થ ગ્રહણ અને અભિવ્યક્તિનાં કૌશલ્યો પ્રાપ્ત કરે છે. વ્યાકરણની વિવિધ સંકલ્પનાઓનો વ્યવહાર જગતમાં ઉપયોગ કરે છે અને સાહિત્ય કૃતિઓમાંરસ લઈ તેના રસદર્શનો આનંદ લે છે. તે તરફ વિધાયક વલણ કેળવે છે. આ બધા હેતુઓ સ્વાભાવિક રીતે એક તાસમાં સિદ્ધ થતા નથી. તે લાંબાગાળાની પ્રક્રિયા છે. આ હેતુઓ સિદ્ધ કરવા આપણે વિશિષ્ટ હેતુઓની સંરચના કરવી પડે છે. આપણે તેની સમજ મેળવીએ.

## 2.5.2 વિશિષ્ટ હેતુઓ

સામાન્ય હેતુઓની સિદ્ધ માટે ટૂંકાગાળામાં સિદ્ધ કરી શકાય તેવા હેતુઓને વિશિષ્ટ હેતુઓ કહે છે. રોજબરોજના શિક્ષણમાં ઉપયોગી નિવડે અને એકાદ તાસમાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓને વિશિષ્ટ હેતુઓ કહે છે.

કોઇ પણ કાર્યની સિદ્ધિ એક જ સમયે એકાદ બે પ્રક્રિયાઓ કે પ્રવૃત્તિઓથી પૂર્ણ કરી શકાતી નથી. તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા નાના, અતિ નાના ઘટકોમાં વહેંચી ક્રમિક રીતે પૂર્ણ કરવી પડતી હોય છે. આ હેતુઓ ટૂંક સમયમાં, ઓછાં સાધનો અને શક્તિથી સિદ્ધ થઇ શકે છે.તે વિષય વિષયાંગ અને બાળકોની વય કક્ષાને આધારે રચવા પડે છે. આ હેતુ ભાષા રચનાની દૃષ્ટિએ સરળ, ટૂંકા અને સ્પષ્ટ હોય છે. મૂલ્યાંકન લક્ષી હોય છે.એક ઉદાહરણથી તેની વધુ સ્પષ્ટતા મેળવીએ. દા.ત., વાચન દ્વારા અર્થગ્રહણ કરે એ એક સામાન્ય હેતુ રાતોરાત સિદ્ધ થતો નથી. તમને પણ ક્યારેક એવો અનુભવ થયો હશે કે કશુંક વાચ્યું હોય ત્યારે તે ન સમજાયું હોય. તેનો અર્થબોધ લાંબાગાળે થયો હોય. આ હેતુની સિદ્ધિ અનેક નાના નાના વિશિષ્ટ હેતુઓની સિદ્ધિમાં સમાયેલી છે. આ જ હેતુના કેટલાંક વિશિષ્ટ હેતુઓ જોઇએ. અલબત્ત, આ અંગે તમે બીજા ખંડમાં વિવિધ કૌશલ્યોના પરિચય સંદર્ભે વિગતે શીખવાના છો. દા.ત., વિદ્યાર્થીઓ

- યોગ્ય વિરામ ચિહ્નોનો ઉપયોગ કરીને વાંચે.
- યોગ્ય ઝડપે વાંચે.
- શ્રોતાઓની સંખ્યાને ધ્યાનમાંરાખીને સસ્વર પઠન કરે.
- યોગ્ય આરોહ અવરોધ સાથે વાચન કરે.
- શુદ્ધોચ્ચાર સહિત મુખપઠન કરે.
- વાચન સામગ્રીના ભાવો (હર્ષ, શોક, વ્યંગ, આશ્ચર્ય)ને અનુરૂપ પઠન કરે.

અહીં તમને સમજાયું હશે કે વાચનનો સામાન્ય હેતુ ઉપરોક્ત આવા અન્ય વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ થતાં સિદ્ધ કરી શકાય છે. અગાઉ આકૃતિમાં આ બાબતને તમે અવલોકી હતી. હવે આપણે સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેના ભેદને પારખવાનો પ્રયત્ન કરીએ.

## 2.5.3 સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ

વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ સામાન્ય હેતુઓની સિદ્ધિ તરફ પ્રયાણ કરાવે છે. આમ જોઇએ તો

બંને અલગ બિલકુલ નથી. પણ સામાન્ય હેતુ વિશિષ્ટ હેતુઓની ચઢતી સીડી છે. બંને વચ્ચે કક્ષા કે સ્તરનો ભેદ છે. તે ભેદને નીચેના મુદ્દાઓ વધુ સ્પષ્ટ કરશે.

સામાન્ય હેતુઓ

- શિક્ષણના ધ્યેયો કે લક્ષ્યો તરફ પ્રયાણ કરેછે.
- કેટલાક સામાન્ય હેતુઓ બધા વિષયો માટે એક સરખા હોય છે. જેમ કે જ્ઞાન પ્રાપ્તિ, સમજ, ઉપયોગ વગેરે...
- તેની નિષ્પત્તિ વ્યાપક અને વિશાળ હોય છે.
- સ્પષ્ટ વિધાનના રૂપમાં તેની રચના હોય છે.
- એક સામાન્ય હેતુ માટે અનેક વિશિષ્ટ હેતુઓ હોઇ શકે.
- સમયની અપેક્ષાએ ખૂબ લાંબા ગાળાના છે અને ક્વચિત સંપૂર્ણ પણે સિદ્ધ થઇ શકતા નથી.
- તેની સંકલ્પના અસ્પષ્ટ અને અમૂર્ત છે.
- વાર્ષિક પ્રશ્નપત્ર (બ્લ્યૂપ્રિન્ટ)ની રચના વખતે સામાન્ય હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવે છે.
- ક્રિયાપદો : મેળવે, જાણે, માણે, સમજે, કેળવે.

વિશિષ્ટ હેતુઓ.

- સામાન્ય હેતુઓ તરફ પ્રયાણ કરે છે.
- જે તે વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં તેની રચના કરવામાં આવે છે.
- સમય અને પરિસ્થિતિની દૃષ્ટિએ એક તાસને અંતે સિદ્ધ થઇ શકે તેવો વાસ્તવિક હોય છે.
- અપેક્ષિત વર્તન-પરિવર્તનની ભાષામાં સ્પષ્ટ આલેખન કરવામાં આવે છે.
- વિષય વસ્તુના સ્વરૂપને આધારે એક તાસમાં તેની સંખ્યા નિશ્ચિત થાય છે.
- ટૂંકા ગાળાના છે અને પાઠને અંતે સિદ્ધ કરી શકાય તેવા હોય છે.
- સંકલ્પના સ્પષ્ટ કરે તેવા અને માપન કરી શકાય તેવા હેતુઓ છે.
- તાસને અંતે થતા મૂલ્યાંકનમાં તેમની સિદ્ધિનું માપન થઇ શકે છે.
- ક્રિયાપદો : વર્ણન કરે, ઓળખ આપે, પરિચય આપે, રજૂ કરે, નામ આપે, ઉદાહરણ આપે, વ્યાખ્યા આપે, ગણતરી કરે, તૈયારી કરે, શોધી કાઢે, વિગતવાર સમજાવે, સ્પષ્ટ ભાષામાં બોલી બતાવે.

હવે તમને એ સ્પષ્ટ થયું હશે કે હેતુની સંરચના દ્વારા આપણે શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ તરફ આગળ વધી શકીએ છીએ. દા.ત., તમે ધોરણ-8 માં ખમ્મા વીરને કાવ્યનું અધ્યાપન કરતાં હો તો તેના વિશિષ્ટ હેતુઓની સંરચના કરવી પડે. જે તાસને અંતે તમે તેને અનુરૂપ આયોજિત કરેલી શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા સિદ્ધ કરો. આમ પદ્ય, ગદ્ય, અને વ્યાકરણના પાઠો દ્વારા શિક્ષક તરીકે તમે અનેક વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ કરાવીને વિદ્યાર્થીને સામાન્ય હેતુની સિદ્ધિ તરફ અને તે દ્વારા શિક્ષણના વિશાળ ધ્યેયો તરફ આગેકૂચ કરાવો છો. અહીં આપણને એ સવાલ થાય કે આવા વિશાળ શૈક્ષણિક હેતુઓનું નિર્માણ કેવી રીતે થયું હશે. માણસનું વર્તન તો કેટલું બધું સંકુલ છે ? રીત પણ વિશાળ છે. બેન્જામિન બ્લૂમ અને તેના સાથીદારોએ વર્ષોના સંશોધન અને ચિંતનને આધારે શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કર્યું છે. આપણે ત્યાં એ હેતુઓની સિદ્ધિ માટેની સમગ્ર શિક્ષણ વ્યવસ્થા આયોજિત થઇ છે. તે હેતુઓ વિશે સમજતાં પહેલાં આપણે તમારી પ્રગતિ ચકાસી લઇશું.

તમારી પ્રગતિ ચકાસો - 1

નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

1. શૈક્ષણિક હેતુનો અર્થ સમજાવો.

2. માતૃભાષાના સામાન્ય હેતુઓ કયા કયા છે ?

3. સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેના તફાવતનાં પાંચ મુદ્દા લખો ?

## 2.6 શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ :

આપણને ઘણી વખત એવો સવાલ થાય કે અધ્યાપનને અંતે આપણે વિદ્યાર્થીઓમાં કયું પરિવર્તન ઇચ્છીએ છીએ. માણસ જે વર્તન કરે છે તે વર્તન ક્ષેત્રોને ઓળખીએ, સમજીએ તો જ વર્તનમાં પરિવર્તનને રૂપ આપી શકીએ.બેન્જામીન બ્લુમ અને તેમના સાથીદારોએ આ દિશામાં મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે માણસના વર્તનોને ઓળખીને તેને પ્રથમ ત્રણ ક્ષેત્રોમાં વિભાજિત કર્યું છે. અને પછી દરેક ક્ષેત્રના વિવિધ સ્તરોમાં વહેંચણી કરી છે. આ હેતુઓની જાણકારી મેળવ્યા પછી પણ સમજાશે કે માણસનું નાનામાં નાનું વર્તન આ ક્ષેત્રની સીમા બહાર નથી. માણસ બોલે, ચાલે, વિચારે, લખે, દોરે, ટિપ્પણી કરે કે માત્ર યાદ કરે તો તે

વર્તન કયા ક્ષેત્રનું છે અને તેમાં પણ કયા સ્તર પર છે તે જાણી શકાય છે. એટલે જે તે ક્ષેત્રના જે તે સ્તરમાં વર્તન પરિવર્તન લાવવા માટે કયા હેતુ રચવા જોઇએ તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. પ્રથમ આપણે બ્લૂમના શૈક્ષણિક હેતુઓના વર્ગીકરણની સમજ મેળવી લઇશું પછી માતૃભાષા શિક્ષણમાં કયા હેતુઓનો સમજ મેળવી લઇએ અને પછી માતૃભાષા શિક્ષણમાં હેતુઓનો સમાવેશ કર્યો છે તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

બ્લૂમે માનવીય વર્તનને સમજતાં તેને ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં વિભાજિત કર્યું છે.

1. જ્ઞાનાત્મક ક્ષેત્ર (Cognitive Domain)
2. ભાવાત્મક ક્ષેત્ર (Attective Domain)
3. મનોક્રિયાત્મક ક્ષેત્ર (Psychomotor Domain)

આ ત્રણ ક્ષેત્રોનાં નામ જોતાં જ એટલું તો સમજાય છે કે માણસનું કોઇપણ વર્તન આ ત્રણ ક્ષેત્રમાંથી કોઇક ક્ષેત્રને તો સ્પર્શે જ છે. આમ તો આ ત્રણેય ક્ષેત્રો પરસ્પર સંકળાયેલાં છે. કારણ કે માણસના તમામ વર્તનોમાં જ્ઞાન, વલણ અને કાર્ય (કૌશલ્ય) પ્રતિબિંબિત થાય છે. અહીં વર્તનને સમજવા માટે બ્લૂમ તેને ત્રણ ક્ષેત્રોમાં વિભાજિત કર્યા છે. આ ક્ષેત્રો અધ્યયન પ્રક્રિયાના હેતુઓ તરીકે વિશેષ જાણીતા બન્યા છે. એટલે ઘણીવાર તેમને અધ્યયનના ક્ષેત્રો તરીકે પણ ઓળખવામાં આવે છે. હવે પ્રત્યેક ક્ષેત્ર વિશે સમજીએ.

## 2.6.1 જ્ઞાનાત્મક હેતુઓનું વર્ગીકરણ

જ્ઞાનાત્મક ક્ષેત્ર જ્ઞાન અને બૌદ્ધિક કૌશલ્યોના વિકાસ સાથે સંકળાયેલું છે. તેમાં બૌદ્ધિક શક્તિઓ અને કૌશલ્યોના વિકાસમાં સહાય કરતી બાબતો જેમ કે, ચોક્કસ માહિતીને યાદ કરવી કે ઓળખવી, કાર્યની તરાહ અને સંકલ્પનાઓનો સમાવેશ થાય છે. આમાં સરળથી સંકુલ તરફ જતા કુલ છ સ્તરોમાં તેની વહેંચણી કરાઇ છે. આ સ્તરોને કઠિનતાની કક્ષા તરીકે ઓળખી શકાય. જ્યારે પ્રથમ સ્તરનો વિકાસ થાય તેના આધારિત બીજા સ્તરનો વિકાસ થાય. પ્રથમથી જ છઠ્ઠા સ્તરનો વિકાસ થઇ શકે નહીં. જુદા શબ્દોમાં કહીએ તો વિકાસના તબક્કાઓ કહી શકાય. અહીં પ્રથમ સર્વોચ્ચ તબક્કો અને તે પછી ઉતરતી શ્રેણીમાં સ્તરો દર્શાવ્યા છે. ક્ષેત્રને સમજવા માટે તેનું સ્તર, તેની સમજ, ઉદાહરણરૂપ વર્તનો અને કેવાં ક્રિયાપદો દ્વારા તેને મૂલવી શકાય તે સંદર્ભમાં સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે. આજ રીતે બધાં ક્ષેત્રોને સમજાવ્યાં છે.

સ્તર

### (6) મૂલ્યાંકન (Evaluation)

- **સમજ અને ઉદાહરણરૂપ વર્તનો**

સમજ હકીકતો અને વિચારધારાના મૂલ્યો વિશે વર્ણન કરે છે. નિર્ણય સારા નરસા પાસાની ચકાસણી કરી શ્રેષ્ઠતમ બાબતને તારવે છે. કરતા સર્વગ્રાહી ચકાસણી કરે છે.દા.ત., સૌથી વધુ અસરકારક ઉકેલની પસંદગી કરવી, સૌથી વધુ લાયક ઉમેદવારની નિમણૂંક કરવી, નવા બજેટની ચકાસણી કરવી અને સમજાવવું.

- **ચાવીરૂપ ક્રિયાપદો**

તુલના કરવી, સારાંશ કાઢવો, વિરોધને પારખવો, તર્કવિતર્ક બચાવ કરવો, વર્ણવવું, ભેદ કરવો, મૂલ્યાંકન કરવું, સમજાવવું, અર્થ કરવો, સંબંધ જોડવો વગેરે.

સ્તર

(5) સંશ્લેષણ સમજ: (Synthesis)

**● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો**

વૈવિધ્યપૂર્ણ બાબતોમાંથી એક માળખાનું નિર્માણ કરે છે. કોઇ નવીન અર્થ અથવા બાબતના સર્જન પર ભાર આપતાં જુદી જુદી બાબતોને એકઠી કરીને સર્વગ્રાહી કંઇક નવું જ સર્જન કરે છે. દા.ત., કંપનીની કાર્યપ્રણાલી અથવા કાર્યની સૂચનાવલીનું આલેખન કરે, કોઇ ચોક્કસ કાર્ય માટેના યંત્રનું નિર્માણ કરે, સમસ્યા ઉકેલ માટેના વિવિધ સ્રોતોની તાલીમનું સંકલન કરે, પરિણામની સુધાર પ્રક્રિયામાં બદલાવ લાવે.

**● ચાવીરૂપ ક્રિયાપદો**

વર્ગીકૃત કરે, જોડે, સાંકળો, કથન કરે, સર્જે, રચે, સમજાવે, સુધારે, સંકલિત કરે, આયોજન કરે, પુન:આયોજન કરે, પુન:સર્જન કરે, સુધારે, સારાંશ કરે, લખે...વગેરે...

(4) વિશ્લેષણ (Analysis)

**● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો**

માહિતી અથવા સંકલ્પનાને વિવિધ ભાગોમાં વિભાજિત કરે જેથી સમગ્રલક્ષી માળખાંને સમજી શકાય. વિગતોની સમાનતા અને વિષમતાને તારવે. દા.ત., કોઇ બાબતની તાર્કિક ભૂલોને ઓળખી કાઢે, જુદી જુદી માહિતી એકઠી કરે અને કાર્ય સંબંધી બાબતોને અલગ તારવે.

**● ચાવીરૂપ ક્રિયાપદો**

વિશ્લેષણ કરે, ભાગલા પાડે, તુલના કરે, વિરોધ પારખે, આલેખ દોરે, વિસર્જન કરે, અલગ તારવે, ઓળખે, ઉદાહરણ આપે, રૂપરેખા આપે, સંબંધ જોડે, પસંદ કરે, જુદું કરે... વગેરે...

સ્તર

(3) ઉપયોજન (Application)

**● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો**

સમજ મેળવેલા જ્ઞાનનો નવી પરિસ્થિતિમા ઉપયોગ કરે છે. વર્ગ ખંડમાં શીખેલી બાબતોને કાર્યના સ્થળે નૂતન પરિસ્થિતિમાં ઉપયોગમાં લે છે. દા.ત., વર્ગમાં શીખેલી ગાણિતિક બાબતોની વેકેશનમાં અજમાયશ કરે. આંકડાશાસ્ત્રીય નિયમોને કોઇ લેખિત કસોટીની વિશ્વસનીયતા શોધવામાં ઉપયોગમાં લે.

**● ચાવીરૂપ ક્રિયાપદો**

ઉપયોગ કરે, ફેરફાર કરે, ગણે, રચે, નિદર્શન કરે, શોધે, સુધારે, સંચાલિત કરે, ભાખે, તૈયારી કરે, બતાવે, ઉકેલે વગેરે...

સ્તર

(2) સમજ/અર્થગ્રહણ (Comprehension)

**● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો**

માહિતી અથવા સમસ્યાનો અર્થ કરે, વ્યાખ્યાયિત કરે, અર્થઘટન કરે છે. સમસ્યાને પોતાના શબ્દોમાં મૂકે છે.દા.ત., કસોટી લખવાના નિયમોને પુન:આલેખિત કરે. કોઇ સંકુલ કાર્ય કરવાના પગથિયાં પોતાના શબ્દોમાં સમજાવે,કમ્પ્યુટર આધારિત સૂચિપત્રનાં સમીકરણોનું ભાષાંતર કરે.

● ચાવીરૂપ ક્રિયાપદો

અર્થગ્રહણ કરે, ફેરફાર કરે, ભેદ તારવે, અંદાજ મેળવે, સમજાવે, વિસ્તારિત કરે, સામાન્યીકરણ કરે, ઉદાહરણો આપે, અર્થઘટન કરે, આગાહી કરે, પુન: આલેખિત કરે, ભાષાંતર કરે... વગેરે ...

સ્તર

(1) જ્ઞાન (Knowledge)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

હકીકતો કે વિગતોને યાદ કરે છે.દા.ત., સ્મૃતિને આધારે ગ્રાહકને વસ્તુઓના ભાવ અથવા કિંમત કહે. સાવચેતીનાં પગલાં ઓળખી બતાવે.

● ચાવીરૂપ ક્રિયાપદો

જાણે, વ્યાખ્યાયિત કરે, ઓળખે, જણાવે યા કરે, સરખાવે, નામકરણ કરે, રૂપરેખા આપે, યાદ કરે, પસંદ કરે વગેરે...

## 2.6.2. ભાવાત્મક હેતુઓનું વર્ગીકરણ

ભાવાત્મક હેતુઓ માણસની સંવેદનાઓ સાથે જોડાયેલા છે. આ ક્ષેત્ર લાગણીઓ, મૂલ્યો, પ્રોત્સાહન, ઉત્સાહ, પ્રેરણા અને વલણો જેવી ભાવાત્મક બાબતો સાથે નિસબત ધરાવે છે. અહીં પણ જ્ઞાનાત્મક ક્ષેત્રની જેમ ભાવાત્મક ક્ષેત્ર પણ પાંચ સ્તરમાં વહેંચાયેલું છે. નિમ્ન થી ઉચ્ચ તરફ જતાં તે સ્તરો પાંચ વિભાગમાં વહેંચાયા છે. નીચેના કોઠા દ્વારા તેની સમજ મેળવીએ.

ભાવાત્મક હેતુઓનું વર્ગીકરણ

(1) ચારિત્ર ઘડતર (Characterization)

સમજ તેને પોતાની મૂલ્ય પ્રણાલી હોય છે. અને તે દ્વારા તે તેના વર્તનને નિયંત્રિત કરે છે. તેના વર્તનમાં સાતત્ય, સ્થિરતા અને આગાહી સૂચકતા જેવા પ્રમુખ લક્ષણો જોવા મળે છે. તેના વૈયક્તિક, સામાજિક અને સાંવેગિક અનુકૂલનની સામાન્ય વર્તન તરાહ દ્વારા આ હેતુઓનું મૂલ્યાંકન થઈ શકે.

(2) સુગ્રથિતતા (Corganization) સમજ-વિપરીત મૂલ્યો સામે કે સમસ્યાઓના સંઘર્ષ સામે તે અદ્વિતીય મૂલ્ય પ્રણાલીનું સર્જન કરે છે,. અને મૂલ્યોનું સુગ્રથન કરે છે. અહીં મૂલ્યોની તુલના, સંબંધોનું પ્રસ્થાપન અને મૂલ્યોના સંશ્લેષણ પર ભાર મુકાય છે.

(3) મૂલ્યાંકન (Valuing) સમજ વ્યક્તિ સાથે સંકળાયેલી ચોક્કસ ઘટના, નક્કી બાબત કે વર્તનનું મૂલ્ય કે કિંમત આંકે છે. આમાં સામાન્ય સ્વીકારથી માંડીને સંકુલ પ્રતિબદ્ધતા સુધીના વિસ્તારનો સમાવેશ થાય છે. ચોક્કસ મૂલ્યોના જૂથોના આત્મસાતીકરણ પર મૂલ્યાંકન આધારિત છે. અને તે મૂલ્યો અધ્યેતાના બાહ્ય વર્તનમાં અભિવ્યક્ત થયા કરતાં હોય છે. અને તે ઓળખી પણ શકાય છે.

(4) ઘટના પ્રત્યે પ્રતિભાવ દર્શાવવો (Receiving Phenomena)

સમાજ-અધ્યેતાઓને પક્ષે સક્રિય ભાગીદારી હોય છે. કોઈ ચોક્કસ ઘટના પ્રત્યે ધ્યાન આપે છે. અને પ્રતિભાવ આપે છે. પ્રતિભાવ આપવાના સંતોમાં પ્રતિભાવ આપવાની ઈચ્છા કે પ્રતિભાવ આપવામાં અધ્યયનની નીપજનો ભાર હોય છે.

સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ- સાંભળવાની ઇચ્છા અને સજગતા તેમજ પસંદગીયુક્ત ધ્યાન ધરાવે છે. દા.ત., બીજાને આદરથી સાંભળે નવા પરિચિત લોકોના નામો યાદ રાખે અને તેમને ધ્યાનથી સાંભળે.

● ચાવીરૂપ ક્રિયાપદો

પૂછે, પસંદ કરે, વર્ણવે, અનુસરે, આપે, ઓળખી બતાવે, સ્થાનાંકિત કરે(locate), નામાભિધાન કરે, બેસે, ઉત્તેજના વ્યક્ત કરે, પ્રત્યુત્તર આપે, ઉપયોગ કરે,

## 2.6.3. મનોક્રિયાત્મક ક્ષેત્ર/(મનો શારીરીક ક્ષેત્ર)

મનોક્રિયાત્મક ક્ષેત્ર શારીરિક હલનચલન, સંકલન અને શારીરિક કૌશલ્યોના ક્ષેત્રોના ઉપયોગને સમાવિષ્ટ કરે છે. આ કૌશલ્યો વિકાસ મહાવરો માંગી લે છે અને તેનું ગતિ, ચોકસાઇ, અંતર, કાર્યરીતિ(Procedure) અથવા કાર્યાન્વિત કરવાની પ્રયુક્તિઓ (Techniques of execution) ના સંદર્ભે માપન કરવામાં આવે છે. સરળથી માંડીને સૌથી વધુ સંકુલના ક્રમમાં તેને મુખ્ય પાંચ સ્તરોમાં વહેંચવામાં આવ્યું છે. નીચેના કોઠા પરથી તે જાણી શકાશે.

સ્તર

(5)સ્વાભાવિકીકરણ (Naturalization)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ-ઉંચી કક્ષાનું નિર્વતન (Performance) હાંસલ થતાં તે સ્વાભાવિક બની જાય છે કે જેને કરવા માટે બહુ વિચારવું પડતું નથી. દા.ત., પેલેનું ફૂટબોલ રમવું, સચીન તેંડુલકરનું બેટીંગ કરવું, સંજીવ કપૂરનું જુદી જુદી વાનગીઓ બનાવવું.

સ્તર

(4) યાંત્રિકતા(mechanism)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ- સંકુલ કૌશલ્યો હસ્તગત કરવાનો આ વચગાળાનો તબક્કો છે. શીખેલા પ્રતિચારો ટેવ બનવા લાગે છે અને કાર્ય કરવામાં આત્મવિશ્વાસ દેખાય છે. કાર્યમાં ગુણવત્તા (Prfofciency) દેખાય છે. ચાવી રૂપ ક્રિયાપદો કામ લાવવું, નકલ કરવી, અનુસરવું, પ્રતિક્રિયા આપવી, પ્રતિભાવ આપવો, ઉત્પાદિત કરવું વગેરે...

સ્તર

(3) માર્ગદર્શિત પ્રતિક્રિયા(Guided Response)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ- સંકુલ કૌશલ્યો શીખવાના પ્રારંભિક તબક્કામાં અનુકરણ અને પ્રયત્ન ભૂલનો સમાવેશ થાય છે. નિર્વતનમાં પ્રમાણિત સિદ્ધિ મહાવરાથી પ્રાપ્ત થાય છે. દા.ત., દર્શાવ્યા પ્રમાણેના ગણિતનાં સમીકરણો ઉકેલવાં, કોઇ મોડેલની રચના કરવામાં સૂચનોને અનુસરવું, કોઇ વસ્તુનો ઉપયોગ કરતાં શીખતી વખતે શિક્ષકના સૂચનોની પ્રતિક્રિયા આપવી.

● ચાવીરૂપ ક્રિયાપદો

નકલ કરવી, અનુસરણ કરવું, પ્રતિક્રિયા આપવી, પુન: ઉત્પાદિત કરવું, પ્રતિભાવ આપવો... વગેરે...

(2) તૈયારી (Set)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ-કાર્ય કરવાની તૈયારી તે માનસિક, શારીરિક અને સાંવેગિક તૈયારીનો સમાવેશ કરે છે. આ ત્રણેય તૈયારી વિવિધ પરિસ્થિતિઓમાં પ્રતિક્રિયા આપવાની વ્યક્તિની પૂર્વ નિશ્ચલતાની ખાતરી કરાવે છે. (આને ઘણીવાર માનસિક તૈયારી Mindset પણ કહે છે. દા.ત., ઉત્પાદન પ્રક્રિયાના વિવિધ પગથિયાંને ઓળખે, તેના પર કાર્ય કરે, પોતાની શક્તિઓ અને મર્યાદાઓને ઓળખે, નવી પ્રક્રિયાઓ શીખવાની ઇચ્છા પ્રદર્શિત કરે. (નોંધ - મનોક્રિયાત્મક ક્ષેત્રનું આ સ્તર ભાવાત્મક ક્ષેત્રના ઘટના પ્રત્યે પ્રતિભાવ દર્શાવવો સ્તરને ઘણ અંશે મળતું આવે છે.)

● ચાવીરૂપ ક્રિયાપદો

શરૂ કરે, સમજાવે , ગતિ કરે, આગળ ધપાવે, પ્રતિક્રિયા કરે, બતાવે, નોંધે સ્વૈચ્છિક કાર્ય કરે. વગેરે...

(1) અર્થગ્રહણ પ્રત્યક્ષીકરણ (Perception)

● સમજ અને ઉદાહરણરૂપ વર્તનો

સમજ-શારીરિક ક્રિયાઓ, નિર્ધારિત કરવામાં જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય બતાવે છે. ઉદ્દીપકોને ઓળખવાથી માંડીને તેની પસંદગી અને તેને કાર્યાન્વિત કરવા સુધીની બાબતોને સમાવી શકાય.

## 2.6.4 બ્લૂમની યોજના મુજબ માતૃભાષાના હેતુઓનું વર્ગીકરણ :

બ્લૂમની ટેકસોનોમી (Blooms Texonomy) તરીકે ઓળખાતા આ હેતુઓ ગહન રીતે વિચારતા કરી દે તેવા છે. તેની રચનાએ સમગ્ર વિશ્વમાં શિક્ષણના આયોજન અમલીકરણમાં આમૂલ પરિવર્તન આણી દીધું છે.તમને એ સમજાયું  હશે કે ત્રણેય ક્ષેત્રો અને તેના વિવિધ સ્તરો માનવીય વર્તનની કેટલી સૂક્ષ્મ જાણકારી આપે છે. માણસનું બોલાતું એક જ વિધાન આ ત્રણેય ક્ષેત્રોને આવરી લે છે પણ હજી આપણી શિક્ષણ પદ્ધતિની મર્યાદા એ છે કે આપણે જ્ઞાનાત્મક ક્ષેત્રના વિકાસ માટે સૌથી વધુ ભાર આપ્યો છે. આપણી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં જ્ઞાનપ્રાપ્તિ, સમજ અને ઉપયોગ પર સૌથી વધુ ભાર છે. ભાવાત્મક ક્ષેત્ર અને મનોક્રિયાત્મક ક્ષેત્રને આપણે બહુ સ્પર્શ્યા નથી. હવે વિશ્વ ભાવાત્મક ક્ષેત્રમાં, સાંવેગિક માનાંક (Emotional Quotient) અને આધ્યાત્મિક માનાંક (Spiritual Quotient) તરફ પ્રગતિ કરી રહ્યું છે ત્યારે હજી પણ આપણે જ્ઞાનાત્મક ક્ષેત્રમાં જ રચ્યા પચ્યા છીએ. અને તેની અસરોનો પડઘો સમાજમાં દેખાય છે. આપણી સમગ્ર પરીક્ષા પદ્ધતિ જુઓ તો આ બાબત સ્પષ્ટ થઇ જશે. આ અંગે ખરેખર વિચારવાનો સમય પણ જતો રહ્યો છે તેમ કહીએ તો ખોટું નથી. જો હેતુઓમાં ભાવાત્મક ક્ષેત્રનો વધુ અવકાશ મળે તો આપણે એવા હેતુઓનું નિર્માણ કરવું પડે કે, વિદ્યાર્થી પાઠ્ય સામગ્રીની મૂળકૃતિઓ વાંચવાની અભિરુચિ કેળવે. એટલે કે પૃથ્વીવલ્લભ કેમ ખેંચાયો નવલકથા આખે આખી વાંચે. ભક્તિ કાવ્યો કે પ્રકૃતિ કાવ્યોનો સંગ્રહ કરે. શહેરમાં યોજાતાં કવિસંમેલનોમાં હાજરી આપવાની તત્પરતા બતાવે.ભાષા સામગ્રીનાં રાષ્ટ્રીય મૂલ્યો કેળવવા સભાન બને. માતૃભાષા શીખીને આવા હેતુઓ સિદ્ધ કરનાર વિદ્યાર્થીઓ કેટલા ? અને આવી સિદ્ધિ તરફ લઇ જનાર શિક્ષકો કેટલા. ટૂંકમાં, આ સમગ્ર વિચાર શિક્ષણના ક્ષેત્રે આમૂલ પરિવર્તનની ગંભીર માગણી કરે છે. આપણે અત્યારે હવે એટલું

સમજીશું કે અગાઉ આપણે જે સામાન્ય હેતુઓ જોયા તે બ્લૂમના વર્ગીકરણ અનુસાર કયા ક્ષેત્રના કયા સ્તરનો સમાવેશ કરે છે. નીચેની સારણીનો અભ્યાસ તેને સ્પષ્ટ કરશે.

| ક્રમ | માતૃભાષાના સામાન્ય હેતુઓ | હેતુસ્તર | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1. | વિદ્યાર્થીઓ ભાષાનાં મૂળતત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે. | જ્ઞાનપ્રાપ્તિ | જ્ઞા |
| 2. | શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે. | સમજ | ના |
| 3. | વાચન દ્વારા અર્તગ્રહણ કરે. | સમજ | ત્મ |
| 4. | કથન દ્વારા અભિવ્યક્તિ કરે. | સંશ્લેષણ | ક |
| 5. | લેખન દ્વારા અભિવ્યક્તિ કરે. | સંશ્લેષણ | |
| 6. | વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે. | ઉપયોગ | ક્ષેત્ર |
| 7. | સાહિત્યકૃતિઓમાં રસ અને વલણ કેળવે | ગ્રહણ અને પ્રતિભાવ | ભાવાત્મક |

અહીં સ્પષ્ટ થાય છે કે માતૃભાષા શિક્ષણમાં જ્ઞાનાત્મક હેતુઓ પર વિશેષ ભાર છે. માટે શૈક્ષણિક આયોજન અને અમલીકરણની દિશા જ્ઞાનાત્મક ક્ષેત્રની સિદ્ધિ તરફ જ આગળ વધે છે. ભાવાત્મક ક્ષેત્રમાં રસ અને વલણનો સમાવેશ ચોક્કસ થયો છે. પણ તેની સિદ્ધિ અર્થે કોઈ મૂલ્યાંકન યોજના નથી. કેટલા વિદ્યાર્થીઓને આપણે કવિતાગાન તરફ આકર્ષીએ છીએ ? મનો શારીરિક ક્ષેત્રની તો લગભગ બાદબાકી થઈ છે. લખાવીએ છીએ ખરા તે મનોશારીરિક ક્ષેત્ર ચોક્કસ છે તેને તે અર્થમાં જોવાની પરંપરા નથી.

સુંદર હસ્તાક્ષરો દ્વારા લેખન કાર્ય કરવાનું હોય, કાવ્યનું આરોહ-અવરોહયુક્ત મુખપઠન કરવાનો હેતુ હોય તો તેને મનોશારીરિક હેતુઓમાં સમાવિષ્ટ કરી શકાય પણ આપણે ત્યાં આ હેતુઓને જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓ ગણવાની પરંપરા રહી છે. જો તેને મનોશારીરિક હેતુઓ અંતર્ગત સમાવિષ્ટ કરીએ તો જ તેને સિદ્ધ કરવા માટે આપણને વધુ ધ્યાન આપવાની ફરજ પડે.

## તમારી પ્રગતિ ચકાસો -2

(1) જ્ઞાનાત્મક ક્ષેત્રના વિવિધ સ્તરોને ચઢતા ક્રમમાં લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) ભાવાત્મક ક્ષેત્રના વિવિધ સ્તરોને ઉતરતાના ક્રમમાં લખો.

(3) મનોક્રિયાત્મક ક્ષેત્રનું અંતિમ સ્તર દર્શાવતાં ત્રણ ઉદાહરણો લખો.

## 2.6 શાળા કક્ષાએ હેતુઓનું વર્ગીકરણ

હવે આપને એ સમજવાનું હશે કે માતૃભાષાના આ સામાન્ય હેતુઓને સિદ્ધ કરવા અભ્યાસક્રમના વિવિધ વિષયાંગો પ્રમાણે વિશિષ્ટ હેતુઓનું નિર્માણ કરવું પડે. વળી વિષયવસ્તુના અનેક વિષયાંગો હોય, વિષયાંગોના પણ અનેક વિશિષ્ટ હેતુઓ હોય અને તે વિશિષ્ટ હેતુઓ હોય અને તે વિશિષ્ટ હેતુઓ કોને શીખવવાનું છે અને કેટલા સમય માટે શીખવવાનું છે તેને આધારે નક્કી કરવાના હોય છે.

### 2.7.1 ધોરણ 8 થી 12 ના હેતુઓ :

ધોરણ 8 થી 10 માધ્યમિક કક્ષાનાં અને ધો11 અને 12 ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ધોરણો છે. તમારે આ ધોરણો ના હેતુઓ તરફ વિશેષ ધ્યાન રાખવાનું છે. આ કક્ષાએ ભાષાના હેતુઓ સિદ્ધ થાય તો વિદ્યાર્થી ઉચ્ચ કેળવણીમાં વધુ સારી રીતે પોતાનું ગજું કાઢી શકે છે. અને તેની શૈક્ષણિક અને વ્યાવસાયિક સફળતાના દ્વારો ખૂલી જવાની શક્યતાઓ વધુ રહે છે. આ કક્ષાએ નીચે મુજબના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની રચના થાય છે.

(1) સામાન્ય હેતુ-વિદ્યાર્થી વિચારવહનના સાધન તરીકે ભાષાજ્ઞાન મેળવે વિશિષ્ટ
   હેતુ-વિદ્યાર્થી

- વ્યાકરણની વિવિધ સંકલ્પનાઓનો પરિચય આપે.
- વિવિધ સાહિત્ય કૃતિઓના વિષયવસ્તુઓ નો અર્થ જાણીને તે વિશે રજૂઆત કરે.

- સાહિત્યના વિવિધ પ્રકારોનો લક્ષણોને આધારે પરિચય આપે.
- શબ્દકોશનો ઉપયોગ અર્થસભર રીતે કરે.

(2) સામાન્ય હેતુ : વિદ્યાર્થી શ્રવણ દ્વારા અર્થ ગ્રહણ કરે.

વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થી

- સાંભળેલી સામગ્રીને આધારે પ્રશ્નોના ઉત્તર આપે.
- સાંભળેલી સામગ્રીનું અર્થ ગ્રહણ કરી મુદ્દાસર રીતે તેની રજૂઆત કરે.
- સાંભળેલી સામગ્રી અંગે પોતાનો અંગત પ્રતિભાવ દર્શાવે.
- ઉચ્ચારાયેલ વાક્યો અને ભાવો વચ્ચેના સામ્ય -ભેદને તફાવત પારખીને રજૂ કરી શકે.
- 10,000 શબ્દો 8થી10 દરમ્યાન) સાંભળીને સમજી શકે અને પોતાના વ્યવહારમાં ઉપયોગ કરી શકે.

(3) સામાન્ય હેતુ વિદ્યાર્થી

- સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દોની પસંદગી કરીને કથન કરે. આઠ થી દસ મિનિટ નિયત સમય મર્યાદામાં મુક્ત વક્તવ્ય આપી શકે.
- નાટ્યાંશો અને સંવાદોનું ભાવવાહી પઠન કરે.
- વિવિધ પ્રકારની કાવ્યરચનાઓનું ભાવવાહી ગાન અને સસ્વર પઠન કરી શકે.
- વિવિધ કાર્યક્રમના સંચાલનને અનુરૂપ મૌખિક અભિવ્યક્તિ કરી શકે.
- મૌલિક રચનાઓ સ્વસ્થતાપૂર્વક અભિવ્યક્ત કરી શકે.
- આશરે 14,000 જેટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકે.

(4) સામાન્ય હેતુ :વિદ્યાર્થીઓ વાચન દ્વારા અર્થગ્રહણ કરે.

વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ

- માન્ય ભાષામાં યોગ્ય ઝડપ, સ્વરભાર, આરોહ- અવરોહ, વિરામચિહ્નો ધ્યાનમાં રાખીને વાચન કરી શકે.
- શ્રોતાઓની સંખ્યા ધ્યાનમાં રાખીને નિર્ભીકપણે સસ્વર વાચન કરી શકે.
- નિબંધ, વાર્તા, નાટક, નવલકથા, કવિતા, સમાચારપત્ર, સામયિક જેવી વાચનસામગ્રીને અનુરૂપ સસ્વર વાચન કરી શકે.
- વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ સસ્વર વાચન કરી શકે.
- વાંચેલી સામગ્રી ઉપર પુછાયેલા પ્રશ્નોના સુસંગત જવાબ આપી શકે.
- વાંચેલી સામગ્રીના આધારે સર્જકની કલ્પના વિશે અનુમાન કરી પૂછાયેલ પ્રશ્નોના ઉત્તર આપી શકે.
- વાચનસામગ્રીના અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતોના અર્થ કહી શકે.
- વાચનસામગ્રીના મૂકવાચનને આધારે સૂચના અનુસાર સામગ્રીમાંના પ્રસંગો, ઘટનાઓને સાંકળીને તેની મૌખિક રજૂઆત કરી શકે,
- વાચનસામગ્રીના યોગ્ય શીર્ષક માટેનાં કારણો દર્શાવી શકે.
- વાચનસામગ્રીનો સારાંશ ટૂંકમાં રજૂ કરી શકે.
- પૂર્વ વાંચેલી સામગ્રીનો વર્તમાન સામગ્રી સાથે અનુબંધ કરી શકે.
- વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ વાચનની ગતિનું નિયમન કરી શકે.
- ચાવીરૂપ વાક્યો તારવીને ઝડપથી વાચન કરી શકે.

- સમગ્ર વાચનસામગ્રીનું સિંહાવલોકન કરી શકે.
- શબ્દકોશનો ઉપયોગ કરી વાચનસામગ્રીમાંના શબ્દોના વિવિધ અર્થ આપી વાક્યપ્રયોગ કરી શકે.
- વાચનસામગ્રીમાંથી મેળવેલ જ્ઞાન, મનોરંજન અને પ્રેરણાને વ્યક્ત કરી શકે.
- છંદ અને લય અનુસાર કાવ્યનું ગાન કરી શકે.
- વાચનસામગ્રીમાંનાં શબ્દચિત્રો, પ્રતીકો અને કલ્પનાઓ દર્શાવી શકે.
- આશરે 4000 જેટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાચન કરી શકે અને તેમના અર્થ આપી શકે.

(5) સામાન્ય હેતુ : વિદ્યાર્થીઓ લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.

વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ

- શબ્દકોશનો ઉપયોગ કરીને જરૂરી અર્થને અનુરૂપ શબ્દો લખી શકે.
- ભાવાર્થને અનુરૂપ વિરામચિહ્નો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે.
- સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દો ઉપયોગ કરીને વિવિધ અર્થચ્છાયાઓ પ્રગટ થાય તે રીતે લખી શકે.
- મુદ્દા અનુસાર ફકરા પાડીને વિચારોનું તાર્કિક રીતે નિરૂપણ કરી શકે.
- વિનંતીપત્ર, નિમંત્રણપત્ર, અભિનંદનપત્ર, આભારદર્શનપત્ર, દિલગીરી વ્યક્ત કરતો પત્ર વિવિધ સ્વરૂપના પત્રો લખી શકે.
- મનીઓર્ડર ફોર્મ, અરજીપત્ર વગેરે સાચી રીતે અને સ્વચ્છ રીતે ભરી શકે. વર્ણનાત્મક, કલ્પનાત્મક, ચિંતનાત્મક નિબંધો રૂપરેખાસહિત આશરે 30 વાક્યમાં લખી શકે.
- રૂપરેખા કે વિષયના આધારે વાર્તા લખી શકે.
- સ્વાનુભવના પ્રસંગો કે ઘટનાનો અહેવાલ લખી શકે.
- આપેલા વિષય કે પ્રસંગને અનુરૂપ મૌલિક સંવાદો લખી શકે.
- વાર્તા, સંવાદ, એકાંકી, પ્રસંગકાવ્ય કથાકાવ્ય જેવી વાંચેલી સામગ્રીનો પોતાની ભાષામાં સંક્ષેપ કરી શકે.
- અપરિચિત ગદ્યાંશ કે પદ્યાંશના ઉત્તરો લખી શકે.
- કાવ્ય પંક્તિઓ કે સૂક્તિઓનો વિચારવિસ્તાર દશથી પંદર વાક્યમાં કરી શકે.
- વિચારો અને ભાવોનું સમર્થન દૃષ્ટાંતો, કહેવતો અને અવતરણોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે.
- લેખનમાં સાર્થક રીતે રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી શકે.
- અલંકારો અને સામાસિક શબ્દોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે.
- લેખનમાં સુસંગત વિગતો રજૂ કરી શકે.
- વિચારોનું સંયુક્ત અને સંકુલ વાક્યોમાં લખી શકે.
- આશરે 4000 જેટલા શબ્દોને માન્ય જોડણીમાં લખી શકે.

સામાન્ય હેતુ : વિદ્યાર્થીઓ વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરે.

વિશિષ્ટ હેતુ વિદ્યાર્થીઓ

- વ્યાકરણની વિવિધ સંકલ્પનાઓનો અસરકારક રીતે વ્યવહારમાં ઉપયોગ કરે.

- નિપાતોનો વાક્યોમાં ઉપયોગ કરે.
- ક્રિયાવિશેષણોના અર્થની દૃષ્ટિએ પ્રકાર દર્શાવે. કૃદંતોનો ઉપયોગ કરીને વાક્યો લખે.
- વાક્યોને કર્તરિ, કર્મણિ અને ભાવે રચના ઓ તરીકે ઓળખી શકે.
- ક્રિયાપદો સૂચિત રૂપો આપી શકે.
- અલંકારયુક્ત રચનાઓ ઓળખી શકે.
- તમે અનુભવ્યુ હશે કે ધોરણ 8 થી 12 સુધી સામાન્ય અને વિશિષ્ટ હેતુઓનો ઉત્તરોત્તર કઠિનતાના ક્રમમાં વિકાસ થાય છે. શ્રવણ, કથન, વાચન અને લેખન એ પાયાનાં ભાષા કૌશલો દ્વારા જ ભાષાનો વિકાસ થાય છે. અને તેના વિશિષ્ટ હેતુઓની ગૂંફણ જ કક્ષા અનુસાર નક્કી કરીને સિદ્ધ કરાય છે. જનની (મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ કાવ્ય ધો-7 નો વિદ્યાર્થી ભણે અને એજ કાવ્યનો રસાસ્વાદ 10માં ધોરણનો વિદ્યાર્થી કરે તેના વિવિષ્ટ હેતુઓમાં ફર્ક છે અને આ બાબત દરેક હેતુને લાગુ પડે છે. શિક્ષકે સતત એ ધ્યાનમાં રાખવાનું છે કે હેતુની સંરચના કરતી વખતે બાળકની કક્ષા કઈ છે. અલબત્ત તેમાં વ્યક્તિગત તફાવતનો પણ ખ્યાલ કરવાનો છે.

## 2.8 હેતુ સંરચનામાં ધ્યાનમાં લેવાની બાબતો

ઉપરોક્ત જે ચર્ચા કરી તે સંદર્ભમાં હવે આપણે એનો અભ્યાસ કરીએ તો જે-તે એકમ (વિષયવસ્તુ) ના સંદર્ભમાં હેતુની સંરચના કરતી વખતે કઈકઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.આ હેતુ વિધાન વિશેષ તો અપેક્ષિત વર્તન- પરિવર્તનના સંદર્ભમાં રચાવવું જોઈએ.એક હેતુની રચનામાં તેનું વર્તન અવલોકી શકાય અને કેટલા સમયમાં તેમજ કેટલી માત્રામાં તેનો જવાબ મળશે તેને ધ્યાનમાં રાખીને હેતુની સંરચના થવી જોઈએ. ટૂંકમાં કરીએ તો હેતુ એક તાસના અધ્યાયનને અંતે વિદ્યાર્થીમાં કયાં વર્તન-પરિવર્તનની નીપજ મળશે તે દર્શાવે છે.પણ અહીં એક સ્પષ્ટતા કરવાની કે આ પ્રકારના હેતુઓની સ્પષ્ટતા શિક્ષકે ચોક્કસ રાખવાની છે. પણ પાઠ આયોજનમાં આજ પ્રકારની વાક્ય રચના સાથે સંરચિત હેતુઓ લખવાની પરંપરા સામાન્ય રીતે જળવાતી નથી. પાઠઆયોજનના વિશિષ્ટ હેતુઓમાં વર્તન-પરિવર્તન ઓળખાવતાં ક્રિયાપદોનો ઉપયોગ કરીને જરૂરથી વિશિષ્ટ હેતુઓ લખાય છે. પણ લઘુતમ સ્વીકાર્ય સ્તર દર્શાવીને હેતુ વિધાન રચાવામાં આવતું નથી. છતાં હેતુની સંરચનામાં નીચેની બાબતો ધ્યાનમાં લઈને હેતુની સંરચના થવી જોઈએ. હેતુઓની સંરચના બાબતે હજી પણ શિક્ષણ આલમમાં ઘણી વિસંવાદિતા પ્રવર્તે છે.

હેતુ વિધાન વાક્યોમાં લખાયેલું હોવો જોઈએ. દા.ત. વિદ્યાર્થી ઝબક જ્યોત નાટ્ય ખંડનાં બધા પાત્રોનાં નામ નીચે લીટી દોરે.

- હેતુમાં વિદ્યાર્થીના અવલોનક્ષમ-અવલોકી શકાય- જોઈ શકાય- મૂલ્યાંકન કરી શકાય તેવા વર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. શિક્ષણને અંતે વિદ્યાર્થી શું કરી શકશે તે અંગે વિચારીએ એટલે પ્રત્યેક હેતુના અવલોકનક્ષમ વર્તનનો ખ્યાલ આવી શકે. દા.ત. લખે, કહે, આપે, શોધે, તારવે, ઓળખે, જણાવે વગેરે વર્તનો અવલોકનક્ષમ છે જ્યારે જાણે, સમજે, અર્થગ્રહણ કરે વગેરે જેવાં વર્તનો અવલોકનક્ષમ નથી.
- સમયના મૂલ્યની ત્રણ બાબતો જણાવે.
- અવલોકનક્ષમ વર્તનનું લઘુતમ સ્વીકાર્ય સ્તર હેતુ વિધાનમાં જણાવવું જોઈએ. દા.ત.

ઉપર આપેલા ઉદાહરણમાં ત્રણ-ત્રણ લાક્ષણિકતાઓ-લઘુતમ સ્વીકાર્ય સ્તરનો નિર્દેશ કરે છે.

- અવલોકનક્ષમ વર્તનની સાથે વિષયવસ્તુનો સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ. દા.ત. ખતુડોશી નવલિકાની ઘટનાઓને લગતા આડા-અવળા ક્રમે લખેલાં વિધાનોને વાર્તાના ઘટનાક્રમ મુજબ ગોઠવીને લખશે. તેમાં નવલિકાનો ઘટનાક્રમ એ શબ્દો વિષયવસ્તુનો ઉલ્લેખ કરે છે.
- હેતુઓ નિશ્ચિત સમયમર્યાદામાં સિદ્ધ થઈ શકે તેવા હોવા જોઈએ.
- બે ત્રણ હેતુઓ સાથે ન લખતાં સ્વતંત્ર સ્વરૂપમાં લખવા જોઈએ.
- શિક્ષણકાર્યના હેતુઓની સંરચના સમયે બધા જ પ્રકારના હેતુઓને લક્ષમાં રાખી પ્રાધાન્ય આપવું.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને હેતુની સંરચના કરવામાં આવે તો તે સંરચના વૈજ્ઞાનિક બને. હેતુઓની ચકાસણી માટે...

- વિદ્યાર્થી શું કરી શકશે કયું અવલોકનક્ષમ વર્તન કરશે ?
- વિદ્યાર્થી કઈ પરિસ્થિતિમાં વર્તન કરશે.?
- વિદ્યાર્થીના વર્તનનું મૂલ્યાંકન શી રીતે થશે ?
- અવલોકનક્ષમ વર્તનનું લઘુતમ સ્તર કયું છે.?

આ ચાર પ્રશ્નોના જવાબ હેતુ વિદ્યાર્થી લખે તો હેતુઓ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે રચાયેલા છે તેમ કહી શકાય. શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં હેતુઓ કેન્દ્રસ્થાને છે. શૈક્ષણિક હેતુઓને આધારે શૈક્ષણિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનોની પસંદગી શિક્ષણ વર્ગ શિક્ષણ માટે કરી શકે છે. અપેક્ષિત સિદ્ધિના મૂલ્યાંકનનો આધાર પણ હેતુ છે ત્યારે શિક્ષણના હેતુઓની સંરચના યોગ્ય રીતે થાય અને સિદ્ધિ માટે યોગ્ય પ્રયાસો થાય તે અનિવાર્ય હવે આપણે પ્રગતિ ચકાસી લઈશું.

## તમારી પ્રગતિ ચકાસો-3

નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ધો-8 થી 12માં ભાવાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલ સામાન્ય હેતુ કયો છે ? તેના ચાર વિશિષ્ટ હેતુઓ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) સંરચિત હેતુઓની ચકાસણી માટે કયા પાસાના પ્રશ્નો ધ્યાનમાં રાખવા જોઈએ ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 2.9 સારાંશ

- વિદ્યાર્થીને ભણવાનું મહત્ત્વ સમજાતું નથી કારણકે તેની સમક્ષ હેતુઓની સ્પષ્ટતા થઈ નથી. શિક્ષક હેતુઓની સ્પષ્ટ સમજ મેળવે તો શિક્ષણને હેતુલક્ષી અને રસમય બનાવી શકે.
- હેતુ એટલે વિદ્યાર્થી સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે તે શું શું કરી શકશે તે દર્શાવતું વિગત.
- હેતુની સંરચના કરવાથી શિક્ષણ પ્રક્રિયાનું નિયમન કરી શકાય છે. શૈક્ષણિક સામગ્રી,પદ્ધતિ, મૂલ્યાંકન અનેસ્વાધ્યાય અંગે નિર્ણયો લઈ શકાય છે. તે શિક્ષણના આયોજન, અમલ, મૂલ્યાંકન અને સુધારણા માટે મહત્ત્વનાં છે.
- વિષયના સંદર્ભમાં વર્ગશિક્ષણને અંતે લાંબા ગાળે સિદ્ધ થતા હેતુઓને સામાન્ય હેતુ કહે છે. અને રોજબરોજના શિક્ષણમાં એકાદ તાસમાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓને વિશિષ્ટ હેતુ કહે છે.
- બેન્જામિન બ્લૂમ શૈક્ષણિક હેતુઓને જ્ઞાનાત્મક ક્ષેત્ર, ભાવાત્મક ક્ષેત્ર અને મનોશારીરિક ક્ષેત્ર એમ ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં વહેંચ્યા છે. જ્ઞાનાત્મક ક્ષેત્રમાં છ સ્તર (જ્ઞાનપ્રાપ્તિ, સમજ, ઉપયોજન, વિશ્લેષણ, સંશ્લેષણ અને (મૂલ્યાંકન), ભાવાત્મક ક્ષેત્રમાં પાંચ સ્તર (ચારિત્ર્ય ઘડતર, સુગ્રથિતતા, મૂલ્યાંકન કરવું, ઘટના પ્રત્યે પ્રતિભાવ દર્શાવવો અને ઘટનાને ગ્રહણ કરવી) અને મનોશારીરિક ક્ષેત્રમાં પાંચ સ્તર (સ્વાભાવિકીકરણ, યાંત્રિકતા, માર્ગદર્શિત પ્રતિક્રિયા, તૈયારી અને અર્થ ગ્રહણ) એમ સરળથી સંકુલ તરફ સ્તરોની વહેંચણી કરી છે.
- આપણે ત્યાં માતૃભાષામાં જ્ઞાનાત્મક સ્તરને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભાવાત્મક સ્તરમાં એક જ હેતુનો સમાવેશ થાય છે અને મનોક્રિયાત્મક હેતુઓને હજી સ્થાન આપવાનું બાકી છે. હેતુઓની જો વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક વહેંચણી થાય તો જ ભાષાના હેતુઓનું નિર્ધારણ અપેક્ષિત પરિણામો લાવી શકે.
- શાળા કક્ષાએ હેતુઓનું નિર્ધારિત 1 થી 4 ધોરણ, 5 થી 7 ધોરણ અને 8 થી 12 ધોરણ અનુસાર સરળથી કઠિન હેતુઓ અનુસાર કરવામાં આવ્યું છે. દરેક સામાન્ય હેતુઓના વિશિષ્ટ હેતુઓ પણ નિર્ધારિત કરાયા છે.
- હેતુની સંરચનામાં વિદ્યાર્થી કઈ પરિસ્થિતિમાં કયું અવલોકનક્ષમ વર્તન કરી શકશે તેને ધ્યાનમાં રાખીને હેતુ વિધાન લખાવવું જોઈએ.

## 2.10 ચર્ચા અને સ્પષ્ટીકરણ

પ્રકરણની શરૂઆતમાં તમારી સાથે વાત કરી હતી કે અનુસાર હેતુઓની સમજ સંકુલ છે. પ્રસ્તુત પ્રકરણના અધ્યયનમાં તમને જે મુદ્દા અંગે વિશેષ ચર્ચા કરવા જેવી લાગે તે ચર્ચાના શીર્ષક હેઠળ અને જે મુદ્દા અંગે સ્પષ્ટીકરણની ઈચ્છા હોય તેને સ્પષ્ટીકરણના શીર્ષક હેઠળ અવશ્ય નોંધો.

ચર્ચા

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

સ્પષ્ટીકરણ

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 2.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ 2.3

(2) જુઓ 2.5.1

(3) જુઓ 2.5.3

2.

(1) જુઓ 2.6.1

(2) જુઓ 2.6.2

(3) જુઓ 2.6.3

3.

(1) જુઓ 2.7.1

(2) જુઓ 2.8

# એકમ:3 માતૃભાષા શિક્ષણનું આયોજન

## એકમની રૂપરેખા

3.1 પ્રસ્તાવના

3.2 ઉદ્દેશો

3.3 આયોજન એટલે શું ?

3.4 શિક્ષણમાં આયોજન

3.5 આયોજનનું મહત્વ

3.6 આયોજનની પૂર્વશરતો

3.7 પાઠ આયોજન

3.7.1 પાઠ આયોજનની સંકલ્પના

3.7.2 પાઠ આયોજનની પૂર્વશરતો

3.7.3 પાઠ આયોજનનું મહત્વ

3.7.4 હેતુકેન્દ્રી પાઠ આયોજનનાં સોપાનો

3.8 એકમ આયોજન

3.8.1 એકમ આયોજનની સંકલ્પના

3.8.2 એકમ આયોજનના સિદ્ધાંતો

3.8.3 એકમ આયોજનનું મહત્વ

3.8.4 એકમ આયોજનની રૂપરેખા

3.8.5 પાઠ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત

3.9 સારાંશ

3.10 ચર્ચા અને સ્પષ્ટીકરણ

3.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.

## 3.1 પ્રસ્તાવના :

ઘણીવાર લોકજીભે વિવિધ વ્યવસાયો સંદર્ભે સામાન્ય વાતચીત થતી હોય ત્યારે કેટલાક લોકો એવું કહેતા હોય છે કે છોકરાં ભણાવવાં એમાં શું ? પણ આ પ્રશ્નનો જવાબ તો જેણે છોકરાં ભણાવ્યાં હોય (સાચી રીતે )તે જ આપી શકે.કદાચ શિક્ષણનો વ્યવસાય જ એવો વ્યવસાય છે જેમાં શિક્ષક 24 કલાક માટે શિક્ષક હોય છે કેમ કે તે પ્રતિક્ષણ વિદ્યાર્થી હોય છે.ટૂંકીવાતાં

કે કવિતા ભણાવતાં ભણાવતાં જીવનનાં મૂલ્યોનું ઘડતર કેવી રીતે કરી શકાય તેની કલા શિક્ષકના અધ્યાપનમાં આવિષ્કૃત થતી હોય છે અને એ દૃષ્ટિએ અધ્યાપન એ કલાત્મક વિજ્ઞાન છે અને વૈજ્ઞાનિક કલા છે. શિક્ષકે સતત જે ભણાવવાનું છે તેનું માનસિક આયોજન કરવું પડતું હોય છે. તેણે સતત એ વિચાર્યા કરવું પડે છે કે જે બાબત શીખવવાની છે તે માટે હું વર્ગખંડમાં કઈ પરિસ્થિતિનું નિર્માણ કરું જેથી વિદ્યાર્થીઓ તેને સરળતાથી, સ્પષ્ટતાથી અને રસથી શીખી શકે. શિક્ષકનું આ પૂર્વચિંતન આયોજનના નામે ઓળખાય છે.
શિક્ષકે જે કંઈ ભણાવવાનું છે તેના સંદર્ભમાં વિવિધ પાસાંઓ-શૈક્ષણિક મુદ્દા, પદ્ધતિ, સાધનો, પ્રક્રિયા, કા.પા. નોંધ, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે બાબતો ઊંડો પૂર્વ વિચાર માંગી લે છે. પ્રસ્તુત એકમમાં આપણે આ બધી બાબતો વિશે ચર્ચા કરીશું.

## 3.2 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમમાં આયોજન અને શૈક્ષણિક આયોજનની ચર્ચા કરવામાં આવી છે. આ એકમમાં પાઠ આયોજન, પાઠ આયોજનનાં સોપાનો, એકમ આયોજન અને પાઠ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત દર્શાવવામાં આવ્યો છે. તેથી આ એકમના અભ્યાસ અને અંતે તમે

- શિક્ષણમાં આયોજન અને આયોજનનું મહત્વ જાણી શકશો.
- પાઠ આયોજનની સંકલ્પના, તેનું મહત્વ અને હેતુ કેન્દ્રી પાઠ આયોજનનાં સોપાનોથી પરિચિત થશો.
- એકમ આયોજનની સંકલ્પના જાણી શકશો.
- એકમ આયોજનના સિદ્ધાંતો જાણી શકશો.
- એકમ આયોજનનું મહત્વ જાણી શકશો.
- એકમ આયોજનનાં સોપાનો અને રૂપરેખાથી પરિચિત થશો.
- પાઠ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત જાણી શકશો.

## 3.3 આયોજન એટલે શું ?

કોઈપણ કાર્ય કરતાં પહેલાં તેના અંગે પૂર્વવિચારણા કરવામાં આવે તો તે કાર્યનાં અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ પૂર્વવિચારણા એટલે આયોજન. આયોજન એ સાધનો અને શક્તિનો કરકસરયુક્ત ઉપયોગ કરી ચોક્કસ સમયમાં અપેક્ષિત હેતુઓને સિદ્ધ કરવાની યોજના છે. ગૂતિકના મતાનુસાર, જે કરવાનું છે તેની વિસ્તૃત રૂપમાં રૂપરેખા તૈયાર કરવી અને સાહસ કે કાર્ય માટે નિયત કરેલા ધ્યેયની સિદ્ધ માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય તે નક્કી કરવાં.
કોઈ કાર્યને સાકાર બનાવવા, તેને મૂર્તિમંત બનાવવા યોજના ઘડવી, તેની પ્રત્યેક નાની નાની હકીકતો અને વિગતોનો વિચાર કરવો તથા એ સૌના અમલ માટે પગથિયાવાર વિવિધ પ્રયુક્તિઓનો ખ્યાલ કરી લેવો અને અંતે તે સઘળું દક્ષતાપૂર્વક પૂર્ણ થયા પછી કયા પરિણામોની નિષ્પતિ થશે તે નક્કી કરવું-આ પ્રકારની પ્રક્રિયાને આયોજન તરીકે ઓળખી શકાય.
ક્યાં જવું છે ? લક્ષ્યાંક શી રીતે પ્રાપ્ત કરવો છે ? લક્ષ્યાંકે પહોંચવા કોની કોની સહાય લેવાની છે ? કેટલી સહાય લેવાની છે ? લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં કયાં અવરોધો આવશે ? એ અવરોધો

શી રીતે દૂર કરી શકાશે ? વગેરેનો માનસિક વિચાર કે ચિંતન કરવું એ જ આયોજન.કોઈપણ પ્રવૃતિ કે યોજનાને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન કરી એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ બનાવવી તેને આયોજન કહી શકાય

## 3.4 શિક્ષણમાં આયોજન :

આયોજન એ કાર્યની ઉત્તમ સફળતા માટેની ગુરુચાવી છે.કોઈપણ ક્ષેત્રમાં સારાં પરિણામો મેળવવા આયોજનની જરૂર પડે છે તેવી જ રીતે શિક્ષણની સફરને સફળ બનાવવા માટે શિક્ષણમાં પણ આયોજનની જરૂર છે. શિક્ષણની સંકુલ અને અત્યંત સૂક્ષ્મ છે શિક્ષણની સાથે અનેક બાબતો સંકળાયેલીછે. ત્યારે શિક્ષણમાં, જુદાંજુદાં આયોજનો કરવાના હોય છે. અહીં આપણે શિક્ષણની પ્રક્રિયા સાથે સંકળાયેલા આયોજનો અંગે વિચારીએ તો તેમાં શિક્ષણ પાઠોનું આયોજન - જેમાં તાસ આયોજન, એકમ આયોજનનો સમાવેશ કરી શકાય. માસિક આયોજન, વાર્ષિક આયોજન અને સત્ર આયોજન પણ કેટલીક શાળાઓમાં થાય છે. પરીક્ષા કે મુલ્યાંકન માટે પ્રશ્નપત્ર આયોજન પણ કરવામાં આવે છે જેની વિચારણા મૂલ્યાંકનના પ્રકરણમાં કરેલી છે.

વર્ષ, માસ કે સત્ર દરમ્યાન કરવાના શિક્ષણકાર્યનુ આયોજન એટલે શૈક્ષણિક આયોજન આ શબ્દ ભવિષ્યકાળમાં કરવાના કાર્યોની વિચારણાના સંદર્ભમાં વપરાય છે. શિક્ષક તેના વિષયમાં વર્ષ, માસ કે સત્ર દરમ્યાન શું કાર્ય કરશે ? તેના ઉદ્દેશો શા હશે ? તે કાર્ય કેવી રીતે કરશે.? કાર્યનું પરિણામ શું હશે ? કાર્ય કરવા કઇ સાધનસામગ્રી ઉપયોગમાં લેશે વગેરેનો વિચાર કરતો હોય છે. આમ, વર્ષ દરમ્યાનના શિક્ષણકાર્યને સફળતા પર્વક પાર પાડવા માટે તેનાં વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યુ ચિંતન એટલે વાર્ષિક આયોજન.

## 3.5 આયોજનનું મહત્વ

વર્ષ, સત્ર કે માસ દરમ્યાન કરવાના કાર્યના આયોજનથી આયોજનથી નીચે જેવા ફાયદા થાય છે.

- નિશ્ચિત ધ્યેયને પાત્ર કરી શકાય છે.
- ચોક્કસ કાર્યપદ્ધતિ નક્કી કરી શકાય છે.
- સમયનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય છે.
- શિક્ષણકાર્ય નાવીન્યસભર બને છે.
- શિક્ષણકાર્ય દરમ્યાન આવનાર અવરોધોનો ખ્યાલ આવે છે અને તેના નિવારણ અંગેના ઉપાયો યોજી શકાય છે.
- શિક્ષકમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ પ્રગટે છે.
- કાર્યટેવ વિકસે છે.
- અભ્યાસક્રમ નક્કી કરેલા સમયમાં પરિપૂર્ણ કરી શકાય છે.
- સમય-શક્તિ અને નાણાંનો ઉચિત ઉપયોગ થાય છે.
- સંદર્ભગ્રંથોનો વિનિયોગ કરવામાં આયોજન સહાયક બને છે.

## 3.6 આયોજનની પૂર્વ શરતો

વાર્ષિક આયોજન હોય કે તાસ આયોજન હોય તેમાં ત્રણ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ. (1) સમય મર્યાદા (2) વિષયવસ્તુ (3) પદ્ધતિ. જો આ પૂર્વ શરતોનો ખ્યાલ કરીએ તો આયોજન સરળ બને.

### (1) સમયમર્યાદા

માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણના આયોજન માટે સમય અંગે વિચારણા કરવી જોઈએ. શાળાને સમયની ફાળવણી નક્કી કરીને આપવામાં આવે છે. શાળા તેમાં ખાસ કોઈ ફેરફાર કરી શકતી નથી. તેનું અનુસરણ જ કરવાનું હોય છે. માતૃભાષા ના શિક્ષણ માટે માધ્યમિક શાળામાં 6 ફાળવવામાં આવે છે. તેને વર્ષના કુલ શૈક્ષણિક દિવસો સાથે ગુણીને કેટલા તાસનું શિક્ષકાર્ય થશે તેનો ખ્યાલ મેળવી શકાય છે.

| | | |
|---|---|---|
| વર્ષના કુલ દિવસો | - | 365 |
| રજાના દિવસો | 80 | - 185 |
| | શિક્ષણ માટે મળતા દિવસો = 180 | |
| રવિવાર | 42 | |
| એપ્રિલ-પરીક્ષાના દિવસો | 25 માતૃભાષાના શિક્ષણ માટે | |
| શાળાની શરૂ થાય ત્યારના દિવસો | 06 180 દિવસના 180 તાસ પ્રાપ્ત થયા. | |
| અન્ય કસોટીના દિવસો | 10 | |
| અણધાર્યા દિવસો | 10 | |
| | 185 | |

આમ વાર્ષિક આયોજન અંગે 180 તાસમાં નક્કી થયેલો અભ્યાસક્રમ પૂરો કરવાનો હોય છે. આમ સમયમર્યાદા એક અગત્યનું ઘટક આયોજન માટે છે.

### (2) વિષયવસ્તુ :

માતૃભાષાના વિષયવસ્તુમાં ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને લેખનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મૂકવાચન-ઘનવાચન અને મુખપાઠને પણ પ્રાધાન્ય આપવું પડે. આ સઘળા પ્રકારોને ન્યાય મળી રહે તે રીતે શિક્ષણકાર્ય માટે મળનાર તાસમાં ફાળવણી કરવી જોઈએ. પખવાડિયાના તાસનો વિચાર કરીએ તો 14 તાસમાં 2 તાસ લેખન માટે 3 તાસ વ્યાકરણ માટે 9 તાસ ગદ્ય-પદ્ય શિક્ષણ માટે રાખી શકાય.

### (3) પદ્ધતિ :

વર્ગમાં વિષયવસ્તુની રજૂઆત કરવા માટે પદ્ધતિ અંગેની વિચારણા ખૂબ જરૂરી છે. પદ્ધતિની વિચારણામાં સંદર્ભ પુસ્તકો, શૈક્ષણિક સાધનો, શૈક્ષણિક પ્રયુક્તિઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન સ્વાધ્યાય અંગે પણ વિચારણા કરવી જોઈએ. શિક્ષણની અનેક પદ્ધતિમાંથી એકમને અનુરૂપ પદ્ધતિ નક્કી કરવી જોઈએ.

## 3.7 પાઠ આયોજન

### 3.7.1 પાઠ આયોજનની સંકલ્પના

પાઠ આયોજન પાઠની પૂર્વતૈયારીની એક રૂપરેખા છે. વિષયાંગ શીખવવાની કાર્ય પદ્ધતિની સંકલિત, શાબ્દિક રૂપરેખા એટલે પાઠ આયોજન. પાઠ આયોજન માટે તાસ આયોજન, દૈનિક આયોજન અને વ્યક્તિગત આયોજન જેવા પર્યાયવાચી શબ્દો વપરાય છે. પાઠ આયોજન એટલે વર્ગમાં એક તાસ દરમિયાન જે મુદ્દો શીખવવાનો છે તેને શીખવવા માટેની જુદી જુદી તરાહથી કરેલી વિચારણા - વર્ગશિક્ષણ પહેલાંની શિક્ષક દ્વારા થતી આ ક્રિયાત્મક અવસ્થા છે.

- પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર.

**-બોસિંગ**

- હેતુઓને વ્યાખ્યાયિત કરવા, પાઠયવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી તથા પાઠ્યવસ્તુની રજુઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયાઓ નક્કી કરવી એટલે પાઠ આયોજન.

**વિનિંગ અને વિનિંગ**

- પાઠ આયોજન એ શિક્ષક દ્વારા થતું, વર્ગવ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમ રૂપ પૂર્વદર્શનની રૂપરેખા હોય છે.

**ભાટિયા અને અરોરા**

- પાઠ આયોજન એ વર્ગમાં કાર્ય કરવાની માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓને અનુભવો પૂરા પાડવાની શિક્ષકની યોજના છે.

**લેસ્ટર સ્ટેન્ડ**

- પાઠ આયોજન એ હકીકતમાં કાર્યયોજના છે જેથી તેમાં શિક્ષકનું ક્રિયાકૌશલ્યનું, તેનું તાત્વિક જ્ઞાન, તેનું વિદ્યાર્થી સંબંધિત જ્ઞાન, શિક્ષણના લક્ષ્ય સંબંધિત જ્ઞાન, શિક્ષણ સંબંધી સામગ્રીનું જ્ઞાન તથા પ્રભાવશાળી પ્રવિધિ, પદ્ધતિના વિનિયોગની અને એની યોગ્યતા પણ સમાયેલી છે.
- પાઠ આયોજન એટલે અમલમાં મૂકવાની યોજનાની બધી જ પ્રવૃત્તિઓ. પાસાં, પ્રક્રિયાઓ અને વિગતોનું આગાઉથી કરેલું માનસિક પ્રત્યક્ષીકરણનું વાસ્તવિક લેખિત સ્વરૂપ.

  આમ, પાઠ આયોજન એટલે ....

- કોને, ક્યારે, ક્યાં, કેટલા સમયમાં, શું શીખવવાનું છે.?
- શા માટે, શી રીતે, ક્યાં સાધનો, કઈ પદ્ધતિઓ કે પ્રવૃત્તિઓ, અભિગમોથી શીખવવાનું છે ?
- કયા અને કેવા પ્રશ્નો દ્વારા, કયા ઉદ્દીપકો દ્વારા શીખવવાનું છે.?
- કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની છે કે અપનાવવાની છે ?
- કયા પ્રકારની મૂલ્યાંકન સ્વાધ્યાય પ્રવિધિ ઉપયોગમાં લેવાની છે ?
- ચોકબોર્ડ નોંધનું સ્વરૂપ કેવું રાખવાનું છે.?
- જેવા પ્રશ્નોનો રામબાણ ઉત્તર કે શિક્ષકે સૂઝપૂર્વકની તાર્કિક વિચારણા કરીને લેખિત સ્વરૂપ આપ્યું હોય તે

### 3.7.2 પાઠ આયોજનની પૂર્વ શરતો :

પાઠ આયોજનની સંકલ્પનાત્મક સમજ પરથી ખ્યાલ આવે છે કે પાઠ આયોજન માટે જ્ઞાન, ક્ષમતાઓ, સમજ, અનુભવ અને કૌશલ અનિવાર્ય ગણાય. જેથી કોઈ બિનતાલીમી અને બિનઅનુભવી વ્યક્તિ શિક્ષણ પાઠનું આયોજન કરે અને કોઇ આ તાલીમી અને અનુભવી શિક્ષક શિક્ષણ પાઠનું આયોજન કરે તો તફાવત જોવા મળે જ મળે કારણ કે શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા હોવા છતાં શિક્ષણકાર્ય-ઔપચારિક શિક્ષણકાર્ય એ કોમન મેન બિઝનેસ નથી, તજજ્ઞ કાર્ય છે. આથી જ પાઠઆયોજન અંગે કેટલીક પૂર્વ શરતો છે. જે આયોજનકર્તાએ પૂરી કરવી જ રહી.

પૂર્વ શરતો :

1. વિષયનું જ્ઞાન, માહિતી, સ્વરૂપ અને વિષયવસ્તુ સંબંધી કૌશલ્યો પર પ્રભુત્વ હોવું જોઇએ. વિષયવસ્તુની સ્પષ્ટ સમજ માટેના ઉદાહરણો શિક્ષક પાસે હોવાં જોઇએ.
2. બાળકોની અધ્યયન ક્ષમતાઓ, વૈયક્તિક તફાવતો, માનસિક વિકાસ, વયકક્ષા અને અધ્યયનના સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઇએ.
3. અધ્યાપનના સિદ્ધાંતો, પ્રવૃત્તિઓ કે પદ્ધતિઓનું જ્ઞાન અને ઉપયોગનું કૌશલ અનિવાર્ય ગણાય.
4. શિક્ષણના ધ્યેયો, સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ અંગેની વિશદ-સ્પષ્ટ સમજ અને તેઓ વચ્ચેના તફાવતની સમજ હોવી જોઇએ.
5. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની સ્પષ્ટતા હોય તો જે જ્ઞાન આપવાનું છે તેના આયોજનના આધારની વિચારણા થઇ શકે.
6. અધ્યાપનનાં સાધનો અને તેના ઉપયોગનું જ્ઞાન હોવું જોઇએ.
7. વિષયની સાથે સંકળાયેલા અનુબંધિત વિષયોનું જ્ઞાન હોવું જોઇએ.

   ઉપરોક્ત પૂર્વ શરતોને આધારે અધ્યાપનકાર્યને વધુ રસપ્રદ બનાવનારી બાબતોના સમાવેશ સાથે પરિસ્થિતિ અનુસાર પરિવર્તન થઇ શકે તે રીતે આયોજન થાય તો શિક્ષકની કાર્યક્ષમતા વધશે.

### 3.7.3 પાઠ આયોજનનું મહત્વ :

પાઠ આયોજન એ અધ્યયનલક્ષી વર્ગવ્યવહારની રૂપરેખા છે. આ રૂપરેખા શિક્ષક દ્વારા તૈયાર થાય છે. અને અમલીકરણ પણ તે જ કરે છે આયોજન એ નિશ્ચિત સમયમાં ચોક્કસ હેતુઓની સિદ્ધિ માટે અમલમાં મુકાય છે ત્યારે તેના આયોજનમાં જેટલી સૂઝબૂઝ રખાય હોય તેટલી તેની ઉપયોગિતા વધે. પાઠ આયોજન નીચે જેવી બાબતો માટે મહત્વનું છે.

- શિક્ષકને પૂર્વતૈયારીની તક મળતાં તેનો આત્મવિશ્વાસ વધે છે.
- સમયમર્યાદાને ધ્યાનમાં રાખી, નિશ્ચિત સમયમાં, નિશ્ચિત ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષક વિષયવસ્તુના મુદ્દાની ગોઠવણ અને કાર્યપદ્ધતિ ગોઠવી શકે છે.
- વર્ગશિક્ષણ દરમ્યાન ઉદ્‌ભવનારા પ્રશ્નો, મૂંઝવણો, સમસ્યા કે અવરોધોનું પૂર્વદર્શન કરી, તેના ઉપાયો યોજી શકાય છે.

- વિષયવસ્તુના પ્રારંભ માટેની પ્રયુક્તિઓ અને અમલીકરણ અંગે વિચારી શકાય છે.
- વર્ગકાર્ય દરમ્યાન કઇ પ્રવૃત્તિઓ આપવી, વિદ્યાર્થીઓનો ભૌતિક સહયોગ કયાં અને કેવી રીતે મેળવવો, કયા શૈક્ષણિક અનુભવો પૂરા પાડવા, મૂલ્યાંકન સ્વાધ્યાયમાં કયા પ્રશ્નો પૂછવા, કઇ વર્ગવ્યવહારની તરાહો પ્રયોજવી વગેરેનો શિક્ષકને ખ્યાલ આવે છે. ઉપરાંત આ બધાંનો ક્રમિક અને સુભગ સમન્વય તે સાધી શકે છે.
- અધ્યાપનકાર્ય માટે ઉપયોગી નીવડે તેવી સાધનસામગ્રી મેળવવામાં અને તેના વિવિધલક્ષી ઉપયોગ માટે વિચારી શકાય છે.
- પાઠ આયોજન પૂર્વજ્ઞાન અને વિષયવસ્તુ સાથે અનુબંધ કેળવવામાં મદદરૂપ થાય છે. અન્ય વિષયો સાથે પણ અનુબંધ કેળવી શકાય છે.
- શિક્ષકમાં લેખન, વાચન અને સર્જનની સુટેવો કેળવાય છે તથા તે ઉત્સાહી અને પરિશ્રમી બને છે.
- પાઠ-આયોજન શિક્ષક -વિદ્યાર્થી ઊભયનાં શક્તિ, સમય અને નાણાંનો બચાવ કરવામાં સહાયભૂત થઇ શકે છે.
- યોગ્ય પદ્ધતિઓ, અભિગમો અને પ્રવૃત્તિઓનો ક્રમ ગોઠવી શિક્ષણને વધારે ફળદાયી બનાવી શકાય છે.
- વિષય-વિષયાંગને અનુરૂપ મૂલ્યાંકન તરાહ પસંદ કરી હેતુઓના સંદર્ભમાં વિષયવસ્તુ તથા શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન થઇ શકે છે.
- ચોક બોર્ડ નોંધનું વ્યવસ્થિત, આકર્ષક વિગતપૂર્ણ સ્વરૂપ નિશ્ચિત થઇ શકે તથા તેનો સંક્ષેપ કરવાનું વિચારી શકાય છે.
- અધ્યયન-અધ્યાપન વ્યવહારને સરળ બનાવી શકાય છે.
- વર્ગના તમામ વિદ્યાર્થીઓને સાથે રાખી સક્રિય શિક્ષણકાર્ય થઇ શકે છે.
- સમયપત્રકના બંધનમાં રહેવા છતાં શિક્ષણનું સાતત્ય જાળવી શકાય છે.
- વિદ્યાર્થીઓની અપેક્ષાઓને સંતોષવામાં આયોજન મદદરૂપ બને છે.
- આયોજન શિક્ષણ પ્રક્રિયાને નાવીન્યપૂર્ણ બનાવે છે.
- આયોજનથી વર્ગ વાતાવરણ જીવંત અને તાજગીપૂર્ણ બનતાં વિદ્યાર્થીઓને શીખવામાં અધ્યયનમાં રસ વધે છે.

અન્ય શિક્ષકો, અધ્યાપકો તથા સહાયકોનો યોગ્ય સહકાર મેળવી પાઠની ગુણવત્તામાં વધારો કરી શકાય છે. ટૂંકમાં,શૈક્ષણિક પ્રક્રિયાની નિષ્પત્તિ માટે પાઠ આયોજનનું સ્થાન માનવ શરીરમાં રહેતા હૃદયના સ્થાન જેટલું મૂલ્યવાન છે. ખરેખર તે શિક્ષણનો અરીસો છે. આથી જ એક કેળવણીકારે કહ્યું છે કે, જીવનનાં બીજા કાર્યોની જેમ પાઠનું પણ શિક્ષકે આયોજન કરવું પડે. કારણકે પૂર્વ વિચારણા અને તૈયારી વિના વર્ગમાં અપાતો પાઠ ધ્યેયબિંદુઓ પહોંચવા કરતાં આડો-અવળો વિશેષ જાય છે અને સમય, શક્તિ અને માનસિક સ્થિતિનો બગાડ થાય છે. ડૉ.ટી.રેમન્ટ પાઠ આયોજનનું મહત્ત્વ દર્શાવતાં નોંધે છે કે, શિક્ષકના આયોજનમાં આયોજન પગથિયાંનો ભલે લેખિત સ્પષ્ટ નિર્દેશન રહે, પરંતુ તેના સુઅધ્યાપનમાં ગર્ભિત રીતે તે રહેવાના જ અને જો શિક્ષક ડાહ્યો હશે તો પોતે હવે પગથિયાંની સીધી સહાય વગર શીખવી શકે છે તેવું મિથ્યાભિમાન ધરી તેનો તિરસ્કાર નહિ કરે.

પાઠ આયોજનના વિવિધ અભિગમો જોતાં પહેલાં પ્રગતિ ચકાસી લઇએ.

તમારી પ્રગતિ ચકાસો - 1

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

(1) તમારી દૃષ્ટિએ શિક્ષણમાં આયોજનનું શું મહત્ત્વ છે.?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(2) વાર્ષિક આયોજન કરવા માટે તમે કઇ કઇ બાબતોનો ખ્યાલ રાખશો.?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(3) પાઠ આયોજન કરતાં પહેલાં તમે કઇ કઇ શરતોનું પાલન કરશો ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

### 3.7.4 હેતુકેન્દ્રી પાઠ આયોજનનાં સોપાનો

(1) સામાન્ય બાબતો

આ સોપાનમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

પ્રશિક્ષણાર્થીનું નામ : રોલ નંબર :

શાળાનું નામ પદ્ધતિ - 1

ધોરણ: પદ્ધતિ - 2

## 2. હેતુઓ :

શિક્ષણ દ્વારા અધ્યેતાના વર્તનમાં ઇચ્છિત પરિવર્તનો લાવી તેનો સર્વાંગી વિકાસ સાધવાનો મુખ્ય હેતુ છે.હેતુઓ બે પ્રકારના છે.સામાન્ય અને વિશિષ્ટ કેટલાંક આયોજનમાં બંને પ્રકારના હેતુઓનો જ નિર્દેશ કરે છે આ વિશિષ્ટ હેતુઓ - વર્તન પરિવર્તનની ભાષામાં હવે લખવાની શરૂઆત થઇ છે.હેતુઓ વિશેની વધુ સમજ માટે આ પુસ્તકમાં અલગ પ્રકરણ છે.પરંતુ આ વિશિષ્ટ હેતુઓ - નક્કી કરેલી સમય મર્યાદામાં સિદ્ધ થઇ શકે તેવા હોવા જોઇએ.

- અપેક્ષિત વર્તન - પરિવર્તનની ભાષામાં લખાયેલા હોવા જોઇએ.
- એક વિધાનમાં બે કે ત્રણ હેતુનો સમાવેશ ન થવો જોઇએ.
- સરળ અને સ્પષ્ટ ભાષામાં લખાયેલા હોય.
- દરેક હેતુ વિષય મુદ્દાના સંદર્ભમાં તેની સાથેજ લખવા જોઇએ.
- હેતુ બાળકની વય,ધોરણ અને પરિપકવતાને ધ્યાનમાં લઇને રચવા જોઇએ.

### (2) વિષયવસ્તુના મુદ્દા :

એકમના સંદર્ભમાં વિશિષ્ટ હેતુઓ નક્કી કરવા એકમના વિષય વસ્તુનું વિશ્લેષણ કરવું જરૂરી છે. ડેવીસના મતે, પાઠ્યવસ્તુ વિશ્લેષણનું તાત્પર્ય શીખવવાના વિષયવસ્તુના એકમોને તેના ઘટકો અથવા તત્ત્વોમાં વિભાજિત કરવા અને તેને તાર્કિક ક્રમબદ્ધરૂપે સંયોજિત કરવા.આ સંદર્ભમાં વિષયવસ્તુ અને તેના વિશ્લેષણને સમજવા જોઇએ.

- **વિષયવસ્તુ :**

વિષયવસ્તુ એટલે જે તે વિષયના અભ્યાસક્ષેત્રમાં આવતા સૈદ્ધાંતિક કે તાત્વિક ઘટકોની ગૂંથણી. વિષયવસ્તુ એટલે વિષયનું ચોક્કસ વ્યવસ્થિત જ્ઞાન, માહિતી કે વિગતોનું સંકલન વિષયવસ્તુમાં વિષયોચિત સંકલ્પનાઓ,સિદ્ધાંતો નિયમો, વ્યાખ્યાઓ, વર્ણનો, સ્પષ્ટીકરણો, ઘટનાઓ અને તેનો કાર્યકારણ સંબંધ,અસરો,વ્યક્તિનું જીવન અને કાર્યો,વિચારસરણીઓ જેવી બાબતોનો સમાવેશ થાય છે જે વિગતોના શિક્ષણ - અધ્યયન દ્વારા અભ્યાસી વિષયલક્ષી જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા,સમજ,કૌશલ્યો, રસ, રુચિ અને વલણમાં અપેક્ષિત વિકાસ સાધી આપી શકે તે વિષયવસ્તુ.આમ વિષયવસ્તુ શિક્ષણ માટેની કાચી સામગ્રી બને છે. દરેક ને પોતાનું આગવું અને વિશિષ્ટ વિષયવસ્તુ હોય છે.વિષયવસ્તુ વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સરળ કે સંકુલ, રૂપરેખાત્મક કે વ્યાપક, વર્ણનાત્મક કે સમીક્ષાત્મક હોય છે.વિષયવસ્તુને સઘન બનાવવા પાઠ્યપુસ્તકો ઉપરાંત સંદર્ભગ્રંથો, સામયિકો, પ્રસારમય માધ્યમો, તજ્જ્ઞોની મુલાકાત, ચર્ચા વિચારણા અને વાર્તાલાપ સાથે સંપર્ક રાખવો પડે છે.શિક્ષક પોતાના ઉત્સાહ, પરિશ્રમ અને રજૂઆતની આવડત વડે વિષયવસ્તુને પ્રભાવી રીતે પ્રયોજી શકે. આમ, વિષયવસ્તુ એ અધ્યાપન પ્રક્રિયાનું મહત્વનું નિહિત અને આગત છે. તેના વિશ્લેષણથી શિક્ષકની સમજ સ્પષ્ટ, વ્યવસ્થિત અને હેતુલક્ષી બનતાં શિક્ષક આત્મવિશ્વાસથી શિક્ષણકાર્ય કરી શકે છે.

વિષયવસ્તુનું પૃથક્કરણ :

વિષયવસ્તુના વિશ્લેષણ માટે પાઠ્યવસ્તુના આધારો, પાઠ્યવસ્તુનાં તત્ત્વોની તાર્કિક ગોઠવણીનું જ્ઞાન આવશ્યક છે. માતૃભાષામાં વિષયવસ્તુને પ્રસંગો, પાત્રો, શબ્દચિત્રો,

રૂપકો, સંવાદો, રેખાચિત્રો વગેરે સાહિત્યપ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરી શકાય. ભાષાવસ્તુને નવા શબ્દો સામાસિક શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતો, સંધિ, અલંકાર છંદ વગેરેમા વર્ગીકૃત કરી શકાય.

વિષયવસ્તુના મુદ્દા અને પેટામુદ્દાને ઊભા ક્રમમાં લખી તેની સામે મુદ્દાની વિગત આડી લાઇનમાં લખવી જોઇએ. વિષયાંગની વિશેષતાઓ પ્રમાણે તેની લાક્ષણિકતાઓ નોંધવી. દા.ત. કાવ્ય હોય તો તેની કવિતા, મધુરતા, છંદ અને અલંકારથી દર્શાવવી જોઇએ. ભાષાવસ્તુમાં પદોની આગળ કોઇ નિશાન ન મૂકાય પરંતુ પાછળ અર્થ માટે લઘુરેખા, વિરોધાર્થી માટે ચોકડી (X) રૂઢિપ્રયોગ, સંધિ માટે બરાબર(=) જેવા સંકેતો વાપરવા જોઇએ. ભાષાના આયોજનમાં ભાષાવસ્તુ, વિષયવસ્તુ અને તેના પેટા વિભાગ પાડી ક્રમિક રીતે યાદીરૂપ વિગત, અર્થ, વિગ્રહ, ઓળખ સાથે લખવા જોઇએ.

- વિષયવસ્તુ મુદ્દા અને તેની સમજ :

પાઠ આયોજનના આ વિભાગમાં સર્વ પ્રથમ વિષય પ્રવેશની વિગતો લખવામાં આવે છે. વિષય પ્રવેશ માટે જે પ્રવિધિ ઉપયોગમાં લીધી હોય તેનું વસ્તુ સંક્ષેપમાં લખવું જોઇએ. બીજા ક્રમે વિષયવસ્તુના મુદ્દા લખવામાં આવે છે. વિષયવસ્તુના પૃથક્કરણના સંદર્ભમાં ચોક્કસ મુદ્દા સંક્ષેપમાં લખી શકાય. વિષય પ્રવેશ પછી સાહિત્યકારનો પરિચય ટૂંકમાં લખી શકાય.

ત્રીજું વિષયાંગની સમગ્ર સમજ એટલે કે એકમના મૂળભૂત ખ્યાલ વિચારને લખવામાં આવે છે. સમગ્ર શિક્ષણ પ્રક્રિયાના અંતે શું નવનીત કે નીચોડ નીપજશે તે લખવું જોઇએ. ચોથું ભાષાવસ્તુના મુદ્દાની નોંધ કરવાની હોય છે.અહીં શબ્દની વિશેષ સમજને પણ અવકાશ આપવો જોઇએ.જેથી વિષયવસ્તુની સમજ પ્રગટે.

(3) વર્ગવ્યવહારનો નિર્દેશ :

પાઠ આયોજન એ શિક્ષણ પ્રક્રિયાનું હૃદય છે તો વર્ગવ્યવહાર એ પાઠ આયોજનનું લોહી છે.વર્ગશિક્ષણની પ્રક્રિયા આ સોપાનના વ્યવસ્થિત આયોજન અને અમલ પર અવલંબે છે. વર્ગવ્યવહારમાં નીચેનાં વર્તનો કરવામાં આવે છે.

- શિક્ષક - વિદ્યાર્થીનો શાબ્દિક અને અશાબ્દિક વ્યવહાર
- અધ્યાપન પ્રયુક્તિ - પદ્ધતિઓ,સિદ્ધાંતો,સૂત્રનો ઉપયોગ.
- અધ્યાપન - અધ્યયન કૌશલો,અભિગમો,સંચાલનનો સમન્વય.
- શિક્ષક - વિદ્યાર્થીની અપેક્ષા અને વર્તન તરાહનું સાયુજ્ય.
- અન્ય વિષયો, વર્તમાન ઘટનાઓ,અનુભવો અને વાસ્તવિકતાઓ સાથે વિષયવસ્તુનો અનુબંધ
- વિષયાભિમુખ પ્રવિધિ.
- શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ.
- જરૂરી સૂચનાઓ.
- મૂલ્યાંકન - સ્વાધ્યાયની પ્રવિધિઓનો ઉપયોગ

આ સઘળાં ઘટકો વચ્ચેની આંતરક્રિયામાંથી વર્ગવ્યવહાર નિષ્પન્ન થાય છે.આ ઘટકોની સૈદ્ધાંતિક સમજ તથા વિનિયોગની સાવચેતીઓ રાખવી જોઇએ.

(4) વિષયાભિમુખ :

આપણે ત્યાં એક સામાન્ય માન્યતા પ્રચલિત છે કે જેની શરૂઆત સારી તેનું બધું સારું. વિદ્યાર્થીઓને ભણવા માટે તત્પર કરતી આ રીતને વિષયપ્રવેશ પ્રારંભ આરંભ પ્રસ્તાવના પ્રાસ્તાવિક પૂર્વભૂમિકા જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે.

- સંકલ્પના :

વિદ્યાર્થીનું વિષય પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા જે વિષય કે વિષયાંગનો મુદ્દો શીખવવાનો હોય તે પ્રત્યે વિદ્યાર્થીઓને અભિમુખ કરવા, જિજ્ઞાસા જાગૃત કરવા એક વિષયના શિક્ષણકાર્યમાંથી બીજા વિષયના શિક્ષણકાર્ય તરફ વાળવા, નવા વિષયવસ્તુથી પરિચિત કરી જ્ઞાન-તત્પર બનાવવાના અભિગમને વિષયપ્રવેશ કહે છે.

- લક્ષણો :

વિષયપ્રવેશમાં નીચે મુજબની લાક્ષણિકતા હોય તો વધુ અર્થસભર અને હેતુને સિધ્ધ કરનારો બને છે.

(1) તે સાહજિક અને સ્વાભાવિક હોવો જોઇએ.

(2) શિક્ષણને રસપ્રદ બનાવનારો હોવો જોઇએ.

(3) વિશિષ્ટ અને મૌલિક રજૂઆત હોવી જોઇએ.

(4) વિષયને અનુરૂપ હોવો જોઇએ.

(5) વયકક્ષાને અનુરૂપ હોવો જોઇએ.

- મહત્વ :

જ્ઞાન મેળવવા માટે તત્પર બનાવતા આ અભિગમનું મહત્વ નાનુંસૂનું નથી. નીચે દર્શાવેલી બાબતો તેના મહત્વને સ્પષ્ટ કરે છે.

(1) શિક્ષક જે નવું પીરસવાના હોય તે માટેનું જ્ઞાન ઝીલવા માટે તત્પર બને છે.

(2) શિક્ષક એકમ કે શૈક્ષણિક મુદ્દો શીખવવાના છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થીઓનો જ્ઞાનાત્મક સ્તરે સંબંધ બંધાય છે.

(3) શિક્ષક જે વિષયવસ્તુ રજૂ કરવાના છે તે સાંભળવાની ઇંતેજારી થતાં વિદ્યાર્થીઓનો સંવેગાત્મક સંબંધ બંધાય છે.

(4) વિદ્યાર્થીઓને વર્ગવ્યવહારમાં ભાગીદાર બનાવવાની તક સાંપડે છે.

(5) વિદ્યાર્થી સરળતાથી નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

વિષયપ્રવેશ માટે વિષયવસ્તુ અને વયકક્ષાને અનુરૂપ ચિત્રો ચાર્ટ ટેપરેકોર્ડર ટી.વી. મોડેલ નમૂના કે રોલ - અપબોર્ડનો ઉપયોગ કરવો જોઇએ.

- કથન :

કથનમાં વાર્તા કથન કે પ્રસંગ કથન કે વિષયવસ્તુને અનુરૂપ કથન કરીને પાઠનો પ્રારંભ થઇ શકે. દા.ત. સુવર્ણપુરનો અતિથિ પાઠ શીખવતાં પહેલાં નવલકથાની અગાઉની ઘટનાઓનું કથન કરી શકાય. તેજમલ કાવ્ય શીખવતાં પહેલાં ધો.8 માં આવેલ "દીકરો" વાર્તાનું કથન કરી શકાય.

- **પ્રશ્નોત્તરી :**

  પૂર્વજ્ઞાન આધારિત પ્રશ્નો પૂછીને વિષયાંગ પ્રત્યેની સભાનતા કેળવી શકાય. દા.ત. ખેડૂતોના સરદાર એકમ શીખવતા સરદાર પટેલના જીવન સાથે સંકળાયેલા અને અધ્યેતાના પૂર્વજ્ઞાન પર આધારિત પ્રશ્નો પૂછી શકાય.

- **નાટ્યીકરણ**

  વિષયવસ્તુને અનુરૂપ નાનકડા પ્રસંગનું નાટક કે રોલ-પ્લે કરી શકાય. દા.ત. રાજા રામમોહનરાય એકમ શીખવતાં પહેલા તેમની ભાભીના સતી થવાનો પ્રસંગ આધારિત નાટક વર્ગ સમક્ષ રજૂ કરી શકાય.

- **નિદર્શન :**

  નિદર્શનમાં ચિત્ર દર્શન નકશા દર્શન મોડેલ દર્શનને સમાવી શકાય. દુષ્કાળના ચિત્ર દ્વારા મેહુલા કાવ્યનો પ્રારંભ થઇ શકે. ગુજરાતના નકશા દ્વારા રેવાને તીરે પાઠનો પ્રારંભ થઇ શકે.

- **વાંચન :**

  કોઇ સંદર્ભ ફકરો કે અવતરણનું વાચન કરીને તેના આધારે પ્રશ્નો પૂછીને પ્રારંભ થઇ શકે. કોઇ પણ નદી વિષયક પાઠનો પ્રારંભ કાકા કાલેલકરના નદી-લોકમાતા ની અવતરણના વાચન દ્વારા થઇ શકે.

- **ગાન :**

  કોઇપણ કાવ્ય કે ગીતની પંક્તિઓનુ ગાન કે પઠન કરીને વિષય પ્રવેશ થઇ શકે. દા.ત. મેહુલો કાવ્યનો પ્રારંભ કરવા.

  તુ તો વરસીને ભર રે,<br>
  તળાવ મેહુલિયા<br>
  તારી કીડી-મંકોડી તરસે મરે,<br>
  તારી ગાયોના ગોવાળ તરસે મરે- - - - - - ની રજૂઆત થઇ શકે.

- **લેખક - કવિ પરિચય :**

  કેટલાક કવિઓ અને લેખકો ખૂબજ ખ્યાતનામ હોય છે. તેઓના પરિચય વિદ્યાર્થીઓ પાસેથી મેળવીને પણ પ્રારંભ થઇ શકે. દા.ત. નરસિંહ મહેતા, મીરાંબાઇ, ગોવર્ધનરામ ત્રિપાઠી, પન્નાલાલ પટેલ વગેરે કેટલાક સાહિત્યકારો અગાઉના ધોરણમાં પણ પરિચયમાં આવ્યા હોય છે જ.

  આ ઉપરાંત પણ અનેક પ્રયુક્તિઓ વિચારી શકાય તેમ છે. તેમાં તાર્કિકતા જળવાવી જોઇએ અને શીર્ષકને ધ્યાનમાં લઇ પ્રારંભ કરવો જોઇએ. વિષયપ્રવેશના અંતે પ્રસ્તાવના રૂપ વિધાન અવશ્ય રેખાંકિત કરી મૂકવું.

(5) **અધ્યાપન પદ્ધતિ :**

વર્ગશિક્ષણમાં અધ્યેતા સક્રિય ભાગીદાર બને અને તેઓને વિવિધ પ્રવૃત્તિઓ મળી રહે તેવી અધ્યાપન પદ્ધતિ પસંદ કરવી જોઇએ. વિશિષ્ટ હેતુઓ, વિદ્યાર્થીઓની કક્ષા, વિષયવસ્તુ શાળા કે વર્ગની મર્યાદાઓનો વિચાર કર્યા પછી અધ્યાપન પદ્ધતિ નક્કી કરવી જોઇએ. આ માટે અનેક પદ્ધતિઓ છે. જેના અંગે વિશેષ માહિતી તમને ખંડ-3માં મળશે. પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ ઘણી છે. શિક્ષક માત્ર કોઇ એક પદ્ધતિનો

ઉપયોગ ન કરતાં વિષયવસ્તુ સમય ધોરણ વગેરેને ધ્યાનમાં લેતાં વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉચિત સમન્વય કરીને શૈક્ષણિક પ્રક્રિયાને અસરકારક બનાવે છે.જુદી જુદી પદ્ધતિઓનો સમન્વય થતાં તે અધ્યયન માટે પ્રોત્સાહક વાતાવરણ તૈયાર કરી શકે છે.વિશેષ તો શિક્ષકે સતત એજ કરવાનુ છે કે જેથી વર્ગખંડમાં તે એવા વાતાવરણને ખડું કરે કે વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરતાં થાય.શિક્ષક - પ્રશિક્ષકની તાલીમ દરમ્યાન સમય અને અન્ય અનુકૂળતાઓને ધ્યાનમાં લેતાં પ્રોજેક્ટ નિરીક્ષિત સ્વાધ્યાય, પેનલચર્ચા કે પરિસંવાદ જેવી પદ્ધતિઓ દ્વારા અધ્યાપન કરવાનું મુશ્કેલ બને પણ વિશેષ કરીને વ્યાખ્યાન, પ્રશ્નોત્તર, આગમન -નિગમન અને ચર્ચા પદ્ધતિઓ વધુ ઉપયોગી થાય છે.પ્રયુક્તિઓમાં ગાન, વાચન, નાટ્યીકરણ કથન વગેરેનો ઉપયોગ કરી શકાય છે.

(6) શૈક્ષણિક સાધનો અને સંદર્ભ સાહિત્ય :

વિષયવસ્તુને સમૃદ્ધ,માહિતીપૂર્ણ અને રસપ્રદ બનાવવા વિષયવસ્તુને સ્પષ્ટતાથી સમજવા અને સમજાવવા ખૂટતી વિગતો ઉમેરવા અને મૂળ બાબતો શોધવા વિષયવસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો જોઇએ.આ માટે વિવિધ સંદર્ભ પુસ્તકો જેમાં જ્ઞાનકોશો વિવેચનગ્રંથો, નવલકથા, કાવ્યગ્રંથો, નિબંધગ્રંથો ઉપરાંત સામયિકો, વર્તમાનપત્રોનું વાચન કરવું જોઇએ.

શિક્ષણ વધુ સુગમ, સરળ, અસરકારક અને રસપ્રદ બને તે માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જોઇએ.શૈક્ષણિક સાધનોના ઉપયોગનું મહત્વ કરતા એડગાર ડેઇલ નોંધે છે કે દર્શાવતો રોજિંદા શિક્ષણ દરમ્યાન શિક્ષક શીખવે છે, જ્યારે દૃશ્ય - શ્રાવ્ય દ્વારા બાળક જાતે અધ્યયન કરે છે. દૃશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા કરેલું અધ્યયન રોજ - બરોજના જીવંત અનુભવો ત્વરિત રીતે પૂરા પાડે છે.જ્ઞાનની બધી ઇન્દ્રિયોને સ્પર્શે છે.સ્મરણમાં ઝડપથી રહે છે.જ્ઞાન મેળવવા ઉત્તેજિત કરે છે.બાળકનાં ધ્યાન અને રસ ખિલવે છે.તેમજ જીવંત અનુભવોનું જીવંત વાતાવરણ ખડું કરવામાં મદદરૂપ બને છે.યાદ એટલું રાખવાનું કે દૃશ્ય-શ્રાવ્ય સાધનો માત્ર સાધનો છે.સાધ્ય નથી જે સિદ્ધ કરવાનું છે તેનો હેતુ ધ્યાનમાં રાખી સાધનોનો ઉપયોગ થવો ઘટે.

(7) શૈક્ષણિક અનુભવો :

અધ્યેતાકેન્દ્રી શિક્ષણની હિમાયત થઇ રહી છે ત્યારે અધ્યેતાને શીખવવા કરતાં શીખતો કરવાનું વલણ અપનાવવું જોઇએ.આ માટે શૈક્ષણિક અનુભવો આપવા જોઇએ,જે વર્તનોના વિકાસથી અધ્યેતા વાચન, લેખન, ગણન, વર્ગીકરણ, અભિવ્યક્તિ, દોરવું, રજૂ કરવું, ગોઠવવું, અવલોકવું, તારવવું, પુરવણી કરવી, રચવું જેવી કુશળતાઓ પ્રાપ્ત કરે તેવી તકો કે પ્રવૃત્તિઓને શિક્ષણાનુભવ કહેવાય છે.અનુભવો વિષય શિક્ષણના હેતુઓ અને મૂલ્યાંકનને જોડતી કડી છે. યોગ્ય અને પ્રમાણસરના અનુભવો વડે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો લાવી શકાય છે.શૈક્ષણિક અનુભવોમાં શિક્ષકે પણ કેટલીક પ્રવૃત્તિઓ કરવાની છે તેના આધારે વિદ્યાર્થી પાસે તે પ્રવૃત્તિઓ કરાવી શકે છે.આ વિભાગનો સૂત્રધાર શિક્ષક છે છતાં તેણે વિદ્યાર્થીઓના મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફની ભૂમિકા અદા કરવાની હોય છે.ક્રિયા દ્વારા શિક્ષણ અને સર્જન દ્વારા આનંદનો સિદ્ધાંત આમાં સમાયેલો છે.જેટલા પ્રમાણમાં અસરકારક અનુભવો આપવામાં આવે તેવું શિક્ષણ ચેતનવંતુ ઉત્સાહ પ્રેરક અને નવીનતાપૂર્ણ પૂર્ણ બને છે.વિષય અને

વિષયાંગના સંદર્ભમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ વિચારી શકાય.દા.ત શિક્ષક - પ્રશ્નો પૂછવા, કથન કરવું, આકૃતિ દોરવી, કા.પા.નોંધ કરવી, ચિત્રો બતાવવાં વગેરે જેવી પ્રવૃત્તિઓ કરે તો વિદ્યાર્થી ઉત્તર આપે,શ્રવણ કરે, આકૃતિ દોરે, કા.પા.નોંધપોથીમાં ઉતારે, ચિત્રનું નિરીક્ષણ કરી અર્થઘટન કરે, ચર્ચામાં ભાગ લે, ગાન કરે વગેરે પ્રવૃત્તિઓ કરાવી શકાય.

(8) મૂલ્યાંકન :

તાસ-શિક્ષણના અંતે વિદ્યાર્થીએ શું પ્રાપ્ત કર્યું તે અંગે મૂલ્યાંકન કરવું જોઇએ. શિક્ષણ એક હેતુલક્ષી પ્રક્રિયા છે.ત્યારે શિક્ષણના અંતે નક્કી કરેલા હેતુઓ સિદ્ધ થયા કે નહીં તેની ચકાસણી કરવી આવશ્યક છે.શિક્ષણકાર્યની સફળતા કે નિષ્ફળતાનો અરીસો મૂલ્યાંકન છે. મૂલ્યાંકનને આધારે શિક્ષક પોતાના શિક્ષણકાર્યમાં પુન:વિચારણા કરી જરૂરી ફેરફારો કરી શકે છે.

મૂલ્યાંકન કરવા માટે પ્રશ્નો, ચર્ચા, કાવ્યગાન, ચિત્રકામ, પ્રવૃત્તિકાર્ય, ચિત્ર અર્થઘટન અવલોકન, લેખિત કસોટી જેવી વિધિઓ નો ઉપયોગ કરાવવામાં આવે છે.

(9) સ્વાધ્યાય :

વિદ્યાર્થીઓ જે વિગતો શીખ્યા હોય તેનું પુનરાવર્તન કે દ્રઢીકરણ થાય તે માટે સ્વાધ્યાય આપવામાં આવે છે.સ્વાધ્યાયના વિવિધ પ્રકારો જેવા કે ભૂમિકા સર્જક સ્વાધ્યાય, કૌશલલક્ષી સ્વાધ્યાય, તુલનાત્મક સ્વાધ્યાય, વગેરેમાંથી અનૂકૂળતા પ્રમાણે પસંદગી કરી શકાય.

સ્વાધ્યાયમાં વાચન, લેખન મુખપાઠ, મુલાકાત, ચિત્ર, કે આકૃતિ દોરવી મોડેલ બનાવવું, સમસ્યા ઉકેલવી, સંગ્રહ કરવો, ભાષાન્તર કરવું, માહિતી એકઠી કરવી, શબ્દાર્થ શોધવા, પ્રશ્નોના જવાબ લખવા, સંક્ષેપીકરણ કે વિસ્તૃતીકરણ કરવું જેવી બાબતો આપીને સર્જનાત્મકતા વિકસાવી શકાય.

(10) સમય મર્યાદા :

સામાન્ય રીતે તાસ 35 કે 40 મિનિટનો હોય છે.આ સમયની મર્યાદામાં રહીને કાર્ય કરવાનું હોય છે.તેથી સમયનો પૂરેપૂરો ખ્યાલ રાખી તેનો ઉપયોગ થાય તે અનિવાર્ય છે.વિષય પ્રવેશ માટે પાંચ મિનિટ વિષય નિરૂપણ માટે 25 મિનિટ, અને મૂલ્યાંકન, સ્વાધ્યાય માટે પાંચ મિનિટ જેવા સમય ફાળવવો જોઇએ. 25 મિનિટના વિષય નિરૂપણમાં પણ વિષયવસ્તુના મુદ્દાના વ્યાપ કઠિનતા અને વર્ગ વ્યવહારને અનુલક્ષીને ફાળવણી કરવી જોઇએ.

(11) કા.પા.નોંધ (ચોકબોર્ડ):

કા.પા.કાર્ય એ શિક્ષણના સમગ્ર કાર્યની છબી છે.બીજા શબ્દોમાં શિક્ષણકાર્યનો કાર્ડિયોગ્રામ છે.શિક્ષકની સજ્જતા અને સફળતાનો ખ્યાલ કા.પા.કાર્ય પરથી મેળવી શકાય છે.

કાળું પાટિયું, શ્યામફલક,કૃષ્ણ ફલક, શ્યામપટ, બ્લેકબોર્ડ, ચોકબોર્ડ, ચાકફલક કે કાલા તકતા જેવા વિશેષ નામો ધરાવતું બોર્ડ વધારે તો બ્લેક બોર્ડ તરીકે જાણીતું છે.હવે તો બ્લેકબોર્ડ પણ ગ્રીનબોર્ડ કે બ્રાઉનબોર્ડ છે પણ તાત્વિક રીતે તેનું નામ બદલાયું નથી.

શિક્ષક અધ્યાપન કરતાં કરતાં વિષયવસ્તુના સંકુલ ખ્યાલો, નિયમો, સિદ્ધાંતો સંકલ્પના વ્યાખ્યા વગેરે ની સ્પષ્ટ સમજ આપવી અને વિદ્યાર્થીઓ સાંભળતા સાંભળતા તેને જોઇ પણ શકે. તે હેતુથી તેને કા.પા.પર નોંધે છે.વિદ્યાર્થીઓના ધ્યાનને જકડી રાખતું આ કાર્ય તે જે કા.પા.નોંધ.

- મહત્વ :

કા.પા.કાર્ય અધ્યાપનને સુગમ બનાવવામાં કેટલું મહત્વનું છે તે નીચેના મુદ્દાઓને આધારે સ્પષ્ટ થઇ શકશે.

- સસ્તું, સુલભ અને ઉપયોગમાં કિંમતી સાધન છે.
- શિક્ષક, વિષયવસ્તુ અને વિદ્યાર્થીઓને જોડતી કડી છે.
- અસ્પષ્ટ બાબતો સ્પષ્ટ અને અઘરી બાબતો સરળ બને છે.
- વિષયવસ્તુની રજૂઆતમાં બળ અને આધાર મળે છે.
- વિષયવસ્તુના સંકુલ ખ્યાલો, નિયમો જેવા અમૂર્ત સ્વરૂપને મૂર્ત સ્વરૂપ પ્રાપ્ત થાય છે.
- શ્રાવ્ય અનુભવનું દ્રશ્ય અનુભવ સાથે સંયોજન થતાં અધ્યયન અનુભવને સુદ્રઢ બનાવી શકાય છે.
- શિક્ષણકાર્યને સચોટ અને દીર્ઘકાલીન બનાવે છે.
- કોઠા સ્વરૂપમાં કે આકર્ષક અને વ્યવસ્થિત નોંધ વિદ્યાર્થીની માનસિક શક્તિઓને વિકસાવે છે.સ્મૃતિ ગહન બને છે.
- વિદ્યાર્થીઓના ધ્યાનને કેન્દ્રિત કરી શકાય છે.
- વર્ગવ્યવસ્થાની શિસ્ત જાળવવામાં મદદરૂપ થાય છે.
- વિદ્યાર્થીનો સહકાર લઇ સમૂહ શિક્ષણ સફળ બનાવી શકાય.
- આખા વર્ગને એક સાથે કામ આપી શકાય છે.
- અધ્યાપનમાં પ્રવૃત્તિઓનું વૈવિધ્ય જળવાય છે.
- મહત્વની બાબતો પર ભાર આપી શકાય છે.
- શિક્ષક લેખન અને કથનનું સંકલન કરીને પોતાની આવડતને વધુ સારી રીતે રજૂ કરી શકે છે.
- વ્યવસ્થિત નોંધ વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્યનો પણ વિકાસ કરે છે. શુદ્ધ જોડણી, વિરામચિહ્નોનો ઉચિત ઉપયોગ કરતાં શીખે છે.

શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનો ગમે તેટલો વિકાસ થાય પણ કા.પા.કાર્યના ઉપરોક્ત મહત્વને જોતાં એમ કહી શકાય કે જ્યાં અને જ્યાં સુધી વર્ગખંડ છે ત્યાં સુધી કા.પા.કાર્ય શિક્ષકને માટે કાયમી સાથીદાર રહેવાનું છે.પણ ઉપરોક્ત મહત્વ ત્યારેજ સિધ્ધ થાય જ્યારે કા.પા.કાર્ય નીચેના ઘટકોને ધ્યાનમાં રાખીને કરાય.

કા.પા.કાર્યને આદર્શ રીતે કરવા માટે નીચેની બાબતોને ધ્યાનમાં રાખી શકાય.

(1) હસ્તાક્ષરની સુવાચ્યતા :

- પ્રત્યેક અક્ષર લિપિના શાસ્ત્ર પ્રમાણે મરોડદાર હોવો જોઇએ.
- જેમ કે પ અને ય - સ્પષ્ટ વાંચવા જોઇએ.
- બે અક્ષરો વચ્ચે યોગ્ય અંતર હોવું જોઇએ.
- બે શબ્દો વચ્ચે પણ યોગ્ય અંતર હોવું જોઇએ.
- અક્ષરોનું કદ છેલ્લી બેન્ચ પર બેસનાર વિદ્યાર્થી પણ વાંચી શકે તેવું હોવું જોઇએ.
- લેખનની જાડાઇ એકસરખી જળવાઇ રહેવી જોઇએ.
- શીર્ષક, વિધાન, સંધિ, વિરોધી શબ્દો વગેરેને રજૂ કરતી વખતે યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરવો.

(2) કા.પા.કાર્યની સ્વચ્છતા :

- લખાણ સીધી લીટીમાં હોવું જોઇએ.
- અક્ષર પર અક્ષર લખાઇ ન જાય તેની કાળજી લેવી જોઇએ.
- અગાઉ કરેલી કા.પા.નોંધને વ્યવસ્થિત રીતે સાફ કરવી જોઇએ. સફેદ ચોકના ધાબાં દેખાતાં હોય અને તેની પર જ લખાય તો જોનારાને અરુચિકર લાગે.
- વિષયવસ્તુના યોગ્ય વિભાગો પાડી કા.પા.પર પણ જુદા જુદા વિભાગો કરીને નોંધ યોગ્ય શીર્ષક લખીને કરવી જોઇએ.
- રંગીન ચોકનો પ્રમાણસર ઉપયોગ કરવો જોઇએ.

(3) કા.પા.કાર્યની યથાર્થતા :

- વિષયવસ્તુને આધારે રજૂ થતા મુદ્દાઓમાં સાતત્ય જળવાય તે જોવું જોઇએ.
- વિષયવસ્તુના તારવેલાં બધાં જ વિશ્લેષણોને કા.પા.નોંધમાં નોંધવાં જરૂરી નથી, પણ સમગ્ર એકમની સારરૂપ તર્કસંગત બાબતોને ક્રમબદ્ધ રજૂ કરવી જોઇએ.
- શીર્ષક અને તેને આધારે તારવેલા મુદ્દા વચ્ચે તર્કસંગત અને યોગ્ય સંબંધ જળવાતો હોવો જોઇએ.
- મુદ્દાઓ ટૂંકા અને સરળ તેમજ સ્પષ્ટ ભાષામાં લખાવા જોઇએ.
- કોઇ એક શૈક્ષણિક મુદ્દા અંતર્ગત તારવેલી જુદી જુદી બાબતોની વાક્યરચનાનું સ્વરૂપ સરખું હોવું જોઇએ.કોઇ એક વાક્ય વિધાનના સ્વરૂપમાં તો કોઇ બાબત મુદ્દાના સ્વરૂપમાં લખાય તેમ ન થવું જોઇએ.
- ભાષાશિક્ષણમાં પાત્રાલેખન, પ્રસંગો, શીર્ષકની યથાર્થતા, રૂઢિપ્રયોગ, સંધિ વગેરેને અલગ અલગ વિભાગમાં સ્પષ્ટ રીતે દર્શાવવાં જોઇએ.

(4) પ્રકીર્ણ બાબતો :

- કા.પા.નો ઉપયોગ કરતાં પહેલાં તેને સ્વચ્છ કરવું.
- કા.પા.કાર્ય કર્યા પછી વર્ગખંડ છોડતાં કા.પા.નોંધ સાફ કરવી.
- કા.પા.કાર્ય કરતી વખતે સંપૂર્ણ પીઠ દેખાય તેમ કા.પા.નોંધ ન કરવી.

- કા.પા.નોંધ વિદ્યાર્થીઓ લખે ત્યારે વિદ્યાર્થી અને કા.પા વચ્ચે ઊભા રહેવાનું ટાળવું.
- લખતી વખતે ચૉકનો અવાજ ન થાય તે જોવું.
- કા.પા.સાફ કરતી વખતે રજકણો ન ઊડે તે જોવું.
- આત્મવિશ્વાસપૂર્વક અને સાહજિકતાથી કા.પા.નોંધ લખવી.
- ખૂબ ભાર દઇને કે ખૂબ હળવા હાથે કા.પા.નોંધ ન કરવી,
- ભીના કરેલા ચૉકથી કા.પા.નોંધ ન કરવી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇને કરાયેલી કા.પા.નોંધ શિક્ષકના શિક્ષણકાર્યની આરસી સમાન બની રહે છે.

હવે તમને સમજાયું હશે કે વર્ગમાં જે રીતે અધ્યાપન કરવાનું છે તેમાં હેતુને કેન્દ્રમાં રાખીને તમામ બાબતો વિચારવાની છે.એ સંજોગોમાં શિક્ષકના પક્ષે કેટલી બધી સજ્જતાની અપેક્ષા રહે છે.કારણકે કેટલી બધી સંકુલ બાબતોનું વિવક્ષભર સંકલન કરીને તેણે રજૂઆત કરવાની છે.હેતુકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ વિશેની આપણી સમજને હવે ચકાસી લઇશું.

## તમારી પ્રગતિ ચકાસો - 2

નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ તમારી ભાષામાં લખો.

(1) હેતુકેન્દ્રી અભિગમ એટલે શું તે સ્પષ્ટ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(2) તમને ગમતા કોઇ એક એકમની પ્રસ્તાવના કરવાની બે રીતો લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(3) કોઈ એક એકમની કા.પા.નોંધ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(4) કોઇપણ એકમની મૂલ્યાંકન કરવાની બે રીતો જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 3.8 એકમ આયોજન

તાસ આયોજન શીખતાં તમને કદાચ એવો સવાલ થયો હોય કે લાંબો એકમ હોય તો તેના વિભાગ પાડીને ભણાવવાનું વાર્તા હોય તો વાર્તા અધૂરી સંભળાવવાની, કેમ કે જેટલું ભણાવવાનું હોય તેટલું જ વાંચવાનું આવા સંજોગોમાં વિદ્યાર્થીને રસભંગ ન થાય વિદ્યાર્થીને પાઠનું પઠન કરતાં રસ પ્રદીપ્ત થયો વિદ્યાર્થીને પાઠનું પઠન કરતાં રસ પ્રદિપ્ત થયો હોય  ત્યાં શિક્ષકે એમ કહેવું પડે કે આજે આપણે અહીં સુધી ભણીશું. બાકીની કથા આવતા તાસમાં શીખીશું. આ સંજોગોમાં વિષયવસ્તુ નો સર્વગ્રાહી ખ્યાલ પણ ન આવે અને રસભંગ થાય તે જુદું શું પાઠ સળંગ વાંચીને ભણાવાય વિષયવસ્તુના અલગ અલગ પાસાને  વિસ્તૃત રીતે વિભાજિત કરીને ન શીખવાડાય વ્યાકરણ પણ  વચ્ચે વચ્ચે શીખવાડાતું હોવાથી સાતત્ય પણ જળવાતું નથી આ ઉપરાંત શું તમામ પાઠ-કવિતાઓ અભ્યાસક્રમમાં આપ્યા છે તે ક્રમથી જ શીખવવાના એક જ સમાન ભાવ હોય તો સાથે ન શીખવાડી શકાય તમારા આ બધા પ્રશ્નોના ઉત્તર એકમ આયોજન પાસે છે. વળી હાં, તમે અત્યારસુધી તાસમાં કેટલું વિષયવસ્તુ જણાવી શકાય તે અંગે સમજ્યા. હવે વિષયવસ્તુને યોગ્ય રીતે વિભાજિત કરી કેટલા તાસમાં કેવી રીતે ભણાવી શકાય તેનું અધ્યયન કરશો વિશેષ તો લાંબા પાઠોને સુનિયોજિત રીતે કેવી રીતે ભણાવાય તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. શિક્ષક અને વિદ્યાર્થી બંને પક્ષે આ આયોજન લાભદાયી છે. હવે

તમે તેની સંકલ્પના, સિદ્ધાંતો, મહત્ત્વ, રૂપરેખા અને તાસ તેમજ એકમ આયોજન વચ્ચેનો તફાવત જોશો. એકમ આયોજનને અંતે ધો-8ના પાઠ્યપુસ્તકમાંથી ઝબકજ્યોત પાઠને આધારે સમજી એકમ આયોજન મૂક્યું છે. તમે તેના આધારે અન્ય એકમોને આધારે આયોજન બનાવી શકશો.

## 3.8.1 એકમ આયોજની સંકલ્પના

એકમ આયોજન માટે વિષયવસ્તુ ઉપવિભાગ આયોજન તથા પ્રકરણ આયોજન પર્યાય વાપરી શકાય. એકમ આયોજનનો મૂળભૂત વિચાર હર્બાર્ટ આપેલો. પરંતુ તેનો ઉપયોગ 1920પછી થયો.

એકમની વ્યાખ્યા અંગે શિક્ષણશાસ્ત્રીઓ એકમત પર આવ્યા નથી છતાં તેની જાણીતી સંકલ્પના આ પ્રમાણે છે.

- A unit is an unified learning experience.
- એકમ એટલે સમાન કક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન.
- The nuit is a plan of instruction basd on a singficant art of learning
- એક જ પાઠનાં જુદાજુદા પાસાંના શિક્ષણનું આયોજન એટલે એકમ આયોજન
- પાઠ્યપુસ્તકના કોઈ એક પાઠની વસ્તુનાં જુદાંજુદાં પાસાં પર તૈયાર કરેલા જુદાજુદા પાઠો યોજીને પણ એકમ પાઠની રચના થઈ શકે છે. માતૃભાષા એકમ પાઠમાં ભાવ-આકલન, વાચન, ભાષા શિક્ષણ અને લેખિત અભિવ્યક્તિ એમ ઓછામાં ઓછા ચાર પાઠનો સમાવેશ થઈ શકે છે.
- પાઠ્યપુસ્તકમાંથી સમાન ભાવવાળી કૃતિઓ એકઠી કરી તેનો એક એકમ બનાવી ત્રણ-ચાર તાસના શિક્ષણકાર્યનું આયોજન બનાવી શકાય.
- કોઈપણ એક મુખ્ય મુદ્દા કે સમસ્યાની આસપાસના સંબંધિત અધ્યયન અનુભવોની હારમાળા એટલે એકમ.

## 3.8.2 સિદ્ધાંતો (એકમ આયોજનના સિદ્ધાંતો)

કલોસ મિયેરે એકમ આયોજનના નીચેના સિદ્ધાંતો સૂચવ્યા છે.

1. એકમ આયોજન પરિવર્તનશીલ છે.
2. અનેક સંદર્ભોથી તૈયાર કરાય છે જેમાં શૈક્ષણિક વિગતો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે.
3. વિષયાંગ શિક્ષણ માટે તે દિશાદર્શન કરી સાતત્ય અને પૂર્ણતા પ્રદાન કરે છે.
4. એકમ આયોજન દૈનિક આયોજન કે પાઠ આયોજન સ્વરૂપે વર્ગનાં શિક્ષક વડે અમલમાં મુકાય છે. પાઠ આયોજનના સઘળા લાભો એકમ આયોજનમાં રહેલા છે..
5. એકમ આયોજન અનુભવોનું સાતત્ય પૂરું પાડે છે અને સતત સર્વાંગી મૂલ્યાંકન થઈ શકે છે.

મહત્વ

- શિક્ષણની પ્રક્રિયા સળંગ બને છે.
- શિક્ષણ અખંડિત, સળંગ અને ચિરંજીવ બને છે.
- શિક્ષણના હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- વિષયવસ્તુને સંપૂર્ણ ન્યાય આપી શકાય છે, જેમ કે કાવ્ય શિક્ષણના એકમમાં ભાષાવસ્તુ, શબ્દચિત્રો, વિષયવસ્તુ, સાહિત્ય, અર્થગ્રહણ અને વિવિધ પાસાંને સંપૂર્ણ ન્યાય આપી શકાય છે.
- વિદ્યાર્થીઓને ચોક્કસ અને વિશેષ પ્રમાણમાં અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય છે.
- શિક્ષકે કરવાનાં કાર્યોનો ખ્યાલ આવે છે.
- શિક્ષણનાં તમામ પાસાંને ધ્યાનમાં લઈ ન્યાય આપી શકાય છે.
- પુનરાવર્તન અને દૃઢીકરણની તક મળી રહે છે.
- શિક્ષણ રસપ્રદ બને છે.

## 3.8.4 એકમ આયોજનની રૂપરેખા

જેમ મકાનનો નકશો મકાનના ચિત્રની છાપ મગજમાં ઉપસાવે છે તેમ એકમ આયોજનમાં મુખ્ય એકમની સાથે પેટા એકમોની 4 થી 8તાસમાં ફાળવણી કરી હોય તો તે કયાં સોપાનો દ્વારા સિદ્ધ થશે તેની રૂપરેખા એકમ આયોજનના સોપાનોમાં રજૂ કરવામાં આવે છે. આ સોપાનો દ્વારા એકમ આયોજન દરમિયાન કયું વિષયવસ્તુ કેવી રીતે રજૂ કરવાનું છે, કઈ સંકલ્પનાઓ સ્પષ્ટ થવાની છે, કયા હેતુઓ સિદ્ધ થવાના છે, કયાં શૈક્ષણિક સાધનોની મદદ લેવાની છે તેમજ તેના મૂલ્યાંકન, સ્વાધ્યાય અને સંદર્ભસાહિત્યની સમજૂતી આપે છે. એકમ આયોજનની રૂપરેખામાં નીચેનાં સોપાનોને સ્પષ્ટ રીતે લખવામાં આવે છે. આ રૂપરેખા સ્પષ્ટ થયા પછી જેટલા તાસ લેવાના હોય તેટલા તાસનું તાસ પ્રમાણે પાઠ આયોજન નોંધવામાં આવે છે.

**સોપાનો**

(1) એકમનું નામ

(2) પેટા એકમો

(3) શૈક્ષણિક હેતુઓ

(4) વિષયવસ્તુના મુદ્દા

(5) સંકલ્પનાઓ

(6) અધ્યાપન પદ્ધતિઓ

(7) શૈક્ષણિક સાધનો

(8) અધ્યાપન પ્રવૃત્તિઓ

(9) મૂલ્યાંકન

(10) સ્વાધ્યાય

(11) સંદર્ભ સાહિત્ય

ઉપરોક્ત સોપાનોમાં નીચેની વિગતો નોંધીને રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવે છે.

(1) એકમનું નામ

મુખ્ય એકમ કે કોઈ વિષય નક્કી કર્યો હોય તો તે સમગ્ર નામ અહીં લખવાનું હોય છે. દા.ત. ઝબક જ્યોત મુખ્ય એકમ છે તો તેનું નામ લખાય. પણ અભ્યાસક્રમમાં ત્રણ ચાર ભક્તિકાવ્યો હોય તો તેને મુખ્ય વિષય તરીકે પસંદ કરતાં ભક્તિ કાવ્યોનો અભ્યાસ એવું શીર્ષક લખી શકાય.

(2) પેટા એકમો

સમગ્ર એકમને જેટલા તાસમાં વહેંચવામાં આવ્યો હોય તે પ્રમાણે તાસવાર પેટા એકમોના શીર્ષકની નોંધ કરવામાં આવે છે. જેમ કે

તાસ-1 ઝબક જ્યોત લેખક પરિચય અને વાચન

તાસ-2 વિષય નિરૂપણ, પ્રસંગો, ભાવનિરૂપણ

તાસ-3 પાત્રા લેખન, શીર્ષકની યથાર્થતા લેખકની શૈલી

તાસ-4 આનુષંગિક વ્યાકરણ

તાસ -5રાષ્ટ્રધ્વજને કાવ્ય ગાન ભાવનિરૂપણ

(3) શૈક્ષણિક હેતુઓ

સમગ્ર એકમને ધ્યાનમાં લઈ સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની નોંધ કરવામાં આવે છે. દરેક સામાન્ય હેતુની નીચે બે-ત્રણ વિશિષ્ટ હેતુઓની નોંધ મૂકીને ક્રમબદ્ધ રીતે લખી શકાય દા.ત.

સામાન્ય હેતુ

(1) વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.

વિશિષ્ટ હેતુ

1. વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક શ્રવણ કરે

2. વિદ્યાર્થીઓ શુદ્ધોચ્ચારથી શ્રવણ કરે.

3. વિદ્યાર્થીઓ વક્તાના વિચારોનું મૂલ્યાંકન કરે.

4. વિષયવસ્તુના મુદ્દા સમગ્ર એકમને ધ્યાનમાં લઈ તાસ પ્રમાણે વિષયવસ્તુના જેજે વિભાગો પ્રમાણે મુદ્દા વિભાજિત કર્યા હોય તેની ટૂંકમાં નોંધ કરવાની છે.

   દા.ત. તાસ -1, પ્રસ્તાવના કવિપરિચય પાઠનું પઠન - વિરામચિહ્નોની સમજ.

5. સંકલ્પનાઓ - એકમમાં આવતા કેટલાક મૂળભૂત ખ્યાલોને આ સોપાનમાં એક બે ઉદાહરણ રજૂ કરી સ્પષ્ટ કરવાનાં હોય છે.

   દા.ત. રૂઢિપ્રયોગ, સંધિ, અલંકાર, સમાસ વગેરે... દરેકની સંકલ્પના રજૂ કરી પાઠને આધારે એક-બે ઉદાહરણની નોંધ કરવી જોઈએ. વિદ્યાર્થીઓની વય, કક્ષા, જ્ઞાન તથા અનુભવ મર્યાદાને ધ્યાનમાં લઈને સંકલ્પનો ખ્યાલ આપવો

6. અધ્યાયન પદ્ધતિઓ આ સોપાનમાં સમગ્ર એકમને લક્ષમાં રાખીને કઈકઈ પદ્ધતિઓ, પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાનો છે તેની નોંધ કરવી જોઈએ. દા.ત. વ્યાખ્યાન પદ્ધતિ, પ્રશ્નોત્તર પદ્ધતિ, ગાન પ્રયુક્તિ, નાટ્યીકરણ પ્રયુક્તિ વગેરે.

7. શૈક્ષણિક - એકમની વિગતો અને હેતુઓને ધ્યાનમાં રાખી કઈ શૈક્ષણિક સામગ્રી અને સાધનોનો ઉપયોગ કરવાનો છે તેની નોંધ મૂકવામાં આવે છે. દા.ત. કવિ પરિચય, ચાર્ટ, ટેપરેકોર્ડર, રોલ-અપ બોર્ડ વગેરે.

8. અધ્યયન પ્રવૃત્તિઓ - વર્ગની અંદર કે બહાર, વ્યક્તિગત સ્વરૂપમાં કે સામૂહિક રીતે વિદ્યાર્થીઓ સમગ્ર એકમના દરમિયાન જેજે પ્રવૃત્તિઓ કરવાના હોય તેની નોંધ મૂકવામાં આવે છે.

દા.ત. (1) વિદ્યાર્થીઓ કવિ પરિચય ચાર્ટ નિહાળશે.

(2) વિદ્યાર્થીઓ ટેપરેકોર્ડ પર કવિતાનું ગાન સાંભળશે.

(3) વિદ્યાર્થીઓ રોલ-અપ બોર્ડ રજૂ કરેલી કાવ્યપંક્તિઓનું પઠન કરશે.

9 મૂલ્યાંકન સમગ્ર એકમ પર આધારિત મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવે છે. અને બધા તાસને અંતે તે કસોટી લેવામાં આવે છે. પાઠ આયોજનમાં જેમ તાસની છેલ્લી પાંચ મિનિટમાં મૂલ્યાંકન કરવામાં આવે છે. તે એકમ આયોજનના અધ્યાપન દરમિયાન દરેક તાસમાં કરવામાં આવતું નથી. પણ સમગ્ર એકમના અધ્યાયને અંતે બ્લ્યુ પ્રિન્ટને આધારે તૈયાર કરેલી કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

10 સ્વાધ્યાય - દરેક તાસમાં પેટા એકમના સંદર્ભમાં સ્વાધ્યાય કાર્ય આપવામાં આવે છે. દરેક તાસને અંતે કયો વાધ્યાય આપવામાં આવશે તેની નોંધ મૂકવાની હોય છે.

દા.ત. તાસ

1. સમગ્ર પાઠ ધ્યાનપૂર્વક વાંચી લાવવો.

2. દીપકનું પાત્રાલેખન કરો.

(2) સંદર્ભ સાહિત્ય - શિક્ષક સમગ્ર એકમને તૈયાર કરવામાં પાઠ્યપુસ્તક સિવાય કે જે અન્ય પુસ્તકો, મેગેઝિન, વર્તમાન પત્રો કે શબ્દકોશનો ઉપયોગ કરે તેની નોંધ અહીં મૂકવામાં આવે છે. કોઈ વ્યક્તિ કે સ્થળની મુલાકાત લીધી હોય તો તેની નોંધ પણ મૂકવામાં આવે છે.

આમ, દરેક સોપાન પ્રમાણે એકમ આયોજનની રૂપરેખા તૈયાર કરી તાસવાર પાઠઆયોજનની નોંધ કરવામાં આવે છે. મૂલ્યાંકન માટે કસોટી પ્રશ્નપત્ર આયોજનની વિગતે ચર્ચા કરવામાં આવી છે. સતત શિક્ષણ દરમિયાન તાલીમાર્થીઓને એકમ આયોજનનો અનુભવ મળે છે. એકમ આયોજન અને તે પ્રમાણેને વર્ગશિક્ષણને અંતે બ્લ્યૂપ્રિન્ટને આધારે તૈયાર કરેલ પ્રશ્નપત્ર દ્વારા વિદ્યાર્થીની કસોટી લેવામાં આવે છે. તાલીમાર્થીઓને આ શિક્ષણ વિષયવસ્તુ કે હેતુઓની સિદ્ધિમાં વિદ્યાર્થી ઓછા ગુણ પ્રાપ્ત કરે ત્યાં ઉપચારાત્મક શિક્ષણની તાસમાં મુક્ત ચર્ચા કરવામાં આવે છે અને માર્ગદર્શન આપવામાં આવે છે.

### 3.8.5 પાઠ આયોજન અને એકમ આયોજન

**તાસ આયોજન અને એકમ આયોજનનો તફાવત**

| અ.નં. | વિગત | તાસ આયોજન | એકમ આયોજન |
|---|---|---|---|
| 1. | વ્યાખ્યા | એક-તાસમાં નાના મુદ્દાનું આયોજન | ચારથી છ તાસનું સમગ્ર એકમનું આયોજન. |
| 2. | સમય | 35 કે 40 મિનિટના સમય પુરતું આયોજન | ચારથી છતાસ સતત ચાલે તેવું સળંગ વ્યાપક આયોજન |
| 3. | હેતુ | એક તાસમાં સિદ્ધ થઈ શકે તેવા એક-બે હેતુ લઈ શકાય. | સતત, સળંગ તાસ મળતાં વધુ હેતુ સિદ્ધ કરવાનું આયોજન થઈ શકે. |
| 4. | પદ્ધતિ પ્રયુક્તિ | એક પદ્ધતિ અને એકાદ-બે પદ્ધતિનો ઉપયોગ પ્રયુક્તિનો ઉપયોગ થઈ શકે.ચીલાચાલુ પદ્ધતિનો ઉપયોગ થાય. | અલગઅલગ પદ્ધતિ અને ઘણી પ્રયુક્તિઓ અજમાવી શકાય પ્રયુક્તિઓ અજમાવી શકાય વિશિષ્ટ પદ્ધતિ-પ્રયુક્તિઓ અજમાવી શકાય. |
| 5. | અધ્યયન પ્રવૃત્તિ | વિવિધ પ્રકારના શિક્ષણાનુભવ કે પ્રવૃત્તિઓને ભાગ્યેજ તક મળે છે. | અલગ અલગ શિક્ષણાનુભવ કે પ્રવૃત્તિઓની તકો આપી શકાય છે. |
| 6. | વિષયવસ્તુ | વિષયવસ્તુની સળંગ સૂત્રતા, સાતત્ય, અખંડિતતા નાશ પામે છે. | વિષયવસ્તુનું સાતત્ય, સળંગ સૂત્રતા, અખંડિતતા અને વિવિધતા જળવાય છે. |
| 7. | અનુબંધ | અનુબંધનો અવકાશ નહિવત્ છે. | જીવન અને અન્ય વિષયો સાથેના અનુબંધનો પૂરતો અવકાશ છે. |
| 8. | શૈક્ષણિક સાધન | સાધનોનો ઉપયોગ ખૂબ જ ઓછો કરી શકાય છે. | એકમને અનુરૂપ શૈક્ષણિક સાધનો ઉપયોગમાં લઈ શકાય છે. |
| 9. | શ્રમ તૈયારી | પ્રશિક્ષકને અલગ-અલગ અને વારંવાર તૈયારી કરવી પડે છે. | એક વખત કરેલું આયોજન 4,6 તાસ સુધી ચાલી શકે છે. |
| 10 | મૂલ્યાંકન | દરેક તાસમાં મૂલ્યાંકન કરવું પડે છે. | અંતિમ તાસમાં સમગ્રલક્ષી અને વિવિધલક્ષી મૂલ્યાંકન થઇ શકે છે. |
| 11 | સ્વાધ્યાય | સ્વાધ્યાયમાં સીમિતતા આવે છે અને તપાસાતા નથી. | સ્વાધ્યાય વિવિધલક્ષી આપી શકાય છે અને તપાસી શકાય છે. |
| 12 | નિદાન ઉપચાર | નિદાન-ઉપચાર માર્ગદર્શનની શક્યતા નથી. | નિદાન-ઉપચાર-માર્ગદર્શનની થોડે ઘણે અંશે શક્યતા છે. |

| | | | |
|---|---|---|---|
| 13 | શૈક્ષણિક પાસું | પર ભાર મુકાય છે. | ક્રિયાત્મક પાસાંને પણ ઉત્તેજન મળે છે, તક પૂરી પાડી શકાય છે. |
| 14 | સબંધ | વર્ગના વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવાતી નથી | વર્ગના વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી શકાય છે. |

## 3.9 સારાંશ

શિક્ષણમાં આયોજન મહત્ત્વનો ભાગ ભજવે છે. આયોજન વિનાનું શિક્ષણ એ નકશા વિનાની ઈમારત જેવું છે. આયોજન એ શિક્ષણ અને શિક્ષણની સક્ષમતાથી આવી છે. શિક્ષણના હેતુઓની સિદ્ધિ માટે શિક્ષણ જે ક્રિયાઓ કરે તેને આયોજન કહેવામાં આવે છે.

આયોજન દ્વારા નિશ્ચિત સમયમાં નિશ્ચિત ધ્યેયો કે હેતુઓ સિદ્ધ થઈ શકે છે. તેમાંથી શિક્ષક પૂર્વ તૈયારી પુરી ને યોગ્ય સાધનો કે ઉપકરણોથી સજ્જ થઈને વર્ગખંડમાં યોગ્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો આશ્રય લઈને શિક્ષણકાર્ય કરે છે. તેથી સિક્ષણ સફળ બને છે. આથી આયોજન એ સફળતાની પૂર્વશરત છે.

પ્રવર્તમાન પરિસ્થિતિમાં હર્બર્ટની પંચપદીને ધ્યામાં રાખી કેટલીક પરિસ્થિતિનો સાથે પાઠ આયોજન કરવામાં આવે છે. પાઠ આયોજનમાં વિષયના સામાન્ય વિશિષ્ટ હેતુઓ, વિષયપ્રવેશ, પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ. શિક્ષક અને વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન તેમજ કા.પા.કાર્ય અને સ્વાધ્યાયનનો સમાવેશ થાય છે.

વિષયાંગ શિક્ષણના હેતુઓને અનુલક્ષીને વિષયપ્રવેશ, શિક્ષક અને વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન આધારિત કરવામાં આવે છે. વિષયપ્રવેશ જુદીજુદી પ્રયુક્તિઓ જેવી કે પ્રસંગકથન, કાવ્યપંક્તિઓ, વાર્તાકથન, ચિત્રદર્શન વગેરેના આ કાવ્યનો આધાર લઈને કરવામાં આવે છે.

એકજ પાઠનાં જુદાંજુદાં પાસાંઓના શિક્ષણના આયોજનને એકમ આયોજન કહેવામાં આવે છે. એકમ એટલે સમાન કક્ષાવાળા અનુભવોનું સંકલન એકમ આયોજનથી શિક્ષણની પ્રક્રિયા સાતત્યપૂર્ણ અને સર્વાંગ બને છે. તેમાં શિક્ષણનાં તમામ પાસાંને ન્યાય આપી શકાય છે. વિદ્યાર્થીઓને પુનરાવર્તનની અને દૃઢીકરણની તકો પ્રાપ્ત થાય છે.

પાઠ આયોજન એક જ તાસ માટેનું હોય છે. તેમાં એક કે બે મર્યાદિત હેતુઓ સિદ્ધ થાય છે. શિક્ષણમાં સળંગ સૂત્રતા સાતત્ય જળવાતા નથી. જુદાંજુદાં પાસાં સાથે અનુબંધ સ્થાપી શકતો નથી તેથી શિક્ષણ ખંડિત બને છે. જ્યારે એકમ આયોજન વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના શિક્ષણાનુભવો પૂરા પાડે છે. એકમ આયોજન એ સંકલિત અને અનુબંધિત શિક્ષણ છે.

આમ, જીવનનાં દરેક ક્ષેત્રની જેમ શિક્ષણમાં પણ આયોજન જરૂરી જ નહિં પણ અનિવાર્ય છે.

## 3.10 ચર્ચા અને સ્પષ્ટીકરણ

આ સમગ્ર એકમના અભ્યાસ દરમ્યાન તમને જે મુદ્દાઓ વિશે વધુ ચર્ચા કરવાનું મન થયું હોય અને જે મુદ્દા ઓ વિશે સ્પષ્ટીકરણ મેળવવાની ઇચ્છા હોય તે અહીં નોંધો.

1. ચર્ચાના મુદ્દાઓ.

2. સ્પષ્ટીકરણના મુદ્દાઓ.

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.

1.

(1) જુઓ 3.5

(2) જુઓ 3.6

(3) જુઓ 3.7.2

2.

(1) જુઓ 3.7.4

(2) જુઓ 3.7.4 (મુદ્દા-4)

(3) જુઓ ઉપરનો મુદ્દો

(4) સ્વર સંધિ

અ + અ = આ રામ + અવતાર = રામાવતાર

અ + આ = આ શિવ + આલય = શિવાલય

હિમ + આલય = હિમાલય

નિયમ : એક અ પછી એક આ આવે તો તેનો આ થાય છે.

(5) જુઓ 3.7.4 (મુદ્દો-8)

## नोंद

બી.એડ્. (એસ.ઈ.ડી.ઈ) કાર્યક્રમ

# SECM : 03

## ગુજરાતીનું અધ્યાપન

---

## ઘટક -2

## કૌશલ્યોનું શિક્ષણ

---

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

અને

રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો

સહકાર્યાન્વયનનો કાર્યક્રમ

**લેખક :**

ડો. સ્મિતાબેન ડી. ત્રિવેદી
શ્રીમતી એમ.એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વિમેન
એલિસબ્રિજ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.

**પરામર્શ (વિષય)**

ડો. કે. આર. નાવડીયા
નિવૃત્ત અધ્યાપક
આર.બી. સાગર કોલેજ ઓફ એજ્યુકેશન
પી.ટી. ઠક્કર રોડ, નારાયણનગર, આલોક બસ સ્ટેન્ડ પાસે, પાલડી, અમદાવાદ.

**પરામર્શ (ભાષા)**

શ્રી નટુભાઈ રાવલ
નિવૃત્ત આચાર્ય
વૈદ્યશ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અમદાવાદ.

**સંકલન**

ડો. ડી. એમ. બકરાણીયા
વ્યાખ્યાતા
ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.



*Printers: Kalptaru Offset, Tavadipura, Shahibaug, Ahmedabad-04, Phone: (079) 25632001*

**પ્રકાશક**

કુલસચિવ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380060


C સર્વ હક્ક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

## ઘટક -2

## કૌશલ્યોનું શિક્ષણ

એકમ: 1 શ્રવણ કૌશલ્ય.

એકમ: 2 કથન કૌશલ્ય.

એકમ: 3 વાંચન કૌશલ્ય.

એકમ: 4 લેખન કૌશલ્ય.

# એકમ-1 શ્રવણ કૌશલ્ય

## એકમની રૂપરેખા

1.1 પ્રાસ્તાવિક

1.2 ઉદ્દેશો

1.3 માતૃભાષાનાં કૌશલ્યો વિષે પાયાની સમજ

1.4 શ્રવણ કૌશલ્ય :સંકલ્પના

- 1.4.1 શ્રવણ પ્રક્રિયાનાં ઘટકો

1.5 શ્રવણ કૌશલ્યનું મહત્વ

1.6 શ્રવણ કૌશલ્યનું શિક્ષણ

1.7 શ્રવણ કૌશલ્યના હેતુઓ

1.8 શ્રવણ કૌશલ્યને અસરકર્તા પરિબળો

1.9 શ્રવણ કૌશલ્ય શિક્ષણનું આયોજન

- 1.9.1 શ્રવણ કૌશલ્ય શિક્ષણના સ્તરો
- 1.9.2 શ્રવણ કૌશલ્યલક્ષી રમતો
- 1.9.3 શ્રવણ કૌશલ્યલક્ષી મહાવરો
- 1.9.4 શ્રવણ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓ

1.10 શ્રવણ કૌશલ્યનું પાઠ આયોજન

1.11 સારાંશ

1.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ

1.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 1.1 પ્રાસ્તાવિક :

સવારથી ઊઠીને તે રાત્રે સૂતાં સુધી આપણે કેટકેટલું સાંભળીએ છીએ.પણ આપણે આપણને જ પ્રશ્ન પૂછીએ કે આપણે તેનું સાચા અર્થમાં શ્રવણ કર્યું છે ખરું ? તો જવાબ નકારમાં જ મળશે. અને જો હા માં જવાબ હોય તો જીવન આટલું વિટંબણાભર્યું , મૂંઝવણભર્યું, અને તાણદાયક ન હોત ! જીવનમાં સુખી થવા અંગે ઘણા મહાપુરુષો ઘણું બધું કહી ગયા છે. આપણે તે સાંભળ્યું ,વાંચ્યું છે પણ તેનો અર્થબોધ થયો છે ખરો ? અને જો થયો હોય તો જીવન તરી જવાય. ભગવાન મહાવીરે તેમના અનુયાયીઓને શ્રાવક કર્યા.શ્રાવકનો અર્થ જ સાંભળનાર.પણ સાચા અર્થમાં સાચું સાંભળનાર પ્રાપ્ત થતા નથી.દા.ત.આપણે અવાર નવાર સાંભળ્યું છે કે આશા અમર છે, શરીર નાશવંત છે.પણ શું આ વાક્યનો બોધ પમાયો છે ખરો? આપણા કાનથી મન સુધી આ શબ્દો પહોંચે છે જરૂર, ક્વચિત આપણને એમ પણ લાગે છે કે

આપણે તેને સમજી ગયા છીએ.પણ જ્યાં સુધી તે અર્થબોધથી પ્રક્રિયા વ્યક્તિનું આચરણ બનતી નથી ત્યાં સુધી અધૂરી રહે છે.હવે તમને તરત જ લાગશે કે એ અર્થમાં જીવનને સાચી અને સુંદર રીતે જીવવા માટે ઘણાએ ઘણું બધું કહ્યા છતાં પણ માણસ આજે તો દુ:ખી જ છે.તેનો અર્થ કે શ્રવણ કૌશલ્ય આત્મસાત થયું નથી.આ ભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં આપણે આ પ્રકરણમાં શ્રવણ કૌશલ્યની સંકલ્પના, તેની પ્રક્રિયા, મહત્ત્વ, હેતુઓ, શ્રવણ કૌશલ્ય માટેની પ્રવૃત્તિઓ, તેના પોષક પરિબળો, સહઅભ્યાસપ્રવૃતિ અને કેટલીક અન્ય આનુષંગિક બાબતો વિશે શીખીશું.પણ તે પહેલાં આ પ્રકરણના ઉદ્દેશો જોઈ લઈએ.અને ત્યારબાદ ભાષાકૌશલ્યો વિશેની કેટલીક પાયાની બાબતોની સમજ કેળવી લઈએ.

## 1.2 ઉદ્દેશો

પ્રસ્તુત પ્રકરણનું અધ્યયન કર્યા પછી તમે

- ભાષાનાં કૌશલ્યો વિશે પાયાની સમજ કેળવવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવી શકશો.
- શ્રવણ કૌશલ્યની સંકલ્પના સમજાવી શકશો.
- શ્રવણની પ્રક્રિયામાં કયા ઘટકો કાર્યરત છે તે જણાવી શકશો.
- શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ બતાવી શકશો.
- શ્રવણ કૌશલ્યના શિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવી શકશો.
- શ્રવણ કૌશલ્યના સામાન્ય હેતુ માટેની વિશિષ્ટ હેતુઓની સંરચના કરી શકશો.
- શ્રવણ કૌશલ્યને અસરકર્તા પરિબળોની સમજ આપી શકશો.
- શ્રવણ કૌશલ્યના સ્તરને સમજી રમતો ,મહાવરો અને પ્રવૃતિઓનું આયોજન કરી શકશો.
- શ્રવણ કૌશલ્યના પાઠનું આયોજન કરી શકશો.

## 1.3 માતૃભાષાનાં કૌશલ્યો વિશે પાયાની સમજ:

પ્રસ્તુત ખંડની પ્રસ્તાવનામાં આપણે ભાષાનાં કૌશલ્યો વિશે અને તેના મહત્ત્વ વિશે ઉલ્લેખ કર્યો છે.શ્રવણ, કથન, વાચન અને લેખન આ ચારેય પાયાનાં કૌશલ્યો વિશે ભાષાવિદોએ ઊંડાણપૂર્વક વિચારણાઓ કરી છે. અને હજી પણ આ દિશામાં સઘન કાર્ય થઈ રહ્યું છે.તો પ્રથમ આપણે ભાષાવિદોએ આ દિશામાં કરેલી વૈવિધ્યપૂર્ણ વિચારણાઓ વિશે સમજ કેળવી લઈએ.આ પાયાની સમજ દરેક કૌશલ્યની સમજ માટે ઉપયોગી નિવડશે.

વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી શીખતી રહે છે.માટેજ શિક્ષણને આજીવન ચાલતી પ્રક્રિયા ગણી છે.આ શિક્ષણની પ્રક્રિયાની જેમ ભાષા શીખવાની પ્રક્રિયા પણ આજીવન ચાલતી પ્રક્રિયા છે.બાળકના જન્મથી રુદન, લવારો, કલરવ અને ધીમે-ધીમે ઉચ્ચારણ દ્વારા ભાષા શીખવાની શરૂઆત થાય છે.બાળકને બોલવામાં જીભ, દાંત, હોઠ, પડજીભ જેવા અવયવો મદદ કરે છે.વસ્તુ જોવામાં આંખ, સાંભળવામાં કાન અને ઉચ્ચારણ કરવામાં મુખના અવયવો ઉપયોગી થાય છે.આ શારીરિક અવયવોમાં જન્મજાત ખામી કે ઊણપ ન હોય તો ભાષા શીખવામાં

બાળકને સરળતા રહે છે.બાળકનાં વૃદ્ધિ-વિકાસની સાથે તેની પ્રવૃત્તિઓ પણ બદલાતી રહે છે.અને નવી ઉમેરાતી રહે છે.આ પ્રવૃત્તિઓમાં જોવા, સાંભળવા અને બોલવાની પ્રવૃત્તિઓ દ્વારા બાળક ભાષા શીખે છે.આ પ્રવૃત્તિ-મહાવરો પ્રયત્ન અને ભૂલના ધોરણે તે વિકસતો રહે છે. સુધરતો રહે છે અને વિવિધતા પામતો રહે છે બાળકના આ પ્રવૃત્તિ મહાવરામાં સાહજિકતા, ઝડપ, ચોકસાઈ, કક્ષા જેવી ગુણવત્તાઓ ઉમેરાતી જાય છે.અને તેમની ક્ષમતાઓ પ્રવૃત્તિલક્ષી બને છે અને ભાષા વર્તનમાં પરિવર્તનો આચરણમાં મૂકાતાં જાય છે.તેમની ક્ષમતાઓ તેમના ભાષા -વર્તનના આચરણમાં રૂપાંતર પામતા તેઓ ભાષા કૌશલનાં નામે ઓળખાય છે.

- માત્ર ભાષા બોલી શકતા હોઈએ અને સાંભળી શકતા હોઈએ તો ભાષા આવડે છે તેમ કહી શકાય નહીં. ભાષા બોલતાં-સાંભળતાં, લખતા, વાંચતાં અને સાથે અર્થગ્રહણ-સમજ કેળવાય ત્યારે ભાષા આવડી કહેવાય.આ પાંચેયમાં ભાષાનાં સંદર્ભમાં જે કુશળતા કેળવે તે ભાષા શીખી શકે આથી ભાષાનાં કૌશલ્યોમાં શ્રવણ, કથન, વાચન અને લેખન છે.તેથી સાથોસાથ ભાષા ભાષા અર્થગ્રહણ અને ભાષા પ્રત્યાયન ને પણ ધ્યાનમાં લેવાવાં જોઈએ.આ બન્નેને ભાષાનાં દરેક કૌશલ્યની સાથે સાંકળી લેવાં જોઈએ.
- ભાષાનાં આ ચારેય કૌશલ્યો શરીર વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પાસાં ધરાવે છે.જ્યારે વ્યક્તિ શ્રવણ કરે છે, વાચન કરે છે, લેખન કરે છે ત્યારે તે તેના શારીરિક અવયવોને કામે લગાડે છે, જેમકે શ્રવણ માટે કાન, વાચન માટે આંખ, કથન માટે મુખના અવયવો અને લેખન માટે હાથના અવયવોનો ઉપયોગ કરશે.પરંતુ શ્રવણ કે વાચન કરે ત્યારે તે અંગે સમજ કેળવે, કથન કે લેખન કરે ત્યારે સમજીને તે કરે તે અનિવાર્ય છે.આમ, આ ચારેય કૌશલ્યો મનોવૈજ્ઞાનિક પાસા સાથે પણ સંબંધિત છે.
- ભાષાનાં શ્રવણ અને કથન એ શ્રાવ્ય સ્વરૂપલક્ષી કૌશલ્યો છે.શ્રવણ અને કથનમાં વ્યક્તિ શ્રોતાની ભૂમિકા ભજવે છે.જ્યારે વાચન અને લેખન એ દૃશ્ય-સ્વરૂપલક્ષી કૌશલ્ય છે.વાચન અને લેખનમાં વ્યક્તિ વાચકની ભૂમિકા ભજવે છે.
- બાળક શ્રવણ અને વાચન દ્વારા ભાષામાં વ્યક્ત થયેલા અર્થને ગ્રહણ કરે છે,સમજે છે અને પોતાની ભાષાને વધુ સારી રીતે શીખે, સુધારે અને વિકસાવે છે.તેથી તે અર્થગ્રહણાત્મક કૌશલ્ય છે જ્યારે કથન અને લેખન દ્વારા બાળક પોતાની લાગણીઓ, ઈચ્છાઓ, ઈરાદાઓ, અપેક્ષાઓ અભિવ્યક્ત કરે છે તેથી તે અભિવ્યક્તિલક્ષી કૌશલ્ય છે.
- બાળકના પ્રત્યાયનમાં, ભાષા સર્જનમાં બધાજ કૌશલ્યોને સહયોગ હોય છે.ભાષા શીખવવાના પ્રયત્નોમાં આ ચારેય કૌશલ્ય આધારિત ભાષા સંપ્રાપ્તિનાં પ્રયત્નોમાં પરસ્પર પૂરક જણાયાં છે.એટલેજ તો ચારેયનો સમન્વયાત્મક વિકાસ બાળકની ભાષાવિકાસની પ્રક્રિયામાં ગુણાત્મક ભૂમિકા ભજવે છે.
- ભાષા કૌશલ્ય શીખવામાં બુદ્ધિ-વિકાસ, ભાષાક્ષમતા, ભાષા સંરચના, સભાનતા, અભિવ્યક્તિ સંદર્ભ સભાનતા વગેરે શારીરિક મનોવૈજ્ઞાનિક, સાંવેગિક અને સામાજિક વિકાસનું યોગદાન છે તેમજ સૌથી અગત્યનું પાસુ જો હોય તો તે ભાષા કૌશલ્યોનો સતત મહાવરો છે. મહાવરાથી ભાષા કૌશલ્યો સરળતાપૂર્વક શીખી શકાય છે.

આપણે ભાષાના કૌશલ્યો વિશે પાયાની કેટલીક વાતો કરી હવે આ પ્રકરણમાં શ્રવણ કૌશલ્ય વિશે શીખીશું.

## 1.4 શ્રવણ કૌશલ્ય : સંકલ્પના:

માત્ર ભાષાના અવાજો સાંભળવા એટલે શ્રવણ કર્યું ન કહેવાય, પરંતુ સાંભળેલા અવાજોનું અર્થગ્રહણ થાય ત્યારે શ્રવણની ક્રિયા થઈ તેમ કહેવાય.સાંભળવું એ શ્રવણ માટે જરૂરી છે, પરંતુ પૂરતું નથી.

સાંભળવું + અર્થગ્રહણ =શ્રવણ

સંકુલ પ્રક્રિયા છે.ટૂંકમાં શ્રવણ એટલે....

- ધ્યાનપૂર્વક સાંભળવું
- અર્થગ્રહણ સાથે સાંભળવું.
- તાત્કાલિક સાંભળવું અને સમજવું.
- શુદ્ધ ઉચ્ચારો ગ્રહણ કરવા.
- વકતાના વિચારોને વિવિધ સંદર્ભોમાં સમજવા.
- વકતાના વિચારોને પૂર્ણ રીતે સમજવા.
- હાવ-ભાવ અને ચેષ્ટાઓને સમજવાં.
- ધીરજપૂર્વક અને રસપૂર્વક સાંભળવું

શ્રવણની આ સંકલ્પના જોયા પછી થાય છે કે આપણે ભાગ્યે જ શ્રવણ કરીએ છીએ.શબ્દો મન સુધી પહોચે છે ખરા.શબ્દોનું ઉચ્ચારણ સંભળાય છે પણ અર્થબોધ થવો એ ખૂબ મહત્ત્વની બાબત છે.શ્રવણ અન્ય વ્યક્તિ સાથેના પ્રત્યાયનમાં પાયાની ભૂમિકા ભજવે છે.તેને આપણે સંપ્રેષણ પ્રક્રિયા તરીકે ઓળખી શકીએ.વકતાના મનમાં જે વિચાર છે તેને વકતા શ્રોતાના મન સુધી પહોંચાડવા માગે છે. એટલે કે તે પ્રેષક છે અને શ્રોતા ગ્રાહક અથવા તો ઝીલનાર છે. આમ, વિચારનું વહન-સંપ્રેષણ થાય છે.આ સંપ્રેષણ પ્રક્રિયાના ઘટકો હવે આપણે સમજવાના છે.

### 1.4.1 શ્રવણ પ્રક્રિયાના ઘટકો :

ઉદાહરણ પરથી તમને સમજાયું હશે કે ધ્વનિ સંકેતોના આદાન-પ્રદાનમાં વકતા, શ્રોતા વચ્ચે જે પ્રક્રિયા થાય છે તેમાં સંદેશો, સંદર્ભ, કોડ અને માધ્યમ પણ મહત્ત્વનાં છે.હવે આપણે આ છ ઘટકો વિશે પરિચય મેળવીએ.

### 1 વકતા :

વકતા પોતાના વિચારોને-સંદેશાઓને ધ્વનિશ્રેણી દ્વારા વ્યકત કરે છે કારણકે ધ્વનિ-ઉચ્ચારણ સંદેશાને શ્રાવ્ય સ્વરૂપે રજૂ કરે છે.વકતાના સંદેશાને ધ્વનિ શ્રેણીમાં રૂપાંતર કરવાની પ્રવૃત્તિને કોડીકરણ (encoding) તરીકે ઓળખવામાં આવે છે.આ પ્રવૃત્તિમાં વકતાની ભાષા ક્ષમતા,તેણે આત્મસાત કરેલી ધ્વનિ પરકતા, ધ્વનિ -શ્રેણીઓ, ભાષારૂપની રૂપઘટકોની સંરચનાઓ અને મહાવરા દ્વારા કેળવાયેલી અભિવ્યકિત, ઉચ્ચારણ, અવાજની માત્રા, ઝડપ, આરોહ- અવરોહની ગુંણવત્તા વગેરે ભાષા વર્તન તરીકે ઉપયોગમાં આવે છે.

### 2 શ્રોતા :

વકતા દ્વારા રજૂ થયેલા વિચારોનું-સંદેશાનું શ્રવણ શ્રોતા કરે છે.શ્રોતા વકતાએ સંદેશાની રજૂઆત કરવામાં વાપરેલા કોડને સમજે છે.તે પણ તેની ધ્વનિપરકતાએ, ધ્વનિશ્રેણીઓ,

ભાષારૂપો-રૂપઘટકની સંરચનામાંથી અભિવ્યક્તિ, સંદર્ભ વગેરેના આધારે અર્થઘટન અને અર્થગ્રહણ કરે છે.સંદેશાનું અર્થગ્રહણ કરવાની પ્રક્રિયાને ડિકોડીકરણ (Decoding)ની પ્રક્રિયા કહેવામાં આવે છે.વકતાએ સંદેશાની અભિવ્યક્તિ માટે વાપરેલા કોડથી શ્રોતા અપરિચિત હોય તો તે સંદેશાનું અર્થઘટન કે અર્થગ્રહણ કરી શકતો નથી.વળી સંદેશાનું શ્રવણ કરવામાં મર્યાદા કે ઊણપ રહી હોય તો પણ અર્થઘટન કે અર્થગ્રહણ જોખમાય છે.

### 3 સંદેશો :

વકતા દ્વારા વ્યક્ત વિષયવસ્તુ, વાત, વિધાન કે જેમાંથી વકતાનું ઈંગિત, કથ્ય, ઈરાદો, ઈચ્છા, અપેક્ષાનો બોધ મળે છે તેને સંદેશો કહે છે. સંદેશાનું ડિકોડીકરણ જેટલું સારું તેટલું અર્થઘટન અને અર્થગ્રહણ સારું બને.

### 4 સંદર્ભ :

વકતા દ્વારા વ્યક્ત સંદેશો બાહ્ય જગત કે આંતરિક જગતનાં પરિસ્થિતિ, ઘટના, અનુભવ, વ્યક્તિ, ઈરાદો વગેરે ઉપાદાનો, વિષયવસ્તુનો સંદર્ભ ધરાવે છે.તેની અવગણના કે અણસમજ સંદેશાના અર્થઘટનને મર્યાદિત કરે છે.

### 5 કોડ :

સંદેશા માટે વપરાયેલી ભાષા, સંકેતો કે પ્રતીકોને સંદેશાનો કોડ કહેવામાં આવે છે.હકીકતમાં વકતાની ભાષા એજ સંદેશાનો કોડ છે.વકતાની ભાષા એજ શ્રોતાની ભાષા હોય તો સંદેશાનું અર્થઘટન, અર્થગ્રહણ શક્ય બને છે. સંદેશાની અભિવ્યક્તિ અને શ્રાવ્યતા આડે અવરોધો આવ્યા ન હોય તો પણ અર્થઘટન, અર્થગ્રહણમાં કોડ મહત્ત્વનું પ્રદાન કરી શકે છે.

### 6 સારણી (ચેનલ):

વકતા અને શ્રોતા વચ્ચે ભૌતિક અને માનસિક સંબંધ સ્થાપનારું માધ્યમ એટલે સારણી.જે સંદેશાનું સંક્રમણ (ટ્રાન્સમીશન ) કરવામાં મદદરૂપ બને છે.

- સંપ્રેષણ વ્યવસ્થા અંતર્ગત વકતા-શ્રોતાની ભૂમિકા પરસ્પર બદલાતી હોય છે.જેથી વકતા-શ્રોતાના શ્રવણ આધારિત ભાષા વ્યવહારનાં વર્તનો, પ્રતિચારનો આધાર અર્થઘટન, અર્થગ્રહણ કરવાનો મહાવરો વકતા, શ્રોતા માટે અનિવાર્ય ગણાય છે.

આપણે શ્રવણકૌશલ્યની સંકલ્પના અને સંપ્રેષણ પ્રક્રિયા અંતર્ગત શ્રવણનાં ઘટકોનો વિગતે અભ્યાસ કર્યો.હવે આપણે જોઈશું શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ.શા માટે બાળકનું શ્રવણ કૌશલ્ય વિકસાવવું જોઈએ ? તો ચાલો શ્રવણ કૌશલ્યના મહત્ત્વને વિગતે સમજીએ.

## 1.5 શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ :

જ્ઞાન ગ્રહણની પ્રક્રિયામાં વાચનની કુશળતા જેવી જ શ્રવણની કુશળતા મહત્ત્વની છે.નીચે જણાવેલ શ્રવણ-કૌશલ્ય સંબંધી મંતવ્યો દ્વારા તેનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

- પ્રાથમિક શાળાઓના લગભગ 1500 શિક્ષકોનો એવો અંદાજ હતો કે,શાળાના સરેરાશ દિવસ દરમિયાન વિદ્યાર્થી 110 મિનિટ વાચનમાં અને 78 મિનિટ શ્રવણમાં

ગાળે છે. આ માપ 54% સમય શિક્ષકને સાંભળવામાં, 31% સમય અન્ય વિદ્યાર્થીઓને સાંભળવામાં અને 15% સમય પરચૂરણ શ્રવણમાં જાય છે.-વીલ્ટના સંશોધનને આધારે

- શ્રવણ ભાષાના વિકાસ માટેનું અગત્યનું કૌશલ્ય છે.વ્યક્તિના ભાષાજીવનનું પ્રસ્થાનબિંદુ શ્રવણ છે.ભાષાનો આરંભ જ શ્રવણ દ્વારા થાય છે.શ્રવણનાં અનુભવને આધારે ભાષા વિકાસ થાય છે.ભાષાનાં મૂળ ઉચ્ચારણો શ્રવણ દ્વારા જ શીખી શકાય.કથન, વાચન અને લેખનનો મૂળ આધાર શ્રવણ પર છે.બાળકનું ઉચ્ચારણ, તેનો અવાજ, ઉચ્ચારશુદ્ધિ અને વાણીપ્રવાહ ધીમે-ધીમે વિકાસ પામે તેના પાયામાં શ્રવણ કૌશલ્ય છે.
- જ્ઞાન મેળવવાના કાર્યમાં શ્રવણનો ફાળો અનન્ય છે.શાળામાં વિદ્યાર્થી વિશેષત: શ્રવણ દ્વારા જ જ્ઞાન મેળવે છે.વિદ્યાર્થીની જ્ઞાનલબ્ધિ શ્રવણ કૌશલ્યથી પ્રભાવિત થાય છે.શ્રવણ દ્વારા મળતા આગત ઉપર જ્ઞાનના નિગતનો આધાર છે.
- રોજિંદા જીવન વ્યવહારને ગતિશીલ રાખવામાં શ્રવણ ઉપયોગી છે. કોઈપણ વ્યક્તિની વાતનું યોગ્ય શ્રવણ કરી યોગ્ય પ્રતિભાવ આપવામાં શ્રવણ કૌશલ્ય વિકસેલું હોવું જોઈએ.અખાએ કહ્યું છે તેમ, કહ્યું કશું ને સાંભળ્યું કશું આંખનું કાજળ ગાલે ઘર્યું જો શ્રવણ કૌશલ્ય વિકસ્યું ન હોય તો આવી દશા થાય.શ્રવણ દ્વારા જ વ્યક્તિ સમાજમાં અને વિશ્વમાં પોતાનો વ્યવહાર સરળતાથી કરી શકે છે.
- લોકશાહી જીવન પદ્ધતિમાં બીજાની વાત શાંતિથી અને ધીરજપૂર્વક સાંભળવા અને વિરોધી મતને સહન કરવા માટે શ્રવણ કૌશલ્યનું મૂલ્ય ઊંચું છે.
- નવા વિચારો-માહિતીની પ્રાપ્તિ માટે શ્રવણ કૌશલ્ય જરૂરી છે.
- સમાજમાં અનેક જગ્યાએ, રેલવે સ્ટેશન, સિનેમાગૃહ વગેરે જગ્યાએ શ્રવણ કૌશલ્યની જરૂર પડે છે.
- રેડિયો, ભાષણ, સંવાદ, ટેલિવિઝન, વકતૃત્વ સ્પર્ધા વગેરેમાં શ્રવણ દ્વારાજ જ્ઞાન પ્રાપ્તિ શક્ય બને છે.
- શ્રવણ કૌશલ્યનું મહત્વ જોતાં જ એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આપણા વ્યક્તિત્વ અને જીવન સાથે તે કેટલું અવિભાજ્ય રીતે સંકળાયેલું છે.જે બાળક જન્મથી બહેરો છે તે બોલી શકતો નથી.શ્રવણ જ ભાષા શિક્ષણનું પ્રથમ સોપાન છે.હવે આપણે શ્રવણ કૌશલ્યના શિક્ષણ તરફ પ્રગતિ કરીએ તે પહેલાં પ્રગતિ ચકાસી લઈશું.

**તમારી પ્રગતિ ચકાસો -1**

**નોંધ :નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. શ્રવણ કૌશલ્ય એટલે શું ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. શ્રવણ કૌશલ્યના ઘટકોના નામ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ તમારી ભાષામાં લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 1.6 શ્રવણ કૌશલ્યનું શિક્ષણ :

શ્રવણ કૌશલ્યનું શિક્ષણ એટલે બાળક પાસે સાંભળવાની ક્ષમતાને પ્રવૃત્તિલક્ષી ભાષા વ્યવહાર મહાવરા દ્વારા અર્થગ્રહણ યુક્ત સાંભળવાની ક્ષમતામાં પરિવર્તિત કરવાનું શિક્ષણ.

બાળકની ક્ષમતા + શ્રવણ પ્રવૃત્તિલક્ષી ભાષા વ્યવહાર અને મહાવરો = શ્રવણ કૌશલ્ય શિક્ષણ

શ્રવણ કૌશલ્યની ખિલવણી પૂર્વે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- બાળકની માનસિક અને શારીરિક શક્તિઓ તથા વયકક્ષાને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્યમાં વિવિધ પ્રયુક્તિઓનું આયોજન કરવું જોઈએ.
- બાળકોના આર્થિક-સામાજિક સ્તરનો ખ્યાલ મેળવવો જોઈએ.શાળામાં બાળકો જુદા-જુદા સામાજિક-આર્થિક સ્તરના કુટુંબ પર્યાવરણમાંથી આવતાં હોય છે ત્યારે તેમની ભાષા અને તેમાં તેમની મર્યાદાઓની પૂર્વવિચારણા શિક્ષક માટે માર્ગદર્શક-રૂપ બની રહે.
- ભાષા કૌશલ્યોનું શિક્ષણ પાઠ્યપુસ્તક આધારિત હોવું જોઈએ એવી માન્યતા છે ત્યારે પાઠ્યપુસ્તકને આધારે શ્રવણ કૌશલ્યનું શિક્ષણ કેવી રીતે આપી શકાય તે વિચારવું

જોઈએ.પૂર્વપ્રાથમિક,પ્રાથમિક કક્ષાઓમાં ભાષા સંરચના, તેની વિવિધતમ અભિવ્યક્તિ, તેની વિવિધતમ શૈલીઓ દ્વારા વિવિધ પરિસ્થિતિમાં ભાષા વ્યવહાર સાંભળવાની ક્ષમતા કેળવવા વિશેષ મહાવરા આપવા જોઈએ.જેમાં કથન અને શ્રવણ મહાવરા સાથે શ્રાવ્ય વિષયવસ્તુનું અર્થઘટન, અર્થગ્રહણને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

- શીખવાનું પ્રથમ ચરણ શ્રવણ છે.વળી બાળક ચંચળ હોય છે તેથી શીખવાની પ્રક્રિયાને એવી વૈવિધ્યસભર બનાવવી જોઈએ જેથી બાળકને કંટાળો ન નીપજે.બાળક આનંદથી અને ઉત્સાહથી પ્રવૃત્તિઓ કરે તેથી રમતો, ગાન, અભિનય જેવી વિવિધ પ્રયુક્તિઓનો અવાર-નવાર ઉપયોગ કરીને શિક્ષણ આપવું જોઈએ.
- નાનાં-નાનાં અને અર્થપૂર્ણ પણ પ્રાસયુક્ત અને લયપ્રધાન ગીતો બાળકોના મનોરંજન અને શિક્ષણનુ પ્રધાન સાધન રહ્યાં છે.
- કોઈ પણ પદાર્થ જોઈને, હલન-ચલન કે ક્રિયા બતાવીને બાળક સાહચર્ય દ્વારા જે-તે પદાર્થ કે ક્રિયાના ગુણને પારખે છે.દા.ત.વૃક્ષના પાંદડાનો લીલો રંગ બતાવીને કે જમવાની ક્રિયા દ્વારા બાળક તે શબ્દોના અર્થને ગ્રહણ કરે છે.
- વાર્તા હંમેશાં માણસને ગમે તે ઉંમરે પ્રિય જ રહી છે.બાળકોને વાર્તાનું આકર્ષણ વિશેષ હોય છે.
- બાળક મૂર્ત વસ્તુને આસાનીથી ગ્રહણ કરી શકે છે.કોઈ વસ્તુ જોવી, તેને અડકવું, કરવું વગેરે ક્રિયાઓની મદદથી તે સરળતાથી સમજી શકે છે.માટે જ બાલમંદિર કે પ્રાથમિક કક્ષાએ ક્રીડા કે અભિનય દ્વારા શિક્ષણની હિમાયત થઈ છે.
- રેડિયો, ટી.વી પર પ્રસારિત થતા બાળકાર્યક્રમો પણ શ્રવણ કૌશલ્યને ખિલવવામાં અસરકારક ભૂમિકા ભજવી શકે.
- ટેપરેકોર્ડર પર નાટક સંભળાવીને ક્યા અક્ષરોનું કેવું ઉચ્ચારણ થાય છે, કયા શબ્દો પર વધુ ભાર અપાય છે, કેવી ગતિથી વાક્યો બોલાય છે, શબ્દ કે વાક્યનો લહેકો કેવો છે તેમજ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણથી બોલાય છે કે નહીં તેની સમજ આપીને શ્રવણ કૌશલ્યના વિવિધ પાસાઓને સ્પષ્ટ કરી શકે.
- માધ્યમિક કક્ષાએ પણ મહિનામાં એક-બે તાસ શ્રવણ કૌશલ્યના વિકાસ માટે ફાળવવા જોઈએ.જેમાં કાવ્યપઠન કે ગદ્યાંશનું મુખપઠન કરી વિદ્યાર્થીઓને અર્થગ્રહણ કે સારગ્રહણ કરવાનું કહી શકાય.

આમ, શ્રવણ એ ભાષાશિક્ષણનું પ્રથમ માધ્યમ બને છે.તેના શિક્ષણમાં રસપૂર્ણ વૈવિધ્ય તેના કૌશલ્યને અસરકારક રીતે ખિલવી શકે.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તરે પાઠ્યપુસ્તક એકમ પાઠ, પાઠના વિષયવસ્તુને શ્રાવ્ય પરિસ્થિતિમાં રજૂ કરી વિદ્યાર્થીઓની શ્રવણ અંગેની એકાગ્રતા, ચોકસાઈ, સ્મૃતિ, અભિવ્યક્તિ શૈલી, વાક્યરચનાઓ, વાક્ય રૂપાંતર, શબ્દભંડોળ, ઘટનાક્રમ, પરિસ્થિતિઓનો વિરોધાભાસ, તુલના, મહત્વની ઉક્તિઓ, વિગતવિસ્તાર, અગત્યની વિગતોની તારવણી, સંદર્ભોનું અર્થઘટન, કેન્દ્રવર્તી વિચાર તારવવા જેવા અર્થઘટન, અર્થગ્રહણના મહાવરા, અનુભવો આપવા જોઈએ.

## 1.7 શ્રવણ કૌશલ્ય શિક્ષણના હેતુઓ :

ભાષા શિક્ષણના હેતુઓ જો બાળકમાં સિદ્ધ થાય તો તેનામાં વિકાસદર્શક વર્તન ફેરફારો થાય એટલે કે બાળકમાં ભાષાકીય કુશળતાઓ ખીલે.આ હેતુઓની આંશિક સિદ્ધિ માટે પણ શિક્ષકે બીજા કેટલાક વિશિષ્ટ હેતુઓ ખ્યાલમાં રાખવા પડશે અને એ વિશિષ્ટ હેતુઓની સહાય વડે જ સામાન્ય હેતુ સિદ્ધ થઈ શકશે.તો આપણે શ્રવણ કૌશલ્યના સામાન્ય હેતુ અંતગર્ત કયા કયા વિશિષ્ટ હેતુઓ હોઈ શકે તેનો વિગતે અભ્યાસ કરીએ.

સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.
- વિશિષ્ટ હેતુ :
- વિદ્યાર્થીઓ-
- ધ્યાનપૂર્વક સાંભળે.
- ધીરજપૂર્વક સાંભળે.
- વકતાના વિચારોનું મૂલ્યાંકન કરે.
- વાર્તાલાપના મુદ્દા તારવે.
- વાર્તાલાપનો સંક્ષેપ કરે.
- વાર્તાલાપમાંથી વિષયને અનુરૂપ વિગતો તારવે.
- વાર્તાલાપનો ઉદ્દેશ સમજે.
- નવા શબ્દોનું સંદર્ભગત અર્થઘટન કરે.
- વકતાના કથનમાં રહેલો વ્યંગ, વિનોદ કે સંદર્ભ સમજે.
- વકતાના મનોભાવને સમજે.
- ભાવની અનુભૂતિ કરી શકે.
- વકતાની વાણીમાં રહેલો વિનોદ, વ્યંગ કે સંદર્ભ સમજે.
- વકતાના વિચારો સાથે અસંમત હોવા છતાં તેની વાતને ધ્યાનપૂર્વક અને શિષ્ટાચાર સાથે સાંભળે અને તેના દષ્ટિકાણને સમજે.
- વકતાના કથન પર અનાત્મલક્ષી વિચારણા કરે.
- ઔપચારિક અને અનૌપચારિક વાર્તાલાપનો ભેદ સમજે.
- શ્રવણ દ્વારા જ્ઞાન, પ્રેરણા અને મનોરંજન મેળવે.

## 1.8 શ્રવણ કૌશલ્યને અસરકર્તા પરિબળો :

વિદ્યાર્થીનું શ્રવણ કૌશલ્ય ત્યારે જ વિકસે જ્યારે તેને શ્રવણની વારંવાર તક સાંપડે. ઘણીવખત એવું જોવા મળે છે કે, બાળક શ્રવણ કરે છે તેમ માનીને શિક્ષક કથન કરે છે. પરંતુ બાળકમાં શ્રવણની પ્રક્રિયા થતી નથી.આવું થવા પાછળ ઘણાં કારણો જવાબદાર છે.તો અહી આપણે શ્રવણ કૌશલ્યને અસર કરતા પરિબળોને વિગતે સમજીશું.

ધ્યાન :

સાંભળનાર વ્યક્તિનું ધ્યાન સાંભળવામાં હશે તોજ શ્રવણની ક્રિયા થશે.જેથી વ્યક્તિ એકાગ્રચિત્તે, ધ્યાનપૂર્વક સાંભળે તે જરૂરી છે.

સ્મૃતિ :

વ્યક્તિ અનુભવમાંથી જ નવું શીખે છે.એટલે કે બાળકે એક વખત સાંભળેલા શબ્દો, શબ્દસમૂહ, વાક્યો, ઉચ્ચારણો વગેરેને સ્મૃતિમાં રાખીને જરૂર પડે ત્યારે યાદ કરી યોગ્ય ઉપયોગ કરશે તો જ પ્રત્યક્ષીકરણ થશે અને તો જ અર્થગ્રહણ કરી શકશે.

ભેદકત્વ :

સાંભળેલ વિષયવસ્તુને સમજીને તેમાંથી સમાનતા અને વિષમતા તારવવી.

બુદ્ધિ :

સાંભળેલી બાબતને યાદ રાખવા અને સમજવા બુદ્ધિની જરૂર પડે છે.જેટલી બુદ્ધિ સતેજ તેટલી શ્રવણ કૌશલ્યમાં સિદ્ધિ વધુ.

રુચિ :

બાળકને જે વિષયવસ્તુ સંભળાવવામાં આવે છે તેમાં તેને રસ-રુચિ જરૂરી છે.

શારીરિક શક્તિ :

વ્યક્તિમાં જો કાનની કોઇ મર્યાદા હશે તો તે વ્યવસ્થિત રીતે સંપૂર્ણપણે સાંભળી નહી શકે. અન્ય શારીરિક મર્યાદા હશે તો લાંબો સમય એકજ જગ્યાએ બેસીને ધ્યાનપૂર્વક સાંભળી નહી શકે.શ્રવણ પર દૃષ્ટિની ખામીની અસર પણ થાય છે.

વક્તા અને શ્રોતા વચ્ચેનું અંતર :

વક્તા અને શ્રોતા વચ્ચે અંતર વધુ હોય તો વક્તાના હાવ-ભાવ શ્રોતા બરાબર જોઇ શકતો નથી.ક્યારેક બરાબર સંભળાતુ પણ નથી.જેથી શ્રોતાને અર્થગ્રહણમાં મુશ્કેલી પડે છે.શ્રવણ કરનાર વ્યક્તિ વક્તાને જોઈને શ્રવણ કરતી હશે તો શ્રવણક્રિયા સારી થશે.

વક્તાનું વ્યક્તિત્વ :

વક્તા માટે શ્રોતાના મનમાં કોઇ નકારાત્મક પૂર્વગ્રહ હોય તો શ્રોતા વક્તાની વાતને સરળતાથી સ્વીકારતો નથી.

વાતાવરણ :

જો શાંત વાતાવરણમાં શ્રવણ થતું હોય તો અર્થગ્રહણ સારું થાય છે.ઉપરાંત શ્રોતાની બેઠક-વ્યવસ્થા, માઇકની સુશ્રાવ્યતા વગેરે બાબતો પણ શ્રવણ પર અસર કરે છે.

**ભાષાનું માધ્યમ :**

વક્તા જે ભાષામાં કથન કરતા હોય તે ભાષા અંગેનું શ્રોતાનું જ્ઞાન કેટલું છે તેના પર પણ શ્રવણનો આધાર રહેલો છે.

**શ્રવણનો સમય :**

એકજ બેઠકે કેટલા સમય સુધી શ્રવણ કરવાનું છે તે પણ અગત્યનું છે.વક્તાનું ભાષણ ગમે તેટલું વિદ્વતાપૂર્ણ  હોય છતાં પણ તેને સાંભળવાની શ્રોતા માટે સમયની એક સીમા હોય છે.શાળા- મહાશાળાઓમાં તાસની ફાળવણી એટલા માટે જ કરાઇ છે.

અહી આપણે શ્રવણ પ્રક્રિયાને અસરકર્તા પરિબળો જોયા.પરિબળો સ્વયંસ્પષ્ટ છે.મિનિટોમાં થઇ જતા સંવાદો પાછળ કેટકેટલાં પરિબળો અસર કરે છે તેનો ખ્યાલ આવે છે. જો બધાં જ પરિબળો અરસ-પરસ સાનુકૂળ હોય તો વક્તા-શ્રોતા સંતોષની લાગણી અનુભવી શકે નહીં તો ગેરસમજ દ્વારા સંઘર્ષો માટે તૈયાર રહેવું પડે. આ દષ્ટિએ જોતા શિક્ષકે વિદ્યાર્થીની શ્રવણ પ્રક્રિયાને ધ્યાનથી સમજીને વક્તા તરીકે કાર્ય કરવાનું છે.શિક્ષકની આ ભૂમિકા સમજતાં પહેલાં આપણે પ્રગતિની ચકાસણી કરીશું.

## તમારી પ્રગતિ ચકાસો -2

**નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. શ્રવણ કૌશલ્ય માટે શિક્ષકે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. શ્રવણ કૌશલ્યના પાંચ વિશિષ્ટ હેતુઓ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

3. શ્રવણ કૌશલ્યને અસરકર્તા પરિબળોનાં નામ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 1.9 શ્રવણ કૌશલ્ય શિક્ષણનું આયોજન :

અત્યાર સુધી આપણે શ્રવણ કૌશલ્ય વિશે પાયાની સમજ મેળવતા હતા.તેના અર્થ, મહત્વ, શિક્ષણ, અસરકર્તા પરિબળો અને હેતુઓ વિશે ચર્ચા કરી. શ્રવણ એ તો સતત થતી પ્રક્રિયા છે. તે વધુ અર્થસભર કેમ બને તે દિશામાં આપણે વિચારવાનું છે.આ માટે અલગ તાસ આયોજન તો થાય જ.પણ શિક્ષક જે રીતે ભણાવે છે તેમાં પણ તે વકતાની ભૂમિકામાં જ છે અને વિદ્યાર્થી શ્રોતાની ભૂમિકામાં. શિક્ષક પોતાના રોજિંદા અધ્યયનની સાથે શ્રવણ કૌશલ્યના વિકાસનો કેટલીક વિશેષ મહાવરો આપી શકે અને કેટલીક રમતોનું પણ આયોજન કરી શકે.શિક્ષક કેટલીક રમતો દ્વારા વિદ્યાર્થીને શ્રવણ માટે તત્પર પણ બનાવી શકે.આપણે અહીં શ્રવણ કૌશલ્ય વિકસાવવાની કેટલીક રમતો અને શ્રવણનો મહાવરો આપવા માટેની કેટલીક પ્રયુકિતઓ વિશે સમજીશું.પણ તે પહેલાં આપણે એ પણ સમજી લેવું પડશે કે કયા તબક્કે શ્રવણ કૌશલ્યનો કેવો વિકાસ થયેલો છે. તમે પ્રથમખંડના પ્રથમ પ્રકરણમાં ભાષા વિકાસ અંગે શીખી ગયા છો.તે જ બાબતનું અહીં સ્મરણ કરતાં તમને ખ્યાલ આવશે કે શિશુવયમાં બાળકની શ્રવણ અર્થગ્રહણક્ષમતા કેટલી હોય ! પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચસ્તરે તેનો કેવો વિકાસ થયો હોય.અહી આ રીતે તેના ચાર સ્તર વિચારાયા છે.જેમાં વિશિષ્ટ હેતુઓને ધ્યાનમાં લેતા કેટલીક પ્રવૃત્તિઓની વાત કરી છે.આ સ્તરોને સમજીને રમતો અને મહાવરાનું આયોજન થઇ શકે.

### 1.9.2 શ્રવણ કૌશલ્યલક્ષી રમતો :

જ્ઞાન સાથે ગમ્મત એ ખૂબ પ્રચલિત ઉકિત છે.અને વિદ્યાર્થીને રમત કરતાં કરતાં જ્ઞાન મેળવવાનું વિશેષ ગમતું હોય છે.અહીં કેટલીક રસપ્રદ રમતોનું વર્ણન કર્યું છે. આ રમતો પણ એક નિર્દેશ માત્ર છે.તમે એ નિર્દેશનો આધાર પકડીને ખૂબ અવનવી રમતોનું આયોજન કરી શકો.નીચે કેટલીક રમતોની સમજૂતી આપી છે.

**અવાજ-ભેદ પરખ-પ્રત્યક્ષીકરણ રમત :**

આ રમતમાં જુદી-જુદી વસ્તુઓના અવાજનો ભેદ ઓળખવા સંબંધમાં આયોજન કરવું જોઇએ.આ રમતમાં

ઘંટડી, ચાવીનો ઝુમખો, હાર્મોનિયમ, નગારું, ઢોલક, લેઝિમ, લાકડાના દાંડિયા, રકાબી,

પ્યાલો, મંજીરા, કાચની બંગડીઓ, ખંજરી

સૌ પ્રથમ વિદ્યાર્થીઓને દરેક વસ્તુના અવાજના શ્રવણનો અનુભવ આપવો.સાધનનો પરિચય આપવો અને બતાવવું.આમ અનુભવ આપ્યા બાદ વિદ્યાર્થીઓ દરેક વસ્તુના અવાજને પારખી શકે છે.આ માટે મૂલ્યાંકનમાં જુદી-જુદી વસ્તુનો અવાજ કરી તેને પારખવા કહેવું.બે જુદી-જુદી વસ્તુઓને ટકરાવી અવાજનું શ્રવણ કરાવી શકાય, અને તેનું મૂલ્યાંકન કરી શકાય.કેટલીકવાર વારાફરતી જુદી-જુદી વસ્તુનો અવાજ કરી તેનું શ્રવણ કરાવી બાદમાં પ્રથમ કઈ વસ્તુનો અવાજ રજૂ થયો તેમ ક્રમિક વિદ્યાર્થીઓને બતાવવા કહેવું.

શ્રવણ એકાગ્રતા અંગે રમત :

વિદ્યાર્થીની શ્રવણ એકાગ્રતા વધે તે માટે કેટલીક ક્રિયાઓ કરાવવી જોઇએ.જેમકે, શિક્ષકની સૂચનાનું તરત જ પાલન કરે.વાક્યનું શ્રવણ કરી વિસંગત બાબતો તારવવી.સૂચવેલી ક્રિયાઓ સૂચનાના ક્રમમાં કરવી વગેરેનો સમાવેશ કરી શકાય.

શ્રવણ- અર્થગ્રહણ રમત :

આ રમતમાં વિદ્યાર્થી શબ્દ, પદ કે વાક્યનું શ્રવણ કરી અર્થગ્રહણ કરશે અને માગેલી વિગતો દર્શાવશે.આ માટે શબ્દોની યાદી, શબ્દના અર્થની યાદી, રૂઢિપ્રયોગની યાદી અને તેના અર્થની યાદી, વાક્યોની યાદી, શબ્દ અને વિરુદ્ધાર્થીની યાદી, કહેવતની યાદી તેમના અર્થની યાદીનો ઉપયોગ થઇ શકે.

પ્રથમ શબ્દની યાદીનું વાચન કરી તેના અર્થની યાદીનું વાચન કરવું અને શબ્દના અર્થ આપવા કહેવું, તેવી જ રીતે બીજી યાદીઓનો ઉપયોગ કરી શકાય.વાક્યની યાદીનું વાચન કરી વિગતલક્ષી પ્રશ્ન પૂછી જવાબ મેળવવા.

શ્રાવ્ય સ્મૃતિ ફલક વિસ્તાર અંગેની રમત :

આ રમતમાં વિદ્યાર્થીઓ શ્રવણ કરેલી વિગતોને યાદ રાખે છે કે નહિ તેની ચકાસણી કરી શકાય.આ માટે વિદ્યાર્થીઓને મૂળાક્ષરોની યાદી, શબ્દોની યાદી કે આંકડાની યાદી સંભળાવવામાં આવે અને પછી આંકડા, મૂળાક્ષરો કે શબ્દોને જે ક્રમમાં સાંભળ્યા હોય તે ક્રમમાં લખવા કહેવું.અથવા યાદ રહેતા આંકડા, મૂળાક્ષરો કે શબ્દો નોંધાવવા.

શ્રવણ અને પુન: સ્મરણ રમત :

અહીં વિદ્યાર્થી વિગતોનું ક્રમશ:શ્રવણ કરે અને પુન:સ્મરણ કરે તેવી તાલીમ આપવામાં આવે.આ માટે વર્ગમાં પહેલી હરોળમાં બેઠેલા વિદ્યાર્થીને સંદેશો કાનમાં કહેવો.તે બીજા વિદ્યાર્થીને સંદેશો કહે.બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને એમ ટૂકડીના બેઠેલા વિદ્યાર્થીઓ સંદેશો પહોંચાડવો અને તેની પાસેથી સંદેશો મેળવવો.

કહેલા સંદેશામાં અને મળેલા સંદેશામાં શું તફાવત છે તેની ચકાસણી કરવી.શબ્દો બદલાયેલા છે ?શબ્દોની સંખ્યામાં વધ-ઘટ થઇ છે ? શબ્દોનો ક્રમ બદલાયો છે ? વગેરે જેવી બાબતોની ચકાસણી કરી શકાય.

### 1.9.4 શ્રવણ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓ

શ્રવણ કૌશલ્યની આ પ્રવૃત્તિઓ અધ્યયન-અધ્યાપનના અન્ય હેતુઓ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનું ઘડતર થાય છે. પણ આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના શ્રવણ કૌશલ્યને વધુ અર્થસભર બનાવે છે અને તેથી જે તે વ્યક્તિત્વ ઘડતરને વધુ મજબૂત બનાવે છે. કેમ કે શ્રવણ પાયાનું કૌશલ્ય છે. નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓ કરાવી શકાય.

- રેડિયો કે ટી.વી પરથી પ્રસારિત થતા વિવિધ કાર્યક્રમો સંભળવા અને દર્શાવવા ઉપરાંત ઘરે પણ ચોક્કસ કાર્યક્રમનો અનુભવ મેળવે તેવી પ્રેરણા આપવી.
- શાળામાં મહેમાનોને આમંત્રી તેમનાં વકતવ્યો સંભાળવવાં.
- પ્રાર્થના સભામાં સમાચાર, સુવિચારનું વાંચન થવું જોઈએ. મહાપુરુષોના જીવનપ્રસંગ, જાણવા જેવું અને જે-તે દિવસની વિશેષતા વગેરે રજૂ કરી વિદ્યાર્થીઓનું શ્રવણ કૌશલ્ય ખિલવવું જોઈએ.
- સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક પર્વોની ઊજવણી કરવી જોઈએ.
- સાહિત્ય કારો, દેશભક્તો, વૈજ્ઞાનિકો વગેરેની જન્મજંયતી ઉજવવી જોઈએ
- એક પાત્રીય અભિનય કરાવવો અને પાઠ્યપુસ્તકમાં આવતા સંવાદોનું વાંચન કરાવીને અન્ય વિદ્યાર્થીને શ્રવણની તક પૂરી પાડવી.
- નાટક,રાસ, ગરબા, ગીત, ભજન ટુચકા વગેરે રજૂ કરી તેમનું ધ્યાન એકાગ્ર બને અને શ્રવણ કૌશલ્ય વિકસે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- કવિ સંમેલન, મુશાયરો કે સાહિત્ય સંમેલન યોજવું
- વિદ્યાર્થીઓને પોતાના અનુભવો વર્ગમાં રજૂ કરવાની પૂરતી તક આપવી જોઈએ.
- ચર્ચાસભા, વાર્તાકથન, વકતૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવું.
- સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી દૃશ્ય-શ્રાવ્ય અનુભવોની તક આપવી.
- નિબંધ, વાર્તા, લોકકથા કે અન્ય પ્રકારના સાહિત્યનો વાચન કાર્યક્રમ ગોઠવવો.
- જો શિક્ષક રસ લઈને કેટલીક રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરશે તો વિદ્યાર્થીઓ જરૂરથી તેમાં ઉત્સાહભેર જોડાશે. આજે કદાચ મોટાભાગના લોકોની એવી ફરિયાદ છે કે મને કોઈ સાંભળતું નથી. પરદેશોમાં તો આવા લોકો ખૂબ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. તેમાં મનોવિજ્ઞાની તેના ગ્રાહકને માત્ર શાંતિથી સાંભળવાનું કામ કરે છે. કદાચ સંબંધો વચ્ચેના સંઘર્ષના મૂળમાં શ્રવણ કૌશલ્ય માટેની પૂરતી ક્ષમતાનો અભાવ આમાં જવાબદાર છે. દરેક વ્યક્તિએ સફળ જીવન અને સફળ વ્યક્તિત્વ ઘડતર માટે ઉત્તમ શ્રોતા બનવાની જરૂર છે. એલ્બર્ટ હુબાર્ટ નામના ચિંતક લખે છે કે,

જે તમારું મૌન સમજી શકતો નથી તે તમારા શબ્દો પણ સમજી શકતો નથી.

મૌનને સાંભળવાની કલા શીખવવા માટે શિક્ષકે અવિરત પ્રયત્નો આદરવા પડશે. હવે પ્રથમ આપણે પ્રગતિ ચકાસીશું. અને ત્યારપછી શ્રવણ કૌશલ્યના એક પાઠઆયોજનની નોંધને સમજવાનો પ્રયત્ન કરીશું.

તમારી પ્રગતિ ચકાસો -3

નોંધ:નીચેના પ્રશ્નમાં મૌલિક ભાષામાં ઉત્તરો નોંધો

1. માધ્યમિક કક્ષાએ શ્રવણ કૌશલ્યલક્ષી કોઈપણ બે રમતોની નોંધ બનાવો.

2. તમારી શાળામાં એક શિક્ષણ તરીકે તમે કોઈપણ બે પ્રવૃત્તિઓનુ સવિસ્તર આયોજન નોંધો.

## 1.11 સારાંશ

સમગ્ર પ્રકરણનો ટૂંકસાર જોઈએ.

જીવનમાં સુખી થવા માટે સાચા શ્રોતા બનવું જરૂરી છે.

- ભાષા અર્થગ્રહણ સાથે બોલતાં આવડે ત્યારે ભાષા આવડી કહેવાય.
- પાયાનાં કૌશલ્યોમાં વાચન અને લેખનને કૌશલ્યો ગણવામાં આવે છે. આ સાથે અનુકથન, મુખવાચન, અનુલેખન અને શ્રુત લેખનનો દ્વૈતિયીક કૌશલ્યોમાં સમાવેશ કરાયો છે. ચારેય કૌશલ્યો પરસ્પર સંકળાયેલાં છે.મહાવરાથી ભાષાકૌશલ્યો કેળવી શકાય છે.
- શ્રવણ એટલે ધ્યાનપૂર્વક, અર્થ ગ્રહણપૂર્વક, શુદ્ધ ઉચ્ચારણ સહિત, ત્વરિત, સંદર્ભસહિત, હાવભાવ સમજીને ધીરજપૂર્વક, રસપૂર્વક વક્તાના વિચારોને પૂર્ણરીતે સમજવાની પ્રક્રિયા.
- શ્રવણની પ્રક્રિયામાં વક્તા, શ્રોતા, સંદેશો, સંદર્ભ, કોડ, સારણી એ ઘટકો તરીકે કાર્ય કરે છે.

- જ્ઞાન મેળવવામાં શ્રવણ પાયાનું કાર્ય કરે છે. રોજિંદા જીવન વ્યવહારની ગતિશીલતા શ્રવણને આભારી છે. પ્રત્યાયનના આજના યુગમાં રેડિયો, ટી.વી. સેલફોનની ટેકનોલોજીની દુનિયામાં શ્રવણ મહત્ત્વનો ભાગ ભજવે છે અને તે રીતે તેનું ખૂબજ મહત્વ છે.
- શિક્ષકે શ્રવણ કૌશલ્યના શિક્ષણમાં બાળકનાં વય, સામાજિક-આર્થિક સ્તર, માનસિક કક્ષાને ધ્યાનમાં રાખવાં જરૂરી છે. શીખવાનું પ્રથમ ચરણ શ્રવણ છે. હાવ-ભાવ વાર્તાકથન, અભિનય વગેરે શ્રવણકૌશલ્યના શિક્ષણ માટે જરૂરી છે.
- વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે એ સામાન્ય હેતુ માટે ધ્યાનપૂર્વક સાંભળે, શુધ્ધ ઉચ્ચારણ સહિત સાંભળે,વાર્તાલાપનો સંક્ષેપ કરે, સંદર્ભસહિત અર્થ ગ્રહણ કરે, વક્તાના વિચારોનું મૂલ્યાંકન કરે વ્યંગ્ય,-વિનોદ, ગંભીરતાને સમજે જેવા અનેક વિશિષ્ટ હેતુઓની સંરચના કરવામાં આવે છે.
- ધ્યાન, સ્મૃતિ, ભેદક ત્વ, વૃધ્ધિ, રુચિ, શારીરિક શકિત, વક્તા અને શ્રોતા વચ્ચેનું અંતર, વક્તાનું વ્યકિતત્વ, વાતાવરણ, ભાષાનું માધ્યમ, શ્રવણનો સમય વગેરે શ્રવણ પ્રક્રિયાને અસરકર્તા પરિબળો છે.
- શ્રવણ કૌશલ્યના શિક્ષણનું આયોજન કરતી વખતે વિદ્યાર્થીના શ્રવણ સ્તરને ધ્યાનમાં રાખવું ખૂબ જરૂરી છે. શિશુવયથી માંડીને ઉચ્ચસ્તરે શ્રવણના વિવિધ સ્તરો છે.
- અવાજ-ભેદ પરખ-પ્રત્યક્ષીકરણ, શ્રવણ એકાગ્રતા, શ્રવણ અર્થગ્રહણ, શ્રાવ્ય સ્મૃતિ ફલક, શ્રવણપુનઃસ્મરણ જેવી રમતો દ્વારા શ્રવણ કૌશલ્યોનું રસપ્રદ શિક્ષણ આપી શકાય. આ જ રીતે વિવિધ પ્રયુક્તિઓ દ્વારા શ્રવણ કૌશલ્યોનો મહાવરો પૂરો પાડી શકાય. શિક્ષણ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિદ્યાર્થીને શ્રવણ કૌશલયના વિકાસ માટે અદ્દભુત પ્રેરણા પૂરી પાડી શકે.

## 1.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ.

પ્રસ્તુત પ્રકરણનું અધ્યયન કરતાં કરતાં જે મુદ્દા પરત્વે તમને ચર્ચા કરવાજેવું લાગ્યું હોય અને વિશેષ સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું હોય તેને તે મદ્દા અંતર્ગત નોંધો

ચર્ચા

સ્પષ્ટીકરણ

## 1.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ 1.4

(2) જુઓ 1.4.1

(3) જુઓ 1.5

2.

(1) જુઓ 1.6

(2) જુઓ 1.7

(3) જુઓ 1.8

3.

(1) જુઓ 1.9.2

(2) જુઓ 1.9.4

# એકમ -2 કથનકૌશલ્ય

એકમની રૂપરેખા

2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશો

2.3 કથનકૌશલ્ય સંકલ્પના

2.4 કથનકૌશલ્યનું મહત્ત્વ

2.5 કથનકૌશલ્ય શિક્ષણના હેતુઓ

2.6 કથન ઉદ્ભવની પ્રક્રિયા

2.7 કથનકૌશલ્યની અસરકારક અભિવ્યક્તિ

2.8 ઉચ્ચાર શુદ્ધિ

2.8.1 ઉચ્ચાર શુદ્ધિનું મહત્ત્વ

2.8.2 અશુદ્ધ ઉચ્ચારણનાં કારણઓ

2.8.3 ઉચ્ચારણમાં થતી સામાન્ય ભૂલો

2.8.4 ઉચ્ચારણ દોષોનું નિદાન અને ઉપાયો

2.9 કથનકૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ

2.10 સારાંશ

2.11 ચર્ચા અને સ્પષ્ટીકરણ

2.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો.

## 2.1 પ્રસ્તાવના :

કુદરતી શરીર રચનામાં મળેલા વાક્અવયવોએ વિશ્વમાં કેટકેટલી ભાષાનું નિર્માણ કરી દીધું, એની કલ્પના આંતરક્રિયા કરે છે. તેના મૂળમાં માણસની બોલવાની શકિત જવાબદાર છે. કવિ હૃદય કદાચ એમ કહે કે ફૂલો પોતાની સુગંધ,રંગો અને નજાતક દ્વારા અભિવ્યકિત કરે છે. વૃક્ષો ફળ અને છાંયડો આપીને અભિવ્યકિત કરે છે. પશુ-પંખીઓ પણ કલરવ દ્વારા સંદેશાની આપ-લે કરે છે. પણ માણસ આ સર્વમાં કંઈક વિશેષ દરજ્જો પ્રાપ્ત કરતો હોય તો તે તેની વાણી છે. અલબત્ત આ વાણીનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના પર જ તેની વિધાયક-નિષેધક અસરોનો આધાર રહેલો છે. પણ વાણીની આ અનન્ય શકિતએ માનવ માટે એક સમાન, સંસ્કૃતિ અને સભ્યતાનું નિર્માણ કર્યું તેમાં કશું ખોટું નથી.

## 2.2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- કથન કૌશલ્યોનો અર્થ સમજી શકશો.
- કથન કૌશલ્યનું મહત્ત્વ જાણી શકશો.
- કથન કૌશલ્યના શિક્ષણ અંગે માહિતી મેળવી શકશો.
- કથન કૌશલ્ય શિક્ષણના હેતુઓ જાણી શકશો.
- કથનનું વ્યવહાર સ્વરૂપ સમજી શકશો.
- કથન કૌશલ્યના મુખ્ય ઘટકોથી વાકેફ થશો.
- કથન કૌશલ્ય અંગેની આવશ્યક બાબતોથી વાકેફ થઈ શકશો.
- કથન કૌશલ્યમાં ઉચ્ચાર શુદ્ધિનું મહત્ત્વ સમજી શકશો.
- અશુદ્ધ ઉચ્ચારણનાં કારણો જાણી શકશો.
- ઉચ્ચારણમાં થતી સામાન્ય ભૂલો અંગે માહિતી મેળવી શકશો.
- ઉચ્ચારણના નિદાન કાર્ય અંગે જાણી શકશો.
- ઉચ્ચારણ દોષોના નિવારણ માટે ઉપચારાત્મક શિક્ષણથી માહિતગાર થશો.
- કથન કૌશલ્યોનો વિકાસ કરવાની પ્રવૃત્તિઓ જાણી શકશો.

## 2.3 કથન કૌશલ્ય સંકલ્પના

વ્યક્તિ જ્યારે પોતાના વિચારોને શુદ્ધ ભાષામાં પ્રસંગોચિત રીતે, યોગ્ય ગતિ, લય, માધુર્ય, સ્પષ્ટતા સાથે સ્વાભાવિક રીતે વાણી દ્વારા રજૂ કરે એટલે કથન કર્યું કહેવાય.

સાદી ભાષામાં કહીએ તો વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ, વાણી દ્વારા યોગ્ય રીતે અભિવ્યક્ત તેને એટલે કથન કૌશલ્ય કહેવાય

માણસ પોતાના વિચારો અને લાગણીઓને કરે બોલીને રજૂ કરે છે તે કથન કહેવાય. ભાષાશક્તિ ભલે શબ્દોની વ્યુત્પત્તિ કે પ્રયોગનો ખ્યાલ આપે, પરંતુ એની શક્તિને સમજાવવાનું કામ મનોવિજ્ઞાનનું છે. શબ્દ શસ્ત્ર પણ છે અને દવા પણ છે. માતાના હાલરડામાં, પિતાની આજ્ઞામાં, દાદી-દાદીના ટહુકારમાં, મિત્રોના લહેકામાં, નેતાઓનાં સંભાષણમાં, અભિનેતાઓની વાકછટામાં, શિક્ષકોનાં વકતવ્યમાં કથન કૌશલ્યનો પડઘો પડે છે.

કથન ભાષાનાં શ્રાવ્યસ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. તે શ્રવણની તુલનામાં ભાષાનું સક્રિય કૌશલ્ય છે. કથન વખતે ભાષાના ધ્વનિઓ ઉચ્ચારણતંત્ર દ્વારા નિષ્પન્ન થાય છે અને તે સમયે વક્તા સક્રિય હોય છે. વાતચીત દરમિયાન વક્તા શ્રાવ્ય માધ્યમ ઉપરાંત મુખમુદ્રા અને ચેષ્ટાની મદદ લે છે. તેથી જ કથન કૌશલ્યમાં દૃશ્ય માધ્યમનો પણ ઉપયોગ થાય છે.

વિચારણા વિના કથન શક્ય નથી. કથન વિચાર પર આધારિત છે. કથન વિચારનો આવિષ્કાર છે. કથન અભિવ્યક્ત વિચાર છે. જ્યારે કોઈ વ્યક્તિ કથન કરે છે ત્યારે તે પહેલાં વિચાર કરે છે. આમ કથનનું વિષયવસ્તુ અભિવ્યક્તિ કરતાં સભાનતા યુક્ત હોય છે. જે કોઈ કથન કરે છે તે સભાનતાપૂર્વક કરે છે. કથન એ ભાષાનું અભિવ્યક્તિલક્ષી કૌશલ્ય છે. બોલવું એટલે માત્ર ભાષા ધ્વનિનું ઉચ્ચારણ જ નહીં પરંતુ બોલવાની શક્તિ એટલે પોતાના મનમાં

ઊઠતા વિચારોને પોતાના વર્ણ્ય વિષયને અન્યની સામે ઉચિત ભાષામાં અભિવ્યક્તિ કરવા સ્વાભાવિકતા,સ્પષ્ટતા , મધુરતા, ગતિશીલતા, શિષ્ટતા, શુદ્ધિ, પ્રભાવોત્પાદકતા, વ્યાવહારિકતા અશક્તિ, જેવા વાણીના ગુણોનો સમન્વય કરીને પોતાના વિચારોને વક્તવ્ય સ્વરૂપે રજૂ કરવાની કળા એટલે કે કથન કે મૌખિક અભિવ્યક્તિ.

આપણા કથન કૌશલ્યનો અર્થ અને સંકલ્પના વિગતે સમજી ગયા. પરંતુ આ કથનકૌશલ્ય કેળવવાની જરૂર શી છે. શા માટે બાળકનું કથન કૌશલ્ય વિકસાવવું જરૂરી છે બાળકના જીવનમાં તેનું શું મહત્વ છે ? તો આ બધાં પ્રશ્નોના જબાવના રૂપમાં જોઈએ કથન કૌશલ્યનું મહત્વ

## 2.4 કથન કૌશલ્યનું મહત્ત્વ

બાળકનો સર્વાંગી વિકાસ તેની મૌખિક અભિવ્યક્તિ પર અવલંબે છે. કોઈ વિદ્વાનનું આ વાક્ય કેટલું યથાર્થ છે . બાળક જે કુંટુંબ, સમાજ કે રાજ્યમાં જન્મ ધારણ કરે છે તે કુટુંબ, સમાજ અને રાજ્યમાં બોલાતી ભાષાને વાતાવરણમાંથી અનુકરણપૂર્વક શીખીને પોતાને અન્યની સામે અભિવ્યક્તિ કરે છે. ત્યારે તેને કોઈ મહત્ત્વની વસ્તુ મેળવી લીધી હોય તેવું લાગે છે. માનવી ભાષા દ્વારાજ પોતાના વિચારો અન્યની પાસે પહોંચાડી શકે છે. આમ, ભાષા એ વિચાર વિનિમયનું મહત્ત્વનું સાધન છે.

- રોજિંદા જીવનમાં વ્યવહાર ચલાવવા માટે- પ્રત્યાયન માટે જરૂરી છે.
- વ્યકિતનામ વ્યક્તિત્વનું મૂલ્ય તેના કથન કૌશલ્ય પરથી અંકાય છે.
- પોતાનાં વિચારો લાગણી આશા આકાંક્ષા કે વેદના અન્યને જણાવવા ઉપયોગી છે.
- જીવનની ઉન્નતિ કે અવનતિ કથન દ્વારા થાય છે.
- શિક્ષક, વકીલ જેવા વ્યવસાયમાં કથન સફળતા અપાવે છે.
- વાચન અને લેખન કૌશલ્યનો આધાર કથન કૌશલ્ય છે.
- સામાજિક રાજકીય ક્ષેત્ર માટે કથન જરૂરી છે.
- બાળકમાં રહેલ સંકોચ દૂર કરવા, પ્રેરણા આપવા માટે કથન જરૂરી છે.
- નાગરિકતાની તાલીમ આપવા-વ્યક્તિને સામાજિક બનાવવા માટે કથન જરૂરી છે.
- વિદ્યાર્થીના વાચન, લેખન ટેવના સમુચિત વિકાસ માટે કથન કૌશલ્ય ઘણું મહત્વનું છે.
- લેખન કાર્યમાં બગડતાં સમય અને શક્તિનો બચાવ કરવા માટે કથનકૌશલ્ય જરૂરી છે.

મૌખિક અભિવ્યક્તિનું મહત્વ આપણા દેશમાં પ્રાચીન કાળથી જ છે તો પશ્ચિમમાં પણ તેનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. આપણે ત્યાં સંસ્કૃતકાળમાં મૌખિક શિક્ષણ અપાતું અને મુખપાઠને ખાસ મહત્વ અપાતું. બાળકોને સુભાષિતો કંઠસ્થ કરાવાતા. અને બોલીને જ બધું શીખવાડવામાં આવતું. સૂત્રશૈલીમાં રજૂઆત કરવાની તાલીમ આશ્રમોમાં અપાતી સંસ્કારી વાણી એ વિદ્યાર્થીનું તપ અને સાચો સંસ્કાર ગણાતી.

કથન કૌશલ્યના મહત્વને જાણ્યા પછી તમને હવે મૌખિક અભિવ્યક્તિ શું છે તેની મહતા કેટલી છે તે સમજાઇ જ ગયું હશે. તો હવે આપણે જોઈશું કે કથન કૌશલ્યના હેતુઓ કયા કયા છે.

બાળકો સ્પષ્ટ, સાચુ સ્વાભાવિક રીતે અને નાના નાનાં વાક્યોમાં બોલી શકે તથા શબ્દભંડોળ સમૃદ્ધ કરી શકે એવી શક્તિનો વિકાસ એ અભિવ્યક્તિના વિકાસનો અત્યંત આવશ્યક હેતુ છે.

આમ, કથન કૌશલ્ય શિક્ષણનો મહત્ત્વપૂર્ણ હેતુ વિદ્યાર્થીઓને સરસ, સુઘડ, સુંદર અને રુચિકર ભાષામાં તથા અન્યને ગમે તેવી રીતે બોલતા કરવાનો છે. આ માટે કથન દ્વારા અભિવ્યક્તિ કરે એવા સામાન્ય હેતુની સંરચના કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના કથન કૌશલ્યનો સારી રીતે વિકાસ કરવા માટે નીચે જેવા હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે.

## 2.5 કથનકૌશલ્ય શિક્ષણના હેતુઓ

વિદ્યાર્થીઓ

- પોતાના વિચારો શુદ્ધ ઉચ્ચારણમાં, યોગ્ય શબ્દભાર સાથે યોગ્ય વાક્ય ભાર દઈને તથા આરોહ અવરોહયુક્ત રજૂ  કરે.
- કથનને શુદ્ધ ભાષામાં અભિવ્યક્ત કરે.
- ક્ષોભ શરમ કે સંકોચ વિના બોલતાં શીખે
- સજ્જતા અને પ્રવાહિતા સાથે કથન કરે.
- હૃદયગત ભાવો, સ્પંદનો કે આવેગોને વાણી દ્વારા અભિવ્યક્ત કરતાં શીખે.
- યોગ્ય ઝડપે બોલતાં શીખે.
- પોતાની અભિવ્યક્તિને રોચક અને પ્રભાવપૂર્ણ બનાવે.
- ચોકસાઈ, સાદાઈ, વિવિધતા અને ગહનતા જેવા ભાષાકીય ગુણોને જાળવીને બોલવાની કુશળતા પ્રાપ્ત કરે.
- ધીરજ અને હિંમતપૂર્વક બોલતાં શીખે.
- સામાજિક વ્યવહારમાં સરળતાથી અને વિનયપૂર્વક વાતચીત કરતાં શીખે.
- સ્વાગત પ્રવચન, પરિચય પ્રવચન, પ્રશંસા, કૃતજ્ઞતા, વધામણી, સંવેદના વગેરે માટે વપરાતી ભાષાથી પરિચિત થાય અને પ્રસંગોપાત ઉપયોગ કરે.
- અભિનયમાં ભાગ લે.
- પ્રભાવપૂર્ણ રીતે વાર્તા કહે.
- કવિતાપઠન કરે.
- ભાષણ આપે -પ્રવચન કરે.
- સામાજિક રાજનૈતિક, વૈજ્ઞાનિક, સાહિત્યિક તથા સાંસ્કૃતિક વિષયો પરના વાતચીત, સંવાદ ચર્ચા તથા વાદવિવાદમાં ભાગ લે.
- પોતાની અસંમતિ તથા પ્રતિક્રિયાને શિષ્ટ તેમ જ સંયમિત ભાષામાં વ્યક્ત કરે.
- પોતાના મનોભાવો જેવા કે હર્ષ, વિષાદ, ક્રોધ , વિસ્મય, આદર વગેરેને ભાવપૂર્ણ રીતે વ્યક્ત કરે .
- વિવિધ વિષયો પરથી મૌખિક અભિવ્યક્તિમાં ક્ષમતા પ્રાપ્ત કરે.
- પ્રસંગોને અનુરૂપ ઔપચારિક ભાષાના ઉપયોગ માટે સમર્થ બને.

આપણે કથન કૌશલની સંકલ્પના, મહત્ત્વ અને હેતુઓ વિશે ચર્ચા કરી. કથન કરતી વખતે વક્તા અને શ્રોતા વચ્ચે કેવી રીતે વ્યવહાર છે તે જેમ શ્રવણ કૌશલ્યના અધ્યયન વખતે શીખ્યા હતા તે જ સંદર્ભે તેને શીખીશું. અહીં કથન અને શ્રવણ કૌશલ્ય વચ્ચે ગાઢ સંબંધ છે. શ્રવણ કૌશલ્યમાં શ્રોતા મુખ્ય છે. કથન કૌશલ્યમાં વક્તા મુખ્ય છે. આ અંગેની સ્પષ્ટ સમજ મેળવતા પહેલાં આપણે પ્રગતિ ચકાસી લઈશું.

**તમારી પ્રગતિ ચકાસો-1**

**નોંધ-નીચેના પ્રશ્નોના તમારી ભાષામાં જવાબ લખો.**

1. કથન કૌશલ્યની સંકલ્પના જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. કથન કૌશલ્યના તમને વધુ મહત્ત્વના લાગતા પાંચ હેતુઓ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 2.6 કથન ઉદ્‌ભવની પ્રક્રિયા

શિક્ષકની ભૂમિકા , માર્ગદર્શન કે શિક્ષણના અનુભવો સંવેદનીય હોવાં જોઈએ કારણ કે તેનાં સંવેદનની તીવ્રતા, સંવેદના કે સંદેશાની અભિવ્યક્તિ આતુરતા કે અજંપો સર્જશે જે તેને અભિવ્યક્તિ કરવાની ફરજ પાડશે. પરિણામે સંવેદના કે સંદેશો સંરચનામાં મૂકવાની કામગીરી વક્તા કરશે. એટલે કે શિક્ષકના કથન કૌશલ્ય શિક્ષણ લક્ષી પ્રયત્નોને સંવેદનીય બનાવવાના ત્રણ આધારો છે.

- શ્રવણ
- અવલોકન
- અનુભવનો મહાવરો

જેમ કે બાળક શ્રવણ કરી અનુશ્રવણ કરે. બાળક અવલોકન કરી, કથન વર્ણન કરે અને પ્રવૃતિ દ્વારા પરિસ્થિતિ , અનુભવનું વર્ણન કરે.

આ મહાવરો જેમ વધતો જશે. તેમ વક્તાની ગુણવત્તા વધવાની શક્યતાઓ પણ વધશે. તેમનો આત્મવિશ્વાસ પણ વધશે. આ પ્રત્યેક સ્તરના પ્રયત્નોનો સમન્વય શિક્ષણની સમયમર્યાદાઓ જાળવી કરવો પડે. વળી અભિવ્યક્તિના મહાવરા માટે અભિવ્યક્તિનાં ઘટકોનું ઉચ્ચારણ, અવાજની માત્રા, કથનની ઝડપ, હાવભાવનો પણ સમન્વય કરવાનો, આ સંદેશા કથનલક્ષી અને અભિવ્યક્તિ લક્ષી સમન્વય કરતી પ્રવૃતિઓનું આયોજન એ શિક્ષકની ભૂમિકાનું બીજું ક્ષેત્ર છે. કારણ કૌશલ્યલક્ષી પ્રવૃતિ વ્યક્તિગત યોજવી કે સમૂહગત યોજવી? વર્ગમાં યોજવી કે વર્ગબહાર યોજવી.? કઈ પ્રવૃત્તિઓ યોજવી? જેમાં વિચારણીય પ્રશ્નો શિક્ષકને પડકાર રૂપ બને છે. જેમાં સંદેશા કથનલક્ષી ઘટકો જેવા કે, પરિસ્થિતિ, ઘટના, પ્રસંગ, ક્રિયા, દૃશ્ય , શ્રવણ, અવલોકન, સંવેદન સંદેશાની સંરચના, ઉચ્ચારણનો સમન્થવય કરવાનો મહાવરો આપવાની પ્રવૃતિ અંગે વિચારણા કરવી.

તમને આ પારિભાષિક શબ્દો થકી એક સંકુલ પ્રક્રિયાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અગાઉ જે ચર્ચા કરી તે સંદર્ભમાં વિદ્યાર્થીઓને કથન કૌશલ્ય શીખવવા માટે તેમના સંવેદનો(વિચારભાવ) કેવી રીતે સંદેશાની સંરચના કરે છે અને તે કેવી રીતે અભિવ્યક્તિ કરે છે. તેના પર જ આ કૌશલ્યના વિકાસનો આધાર છે. આ ત્રણ ઘટકો મુખ્ય છે પણ તેની અભિવ્યક્તિને સુચારુ બનાવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવા જેવી છે.

## 2.7 કથન કૌશલ્યની અસરકારક અભિવ્યક્તિ

ક્રમિકતા

બોલવામાં આવતા વાક્યો ઘટનાક્રમ મુજબ બોલવા જોઈએ. ઉપરાંત વાક્યમાં શબ્દક્રમ પણ યોગ્ય રીતે ગોઠવાયેલો હોવો જોઈએ.

દા.ત. ગાયનું શુદ્ધ દૂધ અહીં મળે છે.

શુદ્ધ ગાયનું દૂધ અહીં મળે છે.

ઉપરોક્ત ચર્ચાનો ટૂંકસાર રજૂ કરીએ તો કથન કૌશલ્યની અસરકારક અભિવ્યક્તિ માટે નીચેની બાબતો આવશ્યક ગણાય.

- ઉચ્ચારણોની ચોકસાઈ હોવી જોઈએ.
- વિચારો મૌલિક રીતે રજૂ કરવા જોઈએ.
- ભાષા પરનું પ્રભુત્વ હોવું જોઈએ.
- સ્વસ્થતાથી વકતવ્ય રજૂ કરવું
- વકતવ્યમાં આવતા મુદ્દાના મહત્વઅનુસાર તેની ચર્ચા કરો.
- ટૂંકી યા લાંબી વાત સ્પષ્ટ અને સરળતાથી થવી જોઈએ.
- વકતવ્યમાં ઉચિત આંકડા, અવતરણો, દૃષ્ટાંતો આપવાં જોઈએ.
- વકતવ્ય મુદ્દાસર, ક્રમબદ્ધ અને પ્રમાણસરનું હોવું જોઈએ.
- વકતવ્યની શરૂઆત યોગ્ય અને જરૂરી સંબોધનથી થાય
- વાક્યો શબ્દો કે માહિતીનું પુનરાવર્તન ન થવું જોઈએ.

- વકતવ્યની ઝડપ યોગ્ય હોવી જોઈએ.
- વકતવ્યમાં વણાયેલ લાગણીઓ , વિચારો, સંવેદનો વગેરેને અનુરૂપ મુખ પર ભાવ આવવા જોઈએ અને તે પ્રમાણે અવાજ ધીમો મોટો કરવો જોઈએ.

આમ, કથન કૌશલ્યના વિકાસ માટે આવશ્યક બાબતો ઘણી છે. આ બધી બાબતોનું ધ્યાન રાખીએ તો કથન કૌશલ્ય ઉત્તમ રીતે વિકસી શકે.

કેન્દ્રીત કરીશું કે કથન કૌશલ્યનું શિક્ષણ કેવી રીતે અપાય ? ત્યારબાદ તેની પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરીશું.

## 2.8 ઉચ્ચાર શુદ્ધિ

કથન કૌશલ્યમાં સારા કથન માટે ઉચ્ચારશુદ્ધિ એ માત્ર આવશ્યક નહીં પણ અનિવાર્ય બાબત છે. ઉચ્ચારણ શુદ્ધિને કેન્દ્રમાં રાખીને ભાષાવિજ્ઞાનીઓએ ઘણાં સંશોધનો કર્યાં છે. વ્યકિતના બોલવાનો સમગ્ર આધાર ઉચ્ચાર શુદ્ધિ પર છે. અહીં આપણે તેના મહત્ત્વ, ઉચ્ચારણની ભૂલો, કારણો, નિદાન અને ઉપાય અંગે વિસ્તૃત ચર્ચા કરીશું. કેમ કે શિક્ષકની અહીં પ્રમુખ ભૂમિકા છે. શિક્ષકે જ બાળકોની ઉચ્ચારશુદ્ધિમાં પૂરેપુરું ધ્યાન આપવું પડશે. તે માટે તેણે કેટલીક બાબતોની પાયાની જાણકારી મેળવવી પડશે. નીચેની બાબતોનો આપણે અભ્યાસ કરીશું.

### 2.8.1 ઉચ્ચાર શુદ્ધિનું મહત્ત્વ

ઉચ્ચારશુદ્ધિ એ કથન કૌશલ્યમાં અનન્ય શકિત છે. આ બાબતનો ખ્યાલ તેનાં મહત્ત્વ પરથી આવશે. ઉચ્ચારશુદ્ધિનું મહત્ત્વ નીચે મુજબ છે.

- વ્યકિતના સમગ્ર વ્યકિતત્ત્વને ઓપ અને ઓજસ અર્પનાર વાણીની વિશુદ્ધતા, મધુરતા અને સંસ્કારિતા ઉચ્ચારણ પર અવલંબે છે.
- વિદ્યાર્થીની મૌખિક કે લેખિત અભિવ્યકિતની કુશળતા તેની ઉચ્ચાર શુદ્ધિ પર આભારી છે.
- સુનાગરિક અને સુસંસ્કારી માણસની પારાશીશી શુદ્ધ ઉચ્ચારણ છે.
- मुर्खोऽपि शोभते तावत् सभायां वस्त्रवेष्टित ।
  यदा यदा मुखरित वाक्यधाराणां तदा तदा ज्ञातिकुलं प्रमाणम्
  જેવી ઉકિતઓ તેની સાક્ષી પૂરે છે.
- ભાષાની પ્રભાવોત્પાદકતા તથા આકર્ષતામાં વધારો થાય છે.
- અર્થના અનર્થો ટાળી શકાય છે.
- ભાષા કર્ણપ્રિય બને છે.
- ભાષામાં સૌંદર્યનો આવિર્ભાવ થાય છે.

આમ, વ્યકિતના વ્યકિતત્વને પ્રગટ કરી તેને સંસ્કારિતાની સૌરભે મહેકતો કરવા માટે અને સાચા અર્થમાં ભાષાનું શિક્ષણ આપવા માટે શુદ્ધ ઉચ્ચારણની કાળજી રાખવી અતિ આવશ્યક છે. ભાષાનો શિક્ષક જ્યારે ભાષાનું અધ્યાપન શરૂ કરે ત્યારે તેણે પોતાના આસપાસના બાળકોને જે વિભિન્ન વાતાવરણમાંથી આવતા હોય છે, તેમને શુદ્ધ ભાષામાં બોલતા કરવાની ફરજ બની જતી હોય છે. તો આ ફરજ નિભાવવા માટે શિક્ષકે અશુદ્ધ ઉચ્ચારણનાં કારણો જાણવાં જરૂરી છે.

બાળક જ્યારે બોલવાની શરૂઆત કરે છે ત્યારે તે પોતાના આસપાસ બોલાતી ભાષાનું ધ્યાનપૂર્વક શ્રવણ કર્યા બાદ તેવા ધ્વનિયંત્રના સહારે કરવાની શરૂઆત કરે છે. આસપાસનું વાતાવરણ તેની ભાષઆ ઉપર અસર કરતું હોય છે. બોલચાલની ભાષા જેવી લેખિત ભાષા બોલતાં હોય છે માટે ભાષાનાં શુદ્ધ ઉચ્ચારણો શીખવવા જરૂરી બની જાય છે. આ માટે આપણે અશુદ્ધ ઉચ્ચારણના કારણો જાણવા જોઈએ. જે નીચે મુજબ છે.

## 2.8.2 અશુદ્ધ ઉચ્ચારણનાં કારણો

સામાન્ય રીતે અશુદ્ધ ઉચ્ચારણનાં મુખ્યત્વે ચાર કારણો છે.

- શારીરિક કારણો
- વાતાવરણજન્ય કારણો
- મનોવૈજ્ઞાનિક કારણો
- પરિસ્થિતિજન્ય કારણો
- શારીરિક કારણો

  ઉચ્ચારણ માટે જીભ, હોઠ, પડજીભ, સ્વરપેટી, ફેફસાં જેવા શારીરિક અવયવો કાર્ય કરે છે. આમાંથી કોઈ અવયવ ખામીવાળા હોય તો ઉચ્ચાર દોષ થવાની સંભાવના રહે છે.

### વાતાવરણ જન્ય કારણો

આપણે આગળ જોયું તેમ ભાષા સર્જિત સંપત્તિ છે અને ભાષાનું સર્જન આસપાસનાં વાતાવરણમાંથી થતું હોય છે. પરિણામે વાતાવરણની અસરને કારણે વિદ્યાર્થીઓના ઉચ્ચારમાં અશુદ્ધિ આવે છે. જેમાં

- કૌટુંબિક વાતાવરણ
- સમાજિક વાતાવરણ
- પ્રદેશ વિશેષની અસર
- વિભાષીઓની અસર

આપણે એક પછી એક કારણને વિગતે સમજીએ

1. કૌટુંબિક વાતાવરણ

   બાળક પ્રાથમિક ભાષા પરિવારમાંથી શીખતું હોય છે. અને ધીમે ધીમે તે ભાષામાં પ્રાવીણ્ય મેળવતું હોય છે. બાળકની પ્રાથમિક અવસ્થામાં કુટુંબમાં ને તેની રહેણી કરણીથી સર્જાતું વાતાવરણ બાળકના ઉચ્ચાર માટે વિશેષ જવાબદાર બને છે. મા-બાપ, ભાઈ-ભાંડું વગેરેના ઉચ્ચાર સંસ્કાર બાળકના જીવન ક્યારામાં સિંચાય છે. કુટુંબનો ઉચ્ચારદોષનો સંસ્કારવારસો બાળકના ઉચ્ચારને ખામીયુક્ત બનાવવામાં મોટો ભાગ ભજવતો હોય છે.

2. સામાજિક વાતાવરણ

   કુટુંબ પછી બાળક પર સમાજનું વાતાવરણ અસર કરે છે. બાળકની આસપાસના વાતાવરણ અનુસાર સમાજના લોકોના ખામીભર્યા ઉચ્ચારણો બાળક પણ અનુકરણથી શીખે છે.

3. પ્રદેશ વિશેષની અસર

   " બાર ગાઉએ બોલી બદલાય " એ કહેવત અનુસાર બાલચાલની ભાષામાં ભૌગોલિક

પરિસ્થિતિ અસર કરે છે. ગુજરાતમાં ચરોતરી, સુરતી, કચ્છી, સોરઠી, ઝાલાવાડી, જેવી બોલીઓ પ્રચલિત છે. દરેક બોલીને આગવી લઢણ છે અનોખો લહેંકો છે, જુદેરી છાંટ છે. પરિણામે આ પ્રદેશવિશેષની અસર સાહિત્યિક ભાષામાં આવે છે. અને વિદ્યાર્થીઓ લાંબી ટેવને કારણે અશુદ્ધ ઉચ્ચાર કરતાં થઈ જાય છે.

4. વિભાષીઓની અસર

વેપાર, વાણિજ્ય, ધંધા કે પ્રવાસઅર્થે ભારતમાં અન્ય પ્રદેશના વિશેષના લોકો આવતા હોય છે. તેઓ ગુજરાતી ભાષા બોલતા હોય છે ત્યારે તેઓની ભાષાની લઢણ, જાણે અજાણ્યે તેમના ઉચ્ચારણોમાં આવે છે તેની અસર આ પ્રદેશના લોકો ઉપર થતી હોય છે.

### મનોવૈજ્ઞાનિક કારણો.

જ્યારે માણસ ભાષા બોલે છે ત્યારે તેને જે પરિસ્થિતિમાં બોલવાનું થાય છે તે પરિસ્થિતિ મનોવૈજ્ઞાનિક વૈજ્ઞાનિક અસર તેની ઉપર થતી હોય છે. અને તેથી તે લઘુતાગ્રંથિથી કે ગુરુતાગ્રંથિથી પીડાતો હોય છે. આમ શિક્ષિત વ્યક્તિ ઘણીવાર લોકબોલીમાં અને અશિક્ષિત વ્યક્તિ સુધરેલું બોલવાની ઘેલછામાં અશુદ્ધ ભાષા બોલવા લાગે છે.

### પરિસ્થિતિજન્ય કારણો

ઉપર્યુક્ત કારણો સિવાય અન્ય તાત્કાલિક નીપજતાં એવાં ઘણાં પરિબળો છે કે જેના કારણે વિદ્યાર્થી અશુદ્ધ ઉચ્ચારણ કરવા પ્રેરાય છે આવાં કારણોમાં અનુકરણની અસર વિશેષ જોવા મળતી હોય છે.

- આવાં અનુકરણોમાં વિદ્યાર્થીઓ પોતાની માનીતી વ્યક્તિનું અનુકરણ
- ફિલ્મના પાત્રોનું અનુકરણ
- શિક્ષક દ્વારા બોલાતી ભાષાનું અનુકરણ
- તોતડું બોલતાં નાના બાળકોનું અનુકરણ
- વિદેશીઓનું અનુકરણ કરે છે.

આ પ્રમાણેની અનુકરણની ટેવના પરિણામે ભાષામાં ઉચ્ચાર અશુદ્ધિ આવે છે.

આપણે વિદ્યાર્થીઓમાં કથન કૌશલ્યમાં કેવાં કારણોને લઈને ભૂલો થાય છે તે જોયું. હવે માતૃભાષાનાં શિક્ષક તરીકે આપણે જે બાળકોને માતૃભાષા શીખવવા જઈએ છીએ તે બાળકોની બોલવામાં સામાન્ય રીતે કેવી ભૂલો થતી હોય છે તથા આ ભૂલો નિવારવા આપણે શિક્ષક તરીકે શું કરી શકીએ વગેરે બાબતોને તપાસીએ.

## 2.8.3 ઉચ્ચારણમાં થતી સામાન્ય ભૂલો.

## 2.8.4 ઉચ્ચારણદોષોનું નિદાન અને ઉપાયો

વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષો શોધી તેનું નિદાન કરવા માટે નીચે જેવા પ્રયત્નો કરી શકાય

મુલાકાત

વિદ્યાર્થીઓ સાથે નિયમિત મુલાકાત કરી તેમની સાથે વ્યક્તિગત વાતચીત કરીને તેમના ઉચ્ચારદોષો જાણી શકાય.

### કથન

વર્ગ શિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીને ચર્ચા કે કથન કરાવવું અને તેમાં થતા તેનાં ઉચ્ચારદોષોની નોંધ કરવી.

### પ્રમાણભૂત કસોટીએ

ઉચ્ચારણ નિદાન માટે પ્રમાણભૂત કસોટીઓનો ઉપયોગ કરી ઉચ્ચાર દોષોની નોંધ કરી શકાય.

### સ્પર્ધા

વર્ગ પૂરતી મર્યાદિત વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા, વાચન સ્પર્ધાનું આયોજન કરી તેમા વક્તવ્ય દરમ્યાન થતાં ઉચ્ચારદોષોની નોંધ કરી શકાય.

આપણે આ મુદ્દામાં જોયું કે ઉચ્ચારણ દોષોનું નિદાન કેવી રીતે કરી શકાય. એક કુશળ શિક્ષક ઉચ્ચારદોષોનું નિદાન બહુ સારી રીતે કરી શકે છે પરંતુ તે કુશળ શિક્ષક ઉચ્ચારદોષોનું માત્ર નિદાન કરીને બેસી રહે તો તે નિદાનનો શો ફાયદો ? તેની નિદાન કાર્ય પાછળ ખર્ચાયેલ ઊર્જા વ્યય થાય છે માટે તે ઊર્જાની હજુ વધુ કિંમત આંકવા માટે શિક્ષકે નિદાન પછી તેના ઉપચાર માટે વિચારી યોગ્ય પગલાં લેવા જોઈએ. એક કુશળ શિક્ષકની કુશળતા ત્યારેજ સાબિત થાય જ્યારે તે ઉચ્ચારદોષનો ઉપાયો સફળતાપૂર્વક શિક્ષણ વ્યવહારમાં મૂકી શકે. તો તે ઉચ્ચારદોષોને દૂર કરવા તમે શિક્ષક તરીકે કયા ઉપાયો કરી શકો ? તે અંગે નીચેની સારણીમાં વિગતો રજૂ કરી છે. સારણીના અભ્યાસથી વિદ્યાર્થીની જે તે ઉચ્ચારણ ખામીનો ખ્યાલ આવશે અને તે માટે ઉપાયો કરી શકાય તેની સમજ મળશે.

## સારણી-1

## ઉચ્ચારદોષોનું નિદાન અને ઉપચાર

1. નિદાનનું પરિણામ

   વિદ્યાર્થી શારીરિક નબળાઈને કારણે તોતડાઈને, થોથવાઈને કે અટકી અટકીને ઉચ્ચાર કરે છે.

### ઉપચાર

શારીરિક નબળાઈ માટે નિષ્ણાતની સલાહ લેવા વાલીને સલાહ આપવી અને નિષ્ણાતની સલાહ અનુસાર ઉપચાર કરવા.

2. વાતાવરણજન્ય કારણો લઈને વિદ્યાર્થી અશુદ્ધ ઉચ્ચારણ કરે છે.

- શિક્ષકે વિદ્યાર્થીને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું

  અંગત વાતચીત-મુલાકાતમાં સાંકળી બોલવાની તક આપી ઉચ્ચારશુદ્ધિ માટે પ્રયાસ કરવા.
- સહઅભ્યાસ પ્રવૃતિઓમાં સાંકળી વાતાવરણ પૂરું પાડવું.

3. મનોવૈજ્ઞાનિક કારણોને લઈને વિદ્યાર્થી શરમ, સંકોચ કે ભય કે લઘુતાગ્રંથિથી કે ગુરુતાગ્રંથિથી પીડાઈને ઉચ્ચાર દોષ કરે છે.

- વિદ્યાર્થીને પ્રેમ અને હૂંફ મળે તેવું વાતાવરણ પૂરું પાડવું.

નાટક

નાટકની રજૂઆત કરવા સંવાદો કંઠસ્થ કરવા, હાવભાવ અને અભિનય કરવાના હોય છે. આ માટે

- કોઇ લેખકનું નાટક રજૂ કરાવી શકાય.
- પાઠ્યપુસ્તકમાં આપેલી વાર્તાઓ કે પ્રસંગ-ઘટના પર આધારિત એકમોનું નાટ્યરૂપાંતર કરી નાટક રજૂ કરાવી શકાય.

વકતૃત્વ સ્પર્ધા

આ સ્પર્ધા માટે અગાઉથી વિષય આપીને કે તરત જ વિષય આપીને બોલવાનું કહી શકાય. વિદ્યાર્થી પોતાના વિચારો કે મંતવ્યોને વાચા આપી શકે છે. જરૂર પડે ત્યાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે તે ઈચ્છનીય છે.

લેખન કાર્ય પહેલાં ચર્ચા

વર્ગમાં લેખન પહેલાં હંમેશા ચર્ચાનું સ્થાન અગત્યનું છે. જ્યાં સુધી વિષયની છણાવટ મૌખિક રીતે ન થાય, વિષયની પકડ બાળકના હાથમાં આવી શકે નહી ત્યાં સુધી બાળક લખી શકે નહી. નિબંધના તાસમાં લખાવતાં પહેલાં નિબંધના વિષ્યની મૌખિક ચર્ચા થવી જોઈએ.

ચર્ચા પરિસંવાદ

વિદ્યાર્થી પોતાના વિચારો રજૂ કરે, તેની તર્કશક્તિ દલીલ કરવાની આવડત, વાકપટુતા , વિચારોની ક્રમિક રજૂઆત અને સાતત્ય જળવાય તે રીતે રજૂઆત કરવાની આવડત વિકસાવવા ચર્ચા પરિસંવાદ જરૂરી છે. આ માટે આપેલા વિષય પર વિદ્યાર્થી સમગ્રલક્ષી વિચારો રજૂ કરે તેવી સ્પર્ધા યોજી શકાય.

કવિ સંમેલન-મુશાયરાનું આયોજન

ઈતરવાચન તાસમાં મુક્ત ચર્ચાઓનું આયોજન

ઈતર વાચનના તાસ દરમ્યાન પણ વિવિધ પ્રકારની ચર્ચાઓનું આયોજન કરીને બાળકની વકતૃત્વ શક્તિ વિકસાવવાના પ્રયત્નો હાથ ધરી શકાય છે. વાચનના તાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ જે કાંઇ વાંચ્યું હોય તેના પર તેઓના વિચારો રજૂ કરવાની પ્રેરણા આપીને વિદ્યાર્થીઓને બોલાવવાની તાલીમ આપી શકાય. જેમા કોઇ પ્રસંગનું વર્ણન, કોઇ પાત્રની વિશેષતાઓ, વાંચેલી કવિતાનું રસદર્શન, જેવી બાબતોનો સમાવેશ કરી કુશળ ભાષાશિક્ષક તેને સાહિત્યાભિમુખ પણ કરી શકે.

અંત્યાક્ષરી. સ્પર્ધા

અંત્યાક્ષરી સ્પર્ધા શબ્દ સ્વરૂપે અને ગીત સ્વરૂપે યોજી શકાય, આ રીતે ત્વરિત નિર્ણય શક્તિ, યાદશક્તિ, તર્કશક્તિ અને વાકશક્તિમાં સમૃદ્ધિ લાવી શકાય છે. સાહિત્ય પ્રત્યેની અભિરુચિ વધે છે.

### શબ્દ રમતોનું આયોજન

મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે બાળકો પાસે શબ્દસમૃદ્ધિનું હોવું પણ અત્યંત આવશ્યક છે. બાળકોનું શબ્દભંડોળ વધારવા માટે તથા બાળકોમાં શબ્દોના અર્થ અને કાર્યો દૃઢ થાય એ માટે શિક્ષક જુદી જુદી શબ્દ રમતો અને વાક્ય રમતોનું આયોજન કરી શકે છે.

આ માટે એક શબ્દ પરથી પૂર્વગ કે પ્રત્યય લગાડીને અથવા સામાસિક શબ્દો બનાવીને શબ્દભંડોળ સમૃદ્ધ બનાવી શકાય છે. દા.ત. આનંદ ઉપરથી આનંદકારી, આનંદદાયક, આનંદઘેલું, આનંદજનક, આનંદપૂર્ણ, આનંદવિભોર, આનંદબજાર, આનંદમેળો , અખંડઆનંદ, નિજાનંદ જેવા શબ્દો બની શકે. આમ, વિવિધ શબ્દોની રમતો રમાડીને તેના કથન કૌશલ્યોનો વિકાસ સારી રીતે કરી શકાય.

આ ઉપરાંત અનેકાર્થી શબ્દો, વિરૂદ્ધાર્થી શબ્દો, પર્યાયવાચી શબ્દો વગેરેની વિવિધ રમતોનું આયોજન કરીને પણ વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધારી તેને બોલવાની તાલીમ આપી શકાય છે.

આ પ્રકરણમાં આપણે કથન કૌશલ્ય વિશે ઊંડાણપૂર્વકની સમજ કેળવવાનો પ્રયત્ન કર્યો. કેટલીક વખત અલંકારિક ભાષામાં એવું કહેવાતું હોય છે કે તે બોલે છે તો જાણે ફૂલ ઝરે છે. શું આપણે પ્રત્યેક વિદ્યાર્થી માટે આવા પ્રયત્નો ન કરી શકીએ ? મનોવિજ્ઞાની બી.એફ.સ્કિનરે યુદ્ધવિહિન સમાજની કલ્પના કરી છે. માણસને આપણે સત્ય પણ સરસ રીતે બોલતાં શીખવાડી દઈએ તો અણુશસ્ત્રોની જરૂરત નહીં રહે તમે શિક્ષક તરીકે આ દિશામાં સક્રિય બનશો. શિક્ષક તરીકે આ કાર્ય સુપેરે કરી શકો માટે એક આયોજન નોંધ મૂકી છે.

## 2.10 સારાંશ

### સંકલ્પના

વ્યક્તિના પોતાના વિચારો અને લાગણીઓ વાણી દ્વારા યોગ્ય રીતે અભિવ્યક્તિ કરવા એટલે કથનકૌશલ્ય

### મહત્ત્વ

રોજિંદા જીવનમાં પ્રત્યાયન માટે, વ્યક્તિત્વનું મૂલ્ય સમજવા, વિચારો લાગણીઓ અન્યને જણાવવા, શિક્ષક વકીલના વ્યવસાયમાં સફળતા મેળવવા વાચન અને લેખન કૌશલ્યનો આધાર, સામાજિક-રાજકીય ક્ષેત્ર માટે જરૂરી, બાળકને પ્રેરણા આપવા, નાગરિકતાની તાલીમ આપવા, સમય અને શક્તિના બચાવ માટે કથનકૌશલ્ય જરૂરી છે.

પોતાના વિચારો શુદ્ધ ઉચ્ચારણમાં, યોગ્ય શબ્દભાર, યોગ્ય વાક્યભાર, આરોહ-અવરોહયુક્ત રજૂ કરે. તે અત્યંત આવશ્યક છે આ માટે બાળક

- ક્ષોભરહિત બોલે, હિંમત સાથે બોલે.
- સજ્જતા અને પ્રવાહિતાયુક્ત કથન કરે.
- ચોકસાઈ સાદાઈ, વિવિધતા, ગહનતા જાળવી કથન કરે.
- પ્રસંગને અનુરૂપ ભાષાનો ઉપયોગ કરે.
- અભિનય , વાર્તાકથન, કવિતા પઠન, સંવાદ, વાદ-વિવાદમાં ભાગ લે.

## અનુભવનો મહાવરો

- કથન કૌશલ્યની અભિવ્યક્તિને અસરકારક બનાવવા માટે નીચેની બાબતો મહત્વની છે.

  સ્પષ્ટ શુદ્ધ ઉચ્ચારણ, ગતિ અને સુશ્રાવ્યતા
- વિરામ ચિહ્નો, સ્વરભાર, શબ્દોની પસંદગી
- માધ્યમિક કક્ષાએ કથન કૌશલ્ય વિકાસ
- પોતાના અનુભવ, અન્યના અનુભવ, પ્રતિભાવ આપે
- પોતાની સમજ કે અર્થગ્રહણને વ્યક્ત કરે
- તુલના કરે, સર્જનાત્મકતા વિકસાવે
- માધ્યમિક કક્ષાએ કથન કૌશલ્ય વિકસાવનાર પ્રવૃત્તિઓ કરે.

  પ્રાસંગિક કથન, પાઠ્યપુસ્તકોમાંથી નોંધપાત્ર ઉકિતઓ, વર્ણનાત્મક કથન, વ્યકિતવિશેષની અભિવ્યકિત, કથન શૈલી અપનાવે.

વ્યકિતના સમગ્ર વ્યકિતત્વને ઓપ આપનાર મૌખિક લેખિત અભિવ્યકિતની કુશળતા ઉચ્ચારશુદ્ધિ પર આધારિત, સુસંસ્કારી માણસની પારાશીશી, ભાષા કર્ણપ્રિય, ભાષાની પ્રભાવોત્પાદકતામાં વધારો, ભાષાની સુંદરતામાં વધારો થાય.

## અશુદ્ધ ઉચ્ચારણનાં કારણો

શારીરિક વાતાવરણજન્ય મનોવૈજ્ઞાનિક, પરિસ્થિતિ જન્ય, ઉચ્ચારણમાં થતી સામાન્ય ભૂલો. શ ને બદલે હ, ળ ને સ્થાને ર કે લ, રૂ ને બદલે રૂ, સ ને સ્થાને શ, આ ને બદલે ઓ, દ ા ને બદલે ધ, જને સ્થાને ઝ કે જ, ઘ અને ગ નો ભેદ ન રાખવો , જોડાક્ષરોમાં ઉચ્ચારદોષ, ણ ન નાં સમાન ઉચ્ચારો, શબ્દો તોડીને ઉમેરીને જોડાક્ષરોને લંબાવીને, જુસ્સા લહેકાથી ઉચ્ચાર દોષ થવાં.

## ઉચ્ચારણનું નિદાન

- મુલાકાત, કથન, પ્રમાણભૂત કસોટીઓ, સ્પર્ધા દ્વારા
- ઉચ્ચારણ દોષોના નિવારણ માટે ઉપચારાત્મક શિક્ષણ
- નિષ્ણાતની સલાહ, યોગ્ય વાતાવરણ, પ્રેમ હૂંફ, વાગઅવયવો અંગે પૂરતી માહિતી આપવી, શુદ્ધ ભાષા બોલવાનું મહત્વ સમજાવવું.

## કથન કૌશલ્ય કેળવતી પ્રવૃત્તિઓ

- વાર્તાકથન, પ્રાર્થના પ્રવૃત્તિ, નાટક, વકતૃત્વ સ્પર્ધા, લેખન કાર્ય પહેલાં ચર્ચા, ચર્ચા-પરિસંવાદ, કવિસંમેલન, મુશાયરાનુ આયોજન, ઈતરવાચન તાસમાં મુક્ત ચર્ચાઓનું આયોજન, અંત્યાક્ષરી સ્પર્ધા, શબ્દ રમતોનું આયોજન

## 2.11 ચર્ચા અને સ્પષ્ટીકરણ

કથન કૌશલ્ય વિશે અધ્યયન કર્યા પછી જે મુદ્દાઓ અંગે તમને વિશેષ ચર્ચા કે સ્પષ્ટીકરણ કરવા જેવું લાગે તેને તે મુદ્દા અંતર્ગત નોંધો.

ચર્ચા

સ્પષ્ટીકરણ

## 2.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ મુદ્દો 2.3

(2) જુઓ 2.5

# એકમ-3 વાચન કૌશલ્ય

એકમની રૂપરેખા

3.1 પ્રસ્તાવના

3.2 ઉદ્દેશો

3.3 વાચન કૌશલ્ય-સંકલ્પના

3.4 વાચન કૌશલ્યનું મહત્ત્વ

3.5 વાચન કૌશલ્યનું શિક્ષણ

3.6 વાચન કૌશલ્ય શિક્ષણના હેતુઓ

3.7 વાચન શિક્ષણની પદ્ધતિઓ

3.8 વાચનના પ્રકાર

3.8.1 મુખવાચન : સંકલ્પના અને મહત્ત્વ

3.8.2 મૂકવાચન :સંકલ્પના અને મહત્ત્વ

3.9 વાચન શોખ વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ

3.10 વાચનમાં થતી ભૂલોનાં કારણો

3.11 સારાંશ

3.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ

3.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 3.1 પ્રસ્તાવના

મહાત્મા ગાંધીજીથી માંડીને અનેક મહાપુરુષોના જીવનમાં પુસ્તકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. વાચન માનવજીવનના ઘડતર અને વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. વાંચન દ્વારા જ્ઞાનનાં દ્વાર ખુલે છે, વિવિધ પ્રકારના મહાનુભાવો અને સાહિત્યકારોનો પરિચય થાય છે. જીવન જીવવા માટેનું પાથેય વાચન પુરું પાડે છે.

## 3.2 ઉદ્દેશો.

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- વાચનનો અર્થ અને સંકલ્પના સમજી શકશો.
- વાચન કૌશલ્યનું મહત્ત્વ સમજી શકશો.
- વાચન કૌશલ્ય શિક્ષણ અંગે જાણી શકશો.

- વાચન શિક્ષણના હેતુઓથી પરિચિત થશો.
- વાચન શિક્ષણની પદ્ધતિઓથી વાકેફ થશો.
- વાચનના બન્ને પ્રકાર મુખવાચન અને મૂકવાચનની સંકલ્પના, અને મહત્ત્વ, સમજી શકશો
- વાચન શોખ વિકસાવવા માટેના પ્રયત્નો અંગે માહિતગાર થઈ શકશો.

## 3.3 વાચન કૌશલ્ય : સંકલ્પના

વાચન કૌશલ્યની નીચે મુજબ વ્યાખ્યાઓ જોવા મળે છે.

- વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે.
- વાચન એટલે લખેલા શબ્દો કે ભાષાના ધ્વનિઓના દૃશ્ય સંકેતો ઓળખીને તેમનો અર્થ સમજવાની પ્રક્રિયા.

રોબિન્સન

- વાચન એ તર્કની પ્રક્રિયા છે.

થોર્નડાઈક

- વાચન એ ચિંતનશીલ, વિચારશીલ, પ્રક્રિયા છે.

બેટ્સ

- વાચન એ અર્થ શોધવાની અને પ્રાપ્ત કરવાની (સમજવાની)પ્રક્રિયા છે.

કેન્રો

- વાચન એ મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રત્યાભિજ્ઞા કરતાં પણ વિશેષ છે.

સથ સ્ટ્રેંગ

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે ખ્યાલ આવશે કે વાચન કૌશલ્યને પણ શ્રવણ અને કથનની જેમ શરીર વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક એવાં બે પાસાં છે. લખેલા શબ્દોને આંખ વડે જોઈએ છીએ તે વાચનએ શરીર વૈજ્ઞાનિક પાસું છે. વાચન માટે તે જરૂરી છે પરંતુતે પૂરતું નથી. લખેલા શબ્દોના અર્થ સમજાય ત્યારે વાચનની ક્રિયા પૂરી થાય છે.

અર્થગ્રહણની પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક છે.

અભણ માણસ લખાણને જુએ છે, પણ તેનું અર્થઘટન કરી શકતો નથી. તેવી જ રીતે ધો-5-6માં ભણતું બાળક કોલેજ કક્ષાની અંગ્રેજીની ચોપડીમાંથી છાપેલા અક્ષરો વાંચી શકશે. પરંતુ તે લખાણનો અર્થ સમજી શકશે નહીં. આમ, વાચન માટે છાપેલા, મુદ્રિત થયેલા ધ્વનિ સંકેતો ઉકેલવા ઓળખવા અને સાથે તેનો અર્થ પણ સમજવો તે બાબત મહત્વની છે.

આમ, વાચનની વિચારણા કરતા નીચેની ત્રણ બાબતો ધ્યાન પર આવે છે.

- વાચનને બાળકની ક્ષમતા સાથે સંબંધ છે.
- વાચન પ્રક્રિયા ક્રમિક છે.
- વાચન પ્રક્રિયામાં મુદ્રિત સંકેતોનું દર્શન, ઓળખ, ભેદપરખતા અર્થઘટન, અર્થગ્રહણ, તર્ક, વિચાર અને ચિંતન જેવી પેટા પ્રક્રિયા સમાયેલી છે પણ આ પેટા પ્રક્રિયાનો અમલ

વાચન પ્રવૃતિ દરમ્યાન થાય છે કે નહીં તેનો આધાર વાચન કૌશલ્યના વિકાસ પર રહેલો છે.

વાચનની સંકલ્પનાને આધારે કહી શકાય કે વાચન એટલે લખાયેલા શબ્દો અને ભાષાના ધ્વનિઓના દશ્ય સંકેતોને ઓળખીને અર્થ સમજવાની પ્રક્રિયા શ્રવણ કરતી વખતે આપણે વક્તાના ધ્વનિ સંકેતોનું અર્થઘટન કરીએ છીએ. વાચન કરતી વખતે લેખકના વિચારોને મુદ્રિત શબ્દોમાં પ્રાપ્ત કરીએ છીએ. શ્રવણ કૌશલ્યમાં એક વખત વક્તા બોલે અને આપણે ધ્યાનથી સાંભળી લીધું તો બરાબર, નહીં તો વક્તાને ફરી વાર કહેવાય નહીં કે, મારું ધ્યાન ન હતું. તમે ફરીથી બોલો. પણ વાચન કરનારને એ સૌથી મોટો ફાયદો કે તે ધ્યાન ચૂકી જાય તો પુન: વાચન કરી શકે. આપણે તેના મહત્ત્વ વિશે વિગતે વિચાર કરીએ

## 3.4 વાચન કૌશલ્યનું મહત્ત્વ

વાચક પોતાની ક્ષમતા અનુસાર પઠન કરી શકે તે સાથે નીચે દર્શાવ્યા પ્રમાણે વાચનનું મહત્ત્વ વિશેષ છે.

જ્ઞાન મેળવવા:

વાચન દ્વારા જગતનાં મૂર્ત અને અમૂર્ત પદાર્થો વિશે જ્ઞાન મેળવી શકાય છે. પ્રવર્તમાન બનાવો, વૈજ્ઞાનિક શોધો, દેશ-વિદેશના સમાચારો, મહાન વ્યક્તિઓ વિશે, તેમનાં લખાણો, વગેરે જાણકારી વાચન દ્વારા મળે છે.

જ્ઞાનના વિસ્ફોટ યુગમાં જ્ઞાન પ્રાપ્તિ વાચનથી જ થઇ શકે છે.

### શૈક્ષણિક સફળતા મેળવવા

શાળામાં શીખવાતા અનેક વિષયો દ્વારા વિદ્યાર્થી જ્ઞાન મેળવે છે. આ જ્ઞાન મેળવવા માટે સૌ થી અસરકારક કોઈ સાધન હોય તો તે વાચન છે. જે વિદ્યાર્થીની વાચનક્ષમતા સારી હોય છે. તે વિદ્યાર્થીની જ્ઞાનલબ્ધિ પણ સારી હોય છે. તેથી શૈક્ષણિક સફળતા મેળવવામાં વાચન અનિવાર્ય છે.

### વ્યવસાયમાં સફળતા મેળવવા

સમાજમાં વિવિધ વ્યવસાય કરતા લોકો જેવા કે વેપારી, વકીલ, ખેડૂત, એન્જીનિયર ડોકટર, શિક્ષક વગેરેને પોતાના વ્યવસાયની અદ્યતન માહિતી વાચન દ્વારા જ મળી શકે છે. વ્યવસાયને લગતી વાચનસામગ્રીનાં વાચન દ્વારા તેઓ પોતાના વ્યવસાયમાં સફળતા મેળવી શકે છે.

### મનોરંજન મેળવવા

રુચિ અનુસારનું વાચન કરી માનવ નવરાશની પળોનો ઉપયોગ કરી શકે છે. નવલકથા, નાટક, વાર્તાઓ, નવલિકા, જીવનચરિત્ર, કાવ્ય વગેરેનાં વાચનથી આનંદ મળે છે. આમ વાચન એ મનોરંજનનું આગવું સાધન છે.

### જીવન જીવવામાં માર્ગદર્શન મેળવવા

રોજબરોજના વ્યવહારમાં અનુકૂળ થવા માટે વાચન જરૂરી છે. સમાજમાં આવતાં પરિવર્તનોથી વ્યક્તિની રહેણીકરણી અને ભૂમિકામાં પણ પરિવર્તન આવે છે. પરિવર્તન પામતા સમાજની સાથે અનુકૂલન સાધવા માટે નવાં કૌશલ્ય, જ્ઞાન અને વલણ કેળવવાં પડે છે. વ્યક્તિ વાચન દ્વારા જ નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

- લેખનક્ષમતા વિકસાવવા માટે વાચનક્ષમતા જરૂરી છે.

  અનેક જાહેર સ્થળોએ સૂચના લેખિત સ્વરૂપે હોય છે. જો તે સૂચનાઓ વાંચવામાં ન આવે તો વ્યક્તિને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- વાચન દ્વારા વ્યક્તિ તેના સાંસ્કૃતિક વારસાને જાણી શકે છે.
- વસ્તુ ખરીદતી વખતે પોતાના હક્કો અને વસ્તુ અંગેની પૂરેપૂરી માહિતીથી પરિચિત થવા વાચન જરૂરી છે.
- સમાજ અને દુનિયાનાં અન્ય વ્યક્તિઓ સાથેનો સંપર્ક કરવા અને જાળવી રાખવા

  વાચન કૌશલ્યનું મહત્ત્વ જણાવતાં ભાષાવિદો કહે છે.

  વાચન પૂર્ણ માનવીનું સર્જન કરે છે.

  - ફ્રાન્સિસબેકન

  વાચન એ જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કરાવનાર જાદુઈ દ્વાર છે.

## 3.5 વાચન કૌશલ્યનું શિક્ષણ

બાળકને લેખિત ધ્વનિ સંકેતોને ઉકેલીને તેનું અર્થગ્રહણ કરવાની ક્ષમતા પ્રદાન કરનારું શિક્ષણ એટલે વાચન કૌશલ્ય શિક્ષણ તેથી વાચન કૌશલ્યનું શિક્ષણ આપવું જરૂરી છે.વાંચન તજજ્ઞોનું અભ્યાસ તારણ એવું સૂચવે છે કે સામાન્ય રીતે વાચન શીખવા માટે બાળકની 6 વર્ષની વયમર્યાદા ઉચિત છે. છતાં. બાળકનાં વિદ્ય-વિકાસના વૈયક્તિક ફાયદો ધ્યાનમાં લેતાં વાચન સંશોધન તજજ્ઞો વાચન શીખવવાની શરૂઆત પહેલાં બાળકની વાચન તત્પરતા તપાસવાનો આગ્રહ રાખે છે. તો આ વાચન તત્પરતા એટલું શું સૌ પ્રથમ વાચન તત્પરતા અંગે સમજીએ પણ તે પહેલાં પ્રગતિ ચકાસી લઈશું ?

ઉપરોક્ત વાચન ચત્પરતાના ઘટકો અને જવાબદાર પરિબળોને ધ્યાનમાં રાખી વાચન તત્પરતાની પ્રવૃત્તિઓ આપવામાં આવે તો બાળકની વાચન તત્પરતા વિકસાવી શકાય છે. તો શિક્ષક તરીકે આ પ્રવૃત્તિઓનું અધ્યયન કરી વિદ્યાર્થીઓમાં વાચન તત્પરતા ખિલવવાનો પ્રયાસ કરીએ.

### 3.5.1 વાચન તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

નીચેની પ્રવૃત્તિઓનું અધ્યયન કરતા જ લાગશે કે વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિઓમાં કેટલી મઝા પડે.

- પ્રાણીઓ, પક્ષીઓ, ફળ, વસ્તુઓ, ક્રિયાઓના ચાર્ટ દ્વારા ઓળખ આપવી.
- વિવિધ સ્થળોની મુલાકાતે લઈ જઈ પ્રત્યક્ષ અનુભવો દ્વારા વસ્તુ-ઓળખ કરાવવી.

- સૂચના પ્રમાણે કામ કરે-પ્રવૃત્તિ કરે.
- અવાજ પારખવાની પ્રવૃત્તિઓ કરાવવી.
- પેન પકડતાં શીખવવું- સ્લેટ આપી મન ફાવે તેવાં લીટાં કરવા દેવા.
- બાળગીતો-વાર્તા-જોડકણાંના અનુભવ આપવા
- દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા વિવિધ ચિત્રો દ્વારા ઓળખ આપવી, અવાજના અનુભવ આપવા.

હવે આપણે વાચન કૌશલ્યના હેતુઓ, વાચન-અર્થગ્રહણ અને તેની કક્ષાઓ વિશે વિચારીશું પણ તે પહેલાં વાચન-તત્પરતા અંગે તમે કેટલી સમજ કેળવી છે તે ચકાસી લઈએ.

તમારી પ્રગતિ ચકાસો -1

નોંધ- નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. વાચન કૌશલ્યની સંકલ્પના સમજાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. વાચન કૌશલ્યનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ નોંધો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. વાચનની બે વ્યાખ્યાઓ આપો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

4. તમે એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં વાચન તત્પરતા કેળવવા માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરશો ?

## 3.6 વાચન કૌશલ્ય શિક્ષણના હેતુઓ

માધ્યમિક કક્ષાએ વાચન કૌશલ્ય માટેનો સામાન્ય હેતુ છે વિદ્યાર્થીઓ વાચન દ્વારા અર્થગ્રહણ કરે. આ હેતુ માટે નીચેના વિશિષ્ટ હેતુ ઓની સંરચના થઈ શકે.

વિદ્યાર્થીઓ

- અર્થબોધ તથા યતિ સાથે મૂકવાચન કરે.
- અપેક્ષિત ગતિ, લય સાથે શુદ્ધ રીતે મુખવાચન કરે.
- મધ્યવર્તી વિચાર કે સાર આપી શકે.
- વાચન દ્વારા શબ્દના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ ધ્વન્યાર્થ સમજે.
- વાંચેલી સામગ્રી પર પોતાના પ્રતિભાવ આપે.
- જ્ઞાન,આનંદ અને પ્રેરણા માટે વાંચે.
- પાઠ્યવસ્તુ તથા તેની રજૂઆતનો આસ્વાદ માણે.
- શબ્દો અને રૂઢિપ્રયોગના જ્ઞાનમાં ક્રમિક વૃદ્ધિ કરે.
- સાહિત્યપ્રત્યે અભિરુચિ વિકસાવે.
- શબ્દોના સંદર્ભગત અર્થ અર્થકોશનાં આધારે મેળવે.
- સંદર્ભ પ્રમાણે શબ્દોના અર્થ અને અર્થછાયાઓ.
- પઠિત સામગ્રીના ભાવ, વિચાર તથા તથ્યોના ગુણ દોષોનું વિશ્લેષણ કરે.
- સાહિત્યનાં સ્વરૂપોથી પરિચિત થાય.
- શબ્દચિત્ર તથા અલંકારો જાણે અને તેના પ્રભાવનું આસ્વાદન કરે.
- ભાષાની શક્તિ અને સૌંદર્યનો આસ્વાદ કરાવે.
- પઠિત અને અપઠિત પરિચ્છેદોને શીર્ષક આપે.
- પાઠમાં રજૂ થયેલા વિચાર અને ભાષાશૈલી અંગે પોતાનો પ્રતિભાવ આવે
- પાઠમાં આલેખાયેલા મુખ્ય તથ્યો, ભાવો અને વિચારોને સમજે તથા તેઓ વચ્ચેના પારસ્પરિક સંબંધને સમજે.

અહીં એ સ્પષ્ટ થશે કે જેમ શ્રવણ કૌશલ્યમાં પણ શબ્દો કાન સાથે અથડાય તેથી શ્રવણ થઈ જતું નથી. તેનો અર્થબોધ થવો જરૂરી છે. અહીં પણ આંખ શબ્દોને ઓળખી લે તેથી વાચનકાર્ય પૂર્ણ થઈ જતું નથી. પણ લેખકના વિચારોને અર્થપૂર્ણ સમજવા જરૂરી છે. આ પ્રકિયા માટે સજ્જ થતાં વર્ષો લાગી જતા હોય છે. માટે આપણે વાચન અર્થગ્રહણ વિશે વિસ્તારથી સમજીશું.

## 3.7 વાચન શિક્ષણની પદ્ધતિઓ

વાચન શિક્ષણની વિવિધ પદ્ધતિઓ છે જે પ્રાથમિક શિક્ષણ માટે ઘણી ઉપયોગી છે. આ દરેક પદ્ધતિની વિગતે સમજ કેળવીએ.

1. મૂળાક્ષર પદ્ધતિ (અક્ષરબોધ પદ્ધતિ)

   આ પદ્ધતિ મુજબ મૂળાક્ષર બોધ, તેના ભાગ-સ્વર-વ્યંજનબોધ-તેને જોડતા લિપિ સંકેતો અને શબ્દોનું વાચન, વાકયવાચન જેવો સમન્વય કિયાક્રમ હોય છે જેથી ઉચ્ચારણ અન સંકેતમાં આ પદ્ધતિનું ગૃહિત એવું છે કે મૂળાક્ષર સ્વરૂપ, નામની જાણકારી, તેની ઓળખ, અને ઉચ્ચારણમાં મદદરૂપ બનશે અને અંતે આવા શબ્દ અને શબ્દોનાં અંગ, ઘટકોની મદદથી ઘણા શબ્દોની ઓળખથી વાચન કરી શકશે. આ પદ્ધતિ મનોવિજ્ઞાનના અભિસંધાન સિદ્ધાંત પર આધારિત છે.

   આ પદ્ધતિનો ઉપયોગ કરનારાઓની આધારરૂપ ધારણા એવી છે કે વાચન શીખવા માટે બાળક પાસે મૂળાક્ષરોનું જ્ઞાન અનિવાર્ય છે. શબ્દ ઓળખ માટે ડાબેથી જમણી બાજુ આંખની ગતિને ઉચ્ચારણ કરવું એ વાચન પ્રક્રિયાનું પ્રથમ સોપાન છે. છતાં વિદેશોના સંશોધનોના તારણ મુજબ આ પદ્ધતિથી પ્રાપ્ત વાચન સિદ્ધિ પ્રારંભિક કક્ષાએ બાળકને સફળ બનાવે છે તેમજ નબળી સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબનાં બાળકોને આ પદ્ધતિથી વિશેષ લાભ થાય છે.

   આ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.

- જેમ કે આ પદ્ધતિ અરૂચિકર અને અમનોવૈજ્ઞાનિક જણાઇ છે.
- બાળકો મૂળાક્ષરોનું રટણ કરવામાં વાચરુચિ કેળવી શકતાં નથી.
- મૂળાક્ષર તૂટક તૂટક વાંચવાની ટેવ પડે છે.
- વાચન ઝડપ કેળવાતી નથી.

2. ધ્વનિ ઉચ્ચારણ પદ્ધતિ :

   આ પદ્ધતિથી શબ્દના ધ્વનિ ઘટકોના આંશિક ઉચ્ચારણ દ્વારા શબ્દોચ્ચારણ સિદ્ધ કરી શકાય. ઉચ્ચારણ શાસ્ત્રના સિદ્ધાંત મુજબ મૂળાક્ષરનું ઉચ્ચારણ પણ શબ્દના સંદર્ભમાં થાય છે અને તેનું સંદર્ભ સ્થાન તેના યોગ્ય ઉચ્ચારણને નિશ્ચિત કરે છે. ધ્વનિ ઉચ્ચારણ પદ્ધતિનાં મુખ્ય આધારો :

- શબ્દ ધ્વનિ ઉચ્ચારણ અને પેટા ધ્વનિ ઉચ્ચારણ અંશોની ક્ષમતા કેળવવી
- ચિત્ર પરથી મૂળાક્ષર - શબ્દધ્વનિ, ઉચ્ચારણ ઓળખી, ધ્વનિ ઉચ્ચારણ કરવું.
- નવા શબ્દોના ધ્વનિ ઉચ્ચારણ માટે ક્ષમતાનો ઉપયોગ કરવો.

   આ પદ્ધતિ વિવિધ પ્રકારના શબ્દો તથા અક્ષરોના સામ્ય પર આધાર રાખતી પદ્ધતિ છે.

આ પદ્ધતિમા ઉચ્ચારણ ધ્વનિમાં સામ્યતા ધરાવતા શબ્દો કે અક્ષરોનું જ્ઞાન બાળકોને પહેલાં આપી દેવામાં આવે છે. દા.ત. બિલ, મિલ, દિલ જેવા શબ્દો ઉચ્ચારણ સામ્ય ધરાવે છે. આવા શબ્દોનું જ્ઞાન બાળકોને પહેલાં આપી દેવામાં આવે છે અને તેના આધારે વિદ્યાર્થીઓને વાચન શીખવવામાં આવે છે. આ વિધિથી બાળકોને ધ્વનિ સામ્ય ધરાવતા શબ્દોના ઉચ્ચાર તો સારી રીતે કરતા આવડી જાય છે. પરંતુ, આ પદ્ધતિથી વાચનમાં સંપૂર્ણ કુશળતા પ્રાપ્ત કરી શકાતી નથી.

3. શબ્દ વાચન પદ્ધતિ (જુઓ અને વાંચો પદ્ધતિ)(Look and say Method)

આ પદ્ધતિમાં વર્ણ, અક્ષર ધ્વનિ, મૂળાક્ષરને બદલે શબ્દને એકમ તરીકે સ્વીકારી તેના વાચનનો મહાવરો અપાય છે. શરૂઆતમાં ચિત્રોની મદદથી શબ્દોને ઓળખવામા આવે છે. પછી શબ્દોના મૂળાક્ષરોનું જ્ઞાન મેળવે છે. ચિત્ર સિવાયના શબ્દની ઓળખ આપવા માટે અન્ય સંકેતોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે

- એક જ વર્ગના શબ્દો
- નામનું-સંજ્ઞાનું બહુવચન દર્શાવતાં રૂપો
- ભાષામાં વારંવાર વપરાતો શબ્દ
- સંજ્ઞા, ક્રિયા અથવા વિશ્લેષણની દૃષ્ટિએ શબ્દ પસંદગી

બાળકના વાચનને પોષક આ પદ્ધતિ છે. બાળક આ પદ્ધતિથી શબ્દ અને અર્થને સમજવા પ્રયત્ન કરે છે. બાળક કૃતિ દ્વારા શબ્દ પ્રભુત્વ મેળવે છે. બાળક શબ્દના સંકેતોને ઓળખતાં તે સ્વપ્રયત્ને શબ્દના વર્ણ, સ્વર સંબંધિત તેનું ઉચ્ચારણ, સંકેત અને વિચારથી સ્વાભાવિક ક્રમે પરિચિત થાય છે. બાળકોને સંયોગી ઉચ્ચારણનો મહાવરો આપતા વર્ણો, સ્વરોની ઓળખ, ક્ષમતા પ્રાપ્તિ માટે જરૂરી એવું સામાન્યીકરણ સિદ્ધ કરવામાં સરળતા રહે છે.

ધ્વનિથી બાળક નવા શબ્દોની ઓળખ સહેલાઈથી કરી શકતો નથી. બાળકો ચિત્રોને જોઈને વાંચે છે. પણ શબ્દના અક્ષરની અવગણના થાય છે.બાળકને શિક્ષકનો સતત સહારો લેવો પડતો હોવાથી તે પોતાની જાતે વાચન કરી શકતો નથી.

4 વાક્ય પદ્ધતિ :

આ પદ્ધતિ શબ્દ પદ્ધતિનું સ્વરૂપ કહી શકાય. તે શબ્દના અર્થગ્રહણ , ઓળખને બદલે વાક્યના અર્થગ્રહણને મહત્ત્વ આપે છે સાથે વાક્યને અર્થના એકમ તરીકે સ્વીકારે છે. બાળકો વર્ણ કે શબ્દને છૂટક છૂટક વાંચવાને બદલે આખા વાક્યને વાંચવાનો પ્રયત્ન કરે છે. જેથી વાચંવાની ઝડપ અને રુચિ વધે છે. બાળકોના જાણીતાં વપરાશનાં વાક્યો, પાઠ્યપુસ્તકના પાઠનાં વાક્યોનો ઉપયોગ કરવામાં આવે છે. બાળક સ્વાભાવિક અર્થગ્રહણ સાથે વાક્યો વાંચવા ટેવાય છે. તેમના વ્યવહારની વાક્ય સામગ્રી અનુભવ સંબંધિત વાક્યો મદદરૂપ બને છે. વાક્યાર્થ જાણ્યા પછી બાળકો શબ્દોના અર્થ, સંરચના સમજવામાં અજ્ઞાન રહે છે. બાળકો પૂર્ણ વાક્ય વાંચવામાં મુશ્કેલી અનુભવે છે. વાક્યોની મર્યાદિત સંખ્યાને લીધે શબ્દો પણ મર્યાદિત સંખ્યામાં વાચગા દેવાય છે. બાળકોને શબ્દજોડણીનો ખ્યાલ આવતો નથી.

5. વાર્તા પદ્ધતિ

આ પદ્ધતિ અનુસાર શરૂઆતમાં વર્ગમાં બાળકોને વાર્તા કહેવામાં આવે છે. જેથી બાળકો પાત્રોની વાતચીત, પ્રસંગલક્ષી વાક્યો વગેરેથી પરિચિત થાય છે. આ વાર્તાનાં કેટલાંક

વાક્યો, તેમાના શબ્દો, તેના અક્ષરો વગેરેનું જ્ઞાન આપવામાં આવે છે. તેમાં આવતા નવા શબ્દોનું પણ જ્ઞાન આપવામા આવે છે. વાર્તા સાતત્યને કારણે વિદ્યાર્થીઓનો વાચન પ્રયત્ન જળવાઈ રહે છે. આ પદ્ધતિને વાક્ય પદ્ધતિના વિસ્તરણ સ્વરૂપે ઓળખવામાં આવે છે.

આ પદ્ધતિમાં બાળક શરૂઆતથી જ અર્થગ્રહણનો મહાવરો મેળવે છે. જેમ કે વાર્તાનો ઘટનાક્રમ સમજે છે. અનુમાન કરી શકે છે. પરિણામનો વિચાર કરે છે. તુલના કરે છે. અને બોધ તારવે છે.બાળકને વાર્તામાં રસ પડતાં તે સાહજિક વાચન શીખવાનો પ્રયાસ કરે છે. તૂટક તૂટક વાંચવાને બદલે વાક્ય વાચન કરતાં વાચન ઝડપ પણ વધે છે.

આ પદ્ધતિથી બાળકો શરૂઆતથી જ વાક્યોના શબ્દોને ઓળખી અર્થગ્રહણ કરવાનું ટાળે છે. આ આવડત-યોગ્યતા લાંબા સમયે વિકસે છે. બાળકો વાર્તા સ્મરણ, અનુમાનથી વાંચે છે. જેથી વાક્ય, શબ્દ, વર્ણોની સભાનતા ઓછી હોય છે. નિશ્વિત વાક્યો અને શબ્દોથી લખાયેલી વાર્તા પણ ઓછી મળે છે. જેથી શિક્ષકની કામગીરી વધે છે. ઉચ્ચ ધોરણો માટે આ પદ્ધતિની ઉપયોગિતા વિશ્વાસ યોગ્ય નથી.

6. સામૂહિક વાચન પદ્ધતિ

આ પદ્ધતિમાં શિક્ષક અભિનયગીત, જોડકણાં, બાળગીત, ઊર્મિગીત કે વાર્તાના વાચનનું નિદર્શન આપે છે. વિદ્યાર્થીઓ શિક્ષકના નિદર્શનનું સામૂહિક અનુકરણ કરે છે અને આમ અનુકરણ કરતાં કરતાં આદર્શ વાચન શીખી જાય છે.

આ પદ્ધતિથી ક્ષોભ કે શરમ અનુભવતાં બાળકો પણ સામૂહિક પ્રયત્નોમાં સામેલ થાય છે. પરિણામે ઉચ્ચારદોષ ,પ્રાદેશિક ઉચ્ચારણ મર્યાદાઓનું નિવારણ થાય છે. સંયુક્તાક્ષરના ઉચ્ચારણનો વિશ્વાસ કેળવી શકે છે. તો પ્રયત્ન દ્રઢીકરણથી પોતાના ઉચ્ચારણની સભાનતા પણ કેળવી શકે છે. બાળકની વાચન શ્રવણ એકાગ્રતા અને શ્રવણ દ્વારા અર્થગ્રહણની પ્રક્રિયાને પોષક બને છે. સાથે તેનો સ્મૃતિ ફલક પણ વિકસતો રહે છે. આ પદ્ધતિમાં શિક્ષકના વાચન નિદર્શનની મર્યાદાઓ, વિદ્યાર્થીના વાચનની પણ મર્યાદા બની જાય છે. બાળકો પોતાની મર્યાદાઓની અવગણના કરવાનું પણ વલણ કેળવે છે.

7 અનુકરણ પદ્ધતિ

આ પદ્ધતિમાં શિક્ષક તમામ વર્ણોનો ઉચ્ચાર કરીને બાળકોને તાલીમ આપે છે. બાળકો શિક્ષકના ઉચ્ચારણનું અનુકરણ કરે છે. અને ધીમે ધીમે વાંચતાં શીખી જાય છે. પરંતુ આ પદ્ધતિનો પ્રયોગ ખાસ કરીને અન્ય ભાષાઓનું વાચન શીખવતી વેળાએ થાય છે. પોતાના ઉચ્ચારણની સભાનતા પણ કેળવી શકે છે. બાળકની વાચન શ્રવણ એકાગ્રતા અને શ્રવણ દ્વારા અર્થગ્રહણની પ્રક્રિયાને પોષક બને છે. સાથે તેનો સ્મૃતિ ફલક પણ વિકસતો રહે છે. આ પદ્ધતિમાં શિક્ષકના વાચન નિદર્શનની મર્યાદાઓ વિદ્યાર્થીના વાચનની પણ મર્યાદા બની જાય છે. બાળકો પોતાની મર્યાદાઓની અવગણના કરવાનું પણ વલણ કેળવે છે.

8. સાહચર્ય પદ્ધતિ

આ પદ્ધતિ શબ્દ અને તેને સાર્થક ચિત્રનું સાહચર્ય કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બાળકોને અનુભવ ક્ષેત્રના-વ્યવહારમાંથી શબ્દો નક્કી કરીને તેને સાર્થક ચિત્રો પરથી જુદાં-જુદાં ચિત્રો અને પૂંઠા પરના સંબંધિત શબ્દનું સાહચર્ય રચવાનું હોય છે. આ પ્રવૃત્તિ બાળક માટે શબ્દ અને ચિત્રની સાથે શબ્દ સાહચર્ય અભિમુખતા કેળવવામાં મદદરૂપ બની શકે. સાહચર્ય રચવાથી બાળકો માટે ગમ્મત સાતે જ્ઞાનની રમત બની રહે છે.

આ પદ્ધતિ દ્વારા બાળકોની ચિત્રલગની સાહચર્ય ગ્રહણને અસરકારક બનાવે છે.

આમ આ પદ્ધતિઓમાંની કોઈ એક પદ્ધતિ બધાં બાળકો માટે લાભદાયી નથી. કોઈ એક પદ્ધતિનો જુદા જુદા શિક્ષકો દ્વારા સમાન અમલ થવો શક્ય પણ નથી. છતા, વાચન કૌશલ્યના વિવિધ પાસાના વિકાસ માટે જુદી જુદી પદ્ધતિઓ ઉપયોગમાં આવે છે. વળી વિશ્લેષણ પ્રક્રિયા અપનાવતી પદ્ધતિ બધાં બાળકો માટે ઉપયોગી નથી જણાઈ સંશ્લેષણ પદ્ધતિ કેટલાંક બાળકો માટે ઉપયોગી જણાઈ છે.

આમ, વાચન શિક્ષણ પદ્ધતિની સફળતા બાળકની વય, કક્ષા, સજ્જતા તેમજ શિક્ષકની યોગ્યતા સૂઝ અને રુચિ પર આધારિત છે.

વાચન શિક્ષણની વિવિધ પદ્ધતિઓના અભ્યાસ કર્યા પછી એવું ચોક્કસ લાગે કે જો શિક્ષક આ પદ્ધતિઓ અખત્યાર કરે તો વિદ્યાર્થીઓ એવી ફરિયાદ ન કરે કે હું વાંચું છું પણ મને યાદ રહેતું નથી. અને પરીક્ષા માટે વિદ્યાર્થીને ગોખવું પડે છે તે પણ ન કરવું પડે.એક વખતે એક ચિંતકે હળવી ટકોર કરતાં કહ્યું હતું કે હોશિયાર અને નબળા વિદ્યાર્થી વચ્ચે એક જ તફાવત છે કે, હોંશિયાર વિદ્યાર્થી પરીક્ષા પછી ભૂલી જાય છે અને નબળો વિદ્યાર્થી પરીક્ષા પહેલાં ભૂલી જાય છે. વિદ્યાર્થીએ જેનું અધ્યયન કર્યું છે તે વિશેની જો સમજ ન હોય તો તેનો અર્થ સરતો નથી, કેટલીક વખત વિદ્યાર્થીઓ શાંત વાચન કરવાને બદલે ચાલતાં ચાલતાં મોટેથી વાચતા હોય છે. કેટલાકને સૂતાંસૂતાં વાંચવાની ટેવ હોય છે. અને કેટલાકને કોઈ પત્ર મોટેથી વાંચવાનું કીધું હોય તો એવું તૂટક તૂટક વાંચે કે તેનો અર્થબોધ જ ન થાય . તો હવે આપણે વાચન કૌશલ્યના બે પ્રકારો વિશે અધ્યયન કરીશું. પણ તે પહેલાં તમારી પ્રગતિ ચકાસી લઈએ.

## તમારી પ્રગતિ ચકાસો-2

નોંધ-નીચેના પ્રશ્નોના તમારી ભાષામાં જવાબ લખો.

1. માધ્યમિક કક્ષાએ તમને સૌથી વધુ મહત્ત્વ લાગ્યા હોય તેવા પાંચ વિશિષ્ટ હેતુઓ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

1. તમારી દષ્ટિએ વાચન કૌશલ્યની કઇ બે પદ્ધતિઓનો ઉપયોગ વધુ અનુકૂળ છે. શા માટે?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 3.8 વાચનના પ્રકાર

વાચનના મુખ્ય બે પ્રકાર છે.

1. મુખવાચન
2. મૂકવાચન

### 3.8.1 મુખવાચન : સંકલ્પના

બાળક જયારે લેખિત કે મુદ્રિત લિપિબદ્ધ સંકેતોને ઉકેલતાં શીખે ત્યારથી જ તે મુખવાચન શીખવાનું શરૂ કરે છે. સંકેતને દષ્ટિથી સંકેતનું ધ્વનિ સંકેતમાં પ્રગટીકરણ થવું એનું નામ જ મુખવાચન.

### 3.10.2 મુખવાચનનું મહત્ત્વ

વ્યકિતના જીવનમાં મુખ વાચનનું સ્થાન ખૂબ મહત્વનું છે.

સંમેલનો, સભાઓ, મિટીંગો, સંશોધન, પરિષદો, વ્યાખ્યાનોમાં મુકવાચન ઉપયોગી બને છે.

બાળકના દષ્ટિ ધ્વનિ ફલક વિકસાવવામાં મુખ વાચન મહત્ત્વનું બની જાય છે.

બાળકની વાચન ટેવો, આવડતો, કુશળતાઓ અને ખામીઓના નિદાન અને ઉપચાર માટે મુખવાચન કરાવવામાં આવે છે.

વાચન અર્થગ્રહણની ચકાસણી માટે મુખવાચન જરૂરી છે.

બાળકેને વાચન માટેની અનિવાર્ય પ્રાથમિક ક્રિયાઓ જેવી કે શબ્દ ઓળખ, દષ્ટિ ફલક અને ઉચ્ચારણ આ ત્રણેયનો સમન્વય કરવાનો મહાવરો મળે છે.

આ મહાવરો વધતાં બાળકમાં આત્મવિશ્વાસ, ઝડપ અને અર્થગ્રહણ ઝડપી બને છે.

કવચિત્ ઘરમાં કોઇનો પત્ર આવે અને પુત્ર કે પુત્રીને એ પત્રનું મોટેથી વાચન કરવાનુ કહીએ ત્યારે તરત મુખવાચનનાં લક્ષણો પર ધ્યાન કેન્દ્રિત થાય છે. અહીં કથન કૌશલ્યના લક્ષણોનો સમાવેશ તો થાય છે જ પણ સાથે સાથે જે પત્ર કે પુસ્તક વાંચી રહ્યા છે તેને કેવી રીતે પકડ્યું છે, આંખ અને પુસ્તક વચ્ચે કેટલું અંતર છે. તે બધી બાબતો મહત્વની બની જાય છે.

### 3.8.2 મૂકવાચન સંકલ્પના

મુખ વાચન એ જાહેર જીવનની મૂકવાચન જરૂરિયાત છે. જ્યારે મૂકવાચન એ વ્યક્તિગત જીવનની જરૂરિયાત છે. ખરેખર તો મૂકવાચન જ જિંદગીભર નભે છે. એકવાર વાંચવાનું શીખી લીધા બાદ વ્યક્તિ મનમાંજ શાંત વાંચવાનું પસંદ કરે છે.પત્ર, શ્લોક, દૈનિકપત્ર, નવલકથા, જીવનચરિત્ર, ટુંચકા કે પાઠ્યપુસ્તક વગેરે મનમાં જ વાંચવાનાં પ્રયત્ન થાય છે. પુસ્તકાલયમાં છાત્રાલયમાં, ઘરમાં, બસમાં, શાળામાં બધા જ મોટેથી વાંચે તો. આમ, મૂકવાચન એક વ્યક્તિ માટે અત્યંત અગત્યનું છે, જેની અવગણના થઈ શકે તેમ નથી.

### 3.10.8 મૂકવાચનનું મહત્વ

જે.એ.બ્રાયન મૂકવાચનનું મહત્વ જણાવતાં કહે છે. શાંત વાચન સાચે જ કરકસરભર્યું નિવડયું છે. આપણી રોજબરોજની સામાન્ય પદ્ધતિઓમાં પણ આપણે વાચનની આ પદ્ધતિ સૌથી વધુ પ્રમાણમાં અપનાવી છે. કારણ કે તે શ્રેષ્ટ છે.

- મુખવાચનની સરખામણીમાં મૂકવાચન ઝડપી બને છે.
- અર્થગ્રહણની ક્ષમતા વધે છે.
- વાચનમાં એકાગ્રતા અને પ્રવાહિતા આવે છે.
- વાચન સામગ્રીની મુખ્ય બાબતોને યાદ રાખવાની બાબતો વિકસાવી શકાય છે.
- ઓછા શ્રમે વધુ લાભ થાય છે.
- વ્યક્તિની આજીવન પ્રવૃત્તિ તરીકે મૂકવાચનનું મહત્વ છે.
- વ્યક્તિ સ્વતંત્ર વિચારસરણી વિકસાવી શકે છે.
- મૂક વાચન અન્ય વ્યક્તિને અવરોધક બનતું નથી.
- જ્ઞાનની વિસ્તરણી ક્ષિતિજોને આંબવા માટે મૂકવાચન જ ઉપયોગી થઈ પડે છે.
- અધ્યયન અને અધ્યાપન કસદાર બનાવવા માટે મુકવાચન જરૂરી છે.
- નબળા વાચક પોતાની ગતિએ પોતાની મર્યાદામાં રહીને પોતાનું વાચન કરી શકે છે.
- મૂક વાચનથી વાચનસામગ્રીનાં મુખ્ય તથ્યો સરળતાથી યાદ રાખી શકાય છે.
- રોજિંદા જીવનમાં દુકાન,રેલ્વે સ્ટેશન, ઘર, શાલા, રસ્તાપર ચાલતાં કે જાહેર સ્થળોએ સૂચના વાંચવા જેવી અનેક જગ્યાએ મૂકવાચન જ કરવમાં આવે છે.
- સ્વઅભ્યાસ કે સ્વાધ્યાયમાં સફળતા મેળવી શકાય છે.
- શાળામાં, જૂથમાં કે સમૂહમાં અભ્યાસ પ્રવૃત્તિ કરાવી શકાય છે.

## 3.9 વાચન શોખ વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ

વિદ્યાર્થીઓમાં વાચનશોખ વિકસે, તેઓ પુસ્તકાભિમુખ થાય અને તેમનામાં સ્વપ્રયાસે અભ્યાસ કરવાની નિષ્ઠા અને દષ્ટિ કેળવાય તે માટે નીચે જેવા પ્રયત્નો કરવા જોઈએ.

- વાચન પ્રોત્સાહન કાર્યક્રમનું આયોજન કરવું

- વાચન માટે પ્રાપ્ય પુસ્તકો સામયિકોની માહિતી વિદ્યાર્થીઓને મળી રહે તેવી સુવિધા ઉભી કરવી.
- શિક્ષણ દરમ્યાન પુસ્તકોના સંદર્ભ આપવા.
- શાળા સમયપત્રકમાં ઈતર વાચનનો તાસ ફાળવવો
- વાચન મંડળ કે સાહિત્ય વર્તુળની સ્થાપના કરી સમૂહ વાચન કાર્યક્રમો યોજવા.
- પુસ્તકાવલોકનની પ્રવૃત્તિઓ રાખવી જોઈએ.
- આવેલાં નવાં પસ્તકોની વૈશિષ્ટયપૂર્ણ આકર્ષક જાહેરાત કરવી.
- શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવી વિદ્યાર્થી વાંચતા થાય તેમ કરવું.
- પુસ્તક પ્રદર્શનો ગોઠવવા, તેની માહિતી આપવી વિદ્યાર્થીઓને તેમની મુલાકાતે લઈ જવા.
- વિદ્યાર્થીઓમાં વાચન પ્રત્યેના અભિગમો માપવા કસોટીઓ યોજવી. શાળાનું પુસ્તકાલય અને વર્ગપુસ્તકાલય બાળકો માટે સદાય ખુલ્લાં રાખવા.

આપણે મૂકવાચનની સાથે વાચનના અન્ય પ્રકારો અને વાચન શોખ વિકસાવવા માટેના પ્રયત્નો વિશે પણ વાત કરી વાંચન વ્યક્તિત્વ વિકાસનો પડછાયો છે તમ કહીએ તો ખોટું નથી. અને આજના સમયમાં વિદ્યાર્થી વાચન શોખ નહીં વિકસાવે તો તેને કારકિર્દીમાં સંઘર્ષ અનુભવવાનો છે તે નિર્વિવાદ બાબત છે. શિક્ષકોએ આ માટે વેળાસર જાગી જવાનો સમય પાકી ગયો છે.

## 3.10 વાચનમાં થતી ભૂલોના કારણો

### (1) શારીરિક કારણ

વિદ્યાર્થીઓની જન્મજાત મર્યાદાઓ કે ખામીઓ ઘણી વખત તેના વાચન દોષનું મહત્વનું કારણ બનતી હોય છે જેમાં

- જીભનું પાતળું કે જાડું હોવું
- નબળી દ્દષ્ટિ હોવી
- બહેરાપણું તથા
- વિટામીનની ખામીઓને કારણે પણ વિદ્યાર્થીઓને ઘણી તકલીફ થતી હોય છે. પરિણામે તેઓનું વાચન ખામીયુક્ત બનતું હોય છે.

### (2) મનોવૈજ્ઞાનિક કારણ

નાનપણમાં વિદ્યાર્થીમાં વિદ્યાર્થીઓને એવી પરિસ્થિતિમાંથી પસાર થવુ પડ્યું હોય છે કે જેના કારણે તેનામાં

- ભયની લાગણી
- લઘુતા ગ્રંથિ
- ગભરાટ

- શરમની લાગણી વગેરે ઘર કરી ગયાં. હોય છે. જેના પરિણામે તેઓ ખામી યુક્ત વાચન કરતા હોય છે.

### (3) સંવેગાત્મક કારણ આવાં કારણોમાં વિદ્યાર્થીઓ

- વાચનમાં ભૂલો થશે તો
- શિક્ષક ઠપકો આપે તો
- જવા દોને હવે વંચાશે, શી ઉતાવળ છે.
- કાલે વાંચીશું જેવા વિચારોને લીધે કે બેદરકારીના કારણે વિદ્યાર્થીઓ વાચનમાં ભૂલો કરતા હોય છે.

### (4) પરિસ્થિતિજન્ય કારણ: આ કારણોમાં ખાસ કરીને

- શાળાનું વાતાવરણ
- ઘરનું વાતાવરણ
- શિક્ષક વાલીઓનું વિદ્યાર્થી પ્રત્યે વલણ
- વાલીનો આર્થિક સામાજિક મોભો વગેરે અનેક કારણો જવાબદાર હોય છે. જેના પરિણામે પણ વિદ્યાર્થીઓ વાચનમાં ભૂલ કરતા હોય છે.
- આવાં કારણોથી વિદ્યાર્થી ઓ મુખપઠન કરતી વખતે નીચે મુજબની ભૂલો કરે છે.
- ખૂબ ધીમેથી વાંચે છે.
- વધારે ઝડપથી વાંચે છે.
- તૂટક-તૂટક વાંચે છે.
- અશુદ્ધ ઉચ્ચાર કરે છે.
- અયોગ્ય આરોહ-અવરોહ થી વાંચે છે.
- ખૂબ ઊંચા અવાજે વાંચે છે
- ખૂબ નીચા અવાજે વાંચે છે.
- નવો શબ્દ આવે ત્યાં અચકાઈ જાય છે.
- અર્થ સમસ્યા વગરના શબ્દનો ઉચ્ચાર બરાબર કરીને વાંચે છે.
- વિરામ ચિહ્નો ને ધ્યાનમાં લીધા વિના વાંચે છે.
- અસ્વસ્થતાથી વાંચે છે.
- વાંચતાં વાંચતાં શબ્દો ચૂકી જાય છે.
- એકની એક લીટી ફરી વાંચે છે.
- પુસ્તકને વધુ નજીક રાખીને વાંચે છે.
- થોથવાતાં વાંચે છે.
- તોતડા ઉચ્ચારથી વાંચે છે.
- શરીરના બિનજરૂરી હલનચલન સાથે વાંચે છે.
- વાંચતાં વાંચતાં હાંફ ચડે છે.
- વાંચતા વાંચતા અક્ષર ચૂકી જાય છે.
- અયોગ્ય સ્વરાંકનથી વાંચે છે.

- વાંચતાં વાચતાં વચ્ચે સિસકારા કરે છે.
- વાંચતાં વાંચતાં આખી લીટી ચૂકી જવાય છે.
- વાંચતા વાંચતા ગળુ ખંખેરવાની ટેવ છે.
- ભળતા શબ્દોનો ઉપયોગ કરે છે.
- બિનજરૂરી શબ્દ યા અક્ષર મૂકીને વાંચે છે.
- વાંચતી વખતે હોઠનો ખોટો ફફડાટ થાય છે.
- એક ને એક લીટી બે વખત વાંચે છે.
- વાંચન વખતે અપરિચિત શબ્દો આવે તો વચમા અટકી જાય છે.
- વાંચતી વખતે શબ્દોને તોડી મરોડીને વાંચે છે.

## 3.11 સારાંશ

- વાચન વ્યક્તિત્વ વિકાસની ધરોહર છે. અનેક મહાપુરૂષોનો જીવનમાં પુસ્તકોના વાચને પ્રમુખ ભૂમિકા ભજવી છે.
- વાચન એટલે લખાયેલા શબ્દો અને ભાષાના ધ્વનિઓના દશ્ય સંકેતોને ઓળખીને અર્થ સમજવાની પ્રક્રિયા

મહત્વ

- જ્ઞાન મેળવવા, શૈક્ષણિક સફળતા મેળવવા, વ્યવસાયમાં સફળતા મેળવવા, મનોરંજન માટે, જીવનમાં માર્ગદર્શન મેળવવા, લેખનક્ષમતા વિકલાવવા, સાંસ્કૃતિક વારસો જાણવા, અન્ય વ્યક્તિઓ સાથે સંપર્ક કરવા વાચન જરૂરી છે.

વાચન શિક્ષણ.

- વિદ્યાર્થીને લેખિત ધ્વનિ સંકેતોને ઉકેલીને તેનું અર્થગ્રહણ કરવાની ક્ષમતા પ્રદાન કરાવવી એટલે વાચન કૌશલ્ય શિક્ષણ

વાચન કૌશલ્ય શિક્ષણના હેતુઓ

- વિદ્યાર્થી વાચન દ્વારા અર્થગ્રહણ કરે તે સામાન્ય હેતુ માટે અનેક વિશિષ્ટ હેતુઓ છે. પણ કેટલાક વિશિષ્ટ હેતુઓનો ઉલ્લેખ કરીએ તો- અર્થબોધ સાથે મૂકપઠન કરે, યોગ્યગતિ, લય અને શુદ્ધોચ્ચાર સાથે મુખપઠન, કરે, વાંચેલી સામગ્રી પર પોતાના પ્રતિભાવ આપે, સંદર્ભ પ્રમાણે શબ્દોનાં અર્થ તારવે, જ્ઞાન, આનંદ અને પ્રેરણા માટે વાંચે, વગેરે વગેરે....
- વાચન શબ્દનો શબ્દસમૂહનો કે ફકરાનો અર્થ સમજી શકતો હોય તો તેનામાં અર્થગ્રહણની ક્ષમતા છે એમ કહેવાય.

વાચનના પ્રકાર

- વાચનના મુખ્ય બે પ્રકાર

મુખવાચન, મૂકવાચન

- મુખવાચન - સંકેતને દષ્ટિથી સંકેતનું ધ્વનિ સંકેતમાં પ્રગટીકરણ થવું એટલે મુખવાચન

મુખવાચનનું મહત્ત્વ

- સંમેલનો, સભાઓ, વ્યાખ્યાઓમાં, વાચનની ખામીઓનાં નિદાન માટે, અર્થગ્રહણની ચકાસણી માટે, વાચન માટેની અનિવાર્ય પ્રાથમિક ક્રિયાઓ માટે,આત્મ વિશ્વાસ, ઝડપ અને અર્થગ્રહણ ઝડપી બનાવવા.

મૂક વાચન

મદ્રિત કે લિખિત શબ્દોને ધ્વનિયુક્ત ઉચ્ચાર સિવાય મનમાં વાંચવું તે મૂકવાચન

- મૂકવાચનનું મહત્ત્વ

  અર્થગ્રહણની ક્ષમતા વધે, એકાગ્રતા- પ્રવાહિતા આવે, આજીવન પ્રવૃત્તિ, સ્વતંત્ર વિચારસરણી વિકસાવી શેક. અન્ય વ્યક્તિને અવરોધક બનતુ નથી, શાની વિસ્તરતી ક્ષિતિજોને આંબવા, અધ્યયન-અધ્યાપન કસદાર બનાવવા, દરેક પોતાની ગતિએ વાચન કરી શકે, રોજીંદા જીવનમાં ઉપયોગી, સ્વધ્યયન કરવા માટે ઉપયોગી છે.

## 3.12 ચર્ચા અને સ્પષ્ટીકરણ

વાચન કૌશલ્ય વિશે અધ્યયન કરતાં કરતાં તમને જે મુદ્દાઓ વિશે ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું હોય તેને તે મુદ્દા અંતર્ગત નોંધો.

(1) ચર્ચા

(2) સ્પષ્ટીકરણ

## 3.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ 3.3

(2) જુઓ 3.4

(3) જુઓ 3.3

(4) જુઓ 3.5.1

2.

(1) જુઓ 3.6

(2) વાક્ય પદ્ધતિ અને શબ્દવાચન પદ્ધતિ.

## એકમ-4 લેખન કૌશલ્ય

### એકમની રૂપરેખા

4.1 પ્રસ્તાવના

4.2 ઉદ્દેશો

4.3 લેખન કૌશલ્ય : સંકલ્પના

4.4 લેખન કૌશલ્ય : મહત્ત્વ

4.5 લેખન કૌશલ્ય : હેતુઓ

4.6 લેખન કૌશલ્ય : આધારસ્તંભો

4.7 લેખન કૌશલ્ય : અધ્યાપન પદ્ધતિઓ

4.7.1 પ્રાથમિક કક્ષાએ લેખન કૌશલ્યનું શિક્ષણ

4.7.2 માધ્યમિક કક્ષાએ લેખન કૌશલ્યનું શિક્ષણ

4.8 લેખન કૌશલ્ય મહાવરાની પ્રયુક્તિઓ

4.8.1 અનુલેખન

8.8.2 શ્રુતલેખન

4.9 લેખન કૌશલ્ય : ખામીઓ અને ઉપાયો

4.10 લેખન કૌશલ્ય : વિકસાવવાની પ્રવૃત્તિઓ

4.11 લેખન કૌશલ્ય : પાઠ આયોજન નોંધ

4.12 સારાંશ

4.13 ચર્ચા અને સ્પષ્ટીકરણ

4.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 4.1 પ્રસ્તાવના

ભાષાના ચાર પાયાનાં કૌશલ્યોમાં શ્રવણ, કથન, વાચન અને લેખનનો સમાવેશ થાય છે. શ્રવણ અને વાચન એ અર્થ ગ્રહણ કૌશલ્યો છે, જ્યારે કછન અને લેખન એ અભિવ્યક્તિ કૌશલ્યો છે. શ્રવણ, વાચન અને કથન કૌશલ્યોની અપેક્ષાએ લેખન કૌશલ્યમાં વિશેષ સજ્જતા અને સભાનતાની અપેક્ષા રહે છે.બોલાતી ભાષા કરતાં લેખન કૌશલ્યનો ભાષા વ્યવહાર વધુ ટકાઉ છે અને લખ્યું વંચાય એ ઉક્તિમાં લેખન કૌશલ્યનું મહત્ત્વ જોઈ શકાય છે. સાદી ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે વાચિક સંકેતોની ભાષામાં પોતાના વિચારો પ્રગટ કરવા એટલે લેખન.

## 4.2 ઉદ્દેશો :

આ પ્રકરણનું અધ્યયન કર્યા પછી તમે

- લેખન કૌશલ્યની સંકલ્પના સમજી શકશો.
- લેખન કૌશલ્યનું મહત્ત્વ જાણી શકશો.
- લેખન કૌશલ્યના હેતુઓ અંગે માહિતી મેળવી શકશો.
- લેખનના આધાર સ્તંભો અંગે માહિતગાર થશો.
- લેખનની પદ્ધતિઓ અંગે જ્ઞાન મેળવી શકશો.
- અનુલેખન અને શ્રુતલેખન અંગેની સમજ કેળવશો.
- લેખનના દોષો અને તેના ઉપાયો અંગે માહિતગાર થશો.
- લેખન કૌશલ્ય વિકસાવતી પ્રવૃતિઓ અંગે સમજી શકશો.

## 4.3 લેખન કૌશલ્ય : સંકલ્પના

તમે જ્યારે જ્યારે પણ લખ્યું હશે ત્યારે તમે કઇ શારીરિક - માનસિક પ્રક્રિયામાંથી પસાર થયા છો તેનું અવલોકન કર્યું છે ? લેખન કૌશલ્યની સંકલ્પનાનો અભ્યાસ કર્યા પછી તમે કંઈ પણ લખવાનો પ્રયાસ કરીને તે પ્રક્રિયાનું નિરીક્ષણ કરજો. કોઈ અલગ જ અનુભવ થશે. તમે એ જોઈ શકશો કે મનમાં વિચારો ઉદ્‌ભવી રહ્યા છે અને તમે તને કાગળ પર શબ્દ દેહ આપી રહ્યા છો. અલબત્ત, આ એક અંગત અનુભૂતિ છે. અને તમે કોઈને પત્ર લખતા હો, નિબંધ લખતા હો, રજાચિઠ્ઠી લખતા હોય કે પરીક્ષામાં પ્રશ્નપત્રના ઉત્તર પાઠવી રહ્યા હો, તે સર્વની અનુભૂતિ અલગ રહેવાની. આ સમગ્ર લેખન પ્રક્રિયાની સંકલ્પના સમજવાનો પ્રયત્ન કરીએ.ભાષાના ધ્વનિસંકેતો દ્વારા ભાષાના દૃશ્ય માધ્યમ દ્વારા, ભાષકના વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિ એટલે લેખન.

- વ્યક્તિ જ્યારે પોતાના વિચાર, ભાવ, ઇચ્છા, જરૂરિયાત અનુભવો વગેરે લખે તેને લેખન કર્યું કહેવાય. બીજી રીતે કહીએ તો બોલાતી ભાષાને કાગળ પર અવતારી એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવાનો કીમિયો એટલે લેખન.
- લેખન કૌશલ્ય પણ મનોશારિરીક બાબત છે. વ્યક્તિ જ્યારે પેન કે પેન્સિલ વડે પોતના વિચારો લખે ત્યારે હાથની આંગળીનો ઉપયોગ થતો હોય છે. જેને આપણે શારીરિક બાબત ગણીશું. સાથે લખનાર વ્યક્તિના મનમાં વિચારો ઉત્પન્ન થાય છે તેનું અવતરણ પેન દ્વારા કાગળ પર થાય છે. આમ, મનમાં વિચારો ઊઠવા તે મનોવૈજ્ઞાનિક બાબત છે.
- સાચા અર્થમાં લેખન ત્યારે જ થયું કહેવાય કે લેખકના મનમાં ઊઠેલા વિચારો તે નોંધી શકે અને વાચકના મન સુધી પહોંચી શકે. આમ ભાષાના ધ્વનિઓ, દૃશ્ય સંકેતો દ્વારા જ્યારે લેખકના વિચારોની અભિવ્યક્તિ કરે છે. ત્યારે તે લેખન બને છે.
- લેખન કૌશલ્યમાં ત્રણ બાબતો સંકળાયેલી છે.

## લેખન કૌશલ્યનાં પાસાં

| ભાષાની યાંત્રિક બાબતો | શુદ્ધ લેખન | લેખિત સ્વરૂપો |
|---|---|---|
| - કક્કો-બારાક્ષરીનું જ્ઞાન | - વ્યાકરણ વિષયક બાબતો ઉપયોગ | -ભાષાનો ક્ષમતા પૂર્વકનો ઉપયોગ |
| - અક્ષરો-હાંસિયો | - સંધિયુક્ત શબ્દો | - ભાષાશૈલી |
| -વિરામચિહ્નો | - રૂપાખ્યાનો | - વસ્તુ સામગ્રીની |
| - જોડણી | - સામાસિક શબ્દો | રસદાયકતા |
| - લિપિમાંના સંકેતો | - વાક્ય-બંધારણ | -વસ્તુની યોજના |
| - લખાણનું સ્વરૂપ | - આલંકારિક વાક્યો | પૂર્વકની તાર્કિક ગોઠવણી |
| - સુગ્રથિત લખાણ | - છંદોયુક્ત પંક્તિઓ વગેરે. | -અર્થપૂર્ણ અભિવ્યક્તિ |
| - પરિચ્છેદોનું બંધારણ | | |

ઉપરોક્ત બાબતોને સાંકળી લેતાં હેન્રી ગ્રીન અને ડો.વિલિયમ ગ્રે ભાષાકીય કુશળતાનું નીચે મુજબ પૃથક્કરણ કરે છે.

- સુવાચ્ય, સુરેખ અને સુંદર હસ્તાક્ષરો.
- શુદ્ધ જોડણી
- બે શબ્દો- બે વાક્યો વચ્ચે યોગ્ય જગ્યા છોડવી
- વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ
- અર્થોચિત અને ભાવવાહી શબ્દોની વરણી
- વાક્યોમાં પદોનો સાચો અને અસરકારક ઉપયોગ
- કેન્દ્ર વિચારની આસપાસ ફકરાની રચના
- પત્ર, સંવાદ, નિબંધ, વાર્તા વગેરે લેખનનાં સ્વરૂપોનો ઉપયોગ
- લખાણમાં મૌલિકતા
- લખાણની વિશિષ્ટ શૈલી
- લખાણમાં વિચારની અભિવ્યક્તિ
- લખાણમાં યોગ્ય ઝડપ

આમ, લેખન એટલે માત્ર વાક્યોને સમૂહ નહિ પણ વાક્યો વચ્ચેની સંવાદિતા, સાક્ષીભાવ, લાગણી, વિચારો, જરૂરિયાત, સ્પંદનોની શુદ્ધ સરળ અને યોગ્ય ઝડપથી થયેલી લેખિત અભિવ્યક્તિ.

## 4.4 લેખન કૌશલ્ય : મહત્ત્વ

- લેખન દ્વારા વ્યક્તિ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરે છે.
- ભાષાકીય વ્યવહાર સ્થળકાળની સીમાઓને લેખન દ્વારા અતિક્રમી જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારે છે.
- વ્યક્તિના પોતાના અનુભવો, સંસ્મરણો, જ્ઞાનને સાચવી શકે છે.

- ભૂતકાળનું જ્ઞાન મેળવી શકાય છે જેથી નવા જ્ઞાન કે કૌશલ્યની શોધ થઈ શકે છે.
- શૈક્ષણિક અને કૌશલ્યલક્ષી વિકાસ કરવામાં લેખન ઉપયોગી છે.
- મુદ્રણકળાના પ્રતાપે ભાષા વ્યવહાર ટકાઉ, જાહેર અને અધિકૃત બન્યો છે.
- દૈનિક વ્યવહાર, સામાજિક વ્યવહારમાં લેખનનું મહત્વ રહ્યું છે.
- વ્યવસાય વિકાસમાં લેખન ઉપયોગી બને છે. દા.ત. સાહિત્ય, પત્રકારત્વ, શિક્ષક, લહિયા વગેરે જેવા વ્યવસાયો લેખન દ્વારા મળે છે.
- પત્રલેખન, પ્રવચન લેખન, અહેવાલ લેખન, નિબંધ લેખન, અરજી લેખન, વિચારવિસ્તાર, સંક્ષેપીકરણ લેખન, સારલેખન જેવી બાબતોમાં લેખનનું મહત્વ છે.
- લેખનને પ્રતાપે વ્યક્તિ પોતાની મિલકતો, નાણાં સંબંધી વ્યવહારો યોગ્ય રીતે કરી શકે છે.
- ભાવિ પેઢી સાથે પ્રત્યાયન કરી શકાય છે.
- જાહેરાત કરવા માટે લેખનનું મહત્વ છે.
- શિક્ષણના તમામ સ્તરે પરીક્ષા લેખિત સ્વરૂપમાં લેવાય છે ત્યાં લેખનનું મહત્વ છે.
- વ્યક્તિનો પરોક્ષ રીતે પરિચય લેખન દ્વારા મેળવી શકાય છે.

તમે લેખન કૌશલ્યના મહત્વ વિશે વાંચ્યું. આજે ટેલિફોન, સેલફોન જેવાં માધ્યમોએ પત્રલેખન દ્વારા એકબીજા સાથે સંવાદ કરવાના આનંદને ક્ષીણ કરી નાખ્યો છે. 'ડાકિયા ડાક લાયા' જેવા ગીતો ભૂતકાળની સ્મૃતિઓ બની ગઈ છે. એલ્વિન ટોફલર 'ધ થર્ડ વેવ' નામના પુસ્તકમાં લખે છે કે 'આવનારા વર્ષોમાં એવા ઘણા લોકો હશે જેમને વાંચતા આવડતું હશે, પણ લખતાં નહીં આવડતું હોય. દરેક જણને ત્યારે લખવાનું શીખવા માટેની જરૂરિયાત નહીં જણાય.' આ સંદર્ભમાં શિક્ષકોએ વધુ સજાગ બનીને લેખન કૌશલ્યના હેતુઓને સમજવા પડશે. અને આ હેતુઓ સિદ્ધ થાય તેવા શૈક્ષણિક પ્રયત્નો આદરવા પડશે. તો હવે આપણે લેખન કૌશલ્યના હેતુઓ વિશે અધ્યયન કરીશું.

## 4.5 લેખન કૌશલ્ય : હેતુઓ

આપણે પ્રથમ ખંડમાં શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વિશે ભણી ગયા હતા. ભાષા શિક્ષણના સામાન્ય હેતુઓ અંતર્ગત એક મહત્વનો સામાન્ય હેતુ છે, 'વિદ્યાર્થીઓ લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.' વિદ્યાર્થીઓ આ સામાન્ય હેતુ ત્યારે જ સિદ્ધ કરી શકે જ્યારે નીચેના જેવા વિશિષ્ટ હેતુઓનો સમન્વય થાય. લેખન કૌશલ્યના વિશિષ્ટ હેતુઓ નીચે મુજબ છે.

વિદ્યાર્થીઓ:

- શુદ્ધ જોડણી અને વિરામચિહ્નોનો લેખનમાં ઉપયોગ કરે.
- શબ્દ ભંડોળની વૃદ્ધિ સાથે અને તેનો ઉચિત અને પ્રસંગાનુકૂળ ઉપયોગ કરે.
- રૂઢિપ્રયોગો અને પદવિન્યાસનો અસરકારક અને યોગ્ય ઉપયોગ કરે.
- સમાનાર્થી શબ્દોના પ્રયોગમાં વિશેષ સાવધાની રાખે.
- શુદ્ધ, પ્રભાવપૂર્ણ ભાષા તથા લેખનશૈલીનો સ્વાભાવિક રૂપમાં પ્રયોગ કરે.
- યોગ્ય પરિચ્છેદોમાં વહેંચીને લખે.
- પોતાના વિચારોને સ્પષ્ટ રીતે લખે.

- વિચારોને યોગ્ય ક્રમે લખે.
- લખાણમાં ચોકસાઇ જાળવે.
- લખાણમાં સચોટતા જાળવે.
- પોતાના અનુભવોને સરળ રીતે લખે.
- અનુલેખન કરે.
- શ્રુતલેખન કરે.
- ભાવવાહી વિચારોને અસરકારક રીતે લખે.
- પ્રવાહી અને સુસ્પષ્ટ લખાણ લખતાં શીખે.
- શબ્દાડંબરનો ત્યાગ કરે.
- શબ્દલાલિત્ય, ગાંભીર્ય, વ્યંજના વગેરેનો ખ્યાલ રાખીને લખતાં શીખે.
- વ્યાકરણ શુદ્ધ લખાણ કરે.
- સારા અક્ષરે લખે.
- ઝડપથી અને ક્ષોભ વગર લખતાં શીખે.
- પોતાના વિચારોને સ્વતંત્ર અને નીડર શૈલીમાં રજૂ કરે.
- વિચાર, ભાવ, ઊર્મિને અનુરૂપ શબ્દ પસંદગી કરે.
- સાહિત્યનાં વિવિધ સ્વરૂપો લખતાં શીખે.
- પ્રતીક, શબ્દચિત્રો, શૈલી, સચોટતા, અલંકાર ઇત્યાદિનું મહત્ત્વ સમજે.
- આપેલી રૂપરેખાને આધારે નિબંધ અને વાર્તા લખે.
- જોયેલી, સાંભળેલી અથવા વાંચેલી ઘટનાઓ, વસ્તુઓ તથા દૃશ્યોનું વિવિધ રીતે પોતાના શબ્દોમાં વર્ણન કરે.
- અપૂર્ણ વાતોને પૂર્ણ કરે.
- સ્વતંત્ર રૂપમાં વાર્તા, સંવાદ વગેરે લખે.
- વાંચેલી વાર્તા કે ઘટનાને સંવાદમાં લખે.
- ગદ્યાંશકે પદ્યાંશને સરળ શબ્દોમાં સમજાવીને લખે.
- વિષયની ક્રમબદ્ધતા કે સુગ્રથિતતા સાચવે.
- અભિવ્યક્તિમાં સૌંદર્ય અને લાઘવનો ખ્યાલ રાખે.
- લેખનને પ્રભાવશાળી બનાવવા ઉચિત અવતરણો, પ્રસંગો, ઉદાહરણો, શબ્દો, પદક્રમ અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરે.

જો ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષક વર્ગખંડમાં શિક્ષણ વ્યવસ્થા ગોઠવે તો વર્ગમાંથી એક-બે લેખકો તો અવશ્ય સર્જી શકાય: હવે આપણે લેખનના આધારસ્તંભો કયા છે કે જેના પાયા પર લેખન રચનાનું નિર્માણ થાય છે તે અંગે જોઇશું પણ તે પહેલાં પ્રગતિની ચકાસણી કરી લઇશું !

'તમારી પ્રગતિ ચકાસો' - 1

નોંધ : નીચેના પ્રશ્નોના મૌલિક ભાષામાં જવાબ લખો.

1. તમે જ્યારે લેખનકાર્ય કરો છે ત્યારે કઈ કઈ શારિરીક-માનસિક પ્રક્રિયામાંથી પસાર થાઓ છો.? તે જણાવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. લેખન કૌશલ્યનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ નોંધો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. લેખન કૌશલ્યના કયા પાંચ વિશિષ્ટ હેતુઓના સંદર્ભમાં તમે વર્ગખંડમાં શિક્ષણ આપશો તે જણાવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

## 4.6 લેખન કૌશલ્ય : આધારસ્તંભો

આપણે લેખન કૌશલ્યની સંકલ્પના સમજતી વખતે તેનાં ત્રણ પાસાંઓનું અધ્યયન કર્યું હતું. તે પાસાંઓનું સમગ્રતયા સંશ્લેષણ કરતાં આપણને કુલ 11 જેટલી બાબતો એવી મળે છે જેના વગર લેખન કૌશલ્યની ઈમારત ચણી શકાતી નથી. આ બાબતો લેખન કૌશલ્યના પાયામાં છે. લેખક આ આધારસ્તંભોની અવગણના કરી શકતો નથી. અહીં ટૂંકમાં આ આધારસ્તંભોની સમજૂતી રજૂ કરી છે. તમે તેનું અધ્યયન કરશો તો તરત ખ્યાલ આવશે કે લખતાં પહેલાં આ બાબતોનું જ્ઞાન આવશ્યક છે. આ આધારસ્તંભો નીચે મુજબ છે.

### 1. કક્કો અને બારાક્ષરીનું જ્ઞાન :

કક્કો અને બારાક્ષરીનું જ્ઞાન લેખનની શરૂઆત કરનારને ખાસ હોવું જોઈએ. જો ગુજરાતીમાં લખવું હોય તો ગુજરાતી કક્કો અને અંગ્રેજીમાં લખવું હોય તો અંગ્રેજી કક્કો આવડવો જોઈએ.

### 2. સુરેખ હસ્તાક્ષર :

સુરેખ હસ્તાક્ષર, લેખનની સુંદરતાને પ્રગટાવે છે. લખાણ પ્રથમ નજરે જ જોવું ગમે તો તેના અક્ષરોને કારણ. આ માટે સુંદર, સુવાચ્ય અક્ષરો હોવા જરૂરી છે.

- બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું.
- અક્ષરોના વળાંકની સળંગસૂત્રતા જાળવવી.
- યોગ્ય ઝડપથી લખવું.

જેવી બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ.

### 3. હાંસિયો :

લખાણની સુંદરતા જળવાઈ રહે અને બાળકોના લખાણમાં કોઈ સૂચન કરવાનું હોય, ગુણ લખવાના હોય અથવા તો વાચકે ટૂંકમાં લખાણના સંદર્ભમાં કંઈક લખવું હોય વગેરે હેતુસર લખાણ હંમેશા હાંસિયો પાડીને લખવું જોઈએ.

### 4. પરિચ્છેદની રચના :

લખાણના વક્તા અથવા લેખક અને શ્રોતા વચ્ચે જે થોભવાની એક ચોક્કસ અથવા સ્વીકૃત વ્યવસ્થાને પરિચ્છેદ તરીકે ઓળખવામાં આવે છે. દરેક પરિચ્છેદમાં એક મુદ્દો અથવા એક ઉપમુદ્દો ચર્ચાય છે. એ મુદ્દા કે ઉપમુદ્દાની ચર્ચા પૂરી થાય અને નવા મુદ્દાની ચર્ચા શરૂ થઈ એ દર્શાવવા નવા પરિચ્છેદોથી લખવાનો આરંભ થાય છે. સામાન્ય રીતે નવો પરિચ્છેદ શરૂ થયો એનું સૂચન ડાબી બાજુ એક કે બે ઇંચની જગ્યા કોરી રાખીને લખાણ શરૂ કરવામાં આવે છે, તેનાથી થાય છે.

પરિચ્છેદમાં વાક્યના પદક્રમની ચોક્કસ વ્યવસ્થાની ભાષા હોવી જોઈએ. વાક્યોના એકબીજા સાથેના સંબંધોના નિયમોની પણ એક વ્યવસ્થા હોવી જોઈએ. પરિચ્છેદમાં વપરાયેલાં વાક્યોની લંબાઈ, પદોનો ક્રમ અને આરોહ-અવરોહની સંવાદિતા જળવાવી જોઈએ, જેથી પરિચ્છેદને એક આકાર આપવા ઉપરાંત લય પણ જાળવી શકાય.

વિચારોની કડીબદ્ધ રજૂઆત માટે પરિચ્છેદોનો ક્રમ અને ગોઠવણી થવી જોઈએ. આ માટે એક મુદ્દો પૂરો થાય પછી એની સાથે સંકળાયેલો મુદ્દો એ પછીના પરિચ્છેદમાં રજૂ કરવો જોઈએ. વિચારણની એકસૂત્રતા જળવાઈ રહે અને એકસૂત્રતા ખંડિત ન થાય તે રીતે પરિચ્છેદોનો ક્રમ ગોઠવવો જોઈએ.

5. વાક્યોનું બંધારણ :

લેખનનાં વાક્યોમાં અમુક શૈલી કે લઢણ તરીકે આવે છે અને સામાન્ય રીતે લાંબાં વાક્યોનો ઉપયોગ છૂટથી કરી શકાય છે. આ વાક્યોનું બંધારણ એ અગત્યની બાબત છે. વાક્યમાં પદક્રમની જાળવણી અગત્યની બાબત છે. દા.ત. ગુજરાતી વાક્યોમાં પહેલાં નામ પ્રદ અને પછી ક્રિયાપદ એવા ક્રમમાં હોય છે. સામાન્ય રીતે જોડાય છે અને વાક્ય રચના સિદ્ધ થાય છે. સામાન્ય રીતે વિશેષણ નામપદની આગળ અથવા પહેલાં આવે છે. અને ક્રિયાવિશેષણ ક્રિયાપદની પહેલાં આવે છે. આમ છતાં વિશેષણનું સ્થાન વાક્યના વક્તવ્ય ઉપર અથવા તો અભિવ્યક્તિમાં શેના ઉપર ભાર મૂક્યો છે તેના ઉપર આધારિત છે. આમ પદક્રમ અને પદસંવાદ જાળવીને વાક્યોની રચના કરવી એ લેખનની આવશ્યકતા છે.

6. ભાષા:લખાણની ભાષા એ લખાણને ઉત્તમતા અર્પે છે :

ભાષામાં મીઠાશ જળવાય, વાચન ભોગ્ય ભાષા બને તેવી રીતે ભાષા પ્રયોજવી જોઈએ. આ માટે શિષ્ટ અને સરળ ભાષા પ્રયોજવી જોઈએ. શબ્દોની યોગ્ય પસંદગી, વૈવિધ્યપૂર્ણ વાક્યો, સંક્ષિપ્ત અને મુદ્દાસર લખાણ, પુનરુક્તિ દોષ વિનાનું લખાણ, પર્યાય શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવાતોનો ઉપયોગ, યોગ્ય અલંકારો વગેરેનો લખાણમાં યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

7. જોડણી અને વિરામ ચિહ્નો :

શુદ્ધ જોડણી, અનુસ્વાર અને વિરામ ચિહ્નોનો સમુચિત ઉપયોગ લેખનમાં જરૂરી છે. આ માટે જોડણી અને અનુસ્વારના નિયમો તેમજ વિરામચિહ્નોનું જ્ઞાન હોવું આવશ્યક છે.

8. ચિત્તની અભિમુખતા :

લખવાના વિષય તરફ ચિત્તને અભિમુખ કરવું એ ઘણી અગત્યની બાબત છે. વિષય તરફની અભિમુખતા, ધ્યાનની કેન્દ્રિતતા, સંકલ્પશક્તિ અથવા ઈચ્છાશક્તિ અને રસ ઉપર આધારિત છે.

સંકલ્પ શક્તિ અને ઈચ્છા શક્તિ પણ તાલીમથી, ખાસ કરીને વડીલો કે શિક્ષકો ખાસ પ્રકારનાં સૂચનો કરે તેથી કેળવાય છે. પ્રેરણા અથવા હેતુની તીવ્રતા સંકલ્પ શક્તિને મજબૂત બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. લખવા માટેનું વાતારણ સર્જવું અથવા હોવું પણ આવશ્યક છે. લેખન પ્રત્યેનો રસ કેળવવાના પ્રયાસો અને આત્મવિશ્વાસ લખવા તરફ ચિત્તને વાળે છે.

ચિત્તની અભિમુખતા વિચારોની ક્રમિકતા જાળવી લેખનને પ્રાસાદિક બનાવે છે. ચિંતનને ચાકડે ચડી, વિચારોની અતૂટ ગૂંથણી કરી શકાય છે. સંદર્ભોનો સમુચિત ઉપયોગ, વિચારોની મૌલિકતા, વિચારોની પકવતા અને સમૃદ્ધિ અને અનુભૂતિનો લેખનમાં પડઘો પાડવામાં ચિત્તની અભિમુખતા અગત્યની બની રહે છે.

9. લાગણી અને ભાવની અભિવ્યક્તિ :

લખાણ ગમે તેવું સ્વચ્છ, સુઘડ અને સાહિત્યપૂર્ણ હોય પણ જો તેમાં લાગણી અને ભાવનાની હલક ન હોય તો લખાણ લૂખ્ખું, સૂકું લાગે છે. ડૉ. બેલાર્ડ કહ્યુ છે કે - 'લેખનનું શિક્ષણ લલિતકળા તરીકે જ નહીં, પણ સંસ્કારી જીવનની સ્વાભાવિક જરૂરિયાત તરીકે અત્યંત વ્યાપક પ્રમાણમાં કેળવણીમાં દાખલ થવું જોઈએ.

લખાણમાં અનુભવની સચ્ચાઇ અને સંવેદનશીલ હૃદયની હલક જોવા મળવી જોઇએ. લાગણી શૂન્યતાવાળી વ્યક્તિ લખાણમાં લાગણી કે ભાવની અભિવ્યક્તિ કરી શકતો નથી. જે વ્યક્તિ સંવેદના અનુભવતી હોય, લાગણીભર્યું હૃદયહ જોવા મળે તો લાગણી અને ભાવની અભિવ્યક્તિ અનુભવાય. આ માટે લાગણીશૂન્યતાવાળી વ્યક્તિ લખાણમાં લાગણી કે ભાવની અભિવ્યક્તિ કરી શકતી નથી. જે વ્યક્તિ સંવેદના અનુભવતી હોય, લાગણીભર્યું હૃદય ધરાવતી હોય તેના લખાણમાં લાગણી અને ભાવ વ્યક્ત થાય.

10.શબ્દભંડોળ અને શબ્દ વિષયક સજ્જતા :

લેખન કૌશલ્યમાં આધારરૂપ બાબત શબ્દભંડોળ છે. આ માટે શબ્દઘડતરની સમજ હોવી જોઇએ. શબ્દ ઘડતરમાં ઉપયોગી અંગ સાધક પ્રત્યયો કે જેના દ્વારા ભાષારૂપને આગળ કે પાછળ પ્રત્યય લગાડીને તેના અર્થમાં ભેદ કરી શકાય છે. વાક્ય રચનામાં વપરાતા શબ્દરૂપોની સંરચનામાં પ્રત્યયોનું કાર્ય મહત્ત્વનું છે.

## 4.7 લેખન કૌશલ્ય : અધ્યાપન પદ્ધતિઓ

આપણા સર્વનો એક અનુભવ એ રહ્યો જ હશે કે નાનાં બાળકો રમતાં હોય ત્યારે પેન કે પેન્સિલથી આડા-અવળા લીટા તાણ્યા કરે. એમાં ય કોઇ મોટી વ્યક્તિ વાંચવા-લખવા બેઠી હોય અને નાનું બાળક સાથે રમતું હોય ત્યારે તે તેની નકલ કરે. ઇશ્વરે માણસના હાથમાં અનેક શક્તિઓ મૂકી છે. જે કોઇને ફાંસીની સજાનો હુકમ પણ લખી શકે છે અને કોઇને સર્વોચ્ચ હોદ્દા પર પણ બેસાડી શકે છે. આધુનિક સમયમાં બાળકોને બે-ત્રણ વર્ષે જ બાળમંદિરમાં મૂકી દેવાય છે. માતા-પિતાને એટલી તાલાવેલી હોય છે કે મારું બાળક જલદી જલદી ભણતું થઇ જાય પણ તે વખતે આંગળીઓ એટલી પરિપક્વ થઇ હોતી નથી. માટે માતા-પિતાએ ધીરજપૂર્વક કાર્ય લેવું જોઇએ અને શિક્ષકોએ પણ વૈજ્ઞાનિક વલણ કેળવવામાં સહાય કરવી જોઇએ.

આપણે અહીં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષકે લેખન કૌશલ્ય શીખવવા માટે કઇ કઇ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇએ તે વિશે જોઇશું. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થી વાચિક સંકેતોને લખવાનો પ્રયત્ન કરે છે. તે સુંદર, મરોડયુક્ત અક્ષરોમાં નોંધ કરી શકે તે મહત્ત્વનું છે. માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી પોતાના વિચારોને અસરકારક રીતે અભિવ્યક્ત કરી શકે કે શીખવવાનું છે. આમ બંને કક્ષા વિકાસની રીતે અલગ પડી જાય છે. હવે આપણે પદ્ધતિઓ વિશે જોઇએ.


### 4.7.1 પ્રાથમિક કક્ષાએ લેખનકૌશલ્યનું શિક્ષણ

નાનાં બાળકોને સાડાચાર કે પાંચ વર્ષ પછી લખતાં શીખવવામાં આવે તો સારું તેમ અનુભવે જોવા મળ્યું છે. પહેલાં 6 વર્ષે બાળકને શાળામાં દાખલ કરાતું હવે સાડાત્રણ વર્ષે બાળક શિશુ વર્ગમાં પછી બાલવર્ગમાં અને પછી પ્રથમ ધોરણમાં દાખલ થાય છે. એટલે ખૂબ નાની ઉંમરે બાળક શાળામાં આવી જાય છે. આ નાની ઉંમરે શાળામાં દાખલ થતાં બાળકને સીધું લખતાં ન શિખવાડવું જોઇએ આ માટે શિશુ વર્ગમાં તો હરગીજ લખાવવું જ ન જોઇએ. તેમાં તો તેને રમતો રમાડવી - વસ્તુઓને ગોઠવે, માટીનું મંદિર બનાવે, માટીનાં વાસણો બનાવે, કાગળમાંથી

હોડી, વિમાન કે અન્ય વસ્તુઓ બનાવે, ઢીંગલા-ઢીંગલીને શણગારે જેવી રમતો રમાડવી જોઈએ. તેને ચિત્રો અને આકૃતિઓનું વારંવાર નિરીક્ષણ કરાવવું જોઈએ. આમ તેના હાથ, કાંડા, આંગળા સ્નાયુઓને તાલીમ મળશે તે કેળવાશે.

બાલવર્ગમાં બાળક આવે એટલે તેને પેન પકડતાં શીખવવું અને લેખનની શરૂઆત ચિત્રકામથી શરૂ કરવી જોઈએ. ભાતભાતના આકારો દોરવાની તેને છૂટ આપવી જોઈએ. સ્લેટમાં આ રીતનું કાર્ય કરાવી શકાય ઉપરાંત વર્ગમાં પણ ચારે બાજુની દીવાલ પર ચોકબોર્ડ લગાવીને આ પ્રકારની તાલીમ આપી શકાય. આ માટે ડૉ.મોન્ટેસોરીનો સિદ્ધાંત અમલમાં મૂકવો જોઈએ.

બાળકોને અંગ જ્ઞાન કે મૂળાક્ષરોનું જ્ઞાન નીચેની જેમ ક્રમિક રીતે આપવું જોઈએ.




સૌપ્રથમ બાળકો સીધી રેખાઓ દોરે.

પછી ઊભી રેખાઓ દોરે.

સીધી અને ઊભી રેખાઓને જોડે.

પછીથી આડી રેખાઓ દોરે. (જમણેથી ડાબે)

ડાબેથી જમણે પણ રેખાઓ દોરાવી શકાય.

આડી - ઊભી - સીધી લીટીઓને જોડે.

અર્ધવર્તુળ દોરે.

વર્તુળ દોરે.

વર્તુળને રેખા જોડી એકડો લખે.

અર્ધવર્તુળમાંથી ક બનાવે.

રેખાઓ જોડી ક બનાવે.

પેન પકડવાની તાલીમ પણ બાળકને આપવી જોઈએ. પેન, ચોક કે કલમને એકાદ સેન્ટિમીટર દૂરથી પકડવાની હોય છે. અને પહેલી આંગળીના ટેરવાના ચત્તા ભાગથી અને અંગૂઠાના ચત્તા ભાગથી બહુ હળવા પણ નહિ અને બહુ જોશથી પણ નહીં તેવી રીતે પકડવાની હોય છે. વધુ પડતા જોશથી પકડવાથી અને વધુ પડતો ભાર દઈને લખવાથી થાકી જવાય છે. ખૂબ હળવા હાથે પકડવાથી અક્ષરો ઉપસતા નથી. આથી બંને બાબતની સમજ બાળકને આપવી જોઈએ.

બાળકને લખતાં શીખવવા માટેની ચાર પદ્ધતિ પ્રચલિત છે.

1. અનુકરણ પદ્ધતિ : શિક્ષક ચોકબોર્ડ પર અંક કે અક્ષર લખી આપે તે જોઈને બાળક લખે. કેટલીકવાર શિક્ષક સ્લેટમાં પણ મૂળાક્ષરો લખી આપે છે અને બાળક શિક્ષકને અનુસરી તે લખવા પ્રયત્ન કરે છે.

2. પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ : જુદી જુદી રેખાઓ કે અર્ધવર્તુળો - વર્તુળો કે આકૃતિઓ જોડીને અક્ષરોની પૂર્ણ આકૃતિ બનાવવી તેમજ જુદા જુદા અક્ષરોને જોડીને પૂર્ણ વાક્યરચના બનાવવી તેને પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ કહે છે. આ પદ્ધતિમાં બાળક જુદા જુદા વર્ણોના ટુકડા, જુદા જુદા શબ્દોના ટુકડા, તેમજ વિભિન્ન આકૃતિઓના ટુકડાનો ઉપયોગ કરી સંયોજન કરે, પૃથક્કરણ કરે અને વિભિન્ન આકૃતિઓ તૈયાર કરતાં કરતાં વર્ણ, શબ્દ અને વાક્ય રચનાનો ખ્યાલ મેળવે છે. આ પદ્ધતિમાં પૃથક્કરણ, વર્ગીકરણ તથા એકીકરણ આ ત્રણ કાર્યો મહત્ત્વનાં છે.

3. જેકોટોટ પદ્ધતિ : આ પદ્ધતિ દ્વારા બાળક સ્વયં લેખનકાર્ય સુધારે છે. બાળક સમક્ષ પૂરું વાક્ય નમૂના સ્વરૂપે મૂકવામાં આવે છે. બાળકો તેનું અનુસરણ કરીને લખે છે અને પછી મૂળ વાક્ય સાથે પોતાના વાક્યને સરખાવે છે. અને સ્વયં ભૂલ સુધારે છે. આ રીતે વાક્ય પૂર્ણ રીતે લખી લે પછી તેને કંઠાગ્ર કરવાનું કહેવામાં આવે છે. આ પદ્ધતિ તુલના પદ્ધતિ તરીકે ઓળખાય છે.

4. મોન્ટેસરી પદ્ધતિ : બાળક હાથ, કાન, આંખ વગેરે ઈન્દ્રિયોનો ઉપયોગ કરી, સૌ સાથે હળીમળીને કાર્ય કરે એ પ્રમુખ સોપાન આ પદ્ધતિનું છે. આ માટે મોન્ટેસોરીની દટ્ટા પેટીનો ઉપયોગ કરવામાં આવે છે. મૂળાક્ષરોને માટે પાટિયાં કે પતરાંઓનાં અનેક સાધનો તૈયાર કરેલાં છે. કેટલાંક પાટિયાંમાં અક્ષર કોતરેલા હોય છે. કેટલાંકમાં ઉપસાવેલાં હોય છે. આ પાટિયાંઓનો ઉપયોગ કરીને બાળક સ્નાયુઓની તાલીમ, અક્ષરોની ઓળખ અને ગોઠવણની તાલીમ મેળવે છે. અનેક રમતોના પ્રયોગો દ્વારા બાળક સ્નાયુઓની તાલીમ પણ મેળવે છે.

આમ, બાળક મૂળાક્ષરોની ઓળખ અને લેખન શીખે છે. આ માટે શિક્ષકે ધીરજ અને પ્રેમાળ વર્તન રાખવાં જોઈએ.

## 4.7.2 માધ્યમિક કક્ષાએ લેખન કૌશલ્યનું શિક્ષણ

લેખન કૌશલ્ય વિકસાવવા માટે અભ્યાસ અને મહાવરો જરૂરી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ લેખનકાર્ય માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- લેખનકાર્ય માટે પહેલાં વાચનકાર્ય ઉપર ધ્યાન આપવું જોઈએ. વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક ઉપરાંત વિશેષ વાચન કરે તે માટે પ્રયાસો કરવા જોઈએ જેથી વિદ્યાર્થીઓનો જ્ઞાનભંડાર ને શબ્દભંડાળ વધે.
- લેખનકાર્ય પહેલાં મૌખિક કાર્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વાચનકાર્ય અને અનુભવો દ્વારા મેળવેલા જ્ઞાનની મૌખિક અભિવ્યક્તિ દ્વારા કહેવડાવાના અનુભવો આપવા જોઈએ. આમ વાચનકાર્ય, મૌખિકાર્ય અને ત્યારબાદ લેખનકાર્યની પ્રવિધિ અપનાવવી જોઈએ.
- લેખનકાર્ય નક્કી હેતુ સાથે કરાવવું.
- લેખન માટેનો વિષય વિદ્યાર્થીઓના અનુભવ વર્તુળમાંનો હોવો જોઈએ.
- પ્રવૃત્તિ સાથે લેખનકાર્યને સાંકળી લેવું જોઈએ.
- વિદ્યાર્થી માનસને અનુકૂળ એવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સાંકળી તે વિદ્યાર્થીઓને પોતાના ભાવો, અનુભવોને વ્યક્ત કરવાની તક આપવી.
- વિષયની પસંદગી વિદ્યાર્થીઓ દ્વારા કરાવવી.

- વિદ્યાર્થીઓને જબરદસ્તી લખાણ ન લખાવવું.
- વિદ્યાર્થીઓને લેખનના આધારસ્તંભોથી પરિચિત કરવા.
- લેખનમાં ભૂલો થાય તો તે અંગે માર્ગદર્શન આપવું, ઠપકો ન આપવો.
- લેખનકાર્ય ગુણ મેળવવા માટે છે તે ખ્યાલને દૂર કરવો.
- વર્ગસમક્ષ ઉત્તમ લખાણ વાંચી સંભળાવવું જોઈએ જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે.

માધ્યમિક કક્ષાએ સામાન્ય રીતે એવો અનુભવ જોવા મળે છે કે વિદ્યાર્થીઓ વિશેષ કરીને ગૃહકાર્યમાં લેખનકાર્ય કરતા હોય છે. આ લેખનકાર્ય માટે પણ તેઓ વિશેષ કરીને માર્ગદર્શિકામાંથી ઉતારો કરી લેતા હોય છે. આથી વિદ્યાર્થીને સ્વયં લખવાનો અનુભવ ઓછો પ્રાપ્ત થાય છે. નિબંધ લેખનમાં પણ નિબંધમાળામાંથી નિબંધ લખાઈ જાય છે. એટલે વિચારોની મૌલિક અભિવ્યક્તિને ઉત્તેજન મળતું નથી. વળી આપણી પરીક્ષા પદ્ધતિમાં પણ મળતું નથી. વળી આપણી પરીક્ષા પદ્ધતિમાં પણ મળતું નથી. વળી આપણી પરીક્ષા પદ્ધતિમાં પણ લેખન કૌશલ્યના આધાર પર આખું માળખું રચાયું છે. છતા વિદ્યાર્થીઓ લેખન કૌશલ્યના મહત્વને આત્મસાત કરી શક્યા નથી. શિક્ષકોએ માધ્યમિક કક્ષાએ અનુલેખન અને શ્રુતલેખનનો મહાવરો વિદ્યાર્થીઓને આપવો જોઈએ. આ બંને લેખન કૌશલ્યનો મહાવરો કેળવવા માટેની પ્રવૃત્તિઓ છે. આ બંને પ્રવૃત્તિઓ વિશે વિગતે અભ્યાસ કરીએ તે પહેલાં તમારી પ્રગતિ વિશે જાણી લઈએ.

'તમારી પ્રગતિ ચકાસો' - 2

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ નોંધો.

1. લેખન કૌશલ્યના આધારસ્તંભોના માત્ર નામો જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. પ્રાથમિક કક્ષાએ લેખન કૌશલ્ય માટે કઈ કઈ પદ્ધતિઓ જાણીતી છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. માધ્યમિક કક્ષાએ એક શિક્ષક તરીકે લેખન કૌશલ્ય માટે તમે કયો મહાવરો કરાવશો, તે અંગે જણાવો.

## 4.8 લેખન કૌશલ્ય મહાવરાની પ્રયુક્તિઓ :

માધ્યમિક કક્ષાએ શિક્ષક વિદ્યાર્થીઓના લેખન કૌશલ્યને વિકસાવવા માટે બે સરળ પ્રયુક્તિઓનો સમાવેશ કરી શકે. આ પ્રયુક્તિઓ દ્વારા વિદ્યાર્થી સુરેખ અક્ષરોમાં ઝડપથી લખવાનું કૌશલ્ય વિકસાવી શકે છે.

આપણે કોઈ વિદ્વાન વક્તાનું પ્રવચન સાંભળવા ગયા હોઈએ ત્યારે તેમના વિચારણીય મુદ્દાની ઝડપથી નોંધ કરવી હોય તો સાંભળતાં સાંભળતાં લખવાનું કૌશલ્ય વિકસાવવું પડે. તમે પત્રકારોને ઈન્ટરવ્યુ લેતા જોયા હશે. તેઓ જેઓની મુલાકાત લઈ રહ્યા છે તેમની વાતોને તરત નોંધી લે તો જ તેના પર લેખ લખી શકે. આમ સાંભળીને ઝડપથી લખવાની ટેવ વિકસવી જોઈએ. શિક્ષક ભણાવતા હોય ત્યારે વિદ્યાર્થી તરત તેને લખી નાખે તે તેને અભ્યાસમાં કામ લાગતું હોય છે. આવી જ રીતે જોઈને સુરેખ અક્ષરે નોંધ કરવી તે પણ અગત્યનું છે. બુલેટિન બોર્ડ પર સુવાચ્ય અને સુંદર અક્ષરોમાં લખાયેલો લેખ પ્રિય થઈ પડે છે. આ બંને પ્રયુક્તિઓને આપણે અનુલેખન અને શ્રુતલેખનને નામે ઓળખીએ છીએ. આપણે હવે તે વિશે વિગતે જોઈએ.

### 4.8.1 અનુલેખન :

અનુલેખન લેખન-કૌશલ્યની પ્રાપ્તિ માટે ફળદાયી મનોયત્ન છે. અહીં ચક્ષુ દ્વારા એક વખત ભાષાને ઝીલી તે સાથે જ તેને લેખનમાં રૂપાંતરિત કરવાની છે. અનુલેખન અક્ષરોને સુરેખ અને સુવાચ્ય બનાવવાની શૈક્ષણિક પ્રવૃત્તિ છે. પ્રાથમિક કક્ષાના ધોરણમાં તેથી જ આ પ્રવૃત્તિને વારંવાર સૂચવવામાં આવી છે. અક્ષર સુધારણા માટે 'અનુલેખન' ઉત્તમ પ્રવૃત્તિ છે.

આ પ્રવૃત્તિ માટે કૉપી લેખન બુકનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા અક્ષરોના વળાંક, પ્રમાણ, કાના, માત્ર અને હ્રસ્વ-દીર્ઘનો ખ્યાલ વિદ્યાર્થીઓને આવે છે. આથી અક્ષર સુધારણા અને હાથના સ્નાયુની તાલીમ મળે છે.

અનુલેખનનો મૂળભૂત હેતુ 'અક્ષર સુધારણા' નો છે તે માટે બાળકોમાં રસ જાગૃત કરી અનુલેખન કરાવવું જોઈએ. આ માટે નીચેના જેવા પ્રયત્નો શિક્ષકો અને બાળકના વાલીઓએ કરવા જોઈએ.

- શિક્ષક અને વાલીઓએ સારા લેખન માટેનો આગ્રહ રાખવો.

- સુંદર લેખનના નમૂના રજૂ કરવા.
- કોપી લેખન વૈજ્ઞાનિક પદ્ધતિથી કરાવવું.
- સભાન પ્રયત્નોથી હસ્તાક્ષર સુધારી શકાય છે તેની પ્રતીતિ કરાવવી.
- સ્નાયુઓની તાલીમ કેળવવાના પ્રયાસો કરવા.
- ચિત્રકામ કે રંગોળી કાર્ય કરાવવું.
- સ્થિર આરોગ્ય, સ્વસ્થ ચિત્ત, સ્નાયુની ખિલવણીની કસરતો વગેરે હસ્તાક્ષર સુધારણામાં સહાયરૂપ છે તેનું જ્ઞાન આપવું જોઈએ.

### 4.8.2 શ્રુતલેખન

શ્રુતલેખન એટલે કોઈ બોલે તે સાંભળીને તે પ્રમાણે જ લખવું. અહીં કર્ણ દ્વારા ભાષાને ઝીલી લેખનમાં રૂપાંતરિત કરવામાં આવે છે. શ્રુતલેખન દ્વારા ચિત્તની એકાગ્રતા કેળવવામાં આવે છે. ઉચ્ચાર ઝીલીને, જોડણી લખવાની ટેવનું ઘડતર થાય છે. સાથે સાથે લેખન ઝડપ પણ કેળવાય છે. પ્રવચન, વાર્તાલાપ કે અહેવાલ લેખનની તાલીમ માટે શ્રુતલેખન અત્યંત ફળદાયી પ્રવૃત્તિ છે.

ડૉ.માઈકલ વેસ્ટનાં શ્રુતલેખન અંગેનાં સૂચનો નીચે મુજબ છે.

(A) શ્રુતલેખન એ શિક્ષણ પાઠ છે, કસોટી નથી. કસોટી તરીકે શ્રુતલેખન કરાવવાથી કેટલાંક બાળકો અમુક શબ્દોની જોડણી વિશે જીવનભર ચોક્કસ રહે છે માટે તેનું વિધિવત્ જ્ઞાન આપવું જોઈએ.

(B) શ્રુતલેખન શિક્ષણ પાઠનાં ત્રણ સોપાન છે.

(1) મૂંઝવતા અઘરા શબ્દોની શોધ અને મહાવરો : શિક્ષક નવા શબ્દો જેમાં વિશેષ હોય તેવો એક ફકરો ચૉક બોર્ડ ઉપર લખશે. અને વિદ્યાર્થીઓ પાસે તેમાંથી અઘરા શબ્દો શોધાવશે. તે શબ્દોને લખવાનો મહાવરો આપવામાં આવશે.

(2) શ્રુતલેખન : શિક્ષક વિદ્યાર્થીઓના મહાવરા પત્રો લઈ લેશે અને વિદ્યાર્થી વચ્ચે ફરતાં ફરતાં શુદ્ધ ઉચ્ચારણ સાથે સ્પષ્ટતાથી શ્રુતલેખનનો ફકરો લખાવશે. વિદ્યાર્થીઓ શ્રવણ કરીને ફકરો લખશે. શિક્ષક વિદ્યાર્થીઓની નોટબુકમાં ફકરાલેખન દરમ્યાન નજર કરતા રહેશે. ભૂલ જણાશે તો વિદ્યાર્થીને વાકેફ કરશે અને અઘરી જોડણીવાળા શબ્દો ચોકબોર્ડ પર લખશે.

(3) તપાસ અને અનુકાર્ય : શ્રુતલેખન પૂર્ણ થયા પછી શિક્ષક વિદ્યાર્થીઓની નોટબુક ભેગી કરી લેશે અને તેની તપાસણી કરશે. અને ભૂલો હોય તો તેનો નિર્દેશ કરશે. સામાન્ય રીતે 100 ટકા શુદ્ધ શ્રુતલેખનની અપેક્ષા રહે છે. પણ જો કોઈ વિદ્યાર્થીનું કામ બેદરકારીભર્યું લાગે તો તેને ફરીથી મહાવરો કરાવવો જોઈએ. ઘણી વખત વિદ્યાર્થીઓ એવી રીતે લખતા હોય છે કે તેમનુ પોતાનું લખાણ તેઓ પોતે જાતે વાંચી શકતા નથી. ખરેખર સુંદર અક્ષરોમાં વિચારોની ઉત્તમ અભિવ્યક્તિ એ અદ્ભુત કલા છે. અને તે માટેના સઘન પ્રયત્નો થવા જોઈએ. જો કે આ દિશામાં Ph.D. કક્ષાએ પણ ઘણા સંશોધનો થયા છે. હવે તો સુંદર હસ્તાક્ષરો ખિલવવા માટેનાં ક્લિનિકો પણ ખૂલ્યાં છે. શિક્ષકો કેટલાક ક્રિયાત્મક સંશોધનો કરીને પણ વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરી શકે. એક વાત ચોક્કસ છે કે વિદ્યાર્થીઓ લેખન કૌશલ્યમાં ભૂલો કરે છે તે તરફ સભાનતા કેળવવાની જરૂર છે. લેખન કૌશલ્યમાં થતી ભૂલો-ખામીઓ જાણીને તે માટેના ઉપાયો કરવાની જરૂરિયાત છે. તો હવે આપણે એ વિશે અધ્યયન

કરીએ કે લેખનમાં કેવા પ્રકારની ખામીઓ જોવા મળે છે. તે માટે કયા ઉપાયો અજમાવવા જોઈએ ?

## 4.9 લેખન કૌશલ્ય : ખામીઓ અને ઉપાયો

લેખન એ ખૂબ સૂક્ષ્મ અને સંકુલ પ્રકારની પ્રક્રિયા છે. પેન કેવી રીતે પકડવી, નોટબુક કેટલા અંતરે અને કેવી રીતે રાખવી, અક્ષરોના મરોડ, જોડણી-અનુસ્વારની ભૂલો, વિરામચિહ્નોની ભૂલો, વાક્યરચનાની ભૂલો, વ્યાકરણગત ભૂલો, ઉચિત શબ્દોની પસંદગીનો અભાવ, ફકરાઓની ઉચિત સમજ નો અભાવ, મૌલિકતાનો અભાવ, ભાષા દરિદ્રય જેવી અસંખ્ય ભૂલો લેખનમાં જોવા મળે છે. ઉત્તરવહીઓ તપાસતાં શિક્ષકોનો બળાપો સાંભળવા જેવો છે. ઘણી વખત 50-100 ઉત્તરવહીઓ વાંચ્યા પછી ભાગ્યે કોઈ એક ઉત્તરવહી જોઈને 'હાશકારો' કે 'આનંદ' ની અનુભૂતિ થતી હોય છે. ઘણી વખત તો ડૉક્ટરો માટે પણ એવું કહેવાતું હોય છે કે તેઓએ લખેલું પ્રિસ્કિપ્શન (દવા માટેનું સૂચનાપાત્ર) બે જ જણ વાંચી શકે છે. એક ડૉક્ટર પોતે અને બીજા દવાની દુકાનવાળા. પૂજ્ય ગાંધીજીને પણ પોતાના ખરાબ અક્ષરો અંગે ઘણો જ ખેદ હતો. તેઓએ તો કહ્યું હતું કે, 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે,' તો હવે આપણે એવું અધ્યયન કરીએ કે લેખનમાં થતી ખામીઓ કઈ છે અને તેના માટે કયા ઉપાયો અજમાવી શકાય.

લેખનમાં ખામીઓ અને ઉપાયો :

| ખામી | - | ઉપાય |
|---|---|---|
| જોડણી અંગેની ભૂલો | - | જોડણી કોશનો ઉપયોગ કરાવવો. |
| | - | જોડણી-ચાર્ટ બનાવી વર્ગમાં લટકાવવા. |
| | - | જોડણીના નિયમો વિશેના નિયમો સમજાવવા. |
| | - | શુદ્ધ જોડણીનો આગ્રહરાખતાં સામયિકો |
| વર્તમાનપત્રો | | વંચાવવાં. |
| | - | શુદ્ધ ઉચ્ચારણનો મહાવરો આપવો. |
| | - | સંધિના નિયમોનું જ્ઞાન પણ આપવું. |
| | - | જોડાક્ષર વિશે સમજ આપવી. |
| અનુસ્વારની ભૂલો | - | અનુસ્વાર અંગેના નિયમો સમજાવવા. |
| | - | અનુસ્વાર - ચાર્ટ તૈયાર કરવો. |
| | - | જોડણીકોશનો ઉપયોગ કરાવવો. |
| | - | અનુસ્વારની રમતો યોજવી. |
| | - | અનુસ્વારને અનુનાસિક વચ્ચેનો ભેદ સમજાવવો. |
| | - | જોડણી અને અનુસ્વારનું મહત્ત્વ સમજાવવું. |
| | - | સુન્દરમ્ કૃત અનુસ્વાર અષ્ટક કંઠસ્થ કરાવવું. |

| | | |
|---|---|---|
| વિરામચિહ્નોની ભૂલો | - | વિરામચિહ્નોની સમજ આપવા તેના ચાર્ટ્સ બનાવવા. |
| | - | વિરામચિહ્નોનો ક્યાં કેવી રીતે ઉપયોગ થાય છે. તેની સમજ |
| | - | વિરામચિહ્નોનું મહત્ત્વ સમજાવવું. |
| | - | વિરામચિહ્નો વિશે મહાવરો આપવો. |
| અક્ષરોની ખામી | - | કલમ પકડતાં શીખવવું. |
| | - | સારા સુવાચ્ય અક્ષરો માટે કોપી લેખન કરાવવું. |
| | - | અનુલેખન અને શ્રુતલેખન કરાવવું. |
| | - | સારા અક્ષરોના નમૂના વર્ગમાં મૂકવા. |
| | - | અક્ષરો અંગેનો મહાવરો આપવો. |
| શિષ્ટ વાક્યરચના | - | વાક્યમા પદક્રમ અને પદસંવાદનો ખ્યાલ આપવો. |
| | - | વિવિધ વાક્યરચનાની સમજ આપવી. |
| | - | વાક્ય પરિવર્તન અંગેની સમજ આપવી. |
| | - | વાક્ય રચનાની વિશિષ્ટતાઓ અને ખૂબીઓ રજૂ કરવી. |
| | - | વાચન રસ કેળવવો. વિવિધ લેખકોનાં પુસ્તકોમાંની વાક્ય રચનાનું નિરીક્ષણ કરાવવું. |
| | - | વાક્યમાં પદની ફેરબદલીથી આવતા ભાવપલટામાં પરિવર્તન વિશે સમજ આપવી. |
| ભાષા દારિદ્રય | - | વાચન તરફ અભિમુખ કરવા |
| | - | વાચન રસ કેળવવો. |
| | - | સંદર્ભ પુસ્તકોનું વાચન કરાવવું. |
| | - | વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું. |
| વ્યાકરણની ભૂલો | - | વ્યાકરણ વિષયક જ્ઞાન આપવું. |
| | - | વ્યાકરણ પ્રત્યેની સૂગ અને પૂર્વગ્રહ દૂર કરવા. |
| | - | વ્યાકરણ વિષયક પુસ્તકોનું વાચન કરાવવું. |
| પરિચ્છેદ સમજનો અભાવ | - | પરિચ્છેદ પાડવાનું જ્ઞાન આપવું. |
| | - | નમૂનાના ફકરાનું નિર્દેશન કરવું. |
| મૌલિકતાનો અભવા | - | વાચન-રસ કેળવવાનો પ્રયાસ કરવો. |
| | - | ચિંતન-મનનની ટેવ પાડવી. |
| | - | વિવિધ શૈલીનો પરિચય આપવો. |
| | - | વિચારોને સાંકળતાં શીખવવું. |
| | - | મૌલિક સર્જન માટે પ્રોત્સાહિત કરવા |

| | | |
|---|---|---|
| શબ્દભંડોળનો અભાવ | - | શબ્દકોશનો ઉપયોગ કરાવવો. |
| | - | શબ્દ-રમતો રમાડવી |
| | - | વિવિધ શબ્દોનો સંગ્રહ કરાવવો. |
| | - | શબ્દ ઘડતર વિશે સમજ આપવી. |

અહીં માત્ર ટૂંકમાં જ ખામીઓ અને તેના ઉપાયો વિશે નિર્દેશ કરીને માત્ર દિશાસૂચન કર્યું છે. તમે તમારી તાલીમ દરમ્યાન આ અંગે વિશેષ અનુભવ લેવાનો પ્રયત્ન કરશો તો વિશેષ આત્મસૂઝ વિકસશે. અને તમે સ્વયં વિદ્યાર્થીઓના લેખન કૌશલ્ય માટેની વિવિધ પ્રવૃત્તિઓ અજમાવી શકશો. જી હાં, હવે આપણે લેખન કૌશલ્ય વિકસાવવાની કેટલીક પ્રવૃત્તિઓ વિશે પણ જોઈશું.

## 4.10 લેખન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :

અહીં લેખન કૌશલ્ય વિકસાવવા માટેની નમૂનારૂપ કેટલીક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે. અગાઉ કહ્યું તેમ શિક્ષક તરીકે તમે પોતે આમાં કેટલાક મૌલિક પ્રયોગો કરી શકો. નીચેની પ્રવૃત્તિઓ વિશે જાણીએ.

- હસ્તાક્ષર સ્પર્ધા :-
  સુલેખન સ્પર્ધા દ્વારા સારા અક્ષરની સ્પર્ધા રાખી શકાય.
- સમાચાર લેખન :-
  ચોક-બોર્ડ પર લોબીમાં દરરોજ સમાચાર લખાવવા.
- હસ્તલિખિત અંક :-
  જુદી - જુદી ઘટનાઓ, લેખકો, સારા લેખો અંગેના અંક પ્રગટ કરી શકાય.
- શબ્દ રમત :-
  શબ્દભંડોળ વધે તે માટે વિવિધ શબ્દ રમતો રમાડવી.
- જોડણી રમત :-
  સાચી જોડણી વિકસે તે માટે જોડણી રમત રમાડવી
- નિબંધ લેખન સ્પર્ધા :-
  શાળામાં નિબંધ લેખન સ્પર્ધા યોજવી.-
- શ્રુત લેખન :-
  પ્રવચન નોંધ કરાવવી, રેડિયો કાર્યક્રમોની નોંધ કરાવવી.
- પત્ર લેખન :-
  વિવિધ વ્યક્તિઓને પત્ર લખાવવાની સ્પર્ધા રાખવી જોઈએ.
- અહેવાલ લેખન :-
  શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ કે કાર્યક્રમો અંગેના અહેવાલો લખવા.
- પ્રવાસ વર્ણન :-
  શાળામાં યોજાતા પ્રવાસો અંગેનું વર્ણન કરાવવું.
- અવતરણ સંગ્રહ :-
  મહાપુરુષોએ ઉચ્ચારેલાં અવતરણોનો સંગ્રહ કરાવવો.

- રોજનીશી :-

  વિદ્યાર્થીઓને રોજનીશી લખવાની ટેવ પાડવી. તેના નમૂના પૂરા પાડવા.

- સ્વાગત પ્રવચન :-

  જુદા-જુદા કાર્યક્રમો અંગેનાં સ્વાગત પ્રવચનો લખાવવાં.

- વિચાર-વિસ્તાર :-

  વિચાર-વિસ્તાર સ્પર્ધા યોજી શકાય.

- સામાયિકોમાં લેખ :-

  શાળાનું અથવા અન્ય સામાયિકમાં વિદ્યાર્થીઓએ લખેલ પ્રસંગો કે કોઇ લેખ છપાવવા.

- સારા હસ્તાક્ષરનું પ્રદર્શન :-

  સારા હસ્તાક્ષરોનું પ્રદર્શન ગોઠવી શકાય.

- પાદપૂર્તિ સ્પર્ધા :-

  કેટલીક પંક્તિઓ આપીને તે પરથી કાવ્યરચના કરવાનું કહી શકાય.

  ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં શિક્ષકોએ અને આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઇએ અને બિરદાવવા જોઇએ.

તમારી પ્રગતિ ચકાસો - 3

નોંધ : નીચેના પ્રશ્નોના તમારી ભાષામાં જવાબ આપો.

એક શિક્ષક તરીકે તમે

1) વર્ગખંડ શિક્ષણમાં અનુલેખનનો કેવી રીતે ઉપયોગ કરશો

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2) શ્રુતલેખનનાં સોપાનો જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

3) લેખન કૌશલ્યમાં થતી વિવિધ ખામીઓ દર્શાવો.

4) લેખન કૌશલ્ય વિકસાવવા માટેની વિવિધ પ્રવૃત્તિઓમાંથી તમને સૌથી વધુ ગમી હોય તેવી પાંચ પ્રવૃત્તિઓ લખો.

ગુજરાતી ભાષા પદ્ધતિના એક અધ્યાપકે બી.એડ્.ની કોલેજમાં સળંગ પાંચ વર્ષ સુધી તાલીમાર્થીઓને વર્ષના આરંભે કેટલીક પ્રવૃત્તિઓ કરાવી. જેમા તેઓએ ગુજરાતી ભાષાનો કક્કો લખવાનો હતો. અને 75 જાણીતા શબ્દોની જોડણી લખવાની હતી. આશ્ચર્ય વચ્ચે સ્નાતક-અનુસ્નાતકની ઉપાધિ મેળવીને આવ્યા પછી પાંચ વર્ષમાં માત્ર 10 વિદ્યાર્થીઓ સાચો કક્કો લખતા જોવા મળ્યા.

## 4.12 સારાંશ :

લેખન એ વિદ્યાર્થી જીવન, વ્યાવસાયિક જીવન અને સામાન્ય જીવનનો મહત્ત્વનો હિસ્સો છે. આજે લેખનની દુનિયાએ ઈન્ટરનેટ સુધી વિસ્તરીને માહિતીના યુગનું સ્થાન ગ્રહણ કરી લીધું છે.

**સંકલ્પના :**

વ્યક્તિના વિચારો, ભાવ, જરૂરિયાતો, અનુભવો વગેરેને વાચિક ધ્વનિ સંકેતા દ્વારા લખીને પ્રગટ કરવા એટલે લેખન. તેમાં ભાષાની યાંત્રિક બાબતો એટલે કે કક્કો, અક્ષરો, જોડણી વગેરે, શુદ્ધ લેખન એટલે કે વ્યાકરણ વિષયક બાબતો અને લેખિત સ્વરૂપ એટલે કે

ભાષાશૈલીનો ક્ષમતાપૂર્વક ઉપયોગ કરવો જેવી બાબતો મહત્વની છે. લેખન એટલે માત્ર વાક્યોનો સમૂહ નહીં પણ વાક્યો વચ્ચેની સંવાદિતા, સાક્ષીભાવ, લાગણી, વિચારો, જરૂરિયાત, સ્પંદનોની શુદ્ધ, સરળ અને યોગ્ય ઝડપે થયેલી લેખિત અભિવ્યક્તિ.

### મહત્વ:

લેખન દ્વારા વ્યક્તિ પોતાના વિચારોને અભિવ્યક્તિ કરે છે, સ્થળ-કાળની સીમાઓને વિસ્તારી શકે છે, અનુભવો સંસ્મરણો અને જ્ઞાનને સાચવી શકે છે, ભૂતકાળનું જ્ઞાન મેળવી શકાય છે, નવા જ્ઞાન-કૌશલ્યની શોધ થઈ શકે છે, ભાષા વ્યવહાર ટકાઉ, જાહેર અને અધિકૃત બન્યો છે, સાહિત્ય-પત્રકારત્વ શિક્ષણ જેવાં વ્યાવસાયિક ક્ષેત્રો વિકસ્યાં છે, સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનો વિકાસ થયો છે, નાણાં સંબંધી વ્યવહાર યોગ્ય રીતે કરી શકે છે, ભાવિ પેઢી સાથે પ્રત્યાયન કરી શકાય છે, જાહેરાત કરી શકાય છે, પરીક્ષા આપી શકાય છે, વ્યક્તિત્વનો પરોક્ષ પરિચય કરી શકાય છે. આમ લેખનનું ઘણું મહત્વ છે.

### હેતુઓ

વિદ્યાર્થીઓ લેખન દ્વારા અભિવ્યકક્તિ કરે એ સામાન્ય હેતુઓ માટે અનેક વિશિષ્ટ હેતુઓ છે. જેમ કે, શુદ્ધ જોડણી અને વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે, વિચારોને યોગ્ય પરિચ્છેદોમાં વહેંચીને લખે, વિચારોને સ્પષ્ટ રીતે લખે, યોગ્ય ક્રમમાં લખે, સરળભાષામાં લખે, અનુલેખન કરે, શ્રુતલેખન કરે, વ્યાકરણ શુદ્ધ લખાણ કરે, સુંદર અને મરોડદાર અક્ષરોમાં લખે, વિચાર, ભાવને અનુરૂપ શબ્દોની પસંદગી કરીને લખે, સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં લખે, અભિવ્યક્તિમાં સૌંદર્ય અને લાઘવનો ખ્યાલ રાખીને લખે વગેરે વગેરે...

### આધારસ્તંભો :

લેખન કૌશલ્યની સંકુલ પ્રક્રિયામાં કુલ 11 જેટલા આધારસ્તંભો છે. જેમાં કક્કો અને બારાક્ષરીનું જ્ઞાન, સુરેખ હસ્તાક્ષર, હાંસિયો, પરિચ્છેદ રચના, વાક્યોનું બંધારણ, ભાષા, જોડણી અને વિરામચિહ્નો, ચિત્રની અભિમુખતા, સામગ્રી, લાગણી અને ભાવની અભિવ્યક્તિ તેમજ શબ્દભંડોળ અને શબ્દવિષયક સજ્જતાનો સમાવેશ થાય છે.

### અધ્યાપન પદ્ધતિઓ :

પ્રાથમિક કક્ષાએ લેખન કૌશલ્ય માટે (1) અનુકરણ પદ્ધતિ, (2) પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ, (3) જેકોટોટ પદ્ધતિ અને (4) મોન્ટેસરી પદ્ધતિ પ્રચલિત છે. પ્રાથમિક તબક્કે બાળક મૂળાક્ષરોની ઓળખ અને તેનું લેખન શીખે છે.

માધ્યમિક કક્ષાએ લેખન કૌશલ્ય વિકસાવવા માટે મહાવરો આપવો જરૂરી છે. તેમાં વાચન કાર્ય પર ધ્યાન, હેતુપૂર્વકનું લેખનકાર્ય, વિદ્યાર્થીના ભાવ-માનસને અનુરૂપ પ્રવૃત્તિઓની લેખન અભિવ્યક્તિ, લેખનના આધારસ્તંભોથી પરિચિત કરાવવા, ભૂલો અંગે માર્ગદર્શન આપવું, ઉત્તમ લખાણોનો અનુભવ પૂરો પાડવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

### અનુલેખન - શ્રુતલેખન :

આ બંને લેખન કૌશલ્યનો મહાવરો પૂરો પાડતી પ્રયુક્તિઓ છે. અનુલેખન કોઇ લેખનને જોઈ જોઈને પુન:લખવાની રીતે છે. તેનો મૂળ હેતુ અક્ષર સુધારણાનો છે. પ્રાથમિક કક્ષાએ કોપી લેખન બુકનો ઉપયોગ કરી શકાય. વૈજ્ઞાનિક પદ્ધતિથી, સુંદર લેખનના સમૂહના રજૂ કરીને, સ્નાયુઓની તાલીમ આપીને હસ્તાક્ષર સુધારણાનો પુરુષાર્થ કરવો જોઈએ.

શ્રુતલેખન એટલે કોઈ બોલે તે સાંભળીને તે પ્રમાણે જ લખવું. અહીં કર્ણ દ્વારા ભાષાને ઝીલીને લેખનમાં રૂપાંતરિત કરવામાં આવે છે. શ્રુતલેખન એ શિક્ષણપાઠ છે કસોટી નથી. ડૉ.માઈકલ વેસ્ટે આ અંગે કેટલાક સૂચનો કર્યાં છે. જેમાં તેમણે મૂંઝવતા અઘરા શબ્દોની શોધ અને મહાવરો, શ્રુતલેખનનો અનુભવ અને તપાસ તેમજ અનુકાર્ય જેવા સોપાનોની વાત કરી છે.

**લેખન કૌશલ્ય : ખામીઓ અને ઉપાયો :**

લેખન કૌશલ્યમાં જોડણી અંગેની ભૂલો, અનુસ્વારની ભૂલો, વિરામચિહ્નોની ભૂલો, અક્ષરોની ખામી, શિષ્ટ વાક્યરચના, ભાષા દારિદ્રય, વ્યાકરણની ભૂલો, પરિચ્છેદ સમજનો અભાવ, મૌલિકતાનો અભાવ અને શબ્દભંડોળનો અભાવ જેવી ખામીઓ જોવ મળે છે. શિક્ષક આ ખામીઓને અનુરૂપ વર્ગખંડમાં ઉપાયો યોજી શકે.

**લેખન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :**

લેખન કૌશલ્યના વિકાસ માટે હસ્તાક્ષર સ્પર્ધા, સમાચાર લેખન, સુવિચાર લેખન, હસ્તલિખિત અંક, શબ્દરમતો, જોડણી રમત, નિબંધલેખન સ્પર્ધા, શ્રુતલેખન પત્રલેખન, અહેવાલ લેખન, પ્રવાસવર્ણન, અવતરણ સંગ્રહ, રોજનીશી, સ્વાગત પ્રવચન, વિચાર-વિસ્તાર, સામાયિકો માટેના લેખ, સારા હસ્તાક્ષરનું પ્રદર્શન વગેરે જેવી પ્રવૃત્તિઓ કરી શકાય.

શિક્ષકે લેખન કૌશલ્યના વિકાસ માટે કટિબદ્ધ બનવું પડશે.

## 4.13 ચર્ચા અને સ્પષ્ટીકરણ

લેખન કૌશલ્ય વિશે અધ્યયન કરતાં કરતાં તમને જે મુદ્દાઓ વિશે ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું હોય તેને તે મુદ્દા અંતર્ગત નોંધ.

(1) ચર્ચા

(2) સ્પષ્ટીકરણ

## 4.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ 4.3

(2) જુઓ 4.4

(3) જુઓ 4.5

2

(1) જુઓ 4.6

(2) જુઓ 4.7

(3) જુઓ 4.7.1

3

(1) જુઓ 4.8.1

(2) જુઓ 4.8.2

(3) જુઓ 4.9

## નોંધ

બી.એડ્. (એસ.ઈ.ડી.ઈ) કાર્યક્રમ

# SECM : 03

## ગુજરાતીનું અધ્યાપન

## ઘટક-3
## માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ અને નૂતન પ્રવાહો

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અને
રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો
સહકાર્યાન્વયનનો કાર્યક્રમ

લેખક :

ડો. સ્મિતાબેન ડી. ત્રિવેદી
શ્રીમતી એમ.એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વિમેન
એલિસબ્રિજ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.

પરામર્શ (વિષય)

ડો. કે. આર. નાવડીયા
નિવૃત્ત અધ્યાપક
આર.બી. સાગર કોલેજ ઓફ એજ્યુકેશન
પી.ટી. ઠક્કર રોડ, નારાયણનગર, આલોક બસ સ્ટેન્ડ પાસે, પાલડી,
અમદાવાદ.

પરામર્શ (ભાષા)

શ્રી નટુભાઈ રાવલ
નિવૃત્ત આચાર્ય
વૈદ્યશ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અમદાવાદ.

સંકલન

ડૉ. ડી. એમ. બકરાણીયા
વ્યાખ્યાતા
ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

*Printers: Kalptaru Offset, Tavadipura,Shahibaug,*
*Ahmedabad-04,Phone: (079) 25632001*

પ્રકાશક

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380060
C સર્વ હક્ક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# SECM : 03

## ગુજરાતીનું અધ્યાપન

## ઘટક -3

## માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ અને નૂતન પ્રવાહો

એકમ: 1 માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ

એકમ: 2 માતૃભાષાનાં વિવિધ સ્વરૂપોનું શિક્ષણ

એકમ: 3 માતૃભાષા શિક્ષણમાં નૂતન પ્રવાહો

# એકમ : 1 માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ

## એકમની રૂપરેખા


1.1 પ્રસ્તાવના

1.2 ઉદ્દેશો

1.3 અધ્યાપનની વિભાવના

1.4 પદ્ધતિની સંકલ્પના

- 1.4.1 અધ્યાપન પદ્ધતિઓનું મહત્ત્વ
- 1.4.2 અધ્યાપન પદ્ધતિઓની આધારશિલા
- 1.4.3 અધ્યાપન પદ્ધતિઓનું વર્ગીકરણ

1.5 માતૃભાષાની અધ્યાપન પદ્ધતિઓ

- 1.5.1 વ્યાખ્યાન પદ્ધતિ
- 1.5.2 આગમન-નિગમન પદ્ધતિ
- 1.5.3 જૂથ-ચર્ચા પદ્ધતિ
- 1.5.4 સ્વાધ્યાય પદ્ધતિ
- 1.5.5 નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિ
- 1.5.6 પ્રોજેક્ટ પદ્ધતિ
- 1.5.7 નાટ્યીકરણ પદ્ધતિ
- 1.5.8 પ્રશ્નોત્તર પદ્ધતિ

1.6 માતૃભાષાની અધ્યાપન પ્રયુક્તિઓ

- 1.6.1 કથન પ્રયુક્તિ
- 1.6.2 પ્રશ્નકલા પ્રયુક્તિ
- 1.6.3 ચર્ચા પ્રયુક્તિ
- 1.6.4 ગાન પ્રયુક્તિ
- 1.6.5 વાચન પ્રયુક્તિ
- 1.6.6 વાર્તા પ્રયુક્તિ
- 1.6.7 શબ્દ રમતો

1.7 સારાંશ

1.8 ચર્ચા અને સ્પષ્ટીકરણ

1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 1.1 પ્રસ્તાવના

તમને ખબર છે જ કે શિક્ષણ આપવા માટે ત્રણ પ્રશ્નો મહત્વના છે. કોને શિક્ષણ આપવાનું છે ? શું ભણાવવાનું છે અને કેવી રીતે ભણાવવાનું છે ? આ સમગ્ર પ્રક્રિયાના પાયાના ત્રણ પ્રશ્નો પૈકીનો કેવી રીતે શીખવવું એ પદ્ધતિનો નિર્દેશ કરે છે. વિષયવસ્તુના જ્ઞાન માત્રથી સફળ શિક્ષક બની શકાતું નથી. પરંતુ તે જ્ઞાનને વિદ્યાર્થીઓ સુધી અસરકારક અને સરળ રીતે પહોંચાડવા પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમો અને વ્યૂહોને અપનાવી તેનું કુશળતાપૂર્વક અમલીકરણ કરવું અનિવાર્ય છે. આપણા પૂર્વસૂરીઓ પણ જ્ઞાનના પ્રસાર માટે અનેકવિધ પદ્ધતિઓ અપનાવતા હતા. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રશ્ન, પરિપ્રશ્ન, શંકા અને સમાધાનને જ્ઞાન માટે અનિવાર્ય ગણ્યા છે. શ્રીકૃષ્ણે અર્જુનને જ્ઞાનોપદેશ પ્રશ્નોત્તર સ્વરૂપે આપેલો. બૃહદારણ્યક ઉપનિષદમાં જ્ઞાનપ્રાપ્તિની શ્રવણ, મનન અને નિદિધ્યાસન એમ ત્રણ પ્રક્રિયાઓ વર્ણવી છે. આ પદ્ધતિમાં શિષ્ય ગુરુ કરતાં વિશેષ પ્રયત્નો કરતો. ગ્રીસના વિદ્વાન સોક્રેટિસે પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા જ્ઞાન ફેલાવવાનો પ્રયાસ કરેલો. પશ્ચિમમાં એરિસ્ટોટલ, જોન લોક, કોમિનિયસ રૂસો, પેસ્તોલોજી, હર્બાર્ટ, ફ્રોબેલ, પાર્કર, થોર્નડાઈક, જ્હોન ડ્યૂઈ અને કિલ પેટ્રીક જેવા વિદ્વાનોએ પદ્ધતિઓને પ્રયોગોની એરણે ચઢાવી જ્ઞાન પ્રસારની નવી નવી પદ્ધતિઓ સૂચવી છે.

આપણે આ પ્રકરણમાં અધ્યાપનની વિભાવના, પદ્ધતિની સંકલ્પના, મહત્વ, વિવિધ પદ્ધતિઓ, તેના ગુણ-મર્યાદાઓ, તેનો ઉપયોગ તેમજ વિવિધ પ્રયુક્તિઓ વિશે પણ ચર્ચા કરીશું. આ પ્રકરણના અધ્યયનને અંતે તમે માતૃભાષાનું અધ્યાપન કરતી વખતે વિવિધ પદ્ધતિઓનો સમન્વય કરવાનું પસંદ કરશો. અને તમારી તાલીમ દરમ્યાન પણ તેનો મહાવરો કરવાનું વલણ કેળવશો. આ અપેક્ષા સાથે પ્રસ્તુત પ્રકરણના ઉદ્દેશો નીચે નોંધ્યા છે.

## 1.2 ઉદ્દેશો

આ પ્રકરણના અધ્યયન થકી તમે

- અધ્યાપનની વિભાવના સમજાવી શકશો.
- પદ્ધતિનો અર્થ જણાવી શકશો.
- પદ્ધતિનું મહત્વ જણાવી શકશો.
- અધ્યાપન પદ્ધતિઓની આધારશિલા કઈ છે તે જણાવી શકશો.
- અધ્યાપન પદ્ધતિઓનું વર્ગીકરણ દર્શાવી શકશો.
- માતૃભાષાની વિવિધ અધ્યાપન પદ્ધતિઓનો અર્થ, ઉપયોગ કરવાની રીત, તેની વિશેષતા તથા મર્યાદાઓ નક્કી કરી શકશો.
- માતૃભાષાના અધ્યાપનમાં ઉપયોગી વિવિધ પ્રયુક્તિઓના ઉપયોગ વિશે જાણી શકશો.

## 1.3 અધ્યાપનની વિભાવના

અધ્યાપન એટલે આપણા મનમાં પ્રથમ તો એવું જ ચિત્ર આવે કે શિક્ષક બોલે છે સાથે કાળા પાટિયા પર લખે છે અને વિદ્યાર્થીઓ સાંભળે છે.પણ અધ્યાપનનું આ ચિત્ર ત્વરિત ગતિએ બદલાવા માંડ્યું છે. અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા અંગે ઘણા સંશોધનો થયાં છે અને સતત થતાં રહે છે. પહેલાં શિક્ષણ શિક્ષકકેન્દ્રી હતું, હવે વિદ્યાર્થીકેન્દ્રી બન્યું છે. તે સંદર્ભમા

અધ્યાપનની વિભાવના જોઈએ તો,

"વિવિધ વિષય શિક્ષણના હેતુઓના સંદર્ભમાં અપેક્ષિત વર્તન-પરિવર્તનો લાવવા માટે પૂરા પાડવામા આવતા હેતુકેન્દ્રી અધ્યયનપ્રદ અનુભવોની હારમાળા એટલે અધ્યાપન."

શિક્ષણનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવાનું છે. એ માટે આપણે શિક્ષણના ધ્યેયો નિર્ધારિત કર્યા. આ ધ્યેયોની સિદ્ધિ અર્થે સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની સંરચના કરી. આ અંગે તમે ખંડ-1માં અધ્યયન કરી ગયા છો. શિક્ષકે જે-તે વિષયના સંદર્ભમાં નિર્ધારિત કરેલા હેતુઓની સિદ્ધિ અર્થે વર્ગખંડમાં એવા અનુભવો પૂરા પાડવાના છે કે વિદ્યાર્થીઓ તે માટેનાં વર્તન-પરિવર્તનો કેળવે. આ સમગ્ર અધ્યયન પ્રક્રિયામાં શિક્ષકે સહાયભૂત થવાનું છે. અધ્યાપનનું આયોજન વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓની જરૂરિયાત, શક્તિઓ, રૂચિ વગેરેને કેન્દ્રમાં રાખીને તે શીખતો થાય એ જરૂરી છે. નૂતન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો અમલ કરીને કરવાનું છે. વર્ગખંડમાં મુક્ત શિસ્ત અને લોકશાહીપ્રેરક હવામાન સર્જાય તે હિતાવહ છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે તંદુરસ્ત પારસ્પરિક સંબંધો વિકસાવીને અધ્યાપન કરવાનું છે. વિદ્યાર્થીના માનસપટ પર શિક્ષકની છબી ચિરંજીવ રહે, તે હંમેશા વિદ્યાર્થીનો પ્રેરણાસ્રોત બની રહે તે માટે શિક્ષકે પદ્ધતિઓથી વાકેફ થઈને તેના અસરકારક અમલીકરણ તરફ આગળ ધપવું પડશે. હવે આપણે પદ્ધતિની સંકલ્પના, મહત્ત્વ અને તેનાં અન્ય પાસાંઓ વિશે અધ્યયન કરીશું.

## 1.4 પદ્ધતિની સંકલ્પના

પદ્ધતિ એટલે રીત. પદ્ધતિ શબ્દનો વ્યુત્પત્તિલક્ષી અર્થ વિચારીએ તો the path or way to be followed to arrive at a certain result. અર્થાત્ ખાતરીપૂર્વકના પરિણામે પહોંચવા માટે અનુસરવામાં આવતો માર્ગ કે ગતિરેખા. શિક્ષણ પદ્ધતિ એટલે અધ્યાપનની રીત કે યુક્તિ. શિક્ષક વિષયવસ્તુની સમજ આપવા માહિતીની સાથે રસપ્રદ ઉદાહરણો, દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી, વિદ્યાર્થીઓના પૂર્વ અનુભવો સાંકળી પ્રશ્નોત્તરી કરે. આમ વર્ગશિક્ષણમાં અપનાવતી જ્ઞાન પ્રસારની વિવિધ પ્રયુક્તિઓનું સંમિશ્રણ એટલે પદ્ધતિ. શિક્ષકની વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યમાં સામેલ કરવાની રીતને કે પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને વિદ્યાર્થીઓના મન સુધી પહોંચાડવાના માધ્યમને શિક્ષણની પદ્ધતિ કહે છે. શિક્ષણ પદ્ધતિ એટલે શિક્ષણકાર્યની રીત, આંતરવ્યવહાર કે પ્રત્યાયન. વિષયવસ્તુ નિરૂપણની તંત્ર અને પેટાતંત્રયુક્ત વ્યવસ્થા એટલે પદ્ધતિ. હરભાઈ ત્રિવેદીના શબ્દોમાં જોઈએ તો મર્યાદિત સમયમાં ઘણું સિદ્ધ કરી શકાય તે સારુ આવશ્યક એવાં કૌશલો પણ પ્રાપ્ત કરવાં પડે છે, આવા કૌશલોની સંકલિત પ્રક્રિયાને આપણે શિક્ષણ પદ્ધતિ કહીશું. પાઠના વિશિષ્ટ હેતુઓ સિદ્ધ કરવા યોગ્ય અને ક્રમિક સ્વરૂપે પૂરા પાડવામાં આવતા અધ્યયન અનુભવોના સમૂહને અધ્યાપન પદ્ધતિ કહેવાય. અરવિંદભાઈ એમ. પટેલે પદ્ધતિનું સમીકરણ નીચે પ્રમાણે આપ્યું છે.

વિષયવસ્તુ + ભાષાશૈલી + હાવભાવ + શૈક્ષણિક સાધનોનો ઉપયોગ + વિદ્યાર્થીઓનો શાબ્દિક, અશાબ્દિક સહયોગ = પદ્ધતિ.

આમ, વિષયવસ્તુની વર્ગમાં રજૂઆતની રીત એટલે પદ્ધતિ.

### 1.4.1 અધ્યાપન

કોઈપણ કાર્યની સફળતાનો આધાર તે કઈ રીતે કરવામાં આવ્યું છે તેની પર રહેલો છે.

શિક્ષણ પદ્ધતિ એ વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસવાની રીત છે. જો એ રીતિ વિદ્યાર્થી માટે જ્ઞાનભોગ્ય બને તો તે ઉત્તમ. શિક્ષણને સફળ, સચોટ અને ફળદાયી બનાવવામાં શિક્ષણ પદ્ધતિનો ફાળો અમૂલ્ય હોય છે જે નીચેની બાબતોના આધારે સ્પષ્ટ થશે.

- વિષયશિક્ષણના હેતુઓ સરળતાથી સિદ્ધ થાય છે.
- વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન લાવી શકાય છે.
- વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય છે.
- વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ આપી શકાય છે જેથી તેઓ વર્ગ શિક્ષણમાં સક્રિય બને છે.
- વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો સંતોષી શકાય છે.
- વિદ્યાર્થીઓનું વિષય પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવા, વિષય પરત્વે, રુચિ-રસ જાગૃત કરવામાં ઉપયોગી બને છે.
- વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો વિકાસ કરી શકાય છે.
- શિક્ષણના ધ્યેયો પરિપૂર્ણ કરી શકાય છે તેમ જ ધાર્યું પરિણામ મેળવી શકાય છે.
- શિક્ષણની પ્રક્રિયા હેતુલક્ષી અને અર્થપૂર્ણ બનાવી શકાય છે.
- વિષયવસ્તુની સમજ સ્પષ્ટ રીતે આપી શકાય છે.
- વર્ગશિક્ષણને અનુભવકેન્દ્રી બનાવી શકાય છે.
- વર્ગશિક્ષણને જીવંત અને સહકારયુક્ત બનાવી શકાય છે.

### 1.4.2 અધ્યાપન પદ્ધતિઓની આધારશિલા

શિક્ષણ પદ્ધતિઓનું મહત્ત્વ વિશેષ હોવા છતાં યોગ્ય શિક્ષણ પદ્ધતિની પસંદગી કરવી પણ તેટલી જ મહત્ત્વની છે. શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ એટલે જે વર્ગને સ્વર્ગ બનાવે તે. વિદ્યાર્થીઓ આનંદવિભોર બની શિક્ષણકાર્યમાં રસપૂર્વક ભાગ લેતા થાય તે પદ્ધતિ શ્રેષ્ઠ. શિક્ષણ પદ્ધતિની પસંદગીનો મુખ્ય આધાર શિક્ષક પર રહેલો છે. જો શિક્ષકમાં કુશળતાઓ ન હોય તો ગમે તેવી શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ પણ પ્રાણવાન બનતી નથી. શિક્ષણ પદ્ધતિની પસંદગી નીચે જેવી બાબતો પર આધાર રાખે છે.

- વિદ્યાર્થીની વયકક્ષા
- વિદ્યાર્થીની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો
- વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો
- પ્રાપ્ય સાધન સામગ્રી
- અધ્યાપનનો વિષય, વિષયવસ્તુ અને નક્કી કરેલા હેતુઓ
- વિદ્યાર્થીઓને આપવા યોગ્ય અધ્યાપન અનુભવો અને પ્રવૃત્તિઓ
- શિક્ષકની સજ્જતા
- પદ્ધતિના લાભાલાભ

### 1.4.3 અધ્યાપન પદ્ધતિઓનું વર્ગીકરણ :

વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી એમ બંને જો તત્વો અરસપરસ આદાન-પ્રદાન કરે છે જે જો કોઈએક જ તત્વ સક્રિય અને બીજું તત્વ નિષ્ક્રિય હોય તો પ્રક્રિયા બિનઅસરકારક બની રહે. આપણે અધ્યાપન અને પદ્ધતિ બંનેની સંકલ્પનાઓ જોઈ હેતુ સિદ્ધિ અર્થે અને ચિંતનને પરિણામે આપણને અનેક પદ્ધતિઓ પ્રાપ્ત થઈ છે. આ પદ્ધતિઓનું વર્ગીકરણ કરતાં તેના મુખ્ય બે પ્રકારો પાડી શકાય.

(1) સામાન્ય પદ્ધતિઓ

આ પદ્ધતિઓ કોઈપણ વિષયના અધ્યાપનમાં ઉપયોગી થઈ શકે તેવી છે માટે તેની

સામાન્ય પદ્ધતિઓમાં ગણના કરવામાં આવી છે.

(2) વિશિષ્ટ પદ્ધતિઓ

આ પદ્ધતિઓ અમુક નિશ્ચિત વિષય ભણાવવામાં જ ઉપયોગી છે. તે પદ્ધતિની મદદથી અન્ય વિષયનું અધ્યાપન થઈ શકતું નથી જેમ કે, ભાંડારકર પદ્ધતિ સંસ્કૃત વિષય માટે અને હ્યુરિસ્ટિક પદ્ધતિ વિજ્ઞાન વિષય માટે ઉપયોગમાં લઈ શકાય છે.આ વર્ગીકરણ વિષયના સંદર્ભમાં છે. બીજું મુખ્ય વર્ગીકરણ શિક્ષક-વિદ્યાર્થીની ભૂમિકા શું હશે તે સંદર્ભમાં છે. તેના ત્રણ પ્રકાર પડે છે.

(1) શિક્ષક કેન્દ્રી પદ્ધતિઓ :

આ પદ્ધતિઓમાં શિક્ષકની ભૂમિકા પ્રમુખ રહે છે. તે જ કેન્દ્ર સ્થાને હોય છે. વિદ્યાર્થીની ભૂમિકા નિષ્ક્રિય બની જાય છે. શિક્ષક જ સમગ્ર પ્રક્રિયાનું નેતૃત્વ કરે છે.

(2) વિદ્યાર્થીકેન્દ્રી પદ્ધતિઓ આ પદ્ધતિઓમાં વિદ્યાર્થી સૌથી વધુ પ્રવૃત્ત રહે છે. તે સક્રિય રીતે કાર્યશીલ બને છે. શિક્ષક નિષ્ક્રિય રીતે સમગ્ર પ્રક્રિયાનું વહન કરવામાં સહાયભૂત થાય છે.

(3) શિક્ષક-વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિઓ

આ પદ્ધતિઓમાં શિક્ષક અને વિદ્યાર્થી બંને સક્રિય બને છે. બંને અરસપરસ સમગ્ર અધ્યયન પ્રક્રિયાને આગળ ધપાવે છે. શિક્ષક-વિદ્યાર્થીની ભૂમિકા સ્પષ્ટ હોય છે. અને તે પ્રમાણે બંનેએ કાર્ય કરવાનું રહે છે.

આમ, અધ્યાપન પદ્ધતિઓનું બે રીતે વર્ગીકરણ જોતાં તેમાં કઈ કઈ અધ્યાપન પદ્ધતિઓનો સમાવેશ થાય છે તે નીચેની આકૃતિથી વધુ સ્પષ્ટ થશે..

આપણે વિવિધ શિક્ષણ પદ્ધતિઓનું વર્ગીકરણ જોયું. આ વર્ગીકરણ જોઈને તમને એવો સવાલ થયો હોય કે તમે આમાંની કઈ કઈ પદ્ધતિઓથી ભણ્યા છો ? જવાબમાં લગભગ તો ''પ્રવચન પદ્ધતિ'' જ આવે. કેટલીક પદ્ધતિઓનાં તો નામ પણ પ્રથમ વખત જોવા- સાંભળવામાં આવ્યા હોય. એવું નથી લાગતું કે આવી પદ્ધતિઓનો સમન્વય કરીને અધ્યાપનને વધુને વધુ અસરકારક બનાવી શકાય ? આપણે હવે માતૃભાષા શિક્ષણમાં ઉપયોગમાં લેવાતી વિવિધ પદ્ધતિઓની વિગતવાર ચર્ચા કરીશું. એ પહેલાં એક સ્પષ્ટતા એ જરૂરી છે કે કોઈપણ પદ્ધતિ સર્વાંગ સંપૂર્ણ નથી. વિવિધ પદ્ધતિઓનો ઉચિત સમન્વય વાસ્તવમાં તો અસરકારક અને ફળદાયક નિવડે.

શિક્ષણ પદ્ધતિઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય.

**શિક્ષણની પદ્ધતિઓ**

- સામાન્ય પદ્ધતિઓ (બધા વિષયોમાં ઉપયોગી)
  - શિક્ષક કેન્દ્રી
    - વ્યાખ્યાન
    - વાર્તા
    - વર્ણન
  - વિદ્યાર્થી
    - સેમિનાર
    - પેનલચર્ચા
    - પરિસંવાદ
    - પરિસંવાદ
    - સ્વાધ્યાય
    - સમસ્યા-ઉકેલ
    - સિમ્પોઝિયમ
    - નાટ્યીકરણ
    - મધપૂડો
    - કાર્યશાળા
    - અવલોકન
    - અભિક્રમિત અધ્યયન
  - શિક્ષક-વિદ્યાર્થી
    - જૂથ ચર્ચા
    - પ્રોજેક્ટ
    - નિરીક્ષિત અભ્યાસ
    - પ્રયોગશાળા
    - કથન-ચર્ચા
    - પ્રશ્નોત્તર
    - આગમન-નિગમન
    - પ્રદર્શન
- વિશિષ્ટ પદ્ધતિઓ (ફક્ત એકજ વિષયમાં ઉપયોગી)
  - ભાષા (પ્રત્યક્ષ)
    - ભાષાંતર
    - ભાંડારકર
    - પાઠશાળા
  - ઇતિહાસ
    - આધાર
    - જીવનચરિત્ર
  - ભૂગોળ
    - કુદરતી પ્રદેશ
    - કાલ્પનિક
    - પત્ર
  - વિજ્ઞાન
    - પ્રયોગ
    - શોધ (inquiry)
    - હ્યુરિસ્ટિક
  - ગણિત
    - તાર્કિક

## 1.5 માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ

આપણે ખંડ-2માં ભાષાના ચાર કૌશલ્યો-શ્રવણ, કથન વાચન અને લેખનનો વિકાસ કરવાની પ્રવૃત્તિઓનો અભ્યાસ કર્યો એટલે સ્વાભાવિક રીતે જ આ ચારેય કૌશલ્યોના વિકાસ માટેની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને મળી રહે તેવી પદ્ધતિઓનો સમન્વય કરવો ઘટે. તમે જે-તે પદ્ધતિનો અભ્યાસ કરો ત્યારે પણ તે પદ્ધતિ હેતુઓની સિદ્ધિ અર્થે ઉપયોગમાં આવી શકે તેમ છે કે નહીં તે અંગે ચિંતન કરતા રહેશો. આમ તો, દરેક પદ્ધતિને અંતે માતૃભાષા શિક્ષણમાં તેના વિનિયોગ વિશે ટૂંકી નોંધ મૂકી છે. તેમ તેના પર વધુ વિચાર કરીને તેનું અમલીકરણ કરશો તેવી અપેક્ષા છે.

### 1.5.1 વ્યાખ્યાન પદ્ધતિ ( Lecture Method)

**(ક) અર્થ અને સ્વરૂપ :**

વિષયવસ્તુને વ્યાખ્યાન સ્વરૂપે રજૂ કરવાની પદ્ધતિ એટલે વ્યાખ્યાન પદ્ધતિ. શિક્ષક વિષયવસ્તુને

મગજમાં યાદ રાખી લઈ, વર્ગમાં તેની રજૂઆત કરે છે. વ્યાખ્યાનમાં સ્પષ્ટીકરણ ઉપર વિશેષ ભાર મુકાય છે. શિક્ષક વર્ગખંડમાં વિષયવસ્તુના સ્પષ્ટીકરણ, ઉદાહરણ સાથે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરી, ભાવપૂર્ણ રીતે સચોટ અને તાર્કિક રીતે પ્રવચનરૂપી કથન કરે છે ત્યારે વ્યાખ્યાન પદ્ધતિથી શિક્ષણકાર્ય કરે છે તેમ કહેવાય.વ્યાખ્યાન પદ્ધતિ સૌથી જૂની પદ્ધતિ છે. તેને પ્રવચન કે કથન પદ્ધતિ પણ કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં શિક્ષક વિષયવસ્તુની રજૂઆત કથન દ્વારા કરે છે. જ્યારે વિદ્યાર્થીઓ તેનું શ્રવણ કરે છે. વિદ્યાર્થીઓને પોતાની વાત રજૂ કરવાની તક મળતી નથી. કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકના કથનને નોંધપોથીમાં લખતા જાય છે. તો કેટલાક નિષ્ક્રિયતા દાખવે છે. વિષયવસ્તુના અધ્યયનની પ્રેરણા આપવા, વિષયવસ્તુની સ્પષ્ટતા કરવા, વિષયવસ્તુની વિચારણા કરવા અને વિષયવસ્તુમાં યોગ્ય વધારાની નવી માહિતી આપવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

વ્યાખ્યાન પદ્ધતિના સ્વરૂપ અંગે વિદ્વાનો નીચે પ્રમાણે જણાવે છે.

વ્યાખ્યાન પદ્ધતિ એક શિક્ષણ શાસ્ત્રીય પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કાળજીપૂર્વક આયોજિત કરેલું ભાષણ-વ્યાખ્યાન ઔપચારિક રીતે રજૂ કરવામાં આવે છે.

-જેમ્સ એમ.બી.

વ્યાખ્યાન એ તથ્યો , સિદ્ધાંતો અને અન્ય સંબંધોનું પ્રતિપાદન-સ્પષ્ટીકરણ છે જે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને સમજાવવા ઈચ્છે છે.

-થોમસ એમ.રીસ્ક

આમ, વ્યાખ્યાન પદ્ધતિમાં એકપક્ષીય રજૂઆત થાય છે. તેથી તે શિક્ષકકેન્દ્રી પદ્ધતિ છે. વિદ્યાર્થીઓની સહભાગિતા હોતી નથી. શિક્ષક કુશળ વક્તા હોય તો તેનું શિક્ષણકાર્ય કદાચ વર્ગખંડ પૂરતું અસરકારક રહે. વ્યાખ્યાનની વિગતો લાંબા સમયે વિદ્યાર્થીઓ ભૂલી જાય તેવી શક્યતા ખરી જ.

(ખ) મહત્ત્વ :

ખૂબ વગોવાયેલી છતાં મોટા ભાગના શિક્ષકો જેનો ઉપયોગ કરે છે તેવી આ પદ્ધતિનું મહત્ત્વ પણ છે.

- વિષયવસ્તુની માહિતી તૈયાર કરી, રજૂઆત કરવાનું કાર્ય શિક્ષક માટે સરળ બની રહે છે.
- અગત્યની વિગતો, મુદ્દાઓ, પરિસ્થિતિઓને સ્પષ્ટ કરી શકાય છે.
- અભ્યાસક્રમના મુદ્દાઓમાંથી બિનજરૂરી મુદ્દાઓને કાઢી શકાય છે.
- વિષયવસ્તુના સંદર્ભમાં વિશેષ વિચારો વર્ગમાં રજૂ કરી, વિદ્યાર્થીઓની વિચારશક્તિને વિકસાવી શકાય છે.
- વિદ્યાર્થીઓની ક્ષમતાઓ, પૂર્વજ્ઞાન, જરૂરિયાતને ધ્યાનમાં રાખી વ્યાખ્યાનને અમલમાં મૂકી શકાય છે.
- વિદ્યાર્થીઓને શ્રવણ કૌશલની તાલીમ મળે છે.
- શિક્ષકને ભણાવવાનો સંતોષ થાય છે.
- વિશેષ સાધનોની ભાગ્યે જ જરૂર પડે છે.
- લાંબા અભ્યાસક્રમને પહોંચી વળાય છે.
- વિદ્યાર્થીઓમાં ઉમદા અભિવ્યક્તિની ટેવ વિકસે છે.

(ગ) મર્યાદાઓ

આ પદ્ધતિમાં કેટલીક મર્યાદાઓ જોવા મળે છે.

- વિદ્યાર્થીઓની સહભાગિતા મેળવી શકાતી નથી તેથી વિદ્યાર્થીઓ નિષ્ક્રિય બને છે અને શિક્ષણ એકધ્રુવી બની જાય છે.
- માત્ર કથનથી વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો વિકાસ થતો નથી.
- કંટાળાજનક અને નીરસ કથન શિક્ષક પ્રત્યે ઘૃણા, વિષય પ્રત્યે અરૂચિ અને ગેરશિસ્ત જન્માવે છે.
- યોગ્ય આયોજનના અભાવે વિષયાંતર થાય છે.
- પાઠ્યપુસ્તકની વિગતો જ કથન દ્વારા રજૂ થતી હોય તો નાવીન્ય આવતું નથી. જેમાં વિદ્યાર્થીઓ બેધ્યાન રહે છે.
- શિક્ષણકાર્ય દ્વારા હેતુઓની સિદ્ધિ થઈ કે નહી તે જાણી શકાતું નથી, કારણ કે વિદ્યાર્થીઓને રજૂઆતની તક મળતી જ નથી.
- વિદ્યાર્થીઓ તૈયાર વિષયવસ્તુ મળી જતાં પરાવલંબી બને છે.
- સમયની મર્યાદામાં વિષયવસ્તુના બધા જ મુદ્દા વિગતવાર સ્પષ્ટ કરી શકાતા નથી.
- શિક્ષકની પોતાની મર્યાદાઓ કથન પદ્ધતિની મર્યાદાઓ બની રહે છે.

અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

શિક્ષકોની માનીતી આ પદ્ધતિને અસરકારક બનાવવા નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- સંદર્ભ પુસ્તકોમાંથી યોગ્ય માહિતી મેળવી વિદ્યાર્થીઓને નવી માહિતી આપવાનો પ્રયાસ કરવો જોઈએ.
- યોગ્ય શબ્દો, વિષયવસ્તુ પ્રમાણભાન, પ્રભાવશાળી અવાજ, યોગ્ય ગતિ, યોગ્ય આરોહ-અવરોહ, યોગ્ય હાવભાવ અને અસરકારક વાણીની છટા દ્વારા આપેલું વ્યાખ્યાન અસરકારક નિવડે છે.
- કથન ટૂંકુ, સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ. તેમાં બિનજરૂરી લંબાણ કે પુનરાવર્તન ટાળવાં જોઈએ.
- વ્યાખ્યાન દરમ્યાન વિચારોની ક્રમિકતા, તર્કબદ્ધતા અને સાતત્ય સચવાવાં જોઈએ.
- વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી, તેઓની સાથે આત્મીયભાવ દાખવી વ્યાખ્યાન આપવું જોઈએ.
- વ્યાખ્યાન દરમિયાન ઉદાહરણો, શૈક્ષણિક સાધનો, નિદર્શન, પ્રશ્નોત્તર, ચર્ચા, મધપૂડો કે જૂથ વિચારણા માટે સમય ફાળવવો જોઈએ.
- વિદ્યાર્થીઓની શ્રવણ ક્ષમતા,એકાગ્રતા, અર્થગ્રહણ ક્ષમતા, વયકક્ષાને ધ્યાનમાં રાખવાં જોઈએ.
- વિદ્યાર્થીઓના પૂર્વ અનુભવો સાથે સાદૃશ્ય નિપજાવનારી રજૂઆત થવી જોઈએ.

વર્ગ શિક્ષણમાં વિનિયોગ:

વ્યાખ્યાન પદ્ધતિનો ઉપયોગ માતૃભાષાના શિક્ષણ દરમ્યાન કરવાનો હોય ત્યારે ખાસ કરીને ગદ્ય-પદ્ય પ્રકારની કૃતિઓના શિક્ષણકાર્ય માટે કરી શકાય. કોઈ લેખક-કવિનો પરિચય આપવા, કાવ્યનું રસદર્શન કરાવવા, વાર્તા, પ્રવાસ, સ્થળ કે પ્રસંગનું વર્ણન કરવા, વિષય-વસ્તુ સંબંધી વ્યાપક વિચારો રજૂ કરવા, કે વિષયવસ્તુનું સંકલન કે સમીક્ષા કરવા આ પદ્ધતિનો વિનિયોગ કરી શકાય.

### 1.5.2 આગમન-નિગમન પદ્ધતિ

આગમન-નિગમન પદ્ધતિ એકબીજાની પૂરક છે. સૌ પ્રથમ આગમન પદ્ધતિ વિશે સમજીશું.

**આગમન પદ્ધતિ (Inductive Method):**

(ક) અર્થ અને સ્વરૂપ :

આપણે જોઈએ તો સમાજમાં કેટલાક સર્વસ્વીકૃત નિયમો-સત્યો સ્થાપિત થયેલા છે. આમ કેવી રીતે બન્યું ? જ્યારે ઘણી બધી વ્યક્તિઓને કોઈપણ બાબતમાં એક સરખા અનુભવો થાય ત્યારે સર્વસ્વીકૃત નિયમ કે સત્ય સ્થાપિત થાય છે. આ સહી આગમન પદ્ધતિ. શિક્ષક વર્ગમાં સૌ પ્રથમ ઉદાહરણો રજૂ કરી, તેના આધારે વિદ્યાર્થીઓ પાસે સર્વસામાન્ય સિદ્ધાંત કે નિયમ તારવે છે. તેને આગમન પદ્ધતિ કહે છે. જોયસના મતાનુસાર આગમન પદ્ધતિ એ વિશેષ દ્રષ્ટાંતો, ઉદાહરણના મદદથી સામાન્ય નિયમો પદ્ધતિસર પ્રાપ્ત કરવાની ક્રિયા છે. આ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. આ પદ્ધતિમાં શિક્ષણનાં બે સૂત્રો: વિશિષ્ટથી સામાન્ય તરફ અને સ્થૂળથી સૂક્ષ્મ તરફનો વિનિયોગ થયો છે.

આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ તેમની સમક્ષ રજૂ થયેલા પૂરતી સંખ્યાનાં ઉદાહરણો, અનુભવોનો અભ્યાસ કરે છે, વિચાર કરે છે અને યોગ્ય દિશામાં તર્ક કરી નિયમ કે પદ્ધતિ તારવે છે. આ પદ્ધતિનાં ચાર સોપાન છે.

1. ઉદાહરણ : એક જ પ્રકારનાં ઉદાહરણો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં.
2. નિરીક્ષણ : રજૂ થયેલા ઉદાહરણોનું નિરીક્ષણ કરી, તુલના દ્વારા તેમાં રહેલા સંબંધને તપાસવો અને સમાનતા શોધવી.
3. નિયમીકરણ : ઉદાહરણો વચ્ચેના સંબંધ અને સમાનતાને આધારે સામાન્યીકરણ કરી નિયમ, સિદ્ધાંત કે સત્યની રચના કરવી.
4. ચકાસણી : પ્રાપ્ત નિયમ કે સામાન્ય સિદ્ધાંતની સાબિતી કે ચકાસણી બીજાં વધારે ઉદાહરણની મદદથી કરી શકાય.

(ખ) મહત્વ :

આગમન પદ્ધતિથી નીચેના જેવા લાભ થાય છે.

- આ પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓ નિયમ, સૂત્ર, સિદ્ધાંત કે સત્ય તારવવામાં સક્રિય ભાગીદાર બને છે જેથી તેઓ સરળતાથી સમજ મેળવે છે.
- આ પદ્ધતિ તાર્કિક અને મનોવૈજ્ઞાનિક છે. વિદ્યાર્થીઓ તર્કબદ્ધ વિચારણાને અંતે, ચકાસણી કરીને નિયમને સ્વીકારે છે.
- આ પદ્ધતિથી મેળવેલું જ્ઞાન વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારી, આત્મનિર્ભર બનાવે છે. તેમજ વિદ્યાર્થીઓ સ્વંય નિર્ણય લેતાં શીખે છે અને એમની વિચારશક્તિ ખીલે છે.
- વિદ્યાર્થીઓ સ્વયં જ્ઞાન મેળવતા હોવાથી તેમને આનંદ અને સંતોષ થાય છે.

  બ્લોક-આ પદ્ધતિ પણ નીચે જેવી મર્યાદાઓ ધરાવે છે.

- વધુ સમય લેતી હોવાથી સમયપત્રક અને અભ્યાસક્રમ સાથે સમાયોજન સાધી શકાતું નથી.
- અભ્યાસક્રમના બધા મુદ્દા શીખવી શકાતા નથી.
- બધા જ સિદ્ધાંતો , નિયમો કે સત્યો માટે યોગ્ય અને વિવિધ ઉદાહરણો સરળતાથી પ્રાપ્ત

થતાં નથી. આથી તર્કબદ્ધ વિચારણાની ખામીને કારણે નિયમીકરણ થઈ શકતું નથી.

- વધુ પડતા ઉદાહરણો અને તેની ચકાસણી માટેની એક સરખી પ્રયુક્તિને કારણે વધુ નીરસતા આવવાનો સંભવ રહે છે.
- શિક્ષકમાં ધીરજનો અભાવ અને ઉદાહરણો વચ્ચે સામાન્યીકરણ તારવવામાં વિદ્યાર્થીઓની અસમર્થતા પદ્ધતિને બિનઅસરકારક બનાવે છે.

### (ગ) અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

આ પદ્ધતિની મર્યાદાઓમાંની કેટલીક મર્યાદાઓ નીચેના જેવી સાવધાનીઓ રાખવાથી દૂર કરી શકાય છે.

- નિયમ, સિદ્ધાંત કે સત્યની પૂર્વ જાહેરાત ન કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓની માનસિક કક્ષા, વયકક્ષા અને પૂર્વજ્ઞાન આધારિત રોચક, સરળ, આકર્ષક અને સુસંગત એવાં વિવિધ અને પૂરતાં ઉદાહરણોનો અભ્યાસ કરાવવો.
- નિયમ કે સત્ય તારવવામાં વિદ્યાર્થીઓને પૂરતો સમય આપવો. શિક્ષકે ધીરજ રાખવી.
- શિક્ષકે પૂરતી તૈયારી કરવી અને વિદ્યાર્થીઓની શંકાઓનું નિરાકરણ કરવું.

## નિગમન પદ્ધતિ (deductive Method)

અમૂર્ત ઉપરથી મૂર્તને અને સામાન્યથી વિશિષ્ટને સમજવાની પ્રક્રિયા થાય છે ત્યારે નિગમન પદ્ધતિનો ઉપયોગ થયો કહેવાય. આ પદ્ધતિમાં શિક્ષક પ્રથમ કોઈ સામાન્ય નિયમની રજૂઆત કરે છે અને તેના સમર્થન આપતાં વિશિષ્ટ ઉદાહરણો દ્વારા તેની સમજ આપે છે. ટૂંકમાં આગમન પદ્ધતિથી ઊલટા સ્વરૂપની પદ્ધતિ એટલે નિગમન પદ્ધતિ. આગમન પદ્ધતિમાં જુદા જુદા અનુભવો, ઉદાહરણો પરથી નિયમો કે સિદ્ધાંત તારવવામાં આવે છે, જ્યારે નિગમન પદ્ધતિમાં એનાથી વિરૂદ્ધ નિયમો, સત્યો કે સિદ્ધાંતો પરથી તેની ચકાસણી ઉદાહરણો દ્વારા કરી સામાન્યીકરણ કરવામાં આવે છે.

### (ઘ) મહત્ત્વ:

નિગમન પદ્ધતિનું પણ શૈક્ષણિક મહત્ત્વ છે.

- સમયનો બચાવ થાય છે. કારણ ઉદાહરણ ઓછાં રજૂ કરવાં પડે છે.
- જ્ઞાન પ્રાપ્તિની ગતિ વધારે છે. અભ્યાસક્રમ પૂરો થઈ શકે છે.
- શિક્ષકને ખાસ મહેનત કરવી પડતી નથી.
- પુનરાવર્તન અને દૃઢીકરણ સારી રીતે થઈ શકે છે. તે માટે ઉપયોગી પણ છે.
- કાર્યકારણનો સંબંધ સ્પષ્ટ કરી શકાય છે.
- સૂત્ર, સત્ય કે નિયમની રજૂઆત પછી ઉદાહરણ વિદ્યાર્થીઓ આપતા હોવાથી તેમની સ્મૃતિ શક્તિ વિકસે છે.
- ઉપલી કક્ષાના વિદ્યાર્થીઓ પાસે વિશેષ અનુભવ અને અવલોકનને કારણે ઉદાહરણોની પ્રાપ્તિ અને સંબંધ જોડવાની શક્તિને કારણે ઉપલી કક્ષામાં આ પદ્ધતિથી કાર્ય થઈ શકે છે.

### (ચ) મર્યાદાઓ :

- વિદ્યાર્થીઓને વિચારવા માટેનો પર્યાપ્ત સમય નહિ મળે તો તેમની વિચારશક્તિને પૂરતું ઉત્તેજન મળતું નથી.
- પ્રારંભમાં જ નિયમ આપી દેવાને કારણે બાળક માટે તેને સમજવાનું મુશ્કેલ બને છે.

કેટલાક નિયમોનું જ્ઞાન મેળવી તેનાં ઉદાહરણો શોધવાનો પ્રયત્ન કરતાં નથી જેથી વિચાર, જિજ્ઞાસા, કલ્પનાશક્તિ વિકસતી નથી.

- પ્રાથમિક કક્ષાએ આ પદ્ધતિ ઓછી ઉપયોગી છે.
- આ પદ્ધતિએ મેળવેલા જ્ઞાનની સમજ અપૂર્ણ અને અસ્પષ્ટ હોય છે.
- આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક નથી.

  આ પદ્ધતિમાં સ્મૃતિને વિશેષ મહત્ત્વ છે. જેમની જેની યાદશક્તિ સારી નથી તેઓ ઉદાહરણો આપી શકતા નથી અને તેઓને નિયમો ગોખવા પડે છે.
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાતો ન હોવાથી આત્મનિર્ભરતાની ભાવના પણ કેળવાતી નથી.

(છ) વર્ગશિક્ષણમાં વિનિયોગ :

આગમન-નિગમન પદ્ધતિ એકબીજાથી વિરુદ્ધ જતી પદ્ધતિ હોવાં છતાં એકબીજાની વિરોધી નહિ પરંતુ પૂરક પદ્ધતિઓ છે. બન્ને પદ્ધતિઓનો એક સાથે વર્ગશિક્ષણમાં ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણ વધુ અસરકારક બને છે. વર્ગશિક્ષણ દરમ્યાન સૌ પ્રથમ ઉદાહરણોને આધારે નિયમ કે સિદ્ધાંતની તારવણી કર્યા બાદ વિદ્યાર્થીઓ પાસેથી અન્ય ઉદાહરણો મેળવીને તેના દ્વારા નિયમ કે સિદ્ધાંતની વિશેષ સમજ આપવી જોઈએ.

માતૃભાષાના શિક્ષણમાં આ પદ્ધતિ દ્વારા વ્યાકરણના વિવિધ મુદ્દાઓનું શિક્ષણકાર્ય કરી શકાય. જેમાં સંધિ, સમાસ, અલંકાર, પદ અને તેના પ્રકારો, છંદ, વાક્ય વગેરેની સમજ આ પદ્ધતિ દ્વારા આપી શકાય. આ ઉપરાંત કેટલાક અર્થવિસ્તાર કરાવવા માટે વિવિધ ઉદાહરણોની જરૂર પડે ત્યારે પણ આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. આપણે જે અર્થવિસ્તાર શીખવવાનો છે તેના સત્ય, સિદ્ધાંત, આધારિત ઉદાહરણો રજૂ કરી તેના આધારે સત્ય કે સિદ્ધાંત તારવણી કરી પછી અર્થવિસ્તાર લખવા આપી શકાય.

## 1.5.3 જૂથ ચર્ચા પદ્ધતિ (Group discussion Method:)

(ક) અર્થ અને સ્વરૂપ :

કોઈ એક પ્રશ્ન કે સમસ્યા પર એક કરતાં વધુ જૂથ ચર્ચા કરે તેને જૂથ ચર્ચા કહે છે. વેબ્સ્ટર ચર્ચા શબ્દને સ્પષ્ટ કરતાં જણાવે છે કે, -કોઈ એક પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને વિવિધ બાજુથી, દષ્ટિકોણથી વિચારવો, તપાસવો કે તેનું વિશ્લેષણ કરવું તે ચર્ચા કહેવાય. આ ચર્ચા વિવિધ રીતે એટલે કે વર્ગના પત્રાંક અનુસાર, સામાજિકતા મિતિ અનુસાર કે બુદ્ધિઆંક પ્રમાણે વિદ્યાર્થીઓનાં પાડેલાં જૂથો વચ્ચે કરાવવામાં આવે ત્યારે તેને જૂથ ચર્ચા પદ્ધતિ કહે છે. જૂથ ચર્ચા પદ્ધતિની સ્વરૂપગત લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- આ પદ્ધતિ વિદ્યાર્થીકેન્દ્રી અને સમૂહગત છે. તેમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને હોવાથી તેને વિદ્યાર્થીકેન્દ્રી ઉપરાંત અધ્યયનકેન્દ્રી કહે છે.
- જૂથચર્ચામાં સમગ્ર વર્ગને સમસ્યાના મુદ્દાની જરૂરિયાત પ્રમાણે જૂથોમાં વહેંચવામાં આવે છે. જૂથની સભ્યસંખ્યા 3 થી 8 ની હોય છે.
- દરેક જૂથમાં એક નેતા અને એક વૃત્તાંત નિવેદક હોય છે.
- દરેક જૂથને આપેલા મુદ્દા ઉપર વિવિધ બાજુથી, વિવિધ દષ્ટિકોણથી ચર્ચા કરવાની હોય છે.
- ચર્ચાની શરૂઆત નેતા કરી આપે છે અને તે ચર્ચામાં વિષયાંતર ન થાય તેની કાળજી રાખે

છે. વૃત્તાંત નિવેદક ચર્ચાની નોંધ કરી અહેવાલ તૈયાર કરે છે.

- જૂથ ચર્ચાને અંતે સમસ્યાના ઉકેલની ભૂમિકા તૈયાર થાય છે. વર્ગમાં બધાં જૂથો એકઠાં થઈ અહેવાલ રજૂ કરે અને તેના ઉપર પ્રશ્નોત્તરી થાય અને તે ચર્ચાનું સમાપન શિક્ષક દ્વારા થાય છે. જૂથ ચર્ચામાં ચર્ચાનું તત્વ વિશેષ છે.
- આ પદ્ધતિમાં અગત્યની માહિતીની વિવિધ દૃષ્ટિકોણથી તપાસ એ મુખ્ય વિચાર છે.
- જૂથ ચર્ચા એ વિદ્યાર્થીઓનું સહિયારું ચિંતન છે. પરસ્પર વિચારોમાં પૂરક બનવાની ભાવના અહીં સમાયેલી છે.
- જૂથ ચર્ચામાં એકમના વિવિધ મુદ્દાનું વિવિધ જૂથો દ્વારા અધ્યયન થાય છે તેથી તે ઊંડાણપૂર્વકનું હોય છે.

આમ, જૂથ ચર્ચામાં કોઈ એક પ્રશ્ન, સમસ્યા અંગે સમજૂતી પર આવવાનો અથવા સ્પષ્ટતા મેળવવાનો સમૂહગત અને સહેતુક પ્રયાસ છે.

(ખ) મહત્વ :

- સમગ્ર વર્ગને વિવિધ જૂથોમાં વહેંચવામાં આવતાં નાનાં જૂથોમાં અધ્યયનની પ્રક્રિયા વ્યક્તિગત અને ઝડપી બને છે.
- વિદ્યાર્થીઓ એકબીજાની નજીક આવે છે. તેમની વચ્ચે આંતર વ્યવહાર ગાઢ બને છે. આત્મીયતા અને સહકારથી કાર્ય કરવાની ભાવના વિકસે છે. આમ, વિદ્યાર્થીઓમાં સામાજિકતા વિકસે છે.
- પ્રશ્નોનો ઉકેલ સમૂહમાં મેળવે છે તેમજ તેમાં દરેક વિદ્યાર્થીનો ફાળો હોવાથી તેમાં વધુ વિશ્વસનીયતા હોય છે. તેમજ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાય છે.
- અન્યના વિચારોને સહિષ્ણુતાપૂર્વક સાંભળવાની, વિચારોનો આદર કરવાની, પોતાના મતને સ્વસ્થતાથી રજૂ કરી તાર્કિક રીતે સમજાવવાની તક મળે છે જેનાથી લોકશાહીની તાલીમ મળે છે.
- વિદ્યાર્થીઓ પોતાના વિચારને વધુ સમૃદ્ધ બનાવવા, ચર્ચાને અસરકારક બનાવવા સંદર્ભ ગ્રંથો, સામયિકો, વર્તમાનપત્રોનું વાચન કરતા થાય છે.
- વિદ્યાર્થીઓની નેતૃત્વ શક્તિ વિકસે છે અને અહેવાલ લેખનની તાલીમ મળે છે.
- વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન તરફ વળે છે.
- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે છે.
- વિદ્યાર્થીઓ સભા ક્ષોભ વગર, વિચારોને સાતત્યપૂર્ણ રીતે વ્યક્ત કરતા થાય છે.
- વિદ્યાર્થીઓમાં બહિર્મુખતા લાવવામાં, પ્રગટાવવામાં મદદરૂપ બને છે.
- બધી જ કક્ષાના વિદ્યાર્થીઓને જ્ઞાન મેળવવાની તથા સમજ પ્રાપ્ત કરવાની તક આપે છે.
- વિદ્યાર્થીઓની વિચારસમૃદ્ધિ વધે છે. તેઓ સામાજિક અને વ્યવહારુ બને છે.
- મુક્ત મને ચર્ચા થતાં વિદ્યાર્થીઓમાં ખેલદિલીની ભાવના વધે છે.
- વિદ્યાર્થીઓમાં સંઘભાવના વિકસાવે છે.

(ગ) મર્યાદાઓ :

- યોગ્ય તૈયારી વિના જૂથ ચર્ચા બિનઅસરકારક બને.
- સક્રિય જૂથનેતા વિના જૂથ ચર્ચા નીરસ બને.
- જૂથના સભ્યો નિષ્ક્રિય રહે તો જૂથ ચર્ચા અર્થવિહીન બની રહે.

- સંદર્ભ પુસ્તકોના ઉપયોગ વિના, વિદ્યાર્થીઓના વાચનના અભાવે ચર્ચા માત્ર પાઠ્યપુસ્તકલક્ષી બની રહે.
- વિદ્યાર્થીઓ (જૂથના સભ્યો) એકબીજા સાથે અનુકૂલન ન સાધે, એકબીજાને સ્વીકારે નહિ તો જૂથ ચર્ચા અશિસ્તનું સ્વરૂપ લે.
- વ્યક્તિગત શિક્ષણની અવગણના થાય છે.
- આ પદ્ધતિ વધુ સમય માંગે છે. તેમજ સમયપત્રક સાથે અનુકૂળ થતી નથી.
- વિદ્યાર્થીઓ જે-તે મુદ્દાની ચર્ચા કરવાને બદલે અન્ય ચર્ચા કરે ત્યારે વિષયાંતર તેમ જ સમય અને શક્તિનો વ્યય થાય છે.
- જ્ઞાનની અખંડિતતા જળવાતી નથી.
- શાળામાં આ પદ્ધતિ માટેની ભૌતિક સુવિધા ઉપલબ્ધ થતી નથી.

(ધ) અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

- જૂથ ચર્ચા માટેનો વિષય સહચિંતન દ્વારા નક્કી કરવો. આ માટે શિક્ષકે કેટલાક વિષયો વિચારવા અને પછી તે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી યોગ્ય વિષયની પસંદગી કરવી.
- જૂથ ચર્ચા માટેના જૂથની રચના કરતી વખતે જૂથમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન બુદ્ધિઆંકને ધ્યાનમાં લેવો.
- જૂથના દરેક સભ્ય ચર્ચામાં ભાગીદાર બને તે માટે પ્રોત્સાહિત કરવા. તેઓને સંદર્ભ પુસ્તકોની યાદી પણ આપવી.
- જૂથ નેતા અને વૃત્તાંત નિવેદકની પસંદગી માટે ખાસ કાળજી રાખવી, જે વિદ્યાર્થી ચર્ચા કરી શકે, ચર્ચામાં બીજાને સામેલ કરી શકે, તેવાને નેતા અને ચર્ચાનું સંકલન કરી અહેવાલ લખી શકે તેવાને વૃત્તાંત નિવેદક તરીકે પસંદ કરવા.
- ચર્ચા માટે જરૂરી સમયની ફાળવણી કરવી. વિદ્યાર્થીઓને ચર્ચા માટે વધુ સમયની જરૂર પડે તો ફાળવી આપવો.
- વર્ગમાં અહેવાલની રજૂઆત થાય ત્યારે પ્રશ્નોત્તરી થાય તે માટે શિક્ષકે પણ પ્રશ્નો તૈયાર રાખવા તેમજ વિષયવસ્તુમાં જરૂરી પૂર્તિ કરવી.
- જૂથ ચર્ચાને અંતે લેખિત મૂલ્યાંકન કરવું જોઈએ.
- શિક્ષકે જૂથચર્ચા દરમ્યાન સતત માર્ગદર્શન, નિરીક્ષણ અને મૂલ્યાંકન કરતાં રહેવું જોઈએ.

(ચ) વર્ગશિક્ષણમાં વિનિયોગ :

જૂથ ચર્ચા દ્વારા માતૃભાષામાં શિક્ષણમાટે વ્યાકરણ અને નિબંધલેખનના મુદ્દા અંગે વિચારણા થઈ શકે. વ્યાકરણ શિક્ષણમાં વિવિધ સમાસ, અલંકાર, છંદ અને પદો માટે જૂથોની રચના કરી તેની ચર્ચા કરવી, વર્ગખંડમાં સમગ્ર ચર્ચા કરાવી શકાય. ત્રણ કે ચાર તાસના આયોજન દ્વારા આ ચર્ચા કરાવી શકાય.

નિબંધલેખન માટે જે નિબંધનું લેખન કરાવવાનું હોય તેને જુદા જુદા મુદ્દામાં વિભાજિત કરી વિદ્યાર્થીનાં જૂથો બનાવી ચર્ચા કરાવી શકાય અને તેને વર્ગખંડમાં અહેવાલરૂપે વાંચન કરાવી એક તાસમાં નિબંધલેખન કરાવી મૂલ્યાંકન થઈ શકે.

## 1.5.4 સ્વાધ્યાય પદ્ધતિ : (Assignment Method)

માતૃભાષા શિક્ષણમાં સાહિત્યના સ્વરૂપો, તેનું વિવેચન નવલકથાના વિવેચનાત્મક પ્રતિભાવો

વગેરે વિશે પેનલ-ચર્ચા થઈ શકે.

**અર્થ અને સ્વરૂપ :**

સ્વાધ્યાય પદ્ધતિ એ પ્રાચીન અને અધ્યેતાલક્ષી પદ્ધતિ છે. સ્વાધ્યાય માટે પ્રમાદ ન સેવવો.- એવું સંસ્કૃતમાં કહેવાયું છે. સ્વાધ્યાય એટલે સ્વ-અધ્યાય. સ્વઅધ્યયન કે સ્વઅભ્યાસ દ્વારા વિષયવસ્તુ ગ્રહણ કરવું, દૃઢ કરવું, પાકું કરવું, સમજવું એટલે સ્વાધ્યાય. સ્વાધ્યાય એ વિદ્યાર્થીઓને વર્ગમાં કે વર્ગ બહાર આપવામાં આવતું કાર્ય છે. નેલ્સન એલ.બોસિંગ સ્વાધ્યાયની સમજ નીચે મુજબ આપે છે. , જે એકમનો વિદ્યાર્થીએ અભ્યાસ કરવાનો છે તેની ઓળખ અને સ્વીકાર રૂપે જે શૈક્ષણિક પ્રવૃત્તિ કરવામાં આવે છે જેનાથી એકમનો ક્ષમતાપૂર્વક અભ્યાસ થઈ શકે તેવી પ્રવૃત્તિ.- આમ સ્વાધ્યાય એટલે પોતાની જાતે સ્વાધ્યાયના આધારે જ્ઞાન પ્રાપ્ત કરવું. જ્ઞાનની આરાધના કરવી એટલે સ્વાધ્યાય.

**સ્વાધ્યાયની સ્વરૂપગત લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.**

- સ્વાધ્યાય એ સ્વઅધ્યયન કે સ્વઅભ્યાસની પ્રવૃત્તિ છે.
- સ્વાધ્યાય વર્ગમાં, વર્ગની બહાર, શાળાના મેદાનમાં, પુસ્તકાલયમાં કે શાળાની બહાર થતી પ્રવૃત્તિ છે.
- સ્વાધ્યાયમાં વિદ્યાર્થીએ કરવાના કાર્યની સ્પષ્ટ માગણી હોય છે.
- સ્વાધ્યાયમાં ચોક્કસ પ્રક્રિયા દ્વારા કાર્ય કે પ્રવૃત્તિ કરવાની હોય છે.
- ક્ષમતાપૂર્ણ અભ્યાસ માટે સ્વાધ્યાય હોય છે.
- સ્વાધ્યાય પૂર્વઆયોજિત હોય છે.
- સ્વાધ્યાય હેતુપૂર્વકના હોય છે. તેના હેતુઓ સ્પષ્ટ હોય છે.
- સ્વાધ્યાયમાં શિક્ષકનું માર્ગદર્શન જરૂર પૂર્વકનું ખૂબ ઓછું હોય છે.
- સ્વાધ્યાય એ ગૃહકાર્ય નથી. ગૃહકાર્ય સ્વાધ્યાયનું એક પાસું હોઈ શકે.
- સ્વાધ્યાય વિવિધ સ્વરૂપના હોય છે. વાચન, લેખન, અવલોકન, જ્ઞાનસંપાદન, સંગ્રહ , પ્રયોગ વગેરે.
- સ્વાધ્યાય ટૂંકી મુદતના અને લાંબી મુદતના પણ હોઈ શકે.
- સ્વાધ્યાય જુદા જુદા પ્રકારના હોય છે.

**સારા સ્વાધ્યાયનાં લક્ષણો :**

અલકોર્ન,કિન્ડર અને સ્થ્યુનર્ટે સારા સ્વાધ્યાય વિશે જણાવ્યું છે કે, -An effective assignment is one that is designed to achieve atleast two objects to contribute to the achievement of specific objective of the lesson plan and to motivate students to learn with minimum of coercion.-

અન્ય વિદ્વાનોએ પણ સ્વાધ્યાય અંગે જે વિચારો દર્શાવ્યા છે તેને આધારે નીચે જેવાં લક્ષણો તારવી શકાય.

- હેતુ સિદ્ધિ

  સારો સ્વાધ્યાય પાઠઆયોજનના વિશિષ્ટ હેતુઓ-જ્ઞાન, સમજ, ઉપયોજન, કૌશલ્યો, વલણોની સિદ્ધિ તરફ લઈ જતો હોવો જોઈએ.

- **પ્રેરણા અને પ્રોત્સાહન**

  પ્રોત્સાહન સારો સ્વાધ્યાય વિદ્યાર્થીઓને પ્રેરણા આપી વિદ્યાર્થીઓને અધ્યયન અને પ્રવૃતિ માટે પ્રોત્સાહિત કરતો હોય છે.

- **તફાવત**

  સ્વાધ્યાય વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને રચાયેલો હોવો જોઈએ. પ્રશ્નોનું કઠિનતા મૂલ્ય જાળવીને વિદ્યાર્થીઓની સિદ્ધિ કક્ષામાં રહેલાં તફાવતો, વિદ્યાર્થીઓની કક્ષા, આવશ્યકતાઓ, રુચિ અને વિષયવસ્તુના તફાવતોને ધ્યાનમાં રાખીને રચાયેલો હોવો જોઈએ.

- **સ્પષ્ટતા**

  સ્વાધ્યાયના હેતુઓ સ્પષ્ટ હોવા જોઈએ. આ ઉપરાંત સ્વાધ્યાય પ્રશ્નો અને સૂચનાઓની ભાષા સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ. સ્વાધ્યાયની માંડણી જરૂરી માહિતી અને સ્વાધ્યાય કાર્યની મર્યાદાની સ્પષ્ટતા હોવી જોઈએ.

- **વ્યક્તિગત સ્વાધ્યાય**

  વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસને પુષ્ટિ આપે તેવો હોવો જોઈએ.

  વૈવિધ્ય- સ્વાધ્યાય વૈવિધ્ય વાળો હોવો જોઈએ. પ્રશ્નોના વૈવિધ્યની સાથે પ્રવૃત્તિલક્ષી સ્વાધ્યાય હોવો જોઈએ.

- **ચોકસાઈ**

  સ્વાધ્યાયની રચનામાં ચોકસાઈ હોવી જોઈએ.પ્રશ્નોની રચના સૂચનામાં ચોકસાઈ હોવી જોઈએ.

- **પૂર્વતૈયારી**

  સ્વાધ્યાય આપતાં પહેલાં શિક્ષકે પૂર્વતૈયારી કરવાની હોય છે. વિદ્યાર્થીઓને સંદર્ભમાં સાહિત્ય, સામગ્રીની યાદી આપવી જોઈએ. જેથી તે પૂર્વતૈયારી કરી સ્વાધ્યાય પૂર્ણ કરી શકે.

- **રસ-ઉત્તેજના**

  સ્વાધ્યાય વિદ્યાર્થીઓના રસને જાગૃત કરે તેવો હોવો જોઈએ. સ્વાધ્યાય પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓમાં ઉત્તેજના જાગે તેવો હોવો જોઈએ. સ્વાધ્યાયમાં યથાર્થ દૃષ્ટાંત, ઉદાહરણ, પૂર્વાનુભવ, સંદર્ભ, આકૃતિ, ચિત્ર, સંદર્ભ આપવાં જોઈએ.

- **દિશાસૂચન**

  સ્વાધ્યાયમાં જ દિશા સૂચનો આપેલાં હોવાં જોઈએ. જેથી શિક્ષકના માર્ગદર્શનની નહિવત્- ઓછામાં ઓછી જરૂરિયાત રહે.

**સ્વાધ્યાયના પ્રકારો :**

સ્વાધ્યાયના કેટલાક પ્રકારો નીચે મુજબ છે. આ પ્રકારો ઉપરાંત અન્ય પ્રકારો પણ વિચારી શકાય.

(1) પૂર્વતૈયારી રૂપ સ્વાધ્યાય
(2) અભ્યાસ માટે સ્વાધ્યાય
(3) પાઠ્યપુસ્તકલક્ષી સ્વાધ્યાય
(4) પ્રકરણ આધારિત સ્વાધ્યાય
(5) વિષયાંગ આધારિત સ્વાધ્યાય
(6) સમસ્યાલક્ષી સ્વાધ્યાય
(7) પ્રકલ્પઆધારિત સ્વાધ્યાય
(8) મહાવરાલક્ષી સ્વાધ્યાય
(9) એકમ આધારિત સ્વાધ્યાય
(10) પ્રાયોગિક સ્વાધ્યાય
(11) પુનરાવર્તન સ્વાધ્યાય
(12) પ્રદર્શન આધારિત સ્વાધ્યાય
(13) વાર્તાલાપ આધારિત સ્વાધ્યાય
(14) દૃશ્ય સાધનો સર્જન સ્વાધ્યાય

(છ) મહત્ત્વ :

અધ્યેતાકેન્દ્રી સ્વાધ્યાય પદ્ધતિના નીચે પ્રમાણે લાભો મળે છે તેથી તેનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી.

- વિદ્યાર્થીઓ સાચા અર્થમાં અધ્યેતા બને છે.
- સંદર્ભ સાહિત્યમાંથી માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ, સંકલન, તારવણી અને નોંધ કરતાં શીખે છે.
- વિવિધ સાધનોનો ઉપયોગ કરી તેના આધારે નવી માહિતી મેળવે છે.
- વિવિધ સાધનોનો ઉપયોગ કરી તેના આધારે નવી માહિતી મેળવે છે અને નવું જ્ઞાન પ્રાપ્ત કરે છે.
- અભ્યાસક્રમને પહોંચી વળવામાં સ્વાધ્યાય ઉપયોગી બને છે.
- વિદ્યાર્થીઓ વાચન અભિમુખ બને છે. વિવિધ પુસ્તકો વાંચતા થાય છે.
- વિદ્યાર્થીઓમાં નોંધ કરવી, માહિતીનું અર્થગ્રહણ કરવું, નવું સર્જન કરવું, નકશા, આકૃતિ, આલેખ, રેખાંકન અને ચિત્રના અર્થઘટનનું અને રચના જેવાં કૌશલ્યો વિકસે છે.
- ફુરસદના સમયનો સદુપયોગ થાય છે.
- વિદ્યાર્થીઓ સ્વગતિએ, સ્વપ્રયાસે સ્વાધ્યાય પૂર્ણ કરી શકે છે તેથી વ્યક્તિગત તફાવતો સંતોષાય છે.
- અભ્યાસ માટેની અસરકારક ટેવો વિકસે છે.
- સ્વપ્રયત્ને,પ્રવૃત્તિશીલ રહીને, વિવિધ વિષયોના અનુબંધ સાધીને જ્ઞાન મેળવે છે.
- કોઈપણ એકમનો ઊંડાણથી અને સમતાપૂર્વક અભ્યાસ થઈ શકે છે.
- વિદ્યાર્થીઓને શિક્ષકના કથનમાંથી મુક્તિ મળે છે. શિક્ષક પક્ષે કથનની કડાકૂટ ઓછી થાય છે.
- જ્ઞાન ચિરસ્થાયી અને દીર્ઘકાલીન બને છે. કારણ કે વિદ્યાર્થીની જ્ઞાનપ્રાપ્તિ સ્વયંભૂ બને છે.
- સમયનો બચાવ થાય છે અને શિક્ષણમાં ગુણાત્મક સુધારો થાય છે.
- વિદ્યાર્થીઓ એકાગ્રતાપૂર્વક અભ્યાસમાં જોડાય છે.
- વિદ્યાર્થીઓ સમૂહકાર્ય કરવા ટેવાય છે. શિક્ષણનું ભારણ હળવું લાગે છે.

(જ) મર્યાદાઓ

- Spencer B.સ્વાધ્યાયની મર્યાદાઓ જણાવતાં કહે છે.
- આ પદ્ધતિ પ્રાથમિક કક્ષાએ ઉપયોગી થાય તેમ નથી.
- શિક્ષક અને વિદ્યાર્થીઓએ વિશેષ પૂર્વતૈયારી અને વિશેષ સમયની તૈયારી રાખવી પડે છે.
- શાળામાં સુસજ્જ પુસ્તકાલય અને સુસજ્જ સાધનસામગ્રીખંડની વ્યવસ્થા હોતી નથી તેથી આ પદ્ધતિ અસરકારક બનતી નથી.
- સ્વાધ્યાયપ્રત છપાવવાનો ખર્ચ શાળાઓ આપતી નથી.
- કેટલાંક સ્પષ્ટીકરણો સ્વાધ્યાય દ્વારા થઈ શકે નહિ. જેની સમજ આપવી જ પડે તેવી સંકલ્પનાઓ, શબ્દો, કાર્યકારણ સંબંધ વિશે વિદ્યાર્થીઓ અસ્પષ્ટ રહે છે.

- માર્ગદર્શન વિના આપેલો સ્વાધ્યાય બિનઅસરકારક બની રહે છે.
- સ્વાધ્યાયની તૈયારી માટે યોગ્ય સમજ અને સમય આપવામાં ન આવે તો તે વિદ્યાર્થીઓ માટે બોજારૂપ બને છે.
- વિદ્યાર્થીઓ જિજ્ઞાસા અને તત્પરતાના અભાવમાં માત્ર નકલ કરવાનું કાર્ય કરે છે.
- યોગ્ય વાતાવરણના અભાવમાં સ્વાધ્યાય માત્ર યંત્રવત્ કાર્ય બની રહે છે.
- સ્વાધ્યાયોની તપાસણી સમયસર ન કરવામાં આવે તો વિદ્યાર્થી હતોત્સાહી થાય છે.

### (ઝ) અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો.

- સ્વાધ્યાયની રચના કરતી વખતે સારા સ્વાધ્યાયનાં લક્ષણોને ધ્યાનમાં લેવાં.
- સ્વાધ્યાય આપતાં પહેલાં વિદ્યાર્થીઓને તત્પર બનાવવા અને સ્વાધ્યાય કાર્ય માટે ઉત્સાહપ્રેરક વાતાવરણનું સર્જન કરવું.
- સ્વાધ્યાયની રચના અને આયોજનમાં શિક્ષકે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવું.
- સ્વાધ્યાય પદ્ધતિએ કાર્ય કરવાનું નિશ્ચિત સમયપત્રક બનાવવું.
- વિદ્યાર્થીઓ માટે સંદર્ભ પુસ્તકો અને સામગ્રી ઉપલબ્ધ બનાવવી
- સ્વાધ્યાય માટે પૂરતો સમય આપવો.
- જૂથ સ્વાધ્યાય માટે પણ બધાં જૂથોને એક સરખા જ સ્વાધ્યાય અપાય તો જ્ઞાનસમૃદ્ધિ વધશે. જ્ઞાનના ટુકડા થશે નહીં.
- સ્વાધ્યાય કાર્યમાં સહકર્તાઓનો સહકાર મેળવવો.
- સ્વાધ્યાય છાપીને આપવો.
- સ્વાધ્યાય પૂર્ણ થયા બાદ સ્વાધ્યાયનું લેખિત મૂલ્યાંકન કર્યા બાદ જ વિદ્યાર્થીઓનું મૌખિક મૂલ્યાંકન પણ કરવું.
- સ્વાધ્યાયના મૂલ્યાંકન પછી નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય કરવું.

તમારી પ્રગતિ ચકાસો-1

1. વ્યાખ્યાન પદ્ધતિ એટલે શું વ્યાખ્યાન પદ્ધતિની બે વ્યાખ્યાઓ આપો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. વ્યાખ્યાન પદ્ધતિની ત્રણ મર્યાદાઓ દર્શાવો.

3. આગમન પદ્ધતિનાં સોપાનો જણાવો.

4. આગમન અને નિગમન પદ્ધતિનો તફાવત દર્શાવતા બે મુદ્દાઓ જણાવો.

5. જૂથ ચર્ચા પદ્ધતિનું મહત્ત્વ દર્શાવતા અગત્યના ત્રણ મુદ્દાઓ જણાવો.

6. સ્વાધ્યાય પદ્ધતિનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 1.5.5 નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ(Supervised study mathod)

માતૃભાષાના શિક્ષણમાં પ્રકૃતિ કાવ્યો, વ્યક્તિકાવ્યો, ગઝલો વગેરે વિશે ભણાવવું હોય તો વિદ્યાર્થીઓને તે અંગે માર્ગદર્શન આપી સ્વાધ્યાય આપી શકાય. ધો-8માં છઠ્ઠું પાઠ અંતર્ગત શહેરીકરણની સમસ્યાઓ વિશે અન્ય સાહિત્ય ભેગું કરવા, તેના જેવી વાર્તાઓ, કવિતાઓ અને વર્તમાનપત્રોમાંથી માહિતી એકઠી કરવાનું કહી શકાય. આમાં ઈન્ટરનેટનો ઉપયોગને પણ બહુ મોટો અવકાશ છે. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની ભેટ ઈ.સ. 1916માં અમેરિકાની સિનસિનાટી યુનિવર્સિટીના અધ્યાપકશ્રી એ.એલ.હોલીકવેસ્ટે આપી. તેઓના મતાનુસાર - વિદ્યાર્થી જો શિક્ષકના નિરીક્ષણ હેઠળ જાતે અભ્યાસ કરે તો તે જ્ઞાનપ્રાપ્તિ સાથે અભ્યાસ કેવી રીતે કરવો તેની પણ યોગ્ય તાલીમ મેળવે છે. વિદ્યાર્થીની આંતરસૂઝ વિકસે અને વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયામાં તેમની વ્યક્તિગત ભિન્નતા રહેલી છે તેવી બાબતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ પદ્ધતિમાં સ્વાધ્યાય પદ્ધતિનું એક વિકસિત સ્વરૂપ છે. સ્વાધ્યાય પદ્ધતિમાં અધ્યેતા વર્ગ, ઉપરાંતના સ્થળે પણ સ્વાધ્યાય દ્વારા અભ્યાસ કરે છે. તેમાં શિક્ષકનું ઓછામાં ઓછું નિરીક્ષણ અને માર્ગદર્શન રહે છે. જેથી અધ્યેતા સ્વતંત્ર રીતે અભ્યાસ કરે છે જ્યારે નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં વર્ગમાં કે અન્ય સ્થળે શિક્ષકના નિરીક્ષણ અને માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરે છે. શિક્ષક દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત માર્ગદર્શન આપે છે.

1. આયોજન અને તૈયારી :

વિદ્યાર્થીઓ સ્વયં અભ્યાસ કરી શકે તે માટે શિક્ષકે સ્વાધ્યાયપત્રો તૈયાર કરી છપાવી લેવા. સ્વાધ્યાયપત્રની રચનામાં કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખવી પડે.

જેમાં-

- સ્વાધ્યાયપત્રમાં અભ્યાસના હેતુઓ, અભ્યાસના મુદ્દાઓ , અભ્યાસપ્રેરક પ્રશ્નો, અભ્યાસ કરવાની રીતો, સંદર્ભ પુસ્તકોની યાદી અને સૂચનોનો સમાવેશ કરવો.
- સ્વાધ્યાયની રચના વિદ્યાર્થીની વયકક્ષાને ધ્યાનમાં રાખીને કરવી.
- વિદ્યાર્થીઓની રુચિ જન્માવે, જિજ્ઞાસા ઉત્પન્ન કરે, તેવા સ્વાધ્યાય હોવા જોઈએ.
- માતૃભાષાના હેતુઓ સિદ્ધ થાય તે રીતે સ્વાધ્યાયો રચવા.
- વિદ્યાર્થીઓને અભ્યાસ કરવો પડે, મૌલિક વિચારણા કરવી પડે તેવા સ્વાધ્યાય હોવા જોઈએ.
- સ્વાધ્યાયની રચના માટે સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો જોઈએ.

આ પદ્ધતિનો આત્મા સ્વાધ્યાય છે. તેથી શિક્ષકનું મહત્વનું કાર્ય સ્વાધ્યાયની રચના કરવી તે છે. સ્વાધ્યાય તૈયાર થાય પછી વર્ગખંડમાં અનુરૂપ સંદર્ભ પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, પાઠ્યપુસ્તકોની વ્યવસ્થા પહેલેથી જ કરી રાખવી.

2. કાર્ય પદ્ધતિ

- સ્વાધ્યાય આપતાં પહેલાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્ય માટે અભિપ્રેરિત કરવા
- સ્વાધ્યાય અંગે જરૂરી સૂચનો આપવાં.
- સ્વાધ્યાય વ્યક્તિગત કે જૂથમાં આપી શકાય.જૂથમાં સ્વાધ્યાય આપવાનો હોય તો જૂથની રચના કરવી.
- સ્વાધ્યાય વિદ્યાર્થીઓને આપવા.
- જરૂર પડે ત્યાં શિક્ષક માર્ગદર્શન અને સમજ આપે.
- વિદ્યાર્થીઓ શિક્ષકના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ, સંદર્ભ પુસ્તકો અને સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરીને સ્વાધ્યાય કાર્ય પૂર્ણ કરે.
- સ્વાધ્યાય કાર્ય પૂર્ણ થયા બાદ ચર્ચા ગોઠવે.
- ચર્ચા દરમ્યાન શિક્ષક વિષયવસ્તુનું સંકલન અને કા.પા.નોંધ કરે.

3. મૂલ્યાંકન

સ્વાધ્યાયની રચનાના હેતુઓ સિદ્ધ થયા કે નહીં તેની ચકાસણી કરવા મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકન સ્વાધ્યાયની ચકાસણી દ્વારા હેતુલક્ષી કસોટી દ્વારા, મૌખિક પ્રશ્નો દ્વારા અને સ્વાધ્યાયકાર્યના નિરીક્ષણ દ્વારા કરી શકાય.

મહત્વ :

શિક્ષણની આ પદ્ધતિનું મહત્વ નીચે મુજબ છે.

- સ્વાધ્યાય દ્વારા વર્ગના બધા વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય છે.
- દરેક વિદ્યાર્થીને સ્વાધ્યાય કરવાની એક સરખી તક મળે છે.
- ગૃહકાર્યને લગતી ઘણી મુશ્કેલીઓ દૂર થાય છે.
- વિદ્યાર્થીઓ ક્રિયા દ્વારા શિક્ષણ મેળવી શકે છે.
- તેજસ્વી અને નબળા એમ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન મળે છે.
- શિક્ષકને જે તે વિષયમુદ્દાના અધ્યયનના વિદ્યાર્થીઓના પ્રતિભાવોનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો જાણવાનું સરળ બને છે.
- દરેક વિદ્યાર્થીના અધ્યયનના હકનું રક્ષણ થાય છે
- અધ્યયન પ્રક્રિયા વધુ અસરકારક બને છે. વિદ્યાર્થી સ્વપ્રયત્ને શીખવા પ્રેરાય છે.
- ધીમે ધીમે એક પરિસ્થિતિ એવી આવે છે કે વિદ્યાર્થી સ્વઅધ્યયન કરી શકે છે.
- વિદ્યાર્થી સ્વપ્રયત્ને અને સ્વગતિએ અધ્યયન કરે છે તેથી તેને આત્મસંતોષ થાય છે.
- વિદ્યાર્થીઓમા રહેલી લઘુતાગ્રંથિ દૂર થાય છે.
- વ્યક્તિગત માર્ગદર્શન એ પદ્ધતિનું હાર્દ છે. આથી શિક્ષક -વિદ્યાર્થી વચ્ચે આંતરવ્યવહારમાંથી એક પ્રકારની નિકટતા-આત્મીયતા વિકસે છે.

મર્યાદાઓ

- વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા વધારે હોય છે. આથી વ્યક્તિગત તફાવતો ધ્યાનમાં રાખી સ્વાધ્યાય તૈયાર કરી શકાતા નથી.

- વિદ્યાર્થીઓને લેખિત અભિવ્યક્તિની તક મળે છે. જ્યારે મૌખિક અભિવ્યક્તિને નહિવત્ તક મળે છે.
- વિદ્યાર્થીઓને સ્વાધ્યાયો તૈયાર કરવામાં એકસરખી સંદર્ભસામગ્રી એક જ સમયે પ્રાપ્ત કરાવવાનું શિક્ષક માટે શક્ય નથી બનતું. શાળામાં એક જ મુદ્દાને અનુલક્ષીને એક સમાન સંદર્ભ સામગ્રી મર્યાદિત પ્રમાણમાં જ હોય છે.
- બધાજ શિક્ષકો સક્રિય નિરીક્ષણ માટે કેળવાયેલા હોતા નથી.
- વિદ્યાર્થીઓનો સામાજિક વિકાસ રૂંધાય છે.
- આ પદ્ધતિમાં અનુકરણને કારણે તંદુરસ્ત સ્પર્ધાને અવકાશ હોતો નથી.
- સારા સ્વાધ્યાયની રચના કરવાનું કૌશલ દરેક શિક્ષક પાસે હોતું નથી.
- શિક્ષકે વર્ગના અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે વધુ સમય આપવો પડે છે.
- આ પદ્ધતિમાં કાર્યાનુભવ મળતો નથી તેથી રચનાત્મક કૌશલ વિકસતાં નથી.
- પ્રાથમિક કક્ષાએ આ પદ્ધતિ અનુકૂળ આવતી નથી.
- શિક્ષકના પક્ષે પૂર્વ આયોજન, ખૂબ મહેનત અને તૈયારી કરવી પડે છે. બેધ્યાન, બેદરકાર કે નિષ્ક્રિય શિક્ષક માટે આ પદ્ધતિ અનુકૂળ આવતી નથી.

અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો

- શિક્ષકે સારા સ્વાધ્યાયોની રચના કરવી જોઈએ. સારા સ્વાધ્યાયનાં લક્ષણોને ધ્યાનમાં રાખવાજોઈએ. સ્વાધ્યાય પ્રશ્નોની ચર્ચા હેતુપૂર્વકની હોવી જોઈએ.
- એકમને અનુરૂપ સંદર્ભ સામગ્રી પહેલેથી જ નક્કી કરી વર્ગમાં મૂકાવી દેવી.
- સક્રિય નિરીક્ષણ માટેની ઉત્તમ ટેવો અનુસરવી.
- વિદ્યાર્થીઓને ઉદ્ભવતી શંકા, સમસ્યા, મૂંઝવણ અંગે ચર્ચા કરી માર્ગ સૂચવવો.
- વિદ્યાર્થીઓની અભ્યાસ કક્ષાની નોંધ રાખી જરૂરી સલાહ સૂચનો આપવા.
- રચનાત્મક કૌશલ્યો વિકસે તેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.
- શિક્ષણકાર્ય કરવાનું આયોજન પહેલેથી કરવું.
- સ્વાધ્યાયોમાં કાર્યવૈવિધ્ય હોવું જોઈએ.
- શાળા પાસે સમૃદ્ધ પુસ્તકાલય, ઉપકરણો અને સામગ્રી કેન્દ્રમાં હોવાં જોઈએ. અને વિદ્યાર્થીને જરૂર પડે તેમાંથી સંદર્ભગ્રંથો કે ઉપકરણ મળી રહેવાં જોઈએ.

માતૃભાષાના શિક્ષણમાં શિક્ષકે પ્રથમ સંદર્ભસાહિત્ય એકઠું કરી રાખવું પડે. વર્તમાનપત્રો, કવિતા, રાજભાષા, ઉદ્દેશ, સમીપે, ઓળખ જેવા સામયિકો અને અન્ય સંદર્ભ પુસ્તકમાંથી જે-તે એકમ વિશે માહિતી એકત્ર કરવી પડે. દા.ત. ધો-૯માં હાઈસ્કૂલમાં પાઠ માટે ગાંધીજી લિખિત પુસ્તકો, આત્મકથા વગેરે એકત્રિત કરીને તેઓને સ્વાધ્યાય આપી શકાય. મંગલસૂત્ર પાઠ માટે માતૃપ્રેમ આધારિત સાહિત્ય તૈયાર રાખી સ્વાધ્યાય તૈયાર કરાવી શકાય.

## 1.5.6 પ્રોજેક્ટ (project Method)

### અર્થ, વ્યાખ્યા અને સ્વરૂપ

પ્રોજેક્ટ પદ્ધતિએ જહોન ડ્યૂઈની સમસ્યા પદ્ધતિના આધાર સાથે કિલપેટ્રીકે આગવા સ્વરૂપમાં રજૂ કરેલી પદ્ધતિ છે. બાળક સ્વભાવથી સ્વયંપ્રેરિત પ્રવૃત્તિને અનુસરનારો છે. તેની પાછળ તેની અખૂટ શક્તિઓનો સંચાર પણ છે જ જ્ઞાન પ્રાપ્તિ માટે શિક્ષણ પ્રક્રિયાને પ્રેરવા અને

ઉત્તેજવા પ્રવૃત્તિ ઉપયોગી છે. બાળકે આસપાસના સંજોગોમાંથી જે પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતી સમસ્યા અનુભવે અને તેનો ઉકેલ લાવવા સ્વપ્રવૃત્તિ કરે એવી જહોન ડ્યૂઈની વિચારધારા સાથે આ પદ્ધતિ સંકળાયેલી છે.

વર્તમાન શિક્ષણની માંગ ક્રિયા દ્વારા શિક્ષણ છે. પ્રોજેક્ટ પદ્ધતિમાં ક્રિયા, વાસ્તવિક અનુભવો અને જીવન દ્વારા અધ્યયનને અનુસરવામાં આવે છે. અધ્યેતાને વ્યવહારુ, વાસ્તવિક અને જીવનોપયોગી જ્ઞાન મળે તો જ શિક્ષણ અસરકારક બને. વિદ્યાર્થીને સ્વયં પોતાના ધ્યેય તરફ પહોંચવા પ્રવૃત્તિશીલ બનાવતી પદ્ધતિ એટલે પ્રોજેક્ટ પદ્ધતિ. શિક્ષણનું ધ્યેય વ્યાવહારિક દક્ષતા મેળવવાનું છે. બાળકો સ્વયં પ્રેરિત છતાં ધ્યેયલક્ષી પ્રવૃત્તિ, શાળાજીવનમાં અનુભવાતા અનુભવોને વાસ્તવિક જીવનમાં વાતાવરણમાં પાર પાડવાના બાળકોના પ્રશ્નો , તેમાં સર્જાતી સમસ્યાઓ, તેનો ઉકેલ મેળવવાનો કે મેળવ્યાનો આનંદ જેવી પ્રક્રિયાઓ આ પદ્ધતિના હાર્દરૂપ છે. પ્રોજેક્ટ પદ્ધતિ વિદ્વાનોએ નીચે મુજબ વ્યાખ્યાયિત કરેલ છે.

- સામાજિક પરિસ્થિતિઓમાં હેતુપૂર્વકની સરળતાથી કાર્ય કરવાની યોજના યા પદ્ધતિ એટલે પ્રોજેક્ટ.

**વિલિયમ કિલપેટ્રીક**

- પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં રહીને થતું સમસ્યા ઉકેલનું કાર્ય છે.

**સ્ટીવન્સન**

- જ્યારે બાળકને કોઈ સમસ્યા એટલી મહત્ત્વની અને જરૂરી લાગે છે કે જેથી તે સિદ્ધ કરવા મુક્ત અને નૈસર્ગિક વાતાવરણમાં સ્વપ્રયત્ને કાર્ય કરી એ સમસ્યાને પૂર્ણ કરે ત્યારે એ સમસ્યા પ્રોજેક્ટ બને છે.

**બર્ટન**

- શાળામાં આયાત થયેલો વાસ્તવિક જીવન પ્રવૃત્તિનો એક નાનકડો અંશ યા ભાગ એટલે પ્રોજેક્ટ

**બલાર્ડ**

- પ્રોજેક્ટ એક ઉદ્દેશ્યપૂર્ણ કાર્ય છે જેને સહકાર, સદ્ભાવનાઓથી બાળક સ્વેચ્છાથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

**રાયબર્ન**

- બાળક જ્યારે કોઈ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે મુક્ત અને નૈતિક પરિસ્થિતિમાં સ્વેચ્છાએ જાતે કામ કરવા તત્પર બને ત્યારે બાળકે જે કામ કરે તેને સાચા અર્થમાં પ્રોજેક્ટ કહેવાય.

**હુમાયુ કબીર**

- હેતુપૂર્વકની પ્રવૃત્તિઓને પ્રોજેક્ટ પદ્ધતિ કહે છે. જે વ્યક્તિને વિશિષ્ટ અંત સુધી દોરી જાય છે. વિદ્યાર્થીઓ પોતે જ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

**યોકાહા અને સિમ્પસન**

ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી પ્રોજેક્ટ પદ્ધતિ અંગે નીચે જેવી લાક્ષણિક બાબતો તારવી શકાય.

- સ્વાધ્યાય કાર્ય પૂર્ણ થયા બાદ ચર્ચા ગોઠવવી.
- પ્રોજેક્ટ એ હેતુલક્ષી પ્રવૃત્તિ છે. તેમાં નાટ્ય , સંવાદ, નમૂનાઓની બનાવટ, નકશા-ચાર્ટનું સર્જન, સ્ક્રેપબુકની બનાવટ, સ્થળ, મુલાકાત, વ્યક્તિ મુલાકાત અથવા તો એવી

પ્રવૃત્તિ કે જે દ્વારા વિદ્યાર્થી જૂથમાં પ્રાયોગિક ધોરણે સર્જન કૌશલ્ય કેળવે છે. આ પ્રવૃત્તિને પરિપૂર્ણ કરવાનું સમસ્યાત્મક કાર્ય છે. તેથી એ પરિપૂર્ણ થાય તે જરૂરી છે. પ્રવૃત્તિઓનું કુશળતાપૂર્વકનું આયોજન એ પ્રોજેક્ટનો પ્રાણ મનાય છે.

- પ્રોજેક્ટની પરિપૂર્ણતા માટે વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ, આનંદથી અને સહકારથી કાર્ય કરવું જોઈએ.
- પ્રોજેક્ટ એ સહજપ્રવૃત્તિ છે. પ્રોજેક્ટની પ્રવૃત્તિઓ કુદરતી વાતાવરણમાં થાય ત્યારે તે સાહજિક બને છે.
- પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને શાલેય જીવનમાં જે અનુભવો આપવામાં આવે તે તેમના જીવનના સામાજિક પરિસ્થિતિના અનુભવો જેવા જ વાસ્તવિક અને હેતુપૂર્ણ હોવા જોઈએ.
- પ્રવૃત્તિઓને અંતે સત્યો, હકીકતો, અને નિર્ણયો તારવવાનાં હોય છે. અને શક્ય હોય તો કશુંક નક્કર ઉત્પાદન પણ કરવામાં આવે છે.
- પ્રોજેક્ટની પદ્ધતિમાં હેતુ, ક્રિયાશીલતા, વાસ્તવિકતા, સ્વતંત્રતા અનુભવ અને ઉપયોગિતાના સિદ્ધાંતોનો સમાવેશ થયો છે.
- પ્રોજેક્ટ સ્વયંસ્ફુરિત, સ્વપ્રયોજનાત્મક, સમસ્યાત્મક પરિસ્થિતિ અને સર્જનનો આનંદ જેવી બાબતો સાથે સંકળાયેલ હોય છે.

પ્રકાર : પ્રોજેક્ટના જુદી જુદી રીતે પ્રકારો પાડી શકાય.

કિલ પેટ્રીકે પાડેલા પ્રકારો:

| | |
|---|---|
| 1. સર્જનાત્મક કે રચનાત્મક | 2. આનંદાત્મક |
| 3. સમસ્યાત્મક | 4. દૃઢીકરણ |
| 5. વિશિષ્ટ શૈક્ષણિક | |
| ● સમયની દૃષ્ટિએ | અઠવાડિયાનો, પખવાડિયાનો, મહિનાનો, સત્રનો કે વાર્ષિક |
| ● વિષયની દૃષ્ટિએ | ભાષા, ઈતિહાસ, વિજ્ઞાન, ગણિત, અર્થશાસ્ત્ર વગેરે. |
| ● સંચાલનની દૃષ્ટિએ | વર્ગનો, સમગ્ર ધોરણનો, શાળાનો |
| ● હેતુઓની દૃષ્ટિએ | જ્ઞાન મેળવવાનો, પ્રયોગ કરી જોવાનો, તાલીમ આપવાનો, પુનરાવર્તનનો |

(ખ) સિદ્ધાંતો : પ્રોજેક્ટ પદ્ધતિના આધારરૂપ સિદ્ધાંતો 6 છે.

1. હેતુનો સિદ્ધાંત : પ્રોજેક્ટ કાર્યનો નિશ્ચિત , સ્પષ્ટ ઉદ્દેશ હોય છે. હેતુની જાણ અને સ્પષ્ટ ખ્યાલ વિદ્યાર્થીઓને હોવો જોઈએ.

2. ક્રિયાશીલતાનો સિદ્ધાંત : વિદ્યાર્થીઓને સ્વયં પ્રવૃત્તિ કરવાનું ગમે છે. પ્રોજેક્ટ કાર્ય ક્રિયા પ્રધાન હોય છે. ક્રિયા દ્વારા મેળવેલું જ્ઞાન સ્થાયી અને ઉપયોગી બને છે.

3. વાસ્તવિકતાનો સિદ્ધાંત.:પ્રોજેક્ટ કાર્ય જીવનના વિષય નિર્ણય માટે અને પ્રવૃત્તિ માટે સ્વતંત્રતા હોય છે.

5. અનુભવનો કે સામાજિક વિકાસનો સિદ્ધાંત : પ્રોજેક્ટ કાર્યનામાં ક્રિયા દ્વારા અનુભવ મેળવીને જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓને સમૂહકાર્યના, લોકશાહીના સામાજિક

જીવનના પાઠો શીખે છે.

6. ઉપયોગિતાનો સિદ્ધાંત : પ્રોજેક્ટ કાર્ય દ્વારા પ્રાપ્ત જ્ઞાન ઉપયોગી અને વ્યાવહારિક હોય છે. તેની જરુરિયાતો પોષાય છે અને તે નવું સર્જવા તત્પર બને છે.

(ગ) પ્રોજેક્ટનાં સોપાનો :

પ્રોજેક્ટનાં કાર્ય સાતત્યના સોપાનની વિચારણા પણ કરવામાં આવે છે.

1. યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ : પ્રોજેક્ટ કાર્ય માટેની સમસ્યા વિદ્યાર્થીઓ રજૂ કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ, વાતચીત, ચર્ચા, ચિત્રદર્શન, પ્રશ્નો, પર્યટન, સમાચાર પર્યટન વગેરે દ્વારા કરવામાં આવે અને તેમોને માનસિક રીતે તત્પર બનાવવામાં આવે. પ્રોજેક્ટ કાર્ય માટે યોગ્ય પરિસ્થિતિ સર્જાય તો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે અને સક્રિયતા દાખવે જેથી પ્રોજેક્ટ સરળ થઈ શકે.

2. વિષય પસંદગી : શૈક્ષણિક દૃષ્ટિએ મૂલ્ય ધરાવતો, સમય , ખર્ચની કક્ષાને અનુરૂપ, પડકારરૂપ અને વાસ્તવિક જરૂરિયાતમાંથી ઉદ્‌ભવતો હોય તેવા વિષય વિદ્યાર્થીઓ દ્વારા- તેમની સાથે ચર્ચા વિચારણાની ફળશ્રુતિ રૂપે પસંદ કરવો જોઈએ.

3. આયોજન : આ સોપાન ઘણું જ મહત્વનું છે. એમાં પણ વિદ્યાર્થીઓની ભાગીદારી હોવી જોઈએ. આથી અનુભવી શિક્ષકોની પણ સામેલગીરી જરૂરી છે.

હેતુઓ : પ્રોજેક્ટ હેતુ નક્કી કરી વિદ્યાર્થીને શું લાભ થશે, કઈ કઈ શક્તિઓ વિકસાવી શકાશે તેની વિચારણા કરવી જોઈએ.

વિષયવસ્તુ : પસંદ કરેલા વિષયના સંદર્ભમાં વિષય વસ્તુના મુદ્દાઓ નક્કી કરવા.

જૂથ રચના : વિષય વસ્તુ અનુસાર જૂથોની રચના કરવી જૂથની સંખ્યા, વિષય અનુસાર રાખવામાં આવશે.

મૂલ્યાંકન : વિદ્યાર્થીઓના કાર્યના મૂલ્યાંકનની પદ્ધતિ નક્કી કરી મૂલ્યાંકન પ્રયુક્તિ અનુસાર સાધનની રચના કરવા આવે.

4. અમલ : વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કાર્યની સમજ આપી, હેતુઓની જાણ કરવામાં આવે રચાયેલા જૂથોને કાર્યની સોંપણી કરવામાં આવે. વિદ્યાર્થીઓ પોતાના જૂથને ફાળે આવેલી પ્રવૃત્તિ કરે. શિક્ષક જરૂર હોય ત્યાં માર્ગદર્શન આપે.નિરીક્ષણ કરે અને નિશ્ચિત સમયમાં કાર્ય પૂર્ણ થાય તેની કાળજી લે અને અંતે પ્રદર્શન પણ ગોઠવાય.

5. જૂથ અને અહેવાલ. દરેક જૂથનો વૃતાંત નિવેદક જૂથનો અહેવાલ તૈયાર કરી જૂથની સંમતિ લઈ સમગ્ર વર્ગ સમક્ષ રજૂ કરે. તેની ઉપર વર્ગમાં ચર્ચા થશે.

6. મૂલ્યાંકન : પ્રોજેક્ટ ચાલુ હોય તે દરમિયાન શિક્ષક નિરીક્ષણ દ્વારા સ્વભાવ, ટેવ, રૂચિ શક્તિ, સહયોગ, સક્રિયતા અંગે રચનાત્મક કાર્યનું મૂલ્યાંકન કરશે. તે ઉપરાંત વિવિધ મૂલ્યાંકન કસોટી યોજશે.

શિક્ષક આયોજન, માર્ગદર્શક, સુવિધાકાર, મૂલ્યાંકનકાર અને સમયસર પ્રોજેક્ટ કાર્ય પૂર્ણ થાય તે રીતે ભૂમિકા અદા કરશે.

(ઘ) મહત્વ:

- પ્રોજેક્ટ પદ્ધતિ મનોવિજ્ઞાનના તત્પરતા, પુનરાવર્તન, સંતોષ અને અસરના નિયમોને અનુસરે છે. તેથી આ પદ્ધતિએ અધ્યયન વ્યવસ્થિત રીતે થાય છે. આ પદ્ધતિ અનુભવ, પ્રવૃત્તિ,ક્રિયા દ્વારા શીખવતી હોવાથી શિક્ષણ રસપ્રદ બને છે.
- વિદ્યાર્થીઓ કુદરતી વાતાવરણમાં વાસ્તવિક અને વ્યવહારુ શિક્ષણ મેળવે છે. પ્રોજેક્ટ કાર્યમાં લોકશાહી રીત રસમ અજમાવતી હોવાથી વિદ્યાર્થીઓને કાર્ય પરત્વે રુચિ જન્મે છે. આથી તેમની અધ્યયન પ્રક્રિયામાં સામેલગીરી અને સક્રિયતા વધે છે.
- વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન અને જવાબદારીની સભાનતા જેવા ગુણો વિકસે છે.
- પ્રોજેક્ટ કાર્ય એક વિષય સાથે સંકળાયેલું હોવા છતાં અન્ય વિષયોનું જ્ઞાન પણ આપે છે. તેમાં અનુબંધ શક્ય બને છે.
- દરેક વિદ્યાર્થીને પોતાની શક્તિ અને રુચિ પ્રમાણે કાર્ય કરવાની તક મળે છે. વિકસે થે આત્મ પ્રસ્થાપનની વૃત્તિ સંતોષાય છે.
- તર્ક, કલ્પના, અનુમાન, ખોજ, સમસ્યા ઉકેલ, નિર્ણય લેવા વગેરે જેવી માનસિક શક્તિઓ વિકસે છે.
- તારવણી કરવાનું, અહેવાલ કરવાનું અને શૈક્ષણિક સાધન નિર્માણના, કૌશલ્યો વિકસે છે.
- વિદ્યાર્થી સ્વપ્રયત્ને, સ્વઅધ્યયનથી શીખે છે તેથી ગોખણપટ્ટીને તિલાંજલિ મળે છે.
- વિદ્યાર્થીઓ વર્ગ બહાર અન્ય સંસ્થાઓમાં જવાની તથા જરૂરી માહિતી મેળવવાની તાલીમ મેળવે છે.

(ચ) મર્યાદાઓ :

- આ પદ્ધતિએ કાર્ય કરવાથી આર્થિક ખર્ચ વધુ થાય જે દરેક શાળા ઉપાડવા તૈયાર ન થાય.
- સમગ્ર એકમના જ્ઞાનનું સાતત્ય જળવાતું નથી.
- શિક્ષકનો બોજ વધે છે. તેણે વધુ સમય-શક્તિનો ભોગ આપવો પડે છે.
- કેટલાક વિદ્યાર્થીઓ જૂથમાં કાર્ય કરતા નથી.
- અભ્યાસક્રમની પૂર્તિ અને પરીક્ષા પદ્ધતિ સાથે આ પદ્ધતિનો મેળ બેસતો નથી.
- જ્ઞાન ખ્યાલાત્મક સ્તરે પહોંચતું નથી.
- સૈદ્ધાંતિક જ્ઞાનની ઉપેક્ષા થાય છે.
- પ્રોજેક્ટ હાથ ધરનાર શિક્ષકને પૂરતા માર્ગદર્શન અને સહાય મળતા નથી.
- સમૃદ્ધ પુસ્તકાલય દરેક શાળા પાસે હોતું નથી.

(છ) અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની વિગતો :

- પ્રોજેક્ટ કાર્યની પસંદગીમાં વિદ્યાર્થીઓનો સહયોગ લેવો જોઈએ.
- પ્રોજેક્ટ કાર્યની પસંદગી પછી વિદ્યાર્થીઓના સહયોગથી પ્રવૃત્તિઓ વિચારવી.
- વિદ્યાર્થીઓની જૂથરચના કરતી વખતે દરેક જૂથમાં સમાનતા જળવાય તે બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ.

- વિદ્યાર્થીઓને કાર્ય સોંપણી સમયે તેમનાં રસ,, રુચિ, વલણ શક્તિને ધ્યાનમાં લેવાં જોઇએ.
- પ્રોજેક્ટના હેતુઓ, સમય, અને ખર્ચની વિચારણા પહેલેથી કરવી જોઇએ.
- સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ થાય તેવી તકેદારી રાખવી જોઇએ.
- પ્રોજેક્ટ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપતા રહેવું જોઇએ.
- વિદ્યાર્થીઓના ઉત્સાહ જળવાઇ રહે એ રીતે શિક્ષકે વ્યવહાર રાખવો. શિક્ષકે મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શકની ભૂમિકા નિભાવવી જોઇએ.
- પ્રોજેક્ટ કાર્યની સફળતા-નિષ્ફળતા અંગે પ્રદર્શનની મુલાકાત નોંધ, જૂથકાર્યોનું નિરીક્ષણ, મૌખિક કે લેખિત કસોટી દ્વારા અચૂક કરવું જોઇએ.

(જ) માતૃભાષા શિક્ષણમાં વિનિયોગ :

માતૃભાષા શિક્ષણ માટે પ્રોજેક્ટ પદ્ધતિનો વિનિયોગ કરવા નીચે જેવા વિષયાંગો વિચારી શકાય.

- જુદાજુદા સાહિત્યકારોનાં જીવન અને કવન
- જુદાજુદા સાહિત્યપ્રકારો
- જુદા જુદા યુગના સાહિત્યની વિશેષતાઓ- મર્યાદાઓ
- લોકસાહિત્ય અને સર્જક સાહિત્ય
- ગુજરાતી ભક્તિ સાહિત્ય
- જોડણી શિક્ષણ
- સમાસ શિક્ષણ
- અલંકાર

## 1.5.7. નાટ્યીકરણ પદ્ધતિ (Dramatiasation Method)

અર્થ અને સ્વરૂપ :

વિદ્યાર્થીઓ કોઇ એકમ યા વિષયવસ્તુને નાટક કે સંવાદના સ્વરૂપમાં વર્ગસમક્ષ વાસ્તવિકરૂપે કે સજીવસ્વરૂપે પ્રદર્શિત કરે તેને નાટ્યીકરણ કરેવામાં આવે છે. નાટ્યીકરણ એટલે બનાવો, ઘટનાઓ, પાત્રોને અભિનય સાથે, વિના અભિનયે સંવાદો દ્વારા મૂર્ત સ્વરૂપ આપવાની પદ્ધતિ.

નાટ્યીકરણમાં માનવજીવનની વિવિધ પરિસ્થિતિઓને વ્યવસ્થિત સ્વરૂપે અને નિયમિત અનુકરણ કરવામાં આવે છે. વ્યક્તિઓના ચારિત્ર્ય સાથે કે પ્રસંગ સાથે હકીકતોની શુષ્કતા ને દૂર કરી નાટક દ્વારા ભૂતકાળને પ્રત્યક્ષથી દર્શાવવામાં આવે છે.

વિષયવસ્તુ, પાત્રાલેખન, સંવાદ, અભિનય, પોશાક, રંગભૂમિ સજાવટ, સંઘર્ષ અને વાતાવરણ સાથે જીવનદર્શન કે બોધ નાટ્યીકરણનાં લક્ષણો છે.

મહત્વ :

- મનોવૈજ્ઞાનિક રીતે બાળકના વિકાસને પૂરી તક મળે છે. અનુકરણની વૃત્તિ બાળકોમાં રહેલી હોય છે. આ વૃત્તિને સારા અભિનય અને સંવાદથી પોષી શકાય છે.
- કલ્પનાને વાસ્તવિક સ્વરૂપે રજૂ કરવાની તક મળે છે.

- નાટ્યીકરણ દ્વારા શબ્દોની પસંદગી, આરોહ-અવરોહ, હાવ-ભાવ- તથા બોલવાની છટાનો વિકાસ થાય છે. સારા વક્તાઓ તૈયાર કરવામાં આ પદ્ધતિ ઉપયોગી છે.
- નાટ્યીકરણ બાળકમાં રહેલી સર્જનશક્તિ ખીલવે છે.
- ક્રિયા દ્વારા શિક્ષણનો ખ્યાલ અહીં વધુ સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થીઓ જે કંઈ કરે તેના દ્વારા વિવિધ અનુભવો પ્રાપ્ત કરે છે. નાટ્યીકરણ વિદ્યાર્થીઓને અભિવ્યક્ત થવાની તક પૂરી પાડે છે.
- નાટ્યીકરણમાં જોડાનાર વિદ્યાર્થીઓની સ્મરણ શક્તિઓ ઝડપી વિકાસ થાય છે. નાટ્યીકરણ દ્વારા નાટકની રજૂઆતથી વિદ્યાર્થીઓ પ્રભાવિત થાય છે અને તેઓને અનુસરવા પ્રેરાય છે. નાટ્યીકરણ વિષયવસ્તુના હાર્દ તરફ લઈ જાય છે. ચીલાચાલુ રીતમાં નવીનતા આવતાં અર્થગ્રહણ ક્ષમતા વધે છે.
- કાર્ય કરવાની રુચિ, કલ્પનાશક્તિ, વિસ્તૃત દ્રષ્ટિકોણ, આત્મવિશ્વાસ સહાનુભૂતિ જેવાં મૂલ્યો કેળવી શકાય છે.
- નાટ્યીકરણ પોશાક તૈયાર કરવા, રંગભૂમિ સજાવટ કરવી, સંવાદો રજૂ કરવા,હાવભાવ કરવા, જૂથમાં કાર્ય કરવું જેવી પ્રવૃત્તિઓને આવરી લેતું હોવાથી વિદ્યાર્થીઓમાં વિવિધ શક્તિઓ વિકસે છે, સાથોસાથ સંઘભાવના અને સામાજિકતા વિકસે છે.
- વિદ્યાર્થીઓ આનંદ સાથે જ્ઞાન મેળવી શકે છે.

મર્યાદાઓ :

- બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનયકલાનું જ્ઞાન હોતું નથી તેથી તેને અપનાવતાં ડરે છે.
- વિષયવસ્તુનું સંવાદીકરણ કરવાની કુશળતા બધા શિક્ષકો પાસે હોતી નથી.
- બધા એકમોનું સંવાદીકરણ શક્ય હોતું નથી.
- આ પદ્ધતિ વધુ સમય લે છે જેથી અભ્યાસક્રમ પૂર્ણ થતો નથી.
- અભિનય માટે સ્વતંત્ર ક્રિયાની કે વાતાવરણની જરૂર પડે, તેથી વિશિષ્ટ વ્યવસ્થા પણ ઊભી કરવી પડે અને આમ કરવા જતા રોજિંદી વ્યવસ્થા જોખમાય પણ ખરી.
- આ પદ્ધતિમાં નાણાંકીય ખર્ચનો પ્રશ્ન શિક્ષકોને મૂંઝવે છે. શાળા આ માટે વિશેષ ખર્ચ આપી શકતી નથી.
- નાટ્યીકરણ માટેની વ્યવસ્થા દરેક શાળા કરી શકતી નથી.
- નાટ્યીકરણ પદ્ધતિમાં શિસ્તનો પ્રશ્ન મૂંઝવે છે. વિદ્યાર્થીઓમાં ખોટા અનુકરણની ટેવ પડી જવાની સંભાવના વધુ રહે છે.

ધ્યાનમાં રાખવાની બાબતો :

- નાટ્યીકરણમાં વાસ્તવિકતા જળવાય તેવી તેની રચના કરવી.
- વાસ્તવિકતાની અતિ ગૂંથણી કરવા જતાં કલ્પના, રોમાન્સ કુંઠિત ન થાય તે જોવું.
- 10,15,30 મિનિટના નાનાં નાટકો વર્ગશિક્ષણ માટે ઉપયોગી થાય તેથી લાંબા નાટકો પુનરાવર્તન માટે પ્રયોજી શકાય.
- વર્ગશિક્ષણમાં મુદ્દાઓનું સંવાદીકરણ કરવામાં હકીકતોને તૂટક તૂટક ન મૂકી સંવાદ બાળકોની વયકક્ષા પ્રમાણે થાય તે જરૂરી છે. નીચેના ધોરણમાં પાત્રો ઓછા, સંવાદ ટુંકા અને સરળ જ્યારે ઉપલા ધોરણમાં પાત્રો વધારે, સંવાદ લાંબા અને સંયુક્ત વાક્યોવાળા ચાલે.

- નાટ્યીકરણનો ઉપયોગ કયા તબક્કે કરવો છે તેનો વિચાર કરી નાટ્યીકરણનું સ્વરૂપ રચવું જોઈએ.
- નાટ્યીકરણ માટે પૂરતી જગ્યા સમય અને સજાવટનો ખ્યાલ રાખવો.
- યોગ્ય મહાવરાની તક વિદ્યાર્થીઓને મળી રહે તેટલો સમય આપવામાં આવે.
- સમગ્ર પદ્ધતિ માટે વિદ્યાર્થીઓ જાતે તૈયાર થાય તેવી ભૂમિકા ઊભી કરવી.
- સંવાદની રચના વિદ્યાર્થીઓ જાતે તૈયાર કરાવી રજૂઆત કરવાથી વધુ અસરકારક બની રહે.
- નાટકને અનુરૂપ તખ્તાની સજાવટ, પોશાક, પાત્ર પસંદગી, પાત્રની ભાષા વગેરે હોવા જોઈએ.
- શિક્ષકે નાટ્યીકરણનો ઉપયોગ વર્ગશિક્ષણમાં કરતાં પહેલાં વર્ગ સમક્ષ બીજા નાટક રજૂ કરવાં વાંચવાં, વંચાવવાં જોઈએ. વિષયના એકમોમાં કયા નાટ્યકરણ શક્ય છે તેનો નિર્દેશ કરવો.
- નાટ્યીકરણ પદ્ધતિનો વર્ગમાં વિનિયોગ કરતાં પહેલાં વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા કેટલીક સૂચનાઓ આપવી. તેઓ ધ્યાનથી અવલોકે, શ્રવણ કરે, જરૂરી નોંધ લે, મર્યાદિત સમયમાં હશે, વસ્તુ વાંચીને આવે.

  નાટ્યીકરણ માટે વર્ગનું ભૌતિક સ્વરૂપ ઉપલબ્ધ સાધન સામગ્રી શાળાની આર્થિક સ્થિતિ વિદ્યાર્થીઓની વયકક્ષા વગેરેની સંપૂર્ણ વિચારણા આયોજન થવાં ઘટે.

ભાષાશિક્ષણમાં વિનિયોગ :

- નાટ્યીકરણ ભાષાના શિક્ષકાર્યમાં વિશેષ ઉપયોગી બને તેમ છે.
- પ્રસંગ કાવ્યો, વર્ણન કાવ્યો, વ્યક્તિ વિશેષના કાવ્યો, સીધા બોધ કરતાં કાવ્યો વગેરેને નાટ્યીકરણથી સંવાદ વિકસાવી શીખવી શકાય છે.
- પાઠ્યપુસ્તકમાં હોય તેવાં નાટકોને ભજવતાં સમજવાનો, અર્થગ્રહણનો યોગ્ય પ્રયત્ન આ પ્રયુક્તિથી કરી શકાય છે.
- ટૂંકી વાર્તાના પ્રસંગ, પરિસ્થિતિઓને પણ આ પ્રયુક્તિથી શીખવી શકાય. હાવભાવનો સમન્વય સાધવા માટે, ભાવનું પ્રકટીકરણ સમજાવવા માટે, અભિવ્યક્તિ અને અભિનયનો સમન્વય સાધવા માટે ભાષા શિક્ષણમાં નાટ્યીકરણ ઉપયોગી છે. ભાષા અભિવ્યક્તિની છટાઓને આત્મસાત્ કરવાના બાળકોના પ્રયત્નોમાં આ પ્રયુક્તિની સંવાદતત્ત્વને કારણે વાતચીતની પરિસ્થિતિથી વિકસાવી સંવાદકે તેને અભિવ્યક્તિની ક્ષમતા સુધી ઉપયોગી બનાવી શકાય.

## 1.5.8 પ્રશ્નોત્તર પદ્ધતિ (Question answer Method)

**અર્થ અને સ્વરૂપ :**

વિષયવસ્તુના વાચન પછી પ્રશ્નોત્તર દ્વારા છણાવટ કરવી એટલે પ્રશ્નોત્તર પદ્ધતિ આ પદ્ધતિમાં શિક્ષક-વિદ્યાર્થી વિદ્યાર્થી-શિક્ષક અને વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે પણ પ્રશ્નોત્તરી થાય છે. જરૂરિયાત પ્રમાણે શિક્ષક શૈક્ષણિક-સાધનોનો ઉપયોગ કરે છે. શૈક્ષણિક સાધનના ઉપયોગ દરમિયાન પ્રશ્નોત્તરી દ્વારા જ શિક્ષણની વિગતો- માહિતી તારવે છે. ટૂંકમાં, આ પદ્ધતિ શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની સહકારી પ્રક્રિયા છે.

- આ પદ્ધતિમાં પ્રશ્ન કૌશલ એ મહત્વની બાબત છે. જે શિક્ષક પાસે પ્રશ્ની રચના, પ્રશ્ન પૂછવાની રીત, પ્રશ્ન ઊંડાણની કલા હોય તે ખૂબ સારી રીતે વર્ગશિક્ષણમાં આ પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. પ્રશ્નોની લાક્ષણિકતાઓ નીચે મુજબ આપેલી છે.
- ભાષાકીય દષ્ટિએ પ્રશ્ન શુદ્ધ હોવો જોઈએ.
- પ્રશ્ન ચોક્કસ, સરળ અને સંક્ષિપ્ત હોવો જોઈએ.
- પ્રશ્ન સ્પષ્ટ અને અસંદિગ્ધ હોવો જોઈએ.
- પ્રશ્ન વિષયવસ્તુ સાથે સુસંગત હોવો જોઈએ.
- પ્રશ્નમાં જ જવાબ સમાયેલો હોય તેવા પ્રશ્નોની રચના ન કરવી.
- પ્રશ્નની ભાષા વિદ્યાર્થીઓની કક્ષાનુસારની હોવી જોઈએ.
- પ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગ સમક્ષ કરવી જોઈએ.
- વર્ગમાં પ્રશ્નનું પુનરાવર્તન કરવું જોઈએ નહિ.
- પ્રશ્ન પૂછયા બાદ થોડી ક્ષણો વિદ્યાર્થીઓને વિચારવાનો સમય આપવો જોઈએ.
- પ્રશ્ન બહુ ઝડપથી કે ખૂબ જ ધીમી ગતિએ પૂછવા જોઈએ નહિ.
- પ્રશ્ન આખા વર્ગને સંભળાય તેવો અવાજ રાખવો.
- પ્રશ્નોના યોગ્ય શબ્દ પર યોગ્ય ભાર મૂકવો.
- પ્રશ્નોની રજૂઆત હાવભાવ સાથે કરવી.
- હા કે ના ઉત્તરવાળા પ્રશ્નો, પડઘા પ્રશ્નો કે સૂચનશીલ પ્રશ્નો, અટકળ પોષક પ્રશ્નો કે સમર્થન પ્રશ્નો પૂછવા નહી.
- પ્રશ્નોના ઉત્તરનું શિક્ષકે પુનરાવર્તન કરવું નહીં.
- પ્રશ્નનો ઉત્તર એક વિદ્યાર્થી પાસેથી સાચો મળી રહે તો બીજા વિદ્યાર્થીને પૂછવો નહિ.
- વિચાર પ્રેરક પ્રશ્નો પૂછવા જોઈએ.

પ્રશ્નોના પ્રકાર :

પાઠના વિકાસને લક્ષમાં રાખીને નીચે પ્રમાણેના પ્રકારો પાડી શકાય.

પ્રારંભના પ્રશ્નો : પૂર્વ જ્ઞાનને આધારે વિષયાભિમુખ કરવા માટે,

વિકાસના પ્રશ્નો : વાચન કર્યા બાદ વિષયવસ્તુનુ અર્થગ્રહણ કરાવવા, માહિતીલક્ષી, વિચારપ્રેરક પ્રશ્નો પૂછવા જોઈએ.

દૃઢીકરણ પ્રશ્નો : વિષયવસ્તુનું પુનરાવર્તન-દૃઢીકરણ કરાવવા.

મૂલ્યાંકન પ્રશ્નો : મેળવેલા જ્ઞાની ચકાસણી કરવા-હેતુ સિદ્ધિની જાણકારી માટે.

સ્વાધ્યાય પ્રશ્નો : સ્વઅધ્યયન માટે.

મહત્વ :

- વિદ્યાર્થીઓની અર્થગ્રહણ શકિતનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓ પ્રશ્નો દ્વારા અર્થગ્રહણ કરી શકે અને સમજ કેળવે તેવી તેઓ વિષયવસ્તુમાં રસ લેતા થાય છે.
- વિદ્યાર્થીઓ સમગ્ર તાસ દરમ્યાન ધ્યાનસ્થ રહે છે, ક્રિયાશીલ રહે છે.
- વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય દરમ્યાન સહભાગી બને છે. અભિવ્યકિતનો વિકાસ થાય છે.
- ધ્યાનના કેન્દ્રીકરણને કારણે શિક્ષણની અસરકારકતા વધે છે.

- શૈક્ષણિક સાધનોનો અર્થપૂર્ણ ઉપયોગ કરી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં તર્ક, અનુમાન, નિર્ણય જેવી માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓ વિચારતા થાય છે. તેમનામાં સમજણનો વિકાસ થાય છે.
- વર્ગનું વાતાવરણ જીવંત રહે છે. વિદ્યાર્થીઓ સક્રિયતા દાખવે છે.

મહત્ત્વ :

- પ્રશ્નકૌશલ ન હોય તો પદ્ધતિ અસરકારક બનતી નથી. બધા શિક્ષકો પાસે પ્રશ્નકૌશલ હોતું નથી.
- માહિતી લક્ષી પ્રશ્નોથી અર્થગ્રહણ થતું નથી. વિષયવસ્તુની સમજ પડતી નથી.
- પ્રશ્નો પર પ્રભુત્વ ન હોય તો કથન આવી જાય છે.
- વિષયવસ્તુની તૈયારી શિક્ષકે સારી કરી ન હોય તો વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપી શકતા નથી.

વાંચવામાં સરળ લાગતી આ પદ્ધતિ પ્રશ્નો પૂછીએ ત્યારે વધુ કઠિન લાગે છે. પ્રથમ તો વિષયવસ્તુમાંથી પ્રશ્નોની રચના કરતા આવડવું જોઈએ. ઘણીવાર તાલીમાર્થીઓ કાવ્યમાંથી પ્રશ્નો રચી શકતા નથી. પાઠનું જ વિધાન જવાબ તરીકે બોલાય તેવો પ્રશ્ન ન રચાવો જોઈએ. માતૃભાષા શિક્ષણમાં પ્રવચનની સાથએ સાથે સૌથી વધુ ઉપયોગમાં લેવાની આ પદ્ધતિ છે. ભાષામાં કોઈપણ એકમની ચર્ચા કરતી વખતે તેનો સુપેરે ઉપયોગ કરી શકાય છે.

### તમારી પ્રગતિ ચકાસો -2

(1) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની ચાર મર્યાદાઓ જણાવો. ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) પ્રોજેક્ટ પદ્ધતિની બે વ્યાખ્યાઓ આપો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(3) પ્રોજેક્ટ પદ્ધતિનાં સોપાનો જણાવો.

(4) પ્રોજેક્ટ પદ્ધતિની ચાર મર્યાદાઓ જણાવો.

(5) નાટ્યીકરણ પદ્ધતિની ચાર મર્યાદાઓ જણાવો.

## 1.6 માતૃભાષાની અધ્યાયન પ્રયુક્તિઓ :

આપણે માતૃભાષા શિક્ષણની કુલ 15 પદ્ધતિઓ વિશે અભ્યાસ કર્યો તેના અભ્યાસ દરમ્યાન તમારા મનમાં પણ તેના શિક્ષણમાં ઉપયોગી પ્રયુક્તિઓ વિષે શીખશું.

1.6.0 શિક્ષક અધ્યાપનને સફળ બનાવવા કોઈ એક પદ્ધતિનો ઉપયોગ કરતાં જુદીજુદી પદ્ધતિઓનો ઉચિત સમન્વય સાધી શકે. અને તે રીતે અધ્યાપન થતાં શિક્ષણના ધ્યેયોને સાચા અર્થમાં હાંસલ કરી શકાય. પદ્ધતિઓના વધુ સફળ ઉપયોગ માટે શિક્ષક ક્યારેક ગાન, વાચન કે શબ્દ રમતોનો ઉપયોગ કરે તો તેવી રસપ્રદ રીતોને પ્રયુક્તિ તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં પ્રયુક્તિ એટલે પદ્ધતિને વધુ સફળ બનાવવા કે તેનો અસરકારક ઉપયોગ કરવામાં મદદ કરતી રીત. શૈક્ષણિક સાધનોના ઉપયોગથી આ રીતોનો ઉપયોગ વધુ સારી રીતે કરી શકાય છે. શિક્ષણ દરમિયાન એક કરતાં વધુ પ્રયુક્તિઓનો પણ ઉપયોગ થઈ શકે. માતૃભાષાના શિક્ષણમાં કથન, વાચન, ગાન પ્રશ્નકલા, ચર્ચા, શબ્દરમતો વગેરે જેવી ઉપયોગી પ્રયુક્તિઓ છે. ટૂંકમાં આ પ્રયુક્તિઓ વિશે સમજવાનો પ્રયત્ન કરીએ.

### 1.6.1 કથન પ્રયુક્તિ :

વ્યાખ્યાન પદ્ધતિનું લઘુ સ્વરૂપ એટલે કથન પ્રયુક્તિ બંને વચ્ચે એટલો જ તફાવત કે કોઈ એકમને સમગ્ર રીતે પ્રવચન દ્વારા જ ભણાવવાનો હોય તો વ્યાખ્યાન પદ્ધતિ તરીકે ઓળખાય. પણ જુદીજુદી પદ્ધતિઓનો ઉપયોગ કરીને એકમ ભણાવવાનો હોય ત્યારે વચ્ચે વચ્ચે શિક્ષક પૂરક માહિતી બોલીને રજૂ કરે ત્યારે તે કથન પ્રયુક્તિ કહેવાય. અધ્યાપન દરમિયાન જૂથ-ચર્ચા, પેનલ-ચર્ચા, સેમિનાર કે પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ વિશેષ હોય અને શિક્ષકે માત્ર પૂરક માહિતી રજૂ કરવાની હોય, કોઈ બાબતનું સ્પષ્ટીકરણ કરવાનું હોય, કોઈ પ્રસંગ કે ઉદાહરણ રજૂ કરવાનું હોય તો ત્યાં કથન પ્રયુક્તિનો ઉપયોગ થયો કહેવાય.

અસરકારક કથન માટેની શરતો તેનું મહત્વ અને મર્યાદા વ્યાખ્યાન પનદ્ધતિને જ મળતા આવે છે કેમ કે તેની રજૂઆત સ્વરૂપ બોલીને જ રજૂ કરવાનું હોય છે.

### 1.6.2 પ્રશ્નકલા :

આ પ્રયુક્તિ પ્રશ્નોત્તર પદ્ધતિને જ મળતી આવતી પ્રયુક્તિ છે. કથન વ્યાખ્યાન પદ્ધતિ વચ્ચે જે સામ્ય છે તે સામ્ય પ્રશ્નોત્તર અને પ્રયુક્તિ વચ્ચે પણ છે. તાત્વિક રીતે બંન્નેની અસરકારકતા, મર્યાદા અને તેના મહત્ત્વ તેમજ પ્રકારો વિશે કોઈ ભેદ નથી. પણ સમગ્ર એકમ જ્યારે પ્રશ્નોત્તર પદ્ધતિનો જ ઉપયોગ કરીને શીખવવાનો હોય ત્યારે તેનો પદ્ધતિ તરીકે ઉપયોગ થાય છે. પણ અન્ય પદ્ધતિઓની સાથે જેમ કે, વ્યાખ્યાન, પ્રયોગ પદ્ધતિ, નિરીક્ષિત સ્વાધ્યાપનને રસપ્રદ બનાવવા, વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે તે પ્રયુક્તિ તરીકે કામ કરે છે.

### 1.6.3 ચર્ચા :

સમગ્ર એકમને વિવિધ દૃષ્ટિકોણથી સમજવા માટે તેનું વિશ્લેષણ વિદ્યાર્થીઓનાં વિવિધ જૂથો દ્વારા સમગ્ર તથા કરવામાં આવે ત્યારે જૂથચર્ચા પદ્ધતિનો ઉપયોગ થયો કહેવાય. પણ એકમને

જુદીજુદી પદ્ધતિઓમાંથી ભણાવતી વખતે તેમાં કોઈ એકાદ મુદ્દાને ઊંડાણપૂર્વક વિચારતી વખતે વર્ગમાં મુક્ત ચર્ચા કરવામાં આવે ત્યારે તે ચર્ચાનો પ્રયુક્તિ તરીકે ઉપયોગ થયો કહેવાય દા.ત. ધોરણ -9માં રાજા રામ મોહનરાય પાઠનું અધ્યાપન કરતી વખતે પ્રવર્તમાન સમાજમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો એ વિશે વર્ગમાં બે જૂથ પાડીને તેના વિશે ચર્ચા વિચારણા કરવામાં આવે ત્યારે ચર્ચાનો પ્રયુક્તિ તરીકે ઉપયોગ થયો કહેવાય. ચર્ચા પદ્ધતિની મર્યાદા, સફળતાની શરતો વગેરે જૂથ-ચર્ચા પદ્ધતિની જેમ જ અહીં પણ લાગુ પડે છે. કોઈ એકમના એકાદ મુદ્દાના સંદર્ભમાં આવી ચર્ચા પ્રયુક્તિઓ વિવેકપૂર્વકનો ઉપયોગ અધ્યાપનને રસપ્રદ અને અધ્યયનપૂર્ણ બનાવે છે.

## 1.6.4 ગાન :

કાવ્ય શિક્ષણમાં ઊર્મિ અને ભાવની અભિવ્યક્તિની સાથે સૂર, તાલ અને લયને પણ ગાઢ સંબંધ છે. મધુર કંઠ સાથે કાવ્યનું ભાવપૂર્ણ કાવ્ય શિક્ષણના રસદર્શનને વધુ રસપ્રદ બનાવે છે. અહીં કાવ્ય શિક્ષણનો ભાર સંગીત શિક્ષણ પર નથી પણ કાવ્ય શિક્ષણને વધુ રોચક અને અર્થપૂર્ણ બનાવવા માટે છે. સંગીત એટલું બધું પ્રગાઢ ન બની જવું જોઈએ કે કાવ્ય શિક્ષણ તેમાં દબાઈ જાય.

## 1.6.5 વાચન :

વાચન કૌશલ્યના અભ્યાસ દરમિયાન મૂકવાચન અને મુખવાચન એમ બે પ્રકારોની ઊંડાણપૂર્વક વિચારણા કરવી જોઈએ. તમે જોશો શિક્ષક આ બંને પ્રકારના વાચનનો કયા હેતુની પ્રાપ્તિ માટે, ક્યાં અને કેવી રીતે કરવો તે વિચારીને અસરકારક રીતે કરી શકે. કોઈ નાટક શીખવતી વખતે આરોહ-અવરોહ અને ભાવપૂર્ણ મુખપઠન કરાવતાં શીખવી શકાય. તો કોઈ ચિંતનપૂર્ણ ગદ્યપરિશીલન શીખવતી વખતે શાંત પઠનનો અનુભવ પૂરો પાડી શકાય. આમ વર્ગઅધ્યાપન દરમિયાન શિક્ષણના હેતુઓને સિદ્ધ કરવા શિક્ષક બંને પ્રકારના વાચનની પ્રયુક્તિઓનો સુપેરે ઉપયોગ કરી શકે.

## 1.6.6 વાર્તા પ્રયુક્તિ

વાર્તા એ તો સર્વ કોઈને ગમતી બાબત છે. વાર્તા એ તો જીવન રસ છે. કોઈપણ એકમ ભણાવતી વખતે તેના પેટા મુદ્દાના સંદર્ભમાં કોઈ ઉચિત વાર્તા વિદ્યાર્થીઓને સંભળાવવામાં આવે તો વિદ્યાર્થીઓનો અધ્યયનમાં રસ જળવાઈ રહે છે. રૂઢિપ્રયોગ કે કહેવત શીખવતી વખતે વાર્તા પ્રયુક્તિનો ઉપયોગ થઈ શકે. જેમ કે ``ખાડો ખોદે તે પડે'' તે કહેવત પરથી વાર્તા કહી શકાય. પંચતંત્રની વાર્તાઓ, હિતોપદેશની વાર્તાઓ, અકબર-બિરબલના બુદ્ધિયુક્ત પ્રસંગો, ઐતિહાસિક કથાઓ, પ્રાણીકથાઓ વગેરેનો સુંદર સમન્વય થઈ શકે. મહાપુરુષોના જીવનના પ્રસંગોને વણી શકાય રામાયણ-મહાભારતની નાની નાની પેટાકથાઓનો સમન્વય કરીને અધ્યાપનને રસપ્રદ બનાવી શકાય.

## 1.6.7 શબ્દ રમતો :

કોઈ એકમના અધ્યાપન વખતે શબ્દો શીખવતી વખતે કે ફ્રી તાસમાં શબ્દ રમતોની પ્રયુક્તિનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળમાં વધારો કરી શકાય અને તેઓને શબ્દોનો

વ્યવહારુ ઉપયોગ કરતા પણ શીખવી શકાય.

નીચેના રમતો રસપ્રદ બની શકે.

(1) **અંત્યાક્ષરી :** શબ્દના અંત્ય અક્ષરથી બીજા શબ્દની શરૂઆત કરીને જેમ કે- નમન, નયન, નફરત, તરત, એમ જૂથ પાડીને ગીતની અંત્યાક્ષરીની જેમ શબ્દની અંત્યાક્ષરી રમાડી શકાય. આ રમતમાં પણ શિક્ષક સૂઝ પ્રમાણે ફેરફાર કરી શકે. પાછળના બે અક્ષર સરખા હોય, જેમ કે, આગમન, આચમન, ચમન, નમન વગેરે.... આવી જ રીતે પહેલો અને છેલ્લો અક્ષર સરખો હોય તેવા શબ્દો શોધવાનું પણ કહી શકાય. જેમ કે રફતાર, સરસ, તરત, કદીક વગેરે...

(2) **ઉચ્ચારની સમાનતા પણ અર્થ ભિન્ન હોય. તેવા શબ્દો :** ઉચ્ચાર સરખો હોય પણ અર્થ ભિન્ન હોય તેવા શબ્દો વિદ્યાર્થીઓનાં જૂથ પાડીને નિશ્ચિત સમયમર્યાદામાં જે સૌથી વધુ શબ્દોની યાદી બનાવી શકે તેવી સ્પર્ધાનું આયોજન કરી શકાય.

દા.ત.

ચિર - કાયમી - દિન - દિવસ - પુર - શહેર

ચીર - કપડાં - દીન - ગરીબ - પૂર - પ્રવાહ

(3) **અનેકાર્થી શબ્દો :** ઉપરોક્ત પ્રવૃત્તિથી વિરૂદ્ધ એકજ શબ્દના અનેક અર્થ થતા હોય તેવા શબ્દોની યાદી અર્થ સાથે બનાવવાનું કહી શકાય.

(4) **પર્યાયવાચી શબ્દો :** એકજ અર્થ ધરાવતા અનેક શબ્દોની યાદી બનાવવાનું કહી શકાય જેમ કે સૂર્ય, સૂરજ, ભાનુ, ભાસ્કર આદિત્ય વગેરે....

આવી અન્ય રમતો જેમ કે વિરુદ્ધ અર્થ ધરાવતા શબ્દોની યાદી, એક સરખો ઉપસર્ગ ધરાવતા શબ્દોની યાદી, એક પ્રત્યય ધરાવતા શબ્દોની યાદી બનાવવાનું કહી શકાય. રૂઢિપ્રયોગ અને કહેવતો અંગેની પણ રમતો રમાડી શકાય. એક જ શબ્દમાંથી અનેક શબ્દ બનાવવાની રમત પણ રોચક છે. આ રમતો ફક્ત નમૂના દર્શાવતા પૂરતી છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ નવી શબ્દ રમતો શોધવામાં પણ પોતાની સર્જનશીલતાનો ઉપયોગ કરી શકે.

ઘણી વખત વિવિધ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ વચ્ચેની ભેદરેખા પારખવામાં મુશ્કેલી થઈ જાય છે. પણ સાદી ભાષામાં કહેવું હોય તો એટલું કહી શકાય કે પ્રયુક્તિ એ પદ્ધતિને વધુ સફળ બનાવવામાં મદદ કરતી એક વિધિ છે. તેનાથી કોઈ એકમનું સ્વતંત્રપણે અધ્યાપન ન થઈ શકે.

(5) **ઉપસંહાર :** ભાષાશિક્ષણનું ક્ષેત્ર વિશાળ છે. તેનાં મુખ્ય ચાર કૌશલ્યો કથન, શ્રવણ, વાચન અને લેખન છે તો ચાર વિભાગો (ક્ષેત્રો) છે ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને રચના- આ બધાં ક્ષેત્રોને શીખવવા માટે જુદીજુદી પદ્ધતિઓનો ઉપયોગ થઈ શકે, અહીં તો થોડીક પદ્ધતિઓનો ઉલ્લેખ છે. અન્ય પદ્ધતિઓ પણ ભાષા શિક્ષણ માટે ઉપયોગમાં લઈ શકાય. પદ્ધતિની પસંદગીનો આધાર શિક્ષણની સૂઝબૂઝ પર છે. તે એક સાથે બેત્રણ પદ્ધતિઓનો સમન્વય કરીને પણ શિક્ષણકાર્ય. કરી શકે છે. પદ્ધતિઓનું નવસંસ્કરણ પણ થતું રહે છે. કેટલીક નવી પદ્ધતિઓએ અભ્યાસની દિશાઓ ખોલી છે. શિક્ષણ પદ્ધતિ અંગે વિચારણાઓ થતી રહેવાની. ભાષાશિક્ષકે સતત વાંચતા રહી નવોન્મેષ પામતી પદ્ધતિઓની માહિતગાર રહેવું. જોઈએ અને શિક્ષણકાર્ય દરમ્યાન વિવિધ પદ્ધતિઓથી શિક્ષણકાર્ય કરતાં રહેવું જોઈએ, સમગ્ર વર્ષ દરમ્યાન એક જ પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવું ન જોઈએ. વિદ્યાર્થીઓને ભાષાશિક્ષણમાં રસ રહે તે માટે શિક્ષકે

મિત નવી રીતો/પદ્ધતિઓ અપનાવવી જોઈએ.

## તમારી પ્રગતિ ચકાસો -3

નોંધ નીચેના પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો

1. પ્રયુક્તિઓ એટલેશું ? તેનો માતૃભાષા શિક્ષણમાં શો ઉપયોગ છે ?

2. માતૃભાષા શિક્ષણમાં ઉપયોગમાં લેવાતી ખાસ પ્રયુક્તિઓના નામ લખો.

3. કોઇપણ ત્રણ પ્રયુક્તિઓનો ઉપયોગ દર્શાવતાં ત્રણ-ત્રણ ઉદાહરણો નોંધો.

## 1.7 સારાંશ

- વિદ્યાર્થીઓને શાળામાં ભણવાની સજા ન લાગે પણ મઝા લાગે તેનો આધાર શિક્ષકની અધ્યાપન પદ્ધતિ પર છે. ઘણી વખત વિદ્યાર્થીઓને જે-તે વિષયની પસંદગી-ના પસંદગી શિક્ષક કેવી રીતે ભણાવે છે તેના આધારે કેળવાય છે. કેવી રીતે ભણવાનું છે, એ પ્રશ્ન શિક્ષણની પદ્ધતિઓ સાથે સંકળાયેલો છે. શિક્ષણના વિકાસ સાથે નૂતન પદ્ધતિઓનો આવિર્ભાવ પણ થતો રહે છે.
- અધ્યાપન એટલે શિક્ષક બોલે અને કાળાપાટિયા પર લખે તેમ નહીં. પણ વિવિધ વિષયશિક્ષણના હેતુઓના સંદર્ભમાં અપેક્ષિત વર્તન-પરિવર્તનનો લાવવા માટે પૂરા પાડવામાં આવતા હેતુકેન્દ્રી અધ્યાયનપ્રદ અનુભવોની હારમાળા એટલે અધ્યાપન અધ્યાપનનું આયોજન વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓની જરૂરિયાત, શક્તિઓ, રૂચિ વગેરેને કેન્દ્રમાં રાખીને તે શીખતો થાય તેવી રીતે પદ્ધતિઓનો અમલ કરવાનો છે.
- પદ્ધતિ એટલે રીત ખાતરીપૂર્વકના પરિણામો સુધી પહોંચવા માટે અનુસરવામાં આવતો માર્ગ શિક્ષણ પદ્ધતિ એટલે શિક્ષણકાર્યની રીત, આંતરવ્યવહાર કે પ્રત્યાયન વિષયવસ્તુ નિરૂપણનું તંત્ર અને પેટાતંત્રયુક્ત વ્યવસ્થા એટલે પદ્ધતિ પટેલના સમીકરણ અનુસાર - વિષયવસ્તુ + ભાષાશૈલી + હાવભાવ + શૈક્ષણિક સાધનોનો ઉપયોગ + વિદ્યાર્થીઓનો શાબ્દિક - અશાબ્દિક સહયોગ = વિદ્યાર્થીઓનો શાબ્દિક - અશાબ્દિક સહયોગ - પદ્ધતિ.
- શૈક્ષણિક પદ્ધતિઓના અમલીકરણથી વિષયશિક્ષણના હેતુઓ સરળતાથી સિદ્ધ થાય છે. વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડીને તેઓમાં અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવી શકાય છે. વર્ગ શિક્ષણ સક્રિય બને છે.
- અધ્યાયન પદ્ધતિઓની આધારશિલાઓમાં - વિદ્યાર્થીઓની વયકક્ષા, વૈયક્તિક તફાવતો, મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો, પ્રાપ્ત સાધન સામગ્રી, નિર્ધારિત હેતુઓ,. અધ્યયન અનુભવો, શિક્ષકની સજ્જતા અને પદ્ધતિના લાભાલાભ વગેરેનો સમાવેશ થાય છે.
- શૈક્ષણિક પદ્ધતિઓનું વર્ગીકરણ શિક્ષક અને વિદ્યાર્થી એમ બંને ધ્રુવોને કેન્દ્રમાં રાખીને થયું છે. શિક્ષણની ભૂમિકા પ્રમુખ હોય તે શિક્ષક કેન્દ્રી, વિદ્યાર્થી સૌથી વધુ સક્રિય હોય છે વિદ્યાર્થીકેન્દ્રી અને શિક્ષક-વિદ્યાર્થી બંને સક્રિય હોય તે શિક્ષક-વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિઓ તરીકે ઓળખાય છે. વર્ગીકરણ અંતર્ગત અન્ય પેટા પંદ્ધતિઓનો સમાવેશ થાય છે. બીજી એક વર્ગીકરણ અનુસાર સામાન્ય અને વિશિષ્ટ પદ્ધતિઓ એમ બે પ્રકાર પડે છે. સામાન્ય પદ્ધતિઓ કોઈપણ વિષયના અધ્યાપનમાં ઉપયોગી થાય છે. વિશિષ્ટ પદ્ધતિઓ અમુક નિશ્ચિત વિષયના જ અધ્યાપનમાં ઉપયોગી નિવડે છે.
- માતૃભાષા શિક્ષણમાં વિવિધ પદ્ધતિઓનો અનેક રીતે અર્થસભર ઉપયોગ થઈ શકે છે. જે નીચે મુજબ છે.

(1) વ્યાખ્યાન પદ્ધતિ

(2) પ્રશ્નોત્તર પદ્ધતિ

(3) આગમન-નિગમન પદ્ધતિ

(4) જૂથ-ચર્ચા પદ્ધતિ

(5) સ્વાધ્યાય પદ્ધતિ

(6) નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિ

(7) પ્રોજેક્ટ પદ્ધતિ

(8) પરિચર્ચા પદ્ધતિ

(9) પરિસંવાદ પદ્ધતિ

(10) નાટ્યીકરણ પદ્ધતિ

ઉપરોક્ત દરેક પદ્ધતિની પોતાની ખાસિયતો, મહત્વ અને ઉપયોગ કરવાની ખાસ રીત છે. તેની મર્યાદાઓ પણ છે. શિક્ષક મર્યાદાઓને સમજી તેને અતિક્રમીને જે-તે પદ્ધતિનો ઉપયોગ કરી શકે. કોઈપણ પદ્ધતિ સર્વાંગ સંપૂર્ણ નથી. શિક્ષક સૂઝ-બૂઝ અને આવડતથી વિવિધ પદ્ધતિઓનો સમન્વય કરીને પોતાના શિક્ષણને અસરકારક, ધારદાર, હેતુપૂર્ણ અને રસપ્રદ બનાવી શકે.

- પદ્ધતિઓના વધુ સફળ ઉપયોગ માટે કેટલીક ટૂંકી રસપ્રદ રીતો છે જેને પ્રયુક્તિઓ તરીકે ઓળખવામાં આવે છે. તે પદ્ધતિની પૂરક પ્રવૃત્તિ છે. જેમાં કથન, પ્રશ્નકલા, ચર્ચા, ગાન, વાચન, વાર્તાકથન અને શબ્દરમત જેવી પ્રયુક્તિઓનો સુંદર રીતે સમન્વય થઈ શકે તેમ છે.
- એક વાત ચોક્કસ છે કે વિદ્યાર્થીઓને અધ્યયનમાં રસ લેતાં કરવાનું અને તેઓને સ્વયં અધ્યયન તરફ વાળવા માટેના પ્રયત્નો શિક્ષકની અસરકારક અધ્યાપન શૈલી પર નિર્ભર છે. આજે એવી કેટલીય મહાન વિભૂતિઓ હશે જેમના જીવનમાં શિક્ષકે મહત્વનો ફાળો આપ્યો હોય. જો શિક્ષકની અધ્યાપન શૈલી અસરકારક હશે તો વિદ્યાર્થી શાળામાં એકાએક રજા પડશે ત્યારે સજા થયાનો ભાવ અનુભવશે.

## 1.8 ચર્ચા અને સ્પષ્ટીકરણ

પ્રસ્તુત પ્રકરણના અધ્યયન દરમ્યાન તમને કોઈ મુદ્દાઓ પરત્વે વિશેષ ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું હોય તેને તે મુદ્દા અંતર્ગત નોંધો.

ચર્ચા

______

______

______

______

______

______

સ્પષ્ટીકરણ

---

---

---

---

---

---

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. (1) જુઓ 1.5.1 (ક)
   (2) જુઓ 1.5.1 (ગ)
   (3) જુઓ 1.5.2 (ક)
   (4) જુઓ 1.5.3 (ઘ)
   (5) જુઓ 1.5.3 (ગ)
   (6) જુઓ 1.5.4 (ઘ)
2. (1) જુઓ 1.5.5 (ક)
   (2) જુઓ 1.5.6 (ખ)
   (3) જુઓ 1.5.6 (ગ)
   (4) જુઓ 1.5.6 (ઘ)
3. (1) જુઓ 1.6
   (2) કથન પ્રયુક્તિ, પ્રશ્ન કલા, ગાન
   (3)

# એકમ - 2 માતૃભાષાનાં વિવિધ સ્વરૂપોનું શિક્ષણ

## એકમની રૂપરેખા

2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશો

2.3 ગદ્યશિક્ષણ

2.3.1 ગદ્યનો અર્થ

2.3.2 ગદ્યના શિક્ષણના હેતુઓ

2.3.3 ગદ્યશિક્ષણના મતાંતરો

2.3.4 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ

2.3.5 ગદ્યશિક્ષણ - વિષય વસ્તુનું વિશ્લેષણ

2.3.6 ગદ્યશિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો

2.4 પદ્યશિક્ષણ

2.4.1 પદ્યનો અર્થ

2.4.2 ગદ્ય - પદ્ય વચ્ચેનો તફાવત

2.4.3 કાવ્યની વ્યાખ્યા

2.4.4 કાવ્યશિક્ષણનું મહત્વ

2.4.5 કાવ્યશિક્ષણના હેતુઓ

2.4.6 કાવ્યશિક્ષણના મતાંતરો

2.4.7 કાવ્યશિક્ષણની પદ્ધતિઓ

2.4.8 કાવ્યનું વર્ગશિક્ષણ વાસ્તવિક પરિસ્થિતિ

2.5 વ્યાકરણ શિક્ષણ

2.5.1 વ્યાકરણનો અર્થ

2.5.2 વ્યાકરણશિક્ષણના મતાંતરો

2.5.3 વ્યાકરણશિક્ષણના હેતુઓ

2.5.4 વ્યાકરણશિક્ષણનું મહત્વ

2.5.5 વ્યાકરણશિક્ષણ પ્રત્યેની નીરસતાના કારણો

2.5.6 વ્યાકરણશિક્ષણની પદ્ધતિઓ

2.5.7 વ્યાકરણશિક્ષણની સમજતા

2.6 લેખન-રચના શિક્ષણ

2.6.1 લેખન-રચના શિક્ષણનો અર્થ

2.6.2 લેખન-રચના શિક્ષણની વર્તમાન સ્થિતિ

2.6.3 લેખન-રચના શિક્ષણના હેતુઓ

2.6.4 લેખન કાર્યના આયોજનમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા

2.6.5 લેખન કાર્યની તપાસણી

2.6.6 લેખન-રચનાના પ્રકારો

2.6.7.1 નિબંધ લેખન

2.6.7.2 વાર્તાલેખન

2.6.7.3 અહેવાલ લેખન

2.6.7.4 વિચાર - વિસ્તાર

2.6.7.5 સાર લેખન

2.6.7.6 પત્ર - લેખન

2.6.7.7 કાવ્યસમીક્ષા/ગદ્યસમીક્ષા

2.6.7.8 વાદાત્મક ગદ્ય

2.6.7.9 ભાવાત્મક ગદ્ય

2.7 સારાંશ

2.8 ચર્ચા અને સ્પષ્ટીકરણ

2.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 2.1 પ્રસ્તાવના :

ગુજરાતીનો તાસ એટલે 'ફ્રી' તાસ એવું સામાન્ય રીતે વિદ્યાર્થીઓનું વલણ જોવા મળે છે. ગુજરાતીમાં શું મહેનત કરવાની? આ બીજું વલણ અને ગુજરાતીમાં પાઠ કવિતા વાંચી જવાની અને પાછળ આપેલા પ્રશ્નોના જવાબ લખી નાખવાના એટલે કામ પૂરું, આ ત્રીજું વલણ. માતૃભાષા શિક્ષણમાં મોટે ભાગે આ માનસ જોવા મળે છે. પણ ગુજરાતી આવડવું એ કેટલી મોટી સિદ્ધિ છે અને તેમાં કેટલો પરિશ્રમ અને સાધના છુપાયેલા છે તે તો કે.કા.શાસ્ત્રી જેવા વિદ્વાન જ જણાવી શકે. એક કવિતાનો અર્થબોધ થાય અને જે આનંદની અનુભૂતિ થાય એને સમજવા માટે એક સંવેદનશીલ હૃદય જોઈએ.

- આપણે સહુએ ગુજરાતી શીખવા અને શીખવવાના નકારાત્મક માનસમાંથી ઝડપથી નીકળી જવાની જરૂર છે. ધો.10 અને 12ની જાહેર પરીક્ષામાં ગુજરાતી ભાષાનું પરિણામ નિરાશાજનક સાંપડે છે. અનેક વર્ષ પહેલાં ધો.10 માં ગુજરાતી વિષયમાં એક લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ બધું આપણે માટે ઘણું શરમજનક છે.
- પ્રસ્તુત એકમમાં આ જ સંદર્ભે થોડી વિગતે વાતો કરવી છે. ગુજરાતીમાં પાઠ - કવિતા અને વ્યાકરણ શીખવું- શીખવવું તેમજ નિબંધ કે પત્ર લેખન વગેરે લખતાં શીખવવું એટલે શું ? અગાઉના એકમોમાં માતૃભાષાના ચાર કૌશલ્યો શ્રવણ, કથન, વાચન અને લેખન વિશે શીખ્યા. હવે માતૃભાષાના અન્ય પાસાંઓનું શિક્ષણ શું છે, તેમાં શાનો શાનો

સમાવેશ થાય છે, તે શીખવવાની સમસ્યાઓ કઈ કઈ છે, પદ્ધતિઓ વગેરે વિશે વિસ્તારથી જોઈશું. આમાં ગદ્યશિક્ષણ, પદ્યશિક્ષણ, વ્યાકરણ શિક્ષણ અને લેખન રચના શિક્ષણનો સમાવેશ થાય છે. તે દરેક વિશે વિગતે અભ્યાસ કરીશું.

## 2.2 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમના અધ્યયનને અંતે તમે

- માતૃભાષાના વિવિધ પાસાંઓના શિક્ષણ વિશે માહિતી મેળવી શકશો.
- ગદ્યનો અર્થ, ગદ્યશિક્ષણના હેતુઓ, ગદ્યશિક્ષણના મતાંતરો, ગદ્યશિક્ષણની પદ્ધતિઓ, વિષય વસ્તુનું વિશ્લેષણ, ગદ્યશિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો વિશે સમજૂતી મેળવી શકશો.
- પદ્યનો અર્થ, ગદ્ય - પદ્ય વચ્ચેનો તફાવત, કાવ્યની વ્યાખ્યા, કાવ્યશિક્ષણનું મહત્ત્વ, કાવ્યશિક્ષણના હેતુઓ, કાવ્યશિક્ષણના મતાંતરો, કાવ્યશિક્ષણની પદ્ધતિઓ, કાવ્યશિક્ષણની વર્તમાન સ્થિતિ, કાવ્યપઠનની સજ્જતા વિશે જાણકારી મેળવી શકશો.
- વ્યાકરણનો અર્થ, વ્યાકરણ શિક્ષણના હેતુઓ, તેના મતાંતરો, મહત્ત્વ, વ્યાકરણ શિક્ષણ પ્રત્યેની નીરસતાના કારણો, વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ, વ્યાકરણ શિક્ષણની સજ્જતા અંગે પરિચય કેળવી શકશો.
- લેખન-રચના શિક્ષણનો અર્થ, તેના શિક્ષણની વર્તમાન સ્થિતિ, લેખન-રચના શિક્ષણ પ્રત્યેની નીરસતાનાં કારણો, લેખન-રચના શિક્ષણના હેતુઓ, તેના આયોજનમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા, લેખન કાર્યની તપાસણી અને લેખન-રચનાના પ્રકારો વિશે માહિતી મેળવશો. લેખન-રચનાના પ્રકારોમાં નિબંધ, વાર્તા, અહેવાલ, વિચાર વિસ્તાર, સારલેખન, પત્રલેખન, કાવ્ય/ગદ્યસમીક્ષા, વાદાત્મક ગદ્ય અને ભાવાત્મક ગદ્ય કેવી રીતે શીખવી શકાય તેનો પરિચય મેળવી શકશો.

## 2.3 ગદ્યશિક્ષણ :

આપણ મનમાં ગદ્ય એટલે નવલકથા, ટૂંકી વાર્તા કે નિબંધ. પણ વાસ્તવમાં તો ગદ્ય પણ કાવ્ય સાહિત્યનો પ્રકાર છે. સામાન્ય રીતે શિક્ષકો વાર્તા કે નાટક વગેરેમાં થોડું પઠન કરી એકમનો સાર કહી દે છે. અને પ્રશ્નોની છણાવટ કરીને ઈતિશ્રી માની લે છે. પણ ગદ્યશિક્ષણ માનીએ છીએ તેટલું સરળ નથી. અહીં આપણે ગદ્યનો અર્થ, ગદ્યશિક્ષણના હેતુઓ, ગદ્યશિક્ષણની સમસ્યાઓ, ગદ્યશિક્ષણની પદ્ધતિઓ, ગદ્યશિક્ષણમાં વિષયવસ્તુનું વિશ્લેષણ અને ગદ્યશિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિશેષ છણાવટ કરીશું. તમે પણ ગદ્યશિક્ષણના પાઠોનું અધ્યાપન કરો ત્યારે તેના હેતુઓને લક્ષમાં રાખીને તેનું આયોજન કરશો તો અધ્યાપન કરવાની વધુ મજા આવશે. અને આમ થતાં વિદ્યાર્થીઓ પણ ગુજરાતીના શિક્ષણ પ્રત્યે રુચિ કેળવતા થશે.

## 2.3.1 ગદ્યનો અર્થ :

સંસ્કૃત ભાષાના કાવ્ય વિવેચકોએ સાહિત્યના મુખ્ય પાંચ પ્રકાર સમજાવ્યા છે.વિજ્ઞાન દર્શન, શાસ્ત્ર, ઇતિહાસ અને કાવ્ય. કાવ્ય સાહિત્યના મુખ્ય બે પ્રકાર છે, પદ્ય અને ગદ્ય. ગદ્ય વિશે અગ્નિ પુરાણમા છંદ રહિત પદના વિસ્તાર ને ગદ્ય કહેવામાં આવ્યું છે. સાહિત્ય દર્પણમાં જ છંદમાં ન બંધાયેલું હોય તે ગદ્ય છે તેમ કહેવાયું છે વાગ્ભટ ગદ્ય વિશે કહે છે,

આ ઉક્તિમાં ગદ્યનાં ત્રણ લક્ષણો વ્યકત થયાં છે.

1. અપાદ ગદ્યમાં પાદ (ચરણ, કડી કે શ્લોક) હોતા નથી.
2. પદ સંતાન ગદ્યમાં પદનું સાતત્ય એટલે એક પછી એક શબ્દ અવિરતપણે આવ્યે જાય છે.
3. છંદ રહિત ગદ્યમાં પ્રયોજાતા નથી.

આ ત્રણેય લક્ષણોમાં જેમાં હોય તેને ગદ્ય કહેવામાં આવે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ ગદ્યનાં નીચે જેવા લક્ષણો આપ્યા છે.

1. ગદ્ય શિથિલ લયાત્મક અને અલયાત્મક હોય છે.
2. માહિતીપ્રધાન, વિગતપૂર્ણ, ઘટનાપ્રધાન, બોધપ્રદ હોય છે.
3. અનલંકારી, સાહજિક હોય છે.
4. અનિયમિત, વિસ્તૃત હોય છે.
5. વાક્યો અને પરિચ્છેદમય રચના હોય છે.

ગદ્ય એક કાવ્ય પ્રકાર જ છે. તેથી ગદ્ય સર્જકો ગદ્યમાં પદ્ય કોષનો લઇ સર્જી શકે છે. ડો.રમણલાલ જોશી, ગદ્ય, પદ્યનો ભેદ દર્શાવતાં જણાવે છે કે, ગદ્યમાં શક્ય આકાંક્ષાઓની હાર ઘણી મોટી હોય, જ્યારે પદ્યમાં એનું અંતર ટૂંકું હોય છે અને ધારી અસર જન્માવવામાં વિશેષ મદદ મળે છે.

ગદ્યના જુદા જુદા પ્રકારો છે જેમાં નાટક, એકાંકી, નવલકથા, ટૂંકી વાર્તા, લઘુકથા, લોકવાર્તા, નિબંધ, રેખાચિત્ર, સંસ્મરણ, રોજનીશી, આત્મકથા, જીવનચરિત્ર, પત્ર પ્રવાસ, વિવેચન વગેરેનો સમાવેશ થાય છે. પાઠ્યપુસ્તકમાં મહદઅંશે બધા જ પ્રકારોના ગદ્યનો સમાવેશ કરવામાં આવે છે.

માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ આ તમામ સ્વરૂપોનો પરિચય કેળવે છે. તમે પ્રથમ ખંડના બીજા પ્રકરણમાં માતૃભાષા શિક્ષણના હેતુઓ વિશે અધ્યયન કરી ગયા છો. તેમાં પ્રથમ સામાન્ય હેતુ છે, વિદ્યાર્થીઓ વિચારવહનના સાધન તરીકે ભાષાજ્ઞાન મેળવે. આ પ્રથમ હેતુ અંતર્ગત આપણે ગદ્યશિક્ષણના હેતુઓ નિર્ધારિત કરવાના છે. આ બધાના શિક્ષણ દરમ્યાન આપણે ચારેય કૌશલ્યોના વિકાસ તરફ તો ધ્યાન આપવાનું જ છે. તો હવે ગદ્ય શિક્ષણના હેતુઓ જોઇએ.

## 2.3.2 ગદ્યશિક્ષણના હેતુઓ :

ગદ્યશિક્ષણના હેતુઓ નીચે પ્રમાણે નક્કી કરી શકાય.

1. અધ્યેતા ગદ્ય સાહિત્યથી પરિચિત થાય.
2. અધ્યેતા ગદ્ય સાહિત્યનો અભ્યાસ કરી અર્થગ્રહણ ક્ષમતા વિકસાવે.
3. અધ્યેતા સર્જકના વિચારોની કૃતિના સંદર્ભમાં સમીક્ષા કરે.
4. અધ્યેતા સર્જકની સર્જનશૈલી સમજે.

5. અધ્યેતા અર્થગ્રહણલક્ષી અભિવ્યક્તિનો વિકાસ કરે.

6. અધ્યેતા ગદ્યકૃતિનું અનુભાવન કરે.

7. અધ્યેતા ગદ્ય પ્રત્યે રસ કેળવે.

8. અધ્યેતા પોતાની સર્જનાત્મકતા વિકસાવે.

9. અધ્યેતા વિશેષવાચન કરવા પ્રેરાય

10. અધ્યેતા સમજીને શ્રવણ કરે.

11. અધ્યેતા ભાષાતત્ત્વોનો પરિચય મેળવે.

અહીં હેતુઓની પરિભાષા સામાન્ય હેતુઓના સંદર્ભમાં કરી છે. તમે જ્યારે કોઇ એકમનું આયોજન કરો ત્યારે વિશિષ્ટ હેતુઓના સંદર્ભમાં તેની રચના કરવી પડે. દા.ત. અધ્યેતા ગદ્ય સાહિત્યથી પરિચિત થાય એવો હેતુ આપણે પાઠ આયોજનમાં નોંધતા નથી. પણ દા.ત. તે નાટક છે. તો વિદ્યાર્થીઓ નાટકનો સાહિત્ય સ્વરૂપ તરીકે પરિચય આપે તેવો વિશિષ્ટ હેતુ નોંધવો જોઇએ. અહીં આપણી અપેક્ષા એવી છે કે શિક્ષક વિદ્યાર્થી વચ્ચે એવી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા આકાર લેશે કે વિદ્યાર્થી નાટકનો સાહિત્ય સ્વરૂપ તરીકે પરિચય આપે અને આપણને તેની જાણ પણ થાય. ટૂંકમાં ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ હેતુઓની રચના કરવાથી સમજ વધુ સ્પષ્ટ થશે. જો કે ગદ્યશિક્ષણના હેતુઓ અંગેની વિસંવાદિતા કે ગેરસમજને કારણે જ ગદ્યશિક્ષણમાં વિવિધ સમસ્યાઓ પ્રવર્તે છે. હવે આપણે તે જોઇએ.

## 2.3.3 ગદ્યશિક્ષણના મતાંતરો :

ગદ્યશિક્ષણ કરતી વખતે કેટલીક સમસ્યાઓ ઉદ્દભવે છે. દા.ત. તેનું વાચન કેવી રીતે કરવું ? લેખક પરિચય કેવી રીતે આપવો, તેના વિષયવસ્તુમાં કઇ કઇ બાબતોનો સમાવેશ કરવો ? આમ જોઇએ તો આ સમસ્યાઓ પણ છે અને બીજા અર્થમાં ગદ્યશિક્ષણનાં પરિમાણો અથવા આયામો પણ કહી શકાય. આ બધી બાબતો અંગે ઘણા મતમતાંતરો પ્રવર્તે છે. વાસ્તવમાં આ સર્વ વિચારભેદો છે. શિક્ષક પાઠનું આયોજન કરતી વખતે જે હેતુ કે ક્ષમતા સિદ્ધ કરવા માગે અને તે સિદ્ધ થાય તે અગત્યનું છે. વળી આ બધી બાબતોનો આધાર બાળકોની વય, માનસિક કક્ષા, અભ્યાસક્રમ, શિક્ષકની પોતાની સજ્જતા વગેરે જેવા પરિબળો પર પણ આધારિત છે. તેમ છતાં નીચેની બાબતો અંગે કેવા વિચારો પ્રવર્તે છે તે પર દૃષ્ટિપાત કરીએ.

**આદર્શ વાચન :**

વિષય નિરૂપણને તબક્કે શિક્ષક ગદ્યપાઠનું આદર્શ વાચન કરે છે. શુદ્ધ ઉચ્ચારવાળું, ભાવવાહી, આરોહ-અવરોહ સાથેનું, યોગ્ય સ્વરભારવાળું અને યોગ્ય અવાજ (વર્ગના બધા વિદ્યાર્થીઓને સંભળાય તેવો) સાથેનું વાંચન આદર્શ વાચન કહેવાય. આદર્શ વાચનથી અધ્યેતાને યોગ્ય રીતે વાચન કરવાની તાલીમ મળે છે. અર્થગ્રહણ સારું થાય છે અને ગદ્ય પ્રત્યે રસ કેળવાય છે. વાચન સંબંધી શિક્ષક કેટલીક મુશ્કેલી અનુભવે છે. દા.ત.

1. ગદ્ય કૃતિને પૂરેપૂરી વાંચવી કે થોડાક ફકરા વાચવા ?
2. વાચન શિક્ષકે કરવું કે વિદ્યાર્થીએ ?
3. લાંબી ગદ્ય કૃતિના વાચન વખતે વિદ્યાર્થીઓ કંટાળી જાય તો તેને તૂટક તૂટક વાંચવી કે સળંગ ? આ અંગેનો નિર્ણય નીચેના પ્રશ્નોને ધ્યાનમાં લઇ કરવો.

અ) ગદ્ય કૃતિનું શિક્ષણ પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકમાંથી કઈ કક્ષાએ કરવાનું છે ?

બ) ગદ્ય કૃતિનું વાચન હપ્તાવાર કરવાથી રસ-આસ્વાદ જોખમાય છે. ?

ક) ગદ્ય કૃતિના શિક્ષણકાર્ય માટે વાચન સંબંધી કયો હેતુ સિદ્ધ કરવાનો છે ?

ડ) હેતુ પ્રશ્ન આપી પૂર્વ વાચન કરી આવવાની સૂચના આપીએ તો ?

આટલા વિકલ્પો અપનાવી શકાય :

- આદર્શ વાચનના નમૂના માટે કેટલાક ગદ્યાંશ વાંચી સંભળાવવા વાચન દ્વારા અર્થગ્રહણ કરાવવું હોય તો સમગ્ર પાઠનું વાચન કરવું. આ માટે લાંબો પાઠ હોય તો ત્રણ કે ચાર વિભાગમાં તેની વહેંચણી કરવી અને એક તાસમાં શિક્ષણકાર્ય પહેલાં વાચન કરવું. ભાગ કરતી વખતે સળંગ વિચાર કે ઘટનાને ધ્યાનમાં રાખવી.
- માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષક દ્વારા વાચનનો દુરાગ્રહ છોડી આદર્શ વાચન શિક્ષક જ વધુ સારી રીતે કરી શકે. જરૂર પડે શિક્ષકે નમૂનો પૂરો પાડવો.
- કૌશલ્યો અભિમુખ ગદ્યપાઠ હોય તો કેટલાક ફકરાનું મુખવાચન અને કેટલાકનું શાંત વાચન આપી શકાય.
- અગાઉથી બે ત્રણ હેતુ પ્રશ્નો આપીને ગદ્ય પાઠનું વાચન કરી આવવાની સૂચના આપી વર્ગમાં સીધી ચર્ચા - પ્રશ્નો દ્વારા શિક્ષણકાર્ય કરવું.

(વાચન અંગે વિશેષ ચર્ચા માતૃભાષામાં કૌશલોનું શિક્ષણ પ્રકરણમાં કરી છે.)

લેખક પરિચય : લેખક પરિચય સંબંધી નીચેની બાબતો ઉદ્‌ભવે છે.

- લેખકનો પરિચય આપવો કે નહિ ?
- લેખકનો પરિચય ક્યારે આપવો ?
- લેખકનો પરિચય કેવી રીતે આપવો ?

કૃતિ ગદ્ય હોય કે પદ્ય પણ તેના સર્જકની અગત્ય છે જ. સર્જકે સર્જકે કૃતિની વિશેષતાઓ જોવા મળે છે. સર્જક વિના કૃતિ સંભવી શકતી નથી, ત્યારે લેખકનો પરિચય આપવો કે નહિ ? તે પ્રશ્ન જ અસ્થાને છે. લેખનો પરિચય અવશ્ય આપવો જ જોઈએ. પરિચય આપીશું તો જ બાળકોની સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવાશે. તે લેખનાં અન્ય સર્જનો વાંચવા પ્રેરાશે. લેખક હયાત હોય અને તેઓ કોઈ સામયિક કે વર્તમાન પત્રમાં તેમના સર્જનો પ્રકાશિત થતા હોય તો તે પણ જણાવવું જોઈએ. અલબત્ત, સર્જકનો પરિચય આપવાથી તેની અસરકારકતાનો ખ્યાલ રાખવાનો છે. શરૂઆતમાં પરિચય આપવાથી ભણાવવાની મજા આવશે એવું લાગે તો શરૂઆતમાં આપવા અને અંતમાં પરિચય આપવાથી વિદ્યાર્થીઓ અન્ય કૃતિઓ વાંચવા પ્રેરાશે, એવું જણાય તો અંતે પરિચય આપવો.

લેખકનો પરિચય આપવા નીચેની પ્રયુક્તિઓ અજમાવી શકાય

- કૃતિના લેખનો પરિચય અગાઉના ધોરણમાં વિદ્યાર્થીઓને મળ્યો હોય તો તેની માહિતી તેમની પાસેથી મેળવી લેવી. પ્રશ્નોત્તર પ્રયુક્તિનો ઉપયોગ કરવો. અગાઉથી વાંચવા પણ કહી શકાય.
- કથન કરીને લેખકનો પરિચય આપી શકાય. આ માટે તેમનો જન્મ, અભ્યાસ અને વ્યવસાય વાંચવા પણ કહી શકાય.
- કથન કરીને લેખનો પરિચય આપી શકાય. આ માટે તેમનો જન્મ, અભ્યાસ વ્યવસાય અને સર્જન પ્રવૃત્તિ વગેરેનો સમાવેશ કરવો.

- રોલ-અપ-બૉર્ડ પર લખી વિદ્યાર્થીઓ પાસે વાચન કરાવીને પણ પરિચય આપી શકાય. વાચન કરાવો તો પ્રશ્ન પૂછવાની જરૂર નથી અને પ્રશ્ન પૂછો તો વાચન કરાવવાની જરૂર નથી. શક્ય હોય તો લેખકનો ફોટોગ્રાફ કે ચિત્ર બતાવવું.

3. ભાષાવસ્તુનું શિક્ષણ :

ભાષાવસ્તુના મુદ્દાને નીચેના મુદ્દાઓ સ્પર્શે છે.

- ભાષાવસ્તુમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો ?
- ભાષાવસ્તુનું શિક્ષણકાર્ય ક્યારે કરવું ?
- ભાષાવસ્તુમાં જે બાબતો સમાવિષ્ટ કરાય તેનું પ્રમાણ કેટલું રાખવું ?
- ભાષાવસ્તુનું શિક્ષણકાર્ય કેવી રીતે કરવું ?
- ભાષાવસ્તુમાં બધી જ બાબતોનો સમાવેશ યોગ્ય નથી, પણ ખૂબ જ અનિવાર્ય હોય, ગદ્યની સમજૂતી માટે આવશ્યક હોય તેટલી બાબતોનો સમાવેશ કરવો જોઈએ. કોઈ ગદ્ય પાઠમાં શબ્દાર્થ, સમાનાર્થી શબ્દો, વિરોધાર્થી શબ્દ, શબ્દસમૂહ માટે એક શબ્દ, શબ્દભેદ, સંધિ, રૂઢિપ્રયોગ, સમાસ, અલંકાર વગેરે બાબતોને સમાવિષ્ટ કરવામાં આવે તો ગદ્યપાઠ ભાષાવસ્તુ (વ્યાકરણ) નો જ થઈ જાય. અને તેને કારણે ગદ્યની મજા મરી જાય એટલે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને ભાષાવસ્તુની બાબતો અને તેનું પ્રમાણ રાખવું જોઈએ.
- ભાષાવસ્તુનું શિક્ષણ પ્રયોગની યથાર્થતા, વિશેષતા સમજાવવાની હોવાથી તેને તે જ્યાં પ્રયોજાયા હોય જેની અભિવ્યક્તિ માટે પ્રયોજાયા હોય તે મુદ્દાની સમજ/ચર્ચા વખતે જ શીખવવી જોઈએ. જેથી તેની યથાર્થતા, વિશેષતાની સમજની સાથોસાથ અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને અનુભાવનનો ત્રિવિધ ફાયદો સાધવામાં મદદરૂપ બને છે.
- ભાષાવસ્તુની સમજ વિશેષ ઉદાહરણોની મદદથી સમજાવવી જોઈએ. જો વિદ્યાર્થીઓને તે અંગેનું સૈદ્ધાંતિક જ્ઞાન પ્રથમ આપેલ હોય તો તે સંદર્ભમાં પણ તેની સમજ આપી શકાય. વિદ્યાર્થી પાસે તેનું જ્ઞાન હોય તો તેનો ઉકેલ તરત જ મળી જાય તો તેનાં વિશેષ ઉદાહરણો આપવાની જરૂરિયાત રહેતી નથી. વિદ્યાર્થીઓને ભાષાવસ્તુના અભિવ્યક્તિલક્ષી પ્રયોગ માટે ગૃહકાર્ય કે સ્વાધ્યાયલક્ષી મહાવરા-પ્રશ્નો આપવા જોઈએ.
- કા.પા.નોંધ :

  ભાષાશિક્ષણ દરમ્યાન કા.પા.નોંધ ક્યારે કરવી તે પણ વિચારણીય મુદ્દો છે. કેટલાકને મતે ભાષામાં અધ્યાપનની સાથે જ કા.પા.નોંધ થવી જોઈએ? અને. પણ વાસ્તવિક રીતે જોઈએ તો અધ્યયન - અધ્યાપન ખૂબ સંકુલ પ્રક્રિયા છે. તેમાં આત્યંતિક મત પ્રમાણે કાર્ય કરવું જોખમી સાબિત થાય છે. શિક્ષક અનુભવથી જેમ જેમ ઘડાય તેમ તેમ તેને એ સૂઝ પ્રગટવી જોઈએ કે ક્યારે કા.પા.નોંધ કરવાથી વિદ્યાર્થીઓને વધુ સારી અને સાચી રીતે સમજાવી શકાશે. દા.ત. શબ્દોના અર્થ શીખવતી વખતે જ કા.પા.નોંધ થવી જોઈએ.

  શબ્દોના અર્થ શીખવાડી દીધા પછી છેલ્લે શબ્દો કા.પા. પર નોંધવાનો કોઈ અર્થ નથી. એવી જ વિષયવસ્તુની જે મુદ્દાઓમાં છણાવટ કરવાની હોય તે તે મુદ્દાઓની ચર્ચાની સાથે અથવા એક એક મુદ્દાની કા.પા નોંધ યોગ્ય રીતે કરી શકાય. જો એમ લાગે કે વર્ગમાં ચર્ચા ખૂબ રસપ્રદ રીતે ચાલી રહી છે અને વિદ્યાર્થીઓ ખૂબ સક્રિય રીતે ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે ત્યારે કા.પા.નોંધ તેમનો રસભંગ કરશે તો ચર્ચાને અંતે દૃઢીકરણના ભાગરૂપે પણ કા.પા.નોંધ કરી શકાય. પણ આ બધું જે તે સમયની વર્ગખંડની સ્થિતિ પર છોડવું જોઈએ.

## 2.3.4 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ :

માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ વિશે તમે અભ્યાસ કર્યો છે. આપણી શિક્ષણ વ્યવસ્થા અત્યારે હેતુકેન્દ્રી છે, માતૃભાષા શિક્ષણના હેતુઓને ધ્યાનમાં રાખીને જ માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ, સાધનો, શિક્ષણ પ્રક્રિયા, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે વિચારીને આયોજન થાય છે.

- હેતુકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ અનુસાર શિક્ષકે પાઠનો આરંભ, હેતુકથન, વિષયનું નિરૂપણ, શિક્ષણપ્રક્રિયા, ફ.પા.નોંધ, મૂલ્યાંકન અને સ્વાધ્યાય એમ જે સોપાનોનું અનુસરણ કરવાનું છે તેને ધ્યાનમાં લઈને તેને અનુરૂપ પદ્ધતિ અજમાવવી પડે. અને જે પદ્ધતિઓનો સમન્વય સાધીને શિક્ષકે અધ્યાપન કરવાનું છે તે અનુસાર સમગ્ર શિક્ષણ પ્રક્રિયાને આગળ ધપાવવી પડે. આમ તો, સામાન્ય રીતે અત્યારે પ્રવચન કે વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા જ ગદ્યનું શિક્ષણ થતું

## 2.3.5 ગદ્યશિક્ષણ-વિષયવસ્તુનું વિશ્લેષણ

ગદ્યશિક્ષણમાં વિષયવસ્તુનું વિશ્લેષણ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. ગદ્યશિક્ષણમાં પણ તેના વિવિધ સાહિત્ય પ્રકારો અનુસાર વિશ્લેષણ કરવું પડે. માટે જે-તે પ્રકાર પ્રમાણે શિક્ષકે વિષયવસ્તુને વર્ગીકૃત કરવું પડે છે. અહીં શિક્ષકની સૂઝ, આવડત અને કૌશલ્ય મહત્વનાં બની રહે છે.

- સામાન્ય રીતે પાઠ્યપુસ્તકના એકમનું વિષયવસ્તુ શિક્ષક માટે માધ્યમ ગણી શકાય. શિક્ષકને વિષયવસ્તુની સમજ જેટલી વિશેષ તેટલી શિક્ષણકાર્યમાં સરળતા રહે. વિષયવસ્તુની પૂર્વસમજ, પ્રયોજાયેલ ભાષાવસ્તુના ઉપયોગનું જ્ઞાન, મૌલિક અભિવ્યક્તિની પ્રયુક્તિઓ, વિદ્યાર્થીઓને સમજાવવાના મુદ્દાઓની સ્પષ્ટ વિચારણા શિક્ષક દ્વારા વિષયવસ્તુની વર્ગમાં રજૂઆત, ચર્ચા, શૈક્ષણિક હેતુઓ (વર્તન-પરિવર્તન), સ્પષ્ટીકરણ, પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ વગેરે અંગે વિચારણા કરવામાં ઉપયોગી બને છે. ગદ્યપાઠમાં વિષયવસ્તુના વિશ્લેષણ માટે સાહિત્ય પ્રકાર પ્રમાણે મુદ્દાઓ વિચારણા માગે છે.

અહીં કેટલાક પ્રકારોને ધ્યાનમાં રાખીને તેના વિશ્લેષણ કેટલાક મહત્વના મુદ્દા રજૂ કર્યા છે. શિક્ષક આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક મુદ્દા ગોઠવે, તે અનુસાર શૈક્ષણિક સાધનોની પસંદગી કરે, રજૂઆત કરે, ચર્ચા કરે તે આવકાર્ય છે આ વિશ્લેષણમાં શિક્ષક પોતાની સૂઝ પ્રમાણે વિશેષ ઉમેરણ પણ કરી શકે.

નવલિકા કે વાર્તા :

| વિષય વસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| - વાર્તા | - નવલિકાની શરૂઆત - શબ્દો |
| - પાત્રો - પાત્ર પરિચય | - ઉક્તિઓ |
| - મુખ્ય પ્રસંગો કે ઘટનાઓ | - ભાવવાચક સંવાદો |
| - સંઘર્ષ | - શબ્દચિત્ર |
| - અંત - રૂઢિપ્રયોગ | - કહેવતો. |
| - બોધ | |

નાટ્ય - એકાંકી :

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| - નાટકની પૂર્વકથા - એકાંકીની શરૂઆત | - સંવાદ-ઉક્તિઓ |
| - કથાવસ્તુ - સ્થળ, કાળ, સંદર્ભ | - સશક્તિની ભાષા |
| - પાત્રો - પાત્રપરિચય | - પ્રશ્નાર્થ, ઉદ્ગાર વાક્યરચના |
| - કથાવસ્તુ - વિકાસ | - શબ્દો |
| - કાવ્યન્યાય | - અલંકાર |
| - બોધ | |

નિબંધ :

| વિષય વસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| - વિષયની સ્પષ્ટતા | - શબ્દો |
| - અર્થ, વ્યાખ્યા, પ્રમાણ આધાર | - અવતરણો |
| - વૈચારિક પાસાં | - ઉક્તિઓ |
| ઉદાહરણો, પુરાવા, વિદ્વાનોનાં મંતવ્યો | - સુભાષિત |
| - પક્ષ-વિપક્ષની વિચારણા | - રૂઢિપ્રયોગ - કહેવત |
| - પરિણામોની ચર્ચા | - અલંકાર |
| - બોધ | |

જીવનકથા - આત્મકથા :

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| - નાટક - કૌટુંબિક માહિતી | - શબ્દો |
| - પાત્રલેખન | - શબ્દચિત્ર |
| (જીવન વિકાસક્રમ, કાર્ય, જીવનદૃષ્ટિ | - ઉક્તિઓ |
| ગુણ-મર્યાદા) - રૂઢિપ્રયોગ | - કહેવત |
| - રજૂઆતના ક્રમ - ઘટના, પ્રસંગો | - અલંકાર |
| - બોધ | |

આજ રીતે નવલકથા વિશે પણ વિચારી શકાય. માધ્યમિક કક્ષાએ નવલકથા કે આત્મકથાના અંશનો અભ્યાસ કરવાનો હોય છે. શિક્ષકે ખૂબ કથાનો સમગ્ર ચિતાર આપવો જોઈએ. શિક્ષકે મૂળ કથા આખી વાંચેલી હોવી જ જોઈએ. અને તો જ તે તેનું સમગ્ર તથા વિશ્લેષણ કરી શકે અને વિદ્યાર્થીઓને સાચી સમજ આપી શકે.

## 2.3.6 ગદ્યશિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો

આમ તો આપણે ગદ્યશિક્ષણ વિશે ઠીક ઠીક માહિતી મેળવી. હવે તમને ગદ્યપાઠોના શિક્ષણનું ચિત્ર વધુ સ્પષ્ટ થયું હશે. છતાં સમગ્ર બાબતોનો સાર મેળવતા કેટલીક બાબતો વિશેષ ધ્યાનમાં રાખવા જેવી છે. તે અંગે કેટલુંક જાણી લઈએ.

- ગદ્યપાઠોનું શિક્ષણકાર્ય શાળામાં જે રીતે થઈ રહ્યું છે તે ફક્ત શિક્ષણ બની રહે છે અને મહત્વની બાબત ભુલાઈ જાય છે. ભાષાનાં મૂળ તત્ત્વો શીખવવાં પણ જરૂરી છે, તે

શીખવાતાં નથી. ગદ્યશિક્ષણ સાહિત્યના શિક્ષણની સાથો સાથ ભાષાનું શિક્ષણ આપે તે વર્તમાન સમયની જરૂરિયાત નથી. આ માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

1. ગદ્ય શિક્ષણના હેતુઓની સ્પષ્ટતા શિક્ષક પાસે હોવી જોઈએ. ગદ્યકૃતિનું શા માટે અધ્યયન કરાવવું છે ? તે સ્પષ્ટ ન હોય તો કાર્ય સફળતા અંગે તો વિચારી શકાય જ કેવી રીતે ?

2. જે-તે ગદ્ય કૃતિની ભાષાકીય વિશેષતાઓ વિદ્યાર્થીઓને બતાવવી જોઈએ. તેના ભાષાવસ્તુથી પણ વિદ્યાર્થીઓને અવગત કરાવવા જોઈએ.

3. ગદ્યપાઠનું અર્થગ્રહણ, વિદ્યાર્થીઓ કરી શકે તેવા પ્રશ્નોની રચના કરવી જોઈએ સીધેસીધી ચર્ચા કરવી જોઈએ નહિ.

4. ગદ્ય શિક્ષણ દ્વારા ઉચ્ચારણ, જોડણી, આદર્શવાચન, શબ્દશિક્ષણ ઉપર ભાર મુકાવો જોઈએ.

5. સમગ્ર પાઠનું વાચન શિક્ષકે જ કરવું તે જરૂરી નથી. પાઠ્યપુસ્તકના બધા જ પાઠ શિક્ષક જ વાંચશે તો વિદ્યાર્થીને વાચનનો અનુભવ મળશે ખરો ? વર્ષ દરમ્યાન એકાદ-બે પાઠનું વાચન-આદર્શ રીતે શિક્ષકે કરીને પછી વિદ્યાર્થીઓને વાચનની તાલીમ મળી રહે અને તેઓનું વાચન કૌશલ વિકસે તે માટે તેઓને વાચનની તકો આપવી જોઈએ.

6. ગદ્ય શિક્ષણ માટે ગદ્ય સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને સ્થાન આપવામાં આવે છે. તે દ્વારા ગદ્ય-સ્વરૂપોનો પરિચય તેની વિશેષતાઓ સહિત કરાવવાનો છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે તેવી ક્ષણોનું નિર્માણ કરવાનું છે. આ માટે શિક્ષક પાસે ગદ્ય સ્વરૂપોનું જ્ઞાન હોવું આવશ્યક છે અને લેખનની હથોટી પણ કેળવવી પડે.

7. ભાષાના પાઠોમાં નીરસતા ન છવાઈ જાય તે માટે વિદ્યાર્થીઓને બોલવાની તકો અને વિવિધ પ્રવૃત્તિઓ આપવી જોઈએ.

8. ગદ્ય શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

9. વિદ્યાર્થીઓને કેટલાક એકમોમાં સ્વઅધ્યયનની તક આપવી જોઈએ.

અહીં સુધી આપણે ગદ્યશિક્ષણ વિશે શીખ્યા. હવે પદ્યશિક્ષણ વિશે શીખતાં પહેલાં પ્રગતિ ચકાસી લઈશું

તમારી પ્રગતિ ચકાસો - 1

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

1. ગદ્યનો અર્થ જણાવો.

2. ગદ્યશિક્ષણની સમસ્યાઓ વિશે તમારો અભિપ્રાય જણાવો.

3. ગદ્યપાઠોનું અધ્યાપન કરતી વખતે તમે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખશો તે જણાવો.

## 2.4 પદ્યશિક્ષણ :

હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,

- પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. (કલાપી)
- ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું,
  વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું...
- વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પીરાઈ જાણે રે
  પર દુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે... (નરસિંહ મહેતા)
- બેસી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં
  દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં (બ.ક. ઠાકોર)

કેટકેટલા કાવ્યોની રસલહાણ કરીએ? કેટલાંય કાવ્યોએ તો કેટલાક માણસોના જીવન પલટી નાખ્યાં છે. આમ તો આપણા પ્રાચીન સાહિત્ય પણ કાવ્યતત્ત્વથી જ ભરપૂર છે. કેટલાક કાવ્યોનો ઉપહાસ કરતા કહે છે કે, કવિતામાં શું છે ? બે-ચાર શબ્દોની જોડ-તોડ. બે શબ્દોને જોડી-તોડીને જોડકણું કરો એટલે કવિતા. ખરેખર કવિતા છે શું ? શું ખરેખર તેનું શિક્ષણ આપી શકાય ? પણ તે પહેલાં પદ્ય એટલે શું ? ગદ્ય-પદ્ય વચ્ચે શું ભેદ છે તે જાણ્યા પછી કવિતાનો અર્થ પામવાનો પ્રયત્ન કરીશું.

### 2.4.1 પદ્યનો અર્થ :

ગદ્યના અર્થની ચર્ચા કરતાં આપણે કાવ્યસાહિત્યના એક પ્રકાર તરીકે પદ્યની ગણના કરી છે. એટલે કાવ્ય ગદ્યમાં પણ હોઈ શકે અને પદ્યમાં પણ હોઈ શકે. બંનેમાં કંઈક જુદાપણું છે. રામનારાયણ વિ. પાઠકે બૃહદ્‌પિંગળ ના ઉપોદ્‌ઘાતમાં ગદ્ય-પદ્યની સ્વરૂપગત વિચારણા નીચે મુજબ રજૂ કરી છે.

- વાઙ્‌મયનાં બે સ્વરૂપો છે. ગદ્ય અને પદ્ય. તેમાં ગદ્ય સામાન્ય વ્યવહારમાં બોલાતી ભાષાનું સ્વરૂપ છે. તેમાં ભાષા કેવળ અર્થને અનુકૂળ રીતે, અર્થને અનુસરીને બોલવાની હોય છે. પદ્યની રચના વિશેષ કરીને કાવ્યને માટે યોજાયેલી હોય છે. જો કે કાવ્ય ગદ્યમાં પણ હોઈ શકે હોય છે. જેમ કે કાદંબરી પદ્યનું પઠન પણ અર્થને ધ્યાનમાં રાખીને કરવાનું હોય છે. પણ તે ઉપરાંત તે પદ્યની રચનાના બંધને અનુસરીને, તે બંધના સંસ્કાર પડે એવી રીતે કરવાનું હોય છે. વાણી જ્યારે કાવ્યનું પ્રયોજન સિદ્ધ કરવા અમુક મેળવાળું સ્વરૂપ લે છે ત્યારે તે પદ્ય કહેવાય છે. આ મેળ અમુક માપથી સધાય છે. વાણી શબ્દોની અને શબ્દો અક્ષરના બનેલા છે. અક્ષર એ વાણીના ઉચ્ચારનો એકમ છે, પદ્યરચનામાં પ્રયોજાતા અક્ષરોના ઉચ્ચાર બે સ્વરૂપો થાય છે, જેને લીધે અક્ષરો લઘુ કે ગુરુ અને એક કે બે માત્રના ગણાય છે. કવિઓ પોતાની કૃતિમાં વાણીને પ્રયોજતાં તેના અક્ષરોના માપથી અનેક જાતની આકૃતિઓ રચે છે. આ આકૃતિ કે આકારને છંદ અને છંદો વાણી તે પદ્ય. પદ્ય એટલે માપથી સિદ્ધ, સુમેળવાળી વાણી, પદ્યની વિશિષ્ટ આકૃતિ કે આકાર તે છંદ.
- લલિત વાઙ્‌મયને તેના બાહ્ય સ્વરૂપ ઉપરથી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. ગદ્ય અને પદ્ય : જેમા માત્રા, અક્ષર કે શબ્દની ગોઠવણીની બાબતમાં કે પંક્તિઓના માપ સંબંધમાં કે તેની નિયત સંખ્યાના સંબંધમાં કોઈ નિયંત્રણ કે બંધન નથી હોતું : એટલે કે જે અનિબદ્ધ રચના હોય છે તેને ગદ્ય કહે છે. (સંસ્કૃત ધાતુ ગદ બોલવું) ઉપરથી પરંતુ

જેમાં છંદશાસ્ત્રના નિયમોને અનુસરી, એકદંર પદ્યાવલિની રચના કરવાની હોય છે તેને પદ્ય કહે છે.

- મંજુલાલ ર.મજમુદાર

"પદ્ય રચનાનો આત્મા સંવાદ છે. રચના બંધબેસતી આવવી તે સંવાદ. ગદ્યમાં સંવાદ નથી, આથી તે તેમાં બંધબેસતી રચના છે નહીં, વાક્ય કોઈપણ જાતના બંધન વગર કેવળ વિચારશ્રેણીને અનુસરે છે."

- કેશવલાલ ધ્રુવ

ઉપરોક્ત વિચારમાંથી નિષ્કર્ષ તારવીએ તો પદ્ય એટલે મેળવાળું સ્વરૂપ, જેમા માત્રા, અક્ષર કે શબ્દની ગોઠવણીની બાબતમાં કે પંક્તિઓના માપને જાળવવાનું હોય છે. આ માપને જાળવવા છંદ શાસ્ત્રને અનુસરવામાં આવે છે. જો કે હવે અછાંદસ રચનાઓ પણ જોવા મળે છે. પણ સંવાદમય રચના એટલે પદ્ય.

### 2.4.2 ગદ્ય-પદ્ય વચ્ચેનો તફાવત

ગદ્ય અને પદ્યના અર્થને આધારે નીચે મુજબ તફાવત વર્ણવી શકાય.

| ગદ્ય | પદ્ય |
|---|---|
| - ગદ્યમાં અલગ તારવી શકાય તેવો કોઈ મેળ હોતો નથી, નિયમ હોતો નથી. | - ગાણિતિક પદ્ધતિથી દર્શાવી શકાય એવું માપ (કે જે કોઈ નિયમને અનુસરે છે.) હોય છે. |
| - માહિતી પ્રધાન - બોધ પ્રધાન હોય છે. | - સૂચક હોય છે. |
| - વિગતપૂર્ણ - ઘટનાપ્રધાન હોય છે. | - કાલ્પનિક હોય છે. |
| - અનાવેગી - સાહજિક અવાજ માત્રામાં હોય છે. | - તંગ-આવેગપૂર્ણ હોય છે. |
| - અભિપ્રાય - નિર્ણય સંબંધિત હોય છે. | - આત્મસ્ફુરણ સંબંધિત હોય છે. |
| - અનિયમિત - વિસ્તૃત હોય છે. | - સ્વરૂપીય (નિયમિત) અને લાઘવીય હોય છે. |
| - શિથિલ લયાત્મક કે અલયાત્મક હોય છે. | - લયયુક્ત કે લયાત્મક ઉચ્ચારણયુક્ત હોય છે. |
| - વાક્યો અને પરિચ્છેદમય રચના છે. | શ્લોકમય રચના હોય છે. |
| - મુખ્ય અંશો શબ્દ, વાક્ય અને પરિચ્છેદને ગણાવી શકાય. | લય અને ચરણ ગણાવી શકાય. |
| - પદ્ય નાના શબ્દસમૂહ, પંક્તિ, કડી કે | |
| - મુખ્ય અંશો શબ્દ, પદાવલિ, માપ સિદ્ધિ, | |

પદ્ય રચનાના પ્રકારોને ગદ્ય-પદ્ય તફાવત વર્ગ-શિક્ષણ માટે માર્ગદર્શક બની રહે. તે માટે દર્શાવેલ છે. હવે આપણે કાવ્યની વ્યાખ્યા જોઈએ.

### 2.4.3 કાવ્યની વ્યાખ્યા :

હેમંત દેસાઈ કહ્યુ છે કે, કવિતા અવ્યાખ્યા છે, એની કોઈ અંતિમ વ્યાખ્યા થઈ જ ન શકે.આમ

કવિતાને વ્યાખ્યામાં બાંધી શકાય તેમ નથી કારણ તેના સીમાડાનો કોઈ પાર નથી. અહીં આપેલી વ્યાખ્યાઓ કવિતાને સમજવામાં ઉપકારક છે પણ અંતિમ નથી તેનો ખ્યાલ રાખશો. કવિતાને સમજવા વિશેષ વાચનની જરૂર છે. કવિની સર્જન ઘડીને જાણવી એટલે તેના હૃદયના ભાવને જાણવો. હૃદયનો ભાવ જાણવો ખૂબ જ અઘરો છે. છતાં વિશેષ વાચન, કાવ્યગત સમીપતા ત્યાં સુધી પહોંચાડવામાં મદદરૂપ બને છે.

### 2.4.4 કાવ્ય શિક્ષણનું મહત્ત્વ :

આજનો યુવાન જ્યારે કલાની ઊર્મિઓ ઝીલવા અશક્ત બની ગયો છે. તેની આંખ, રંગ, રૂપ કે અભિમાનની કુમાશ, માર્દવ, છટા કે શૈલીનું સૌંદર્ય જોવા અસમર્થ બની છે ત્યારે તેને ભાવના, સૌંદર્યના શિક્ષણ માટે, પવિત્ર દિવ્ય અને ચિરંતન તત્વોનો સમાગમ કરાવવા, અને તેના આત્માને યોગ્ય પોષણ આપવા માટે કાવ્ય તરફ જ નજર જાય છે. કાવ્યના શિક્ષણ વિના આ બધું શક્ય છે ખરું કવિતા દ્વારા નીચે જેવા લાભ થાય છે.

- કવિતા આનંદ, સંવેદનશીલતા અને સંસ્કાર આપે છે.
- કવિતા વડે ભાષા અને જીવન મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે.
- કવિતા બીજાની લાગણીઓને સમજતાં શીખવે છે.
- કવિતાથી સ્વ નો સર્વમાં વિસ્તાર થાય છે.
- કવિતા કલાર્દષ્ટિ અને સર્જનાત્મકતા વિકસાવે છે.
- કવિતા ભાષાકીય કૌશલો વિકસાવે છે.

### 2.4.5 કાવ્ય શિક્ષણના હેતુઓ :

કવિતા શિક્ષણના નીચે જેવા હેતુઓ છે.

1. કાવ્યપઠન અને શ્રવણ દ્વારા કાવ્યનો આનંદ અનુભવે.
2. કાવ્યમાં વ્યક્ત થયેલી લાગણીઓનું સમસંવેદન અનુભવે.
3. કાવ્યનાં વિવિધ સ્વરૂપોનો પરિચય મેળવે.
4. કાવ્યના આસ્વાદની ક્ષમતા વિકસે.
5. કાવ્ય સાહિત્યમાં રસ કેળવે.

શિક્ષક હેતુઓને ધ્યાનમાં રાખીને જ ઉચિત કાવ્ય શિક્ષણ કરી શકે. અહીં પણ કાવ્ય શિક્ષણમાં જે તે કાવ્યને અનુરૂપ વિશિષ્ટ હેતુઓની રચના કરવાની છે. વિદ્યાર્થીઓ કવિનો પરિચય આપે, કાવ્યના પ્રતીકોની સમજૂતી આપે, કાવ્યનાં કલ્પનો વિશે રજૂઆત કરે, અન્ય ઉદાહરણો આપે, કાવ્યમાં વ્યક્ત થયેલી લાગણીને પોતાના શબ્દોમાં વર્ણવે...વગેરે વગેરે...

- જેમ ગદ્યશિક્ષણ વિશે મતમતાંતરો પ્રવર્તતા હતા તેમ કાવ્ય શિક્ષણ વિશે પણ છે. એવો સવાલ પણ છે કે શું કવિતા શીખવી શકાય ? તો પ્રથમ કાવ્યશિક્ષણના મતાંતરો જોયા પછી તેની પદ્ધતિઓ વિશે વિચારીશું.

### 2.4.6 કાવ્ય શિક્ષણના મતાંતરો :

પરદેશોમાં તો વર્તમાનપત્રોમાં એવી જાહેરાત આવે છે કે શાળામાં કવિતા શીખવનારા શિક્ષકો જોઈએ છે. એનો અર્થ એ કે કવિતા શિક્ષણ એક પેચીદો અને ચર્ચાસ્પદ મુદ્દો છે. કવિતા શીખવી શકાય ? બધા શિક્ષકો કવિતા શીખવી શકે ખરા ? કવિતા ખરેખર કેવી રીતે

શિખવાડાય ? આમ ઘણી બાબતો અંગે વિવિધ વિચારણા પ્રવર્તે છે. અહીં પણ બધા મંતવ્યો છે. એક બાબત ચોક્કસ છે કે શિક્ષક રસિક હોય તો વિદ્યાર્થીઓમાં કાવ્ય માટેનો પ્રેમ પ્રગટાવી શકે. નીચેના કેટલાક મુદ્દાઓ જોઈએ.

- કવિતા શીખવવાની નથી પણ પામવાની છે : આ મતાનુસાર શિક્ષકે વર્ગમાં કાવ્યનું શિક્ષણ આપવાનું નથી પણ વિદ્યાર્થીએ સ્વયં પામવાનું છે. તેણે કાવ્યને પામવા માટે સ્વાધ્યાય કરવાનો રહે છે. આમ અહીં સ્વાધ્યાયલક્ષી અભિગમ પર ભાર મુકાય છે. કાવ્યમાં સંવેદનશીલ લાગણી હોય છે તેનો અનુભવ વિદ્યાર્થી સ્વપ્રયત્નોથી જ કરી શકે. અન્યના પ્રયત્નોથી નહિ. આ માટે શાબ્દિક અર્થગ્રહણથી શરૂ કરી અનુભાવન સુધી સ્વાધ્યાય કરવો પડે.

- (સામાન્ય અક્ષરોમાં)બધા ભાષાશિક્ષકો કવિતા શિક્ષકો નથી : આ મતાનુસાર ભાષા શિક્ષકે પણ કાવ્ય શિક્ષણ માટે સજ્જતા કેળવવી પડે. શિક્ષક પાસે જેટલી સજ્જતા વિશેષ તેટલી વર્ગશિક્ષણની સફળતા વિશેષ. સજ્જતાપ્રાપ્ત શિક્ષક વર્ગશિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીઓને વિવિધ શિક્ષણાનુભાવો આપી શકશે. શિક્ષક દ્વારા કવિતાના અર્થઘટનના પ્રયત્નોની ગુણવત્તા વિદ્યાર્થીના અર્થગ્રહણને સાહજિક બનાવે છે. જેમ કે, કવિતાનાં ઉપાદાન : શબ્દ, અર્થ, અલંકાર, રચના વગેરે સમજાવે તેના ઉપયોગની સાર્થકતાની સમજૂતી આપે, વિષય, શીર્ષક, બોધ, ઘટનાની જ ચર્ચા કરે વગેરે તેની સજ્જતા પર અવલંબે છે.

3. કાવ્ય શીખવવાની એક માત્ર રીત નથી :

   આ મતાનુસાર શિક્ષકને કવિતાશિક્ષણની પદ્ધતિ નક્કી કરવાનું સ્વાતંત્ર્ય આપ્યું છે. પ્રશ્ન થાય છે કે વિધાન - 2 માં જણાવેલ બાબત અંગે, બધા શિક્ષકો યોગ્ય પદ્ધતિ નક્કી કરી શકશે ? અનુભવી શિક્ષકો-સજ્જ શિક્ષકો પોતાની સંવેદનીય ક્ષમતાઓને આધારે કાવ્ય શિક્ષણની રીત અપનાવી કાર્ય કરે જ છે. પણ કવિતા સ્વરૂપને ધ્યાનમાં લઈ, કવિતા શિક્ષણ અંગેની પદ્ધતિ અંગે નિર્ણય કરવો પડે.

4. કાવ્ય કાનની કળા છે :

   કવિ નિરંજન ભગતે 'કવિતા કાનથી વાંચો' અને કવિ ઉમાશંકર જોષીએ 'કવિતા વાંચવાની કળા' દ્વારા આ મત પ્રગટ કર્યો છે.

- 'કવિતાનો દેહ શબ્દોનો બંધાયેલો છે. શબ્દ એટલે (1) અવાજ (2) તે નિશ્ચિત અવાજના સંકેતથી જે તે સમાજે મૂકેલો અર્થ. શબ્દનાં આ બંને પાસાં કવિતાના સૌંદર્યને ખિલવવામાં ફાળો આપી છૂટે છે. નોખાં નોખાં નહીં, પણ એકરૂપ - એક રસ બનીને. ચર્ચા માટે તેનો અલગ વિચાર કરીએ તો ભલે.'

- કવિતા અવાજોની બનેલી રચના છે. આજે આપણે સામાન્ય રીતે કવિતા કાગળ ઉપર છપાયેલી, આંખો વડે વાંચીએ છીએ. પણ તેથી કવિતા કોઈ આંખનો વિષય, જોવાનો વિષય બનતી નથી. આંખો ધારો કે સારી ન હોય અને 'ઝૂકી ઝાડનાં ઝૂંડની ઝાઝી ઝાડી' વાંચતાં હાર બંધ ઝ ઝ્ ઝાઓ કાંટાની પેઠે ભોંકાતા ચાલ્યા આવતા હોય છે. પણ તે જ વખતે કાન સહેજ ચમકે છે. બધા શબ્દો 'ઝ' થી આરંભાયા છે. એ જોઈને બલકે સાંભળીને ... આંખ કવિતાના અવાજદેહને ઉપાડીને શ્રવણેન્દ્રિયને, અંત: શ્રવણેન્દ્રિયને સોંપી દે છે, જે એના સૌંદર્યનો બોધ કરે છે.

- 'મોટેથી કવિતાનો પાઠ કરવાથી કવિતા એ કેવી એક અવાજોની સૃષ્ટિ છે તેનો આનંદ મળશે પછી અંદરના કાન ટેવાઈ જશે કે મનમાં મૂંગા મૂંગા પંક્તિઓ યાદ કરીએ અથવા મૂંગા મૂંગા વાંચીએ ત્યારે પણ કવિતાનો સ્વરોહ સુરેખપણે દૃષ્ટિગોચર થશે. અને એમાં જે કાંઈ શ્રવણમાધુર્ય હશે તે હૃદયને સ્પર્શી જશે.

* આ મતાનુસાર કાવ્ય કાનથી શ્રવણ કરવાની કળા છે. એમ કહેવા પાછળ પણ કાવ્ય પઠનનું ગૌરવ અને વિશેષતાઓ જ દર્શાવવાનો હેતુ છે. અને કાવ્ય પઠન, કાવ્ય ગાન કે કાવ્યનું સમૂહગાન કરાવવું અને કરવું જરૂરી છે. કાવ્ય શિક્ષકનો કંઠ સારો ન હોય તો ટેપરેકોર્ડરનો ઉપયોગ કરી - કોઈકના સારા કંઠનો લાભ લઈને કાવ્ય પઠન કે કાવ્ય ગાન સંભળાવી શકાય.

  ઉપરોક્ત મતો કાવ્યશિક્ષણ માટે સ્વાધ્યાય અભિગમ, શિક્ષકનો સજગતાલક્ષી અભિગમ, કવિતાના સ્વરૂપલક્ષી અભિગમ અને કાવ્યપઠન અભિગમને અપનાવવા તરફ નિર્દેશ કરે છે.

## 2.4.7 કાવ્ય શિક્ષણની પદ્ધતિઓ :

કાવ્યશિક્ષણની ઉત્તમ પદ્ધતિ કઈ ? ઘણી વિચારણાને અંતે એમ કહી શકાય કે વિદ્યાર્થીને જે કાવ્ય ની અનુભૂતિ કરાવે તે પદ્ધતિ શ્રેષ્ઠ. આમ કહેવું સહેલું છે પણ તેવી પદ્ધતિ વિદ્યાર્થીઓને અનુભવ આપવો સરળ લાગતો નથી. વિજ્ઞાન અને ઈતિહાસ જેવી વસ્તુ, વિદ્યાઓ માહિતી પ્રધાનતા : આત્મલક્ષી વિદ્યા છે. એનો મદાર અંગત અનુભવ અને સંવેદન ઉપર છે. એટલે કાવ્યરસ આપવાનો ક્રમ, પામવાનો વિશેષ હોય છે. કાવ્ય શિક્ષણનો હેતુ મુખ્યત્વે રસ અને આનંદ પ્રાપ્તિનો તથા ત્યાર પછી સંવેદના સતેજ કરી સંસ્કાર મેળવવાનો છે. તેથી કાવ્ય શિક્ષણની પદ્ધતિ પણ આનંદલક્ષી હોવી જોઈએ. કાવ્ય અખંડ મેળવવાનો છે. તેથી કાવ્ય શિક્ષણની પદ્ધતિ પણ આનંદલક્ષી હોવી જોઈએ. કાવ્ય અખંડ સ્વરૂપે આસ્વાદ આપે છે તેથી એકરસ અનુભવ આપે તેવી પદ્ધતિ વિચારવી જોઈએ.

* કાવ્ય શિક્ષણની કોઈ એક પદ્ધતિ નથી. પ્રત્યેક શિક્ષકે તેની પદ્ધતિ નિરાળી હોય છે. પણ પ્રચલિત પદ્ધતિઓ નીચે જેવી જોવા મળે છે.

### 1. હેતુકેન્દ્રી પદ્ધતિ :

આ પદ્ધતિમાં કાવ્યની સોપાનબદ્ધ સમજૂતી આપવામાં આવે છે. પ્રસ્તાવના, કાવ્યપાઠ, વસ્તુ નિરૂપણ, મૂલ્યાંકન અને સ્વાધ્યાય જેવાં ક્રમિક સોપાનો દ્વારા કાવ્યનો સર્વાંગી પરિચય આપવા આ પદ્ધતિ મથે છે. પ્રસ્તાવનામાં કાવ્યના પરિચયને અનુરૂપ ભૂમિકા આપે છે. ત્યારબાદ શુદ્ધ, સરળ અને સ્પષ્ટપણે કાવ્યનું પઠન કરવામાં આવે છે. ત્યારબાદ કાવ્યનાં વિવિધ સૌંદર્ય સ્થાનોને પ્રગટ કરી એનું કાવ્ય નિર્માણમાં શું સ્થાન છે તેની સંકલિત વિચારણા અર્થે વિદ્યાર્થીઓને પ્રશ્નનો પૂછી વસ્તુ નિરૂપણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ શું પ્રાપ્ત કર્યું ? કાવ્યશિક્ષણનો હેતુ સિદ્ધ થયો કે નહિ ? તે માટે મૂલ્યાંકન કરવામાં આવે છે અને છેલ્લે કાવ્યના રસસ્થાનો, રહસ્યકેન્દ્રો સંબંધી પ્રશ્નો સ્વાધ્યાય માટે આપવામાં આવે છે.

- આ પદ્ધતિમાં કાવ્યના મુખ્ય પાસાંનો ક્રમિક વિચાર કરી કાવ્યના વિદ્યાર્થી પરના પ્રભાવની નોંધ લેવાય છે તે વિશેષતા છે તો શાસ્ત્રીયતાનો અતિરેક થઈ જતાં કાવ્યનું નિર્જીવ પોસ્ટ મોર્ટમ થઈ જવાનું જોખમ પણ છે.

### 2. પ્રભાવશાળી - પ્રયોગવાદી પદ્ધતિ (Impressionist Method) :

આ પદ્ધતિ નવીન પ્રયોગવાદી શિક્ષકોએ અપનાવેલી છે. એક કવિતા વાંચતાં મનમાં જ મુદ્દાઓ પ્રગટે, વિચાર-ભાવના તરંગો ઊઠે, અન્ય કવિતાનાં સ્મરણો જાગે, તેને સ્વૈરપણે રજૂ કરતા જઈ સામેના કાવ્યના પ્રભાવનું નિરૂપણ આ પદ્ધતિમાં થાય છે.

આમ તો આ કોઈ ચોક્કસ પદ્ધતિ નથી પણ કવિતા પ કવિતા જેવું, વિવેચનાત્મક કથન એ બને. સંક્રમણ અહીં ગૌણ બની જાય છે એટલે શિક્ષણનો મૂળ હેતુ સચવાય નહિ. છતાં ચોક્કસ દ્દષ્ટિથી થતાં શિક્ષણ દરમ્યાન આવો પ્રભાવ પ્રગટ કરી શકાય જેનાથી વિદ્યાર્થી સ્વતંત્ર ભાવનમાં ઉત્સુક બની પોતાના અભિપ્રાયો ઘડે.

- ઉપરોક્ત પદ્ધતિઓ પ્રચલિત છે. તેમાં પણ અનેક પ્રયુક્તિઓ સંકળાયેલી છે. શિક્ષક કાવ્યશિક્ષણ દરમ્યાન કથન કરે, ચર્ચા કરે, પ્રશ્ન પૂછે, નિદર્શન કરે વગેરેના સંયોજન રૂપે પદ્ધતિ પ્રગટતી હોય છે. આ પદ્ધતિઓ ખરેખર પદ્ધતિઓ નથી પણ અનેક પદ્ધતિઓનો સમૂહ છે. વ્યાખ્યાન પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, સંશ્લેષણ-વિશ્લેષણ પદ્ધતિ, જેવી અનેક પદ્ધતિઓ છે. તે પદ્ધતિઓમાંથી અનુકૂળ પદ્ધતિનો ઉપયોગ કરી અથવા પદ્ધતિઓનું એક પદ્ધતિ નક્કી કરવાનું સહેલું નથી. તેથી કેટલાંક વિદ્વાનોએ તારવ્યા છે. જે નીચે મુજબ છે.

1. કાવ્ય શિક્ષણ આપતાં પહેલાં તેના હેતુઓ અંગે વિચારણા કરવી જોઈએ. કાવ્ય શિક્ષણ માટે પઠન, અર્થગ્રહણ, આસ્વાદ, આસ્વાદ્ય અભિવ્યક્તિ, ગાન, અભિનય સાથે ભાવગ્રહણ જેવા હેતુઓ ગણાવી શકાય, આ હેતુમાંથી કક્ષા, કવિતા પ્રકાર અને શિક્ષકની ભાવક સજ્જતાના આધારે વર્ગમાં આંતરક્રિયા (Interaction) માટે પ્રયત્નોની પૂર્વ ભૂમિકા સર્જવા માટે હેતુલક્ષી સ્પષ્ટતા શિક્ષકના મનમાં હોવી જોઈએ.
2. વિદ્યાર્થીઓને પોતાની રીતે કવિતાનું અર્થગ્રહણ કરવા દો. આ માટે કાવ્ય પઠન ઉપયોગી બને.
3. કવિતા શિક્ષણ એટલે કવિતાના ઉપાદાન : શબ્દ/અર્થ, લય, છંદ, અલંકારની અર્થઘટન અને અર્થગ્રહણ લક્ષી યથાર્થતા સમજવા સાથે કાવ્યને માણવાની પ્રવિધિ છે.
4. વિદ્યાર્થીઓને શ્રાવ્ય અનુભવો આપી કાવ્યની સમજ મેળવે તેવી મનોભૂમિકા સર્જો.
5. વિદ્યાર્થીઓના કાવ્ય અર્થગ્રહણની પૂર્વ સજ્જતાના આધારે આસ્વાદના પ્રયત્નોની સિદ્ધિ સાધો.

## 2.4.8 કાવ્યનું વર્ગશિક્ષણ - વાસ્તવિક પરિસ્થિતિ :

શાળાઓમાં કવિતા શિક્ષણને નિહાળીએ તો ખ્યાલ આવે કે કવિતાનું ખૂન કેવી રીતે કરવામાં આવે છે. એક વિદ્વાનના મતે, કાવ્યને જીવાડવું કે મારવું તેનો આધાર મોટેભાગે શિક્ષકો પર છે. વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો...

- શિક્ષક કાવ્યમાં આવતા શબ્દોના અર્થ તારવી કવિતાનો ગદ્યાન્વય કરે છે.
- શિક્ષક છંદ, અલંકાર, શબ્દાર્થ, સમાસ, સંધિની વ્યાકરણીય સમજૂતી આપેછે, પણ કાવ્યાર્થલક્ષી યથાર્થતા સમજી - સમજાવી શકતા નથી.
- કાવ્યપઠન અંગેની શિક્ષકની સભાનતા કે મર્યાદાઓ વિદ્યાર્થીને કાવ્યપઠન અંગે પ્રેરણા, મહાવરા કે સમજ તરફ અભિમુખ કરતી નથી કે કાવ્ય રુચિ પણ નિપજાવી જાળવી શકાતી નથી.
- કાવ્યપઠન અંગેની શિક્ષકની સભાનતા કે મર્યાદાઓ વિદ્યાર્થીને કાવ્યપઠન અંગે પ્રેરણા, મહાવરા કે સમજ તરફ અભિમુખ કરતી નથી કે કાવ્ય રુચિ પણ નિપજાવી જાળવી શકાતી નથી.

- કાવ્યશિક્ષણ રૂઢિગત બનતું જાય છે, પ્રયોગાત્મક રહ્યું નથી.
- કાવ્યશિક્ષણ સમયે વર્ગમાં વિદ્યાર્થીઓમાં શુષ્કતા, રસહીનતા છવાઇ જાય છે. વિદ્યાર્થીને કાંઇક સમજાતું નથી.
- પ્રશિક્ષણાર્થી કેટલાક શિક્ષકો પણ કવિતામાંથી માહિતીલક્ષી પ્રશ્નો પૂછી કર્મકાંડ પૂર્ણ કરવાનો આનંદ માણે છે.
- કવિતાનું કૌશિકી પૃથક્કરણ કરવાની કસરત કરવામાં આવે છે.
- કાવ્યાસંગ્રહણ કે સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવામાં વિદ્યાર્થીઓ રૂઢિગત શબ્દો, શબ્દસમૂહોનું પુનરાવર્તન કરીને સ્પષ્ટીકરણ આપવાનો પ્રયાસ કરે છે.
- કવિતા શિક્ષણની વર્ગની વાસ્તવિક પરિસ્થિતિ વિદ્યાર્થીઓને કવિતાભિમુખ કરવાને બદલે કવિતાવિમુખ બનાવે છે. આ પરિસ્થિતિ પરીક્ષાલક્ષી, વિદ્યાર્થીઓની અને શિક્ષકોની મર્યાદામાંથી ઉદ્‌ભવે છે. શિક્ષકે કવિતા શિક્ષણની સજ્જતા કેળવવી પડે. તો હવે તે તરફ દૃષ્ટિપાત કરીશું.

નોંધ : નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

1. તમારી દૃષ્ટિએ કવિતા એટલે શું તે જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. કાવ્ય શિક્ષણ અંગે કયા મતમતાંતરો પ્રવર્તે છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. કાવ્ય ભણાવતી વખતે તમે કઈ કઈ સજ્જતા કેળવશો ?

## 2.5 વ્યાકરણ શિક્ષણ :

વર્ગમાં વ્યાકરણનું નામ પડે અને વિદ્યાર્થીને પરસેવો છૂટી જાય છે. વ્યાકરણ એટલે જાણે બધું ગોખવાનું પણ વાસ્તવમાં તેવું નથી. પ્રથમ ખંડના પ્રથમ પ્રકરણમાં જ આપણે ભાષા, ભાષા વિકાસ વિશે વિંડાણથી અધ્યયન કરી ગયા. ત્યારે જ તમને થયું હશે કે ભાષાનો રીતસરનો અભ્યાસ થવો જરૂરી છે અને તે માટે વ્યાકરણને સમજવું પડે. અત્રે આપણે વ્યાકરણનો અર્થ, વ્યાકરણ શિક્ષણ વિશે પ્રવર્તતા મતાંતરો, વ્યાકરણ શિક્ષણના હેતુઓ વ્યાકરણ શિક્ષણનું મહત્વ, વ્યાકરણ શિક્ષણ પ્રત્યેની નીરસતાનાં કારણો, વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ અને વ્યાકરણ શિક્ષણ સજ્જતા વિશે અભ્યાસ કરીશું.

### 2.5.1 વ્યાકરણનો અર્થ :

વ્યાકરણનો શાબ્દિક અર્થ કરીએ તો વિશ્લેષણ - સ્પષ્ટીકરણ તેમ થાય. વિ+આ+કરણ : વ્યાક્રિયન્તે શબ્દા : અનેન ઈતિ વ્યાકરણમ્ એટલે કે વ્યાકરણ ભાષાનું વિશ્લેષણ કરીને તેની રચના - સંરચનાનું સ્પષ્ટીકરણ કરે છે.

- ભાષા એક વ્યવસ્થા છે આ વ્યવસ્થાને પોતાનો નિયમો છે. આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ. આ નિયમોના આધારે ભાષાનો પ્રયોગ વ્યક્તિ કરે છે. અને અન્ય દ્વારા બોલાયેલી ભાષાને સમજે છે. આમ વ્યાકરણ એ શાસ્ત્ર છે. જે કોઈ ભાષાને શુદ્ધ રૂપે બોલવાનું અને સમજવાનું શીખવે છે. ભાષાના લિખિત અને વાચક સ્વરૂપના નિયમોનો પણ વ્યાકરણમાં સમાવેશ થાય છે. આમ વ્યાકરણ એ શાસ્ત્ર છે, જે કોઈ ભાષાને શુદ્ધ સ્વરૂપ બોલવાનું, સમજવાનું, લખવાનું અને વાંચવાનું શીખવે છે.
- આમ વ્યાકરણ એટલે ભાષાના વર્ણ-ધ્વનિ, રૂપપદ શબ્દ અને વાક્ય આધારિત રચના, સંરચના અંગેની નિયમલક્ષી વિચારણા. હવે આપણે વ્યાકરણ શિક્ષણના હેતુઓ જોઈએ.

### 2.5.2 વ્યાકરણ શિક્ષણના મતાંતરો :

- શાળાઓમાં વ્યાકરણનું શિક્ષણ આપવું કે નહિ તે અંગે વિદ્વાનો વચ્ચે મતાંતરો પ્રવર્તે છે.
- વ્યાકરણ શિક્ષણ ભાષા શિક્ષણનું આવશ્યક અને અનિવાર્ય અંગ છે :

  વ્યાકરણનું શિક્ષણ મેળવ્યા વિના વ્યક્તિ શુદ્ધ બોલી કે લખી શકે નહિ., કોઈપણ વ્યક્તિનો ભાષા વિકાસ. વ્યાકરણ શિક્ષણ વિના અધૂરો છે તેવો મત ઘણા વિદ્વાનો ધરાવે છે.

- ભાષાને શુદ્ધ રાખવાનું બનાવવાનું કામ વ્યાકરણ કરે છે.- સીતારામ ચતુર્વેદી
- વ્યાકરણના જ્ઞાનની અવગણના કરવાથી ભાષામાં ઉચ્છૃંખલતા આવી જાય છે. અને તે સંસ્કૃતિનો વિનાશ કરી દે છે. ભાષાપ્રયોગનું રહસ્ય સમજવા માટે વ્યાકરણનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. – કરુણાપતિ ત્રિપાઠી
- આમ ભાષામાં વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ તો ક્યારે આપવું તે પ્રશ્ન પણ ઉપસ્થિત થાય. તેના માટે વિદ્વાનો જણાવે છે કે જ્યારે વિદ્યાર્થીએ ભાષા પર અધિકાર મેળવી લીધો હોય ત્યારે જ વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ. પાંચમા ધોરણ પછી વ્યાકરણ શિક્ષણનો જે મુદ્દો તેની ભાષા પ્રગતિમાં સહાયક બનતો હોય. તે શીખવવો જોઈએ. આમ વિદ્યાર્થી ભાષાવ્યવહારનું પ્રાથમિક કૌશલ્ય પ્રાપ્ત કરે ત્યારે જ વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ.

ભાષાજ્ઞાન માટે વ્યાકરણ અનાવશ્યક છે :

વ્યાકરણ શીખ્યા વિના પણ શુદ્ધ ભાષા બોલી કે લખી શકાય છે. વ્યાકરણ ભાષા માટે રચાયું છે, વ્યાકરણ માટે ભાષા રચાઈ નથી. ભાષા વપરાશ અને પ્રયોગથી શીખાય છે. અભિવ્યક્તિના અભ્યાસથી ભાષાપ્રભુત્વ પ્રાપ્ત કરી શકાય છે.

કેટલા વિદ્વાનો વ્યાકરણમાં સૈદ્ધાંતિક શિક્ષણને આવશ્યક માનતા નથી. અને આ મતને આધારે વ્યવહારુ - વ્યાકરણની શરૂઆત થઈ.

વ્યવહારુ વ્યાકરણ :

વ્યાકરણના અભ્યાસ વિના પણ શુદ્ધ ભાષા મહાવરો કે અભ્યાસથી શીખી શકાય છે. તેવી માન્યતાને આધારે વ્યાકરણના સૈદ્ધાંતિક શિક્ષણને બદલે સ્વભાષામાં શુદ્ધ અને સ્પષ્ટ વ્યવહારથી વ્યાકરણ શિક્ષણ આપી શકાય છે. બાળકના ભાષાસર્જન (Language aqvisition)ના તબક્કાની મનોભાષા વિજ્ઞાનીઓએ વિચારણા કરી છે. જે નીચે મુજબ છે.

- વાક્યરૂપ શબ્દ : એક શબ્દ દ્વારા વાક્યનો અર્થ પ્રગટ કરવાના પ્રયત્નો બાળક દ્વારા થાય છે.
- શબ્દ - ઉચ્ચારણ : આ તબક્કે ઉચ્ચારણ કરવા ટેવાય છે.
- વ્યાકરણ - વિકાસ : બાળકની ભાષામાં વ્યાકરણના ઉપયોગ શરૂ થાય છે. વાક્યની લંબાઇ વધે છે તે વધારે જટિલ બને છે. ભૂતકાળ, બહુવચન અને કેટલાક કાર્યલક્ષી વ્યાકરણ પ્રયોગો શરૂ થાય છે. જેમ બાળક પરિપક્વ બનતું જાય છે. તેમ તેની વાણીમાં શબ્દોની સંખ્યા અને પ્રકારો વધતા જાય છે.

જટિલ વ્યાકરણની નજીક : બાળક જટિલ વ્યાકરણ રચનાઓનો ઉપયોગ કરતો થાય છે. સંબંધવાચક, સંયુક્ત પૂરક વાક્યોનો ઉપયોગ કરે છે. જો કે તેમાં ઘણી ક્ષતિઓ જોવા મળે છે.

- બાળકમાં જટિલ વાક્યોનો ઉપયોગ તેના ભાષાકીય સામર્થ્યના થતા ગુણાત્મક સુધારા વિકાસનું સૂચન કરે છે. વિગોત્સકીના મતાનુસાર જટિલ વાક્યો ઉપર પ્રભુત્વ મેળવ્યું એટલે ભાષાકીય વિકાસ છેલ્લે તબક્કામાં પહોંચ્યો કહેવાય. હવે તેણે વાક્યરચના અને ધ્વનિ વ્યવસ્થાના સંદર્ભમાં વિવિધ પ્રકારનાં સ્વરૂપો અને અપવાદરૂપ ઉપયોગો જ શીખવાના રહે છે.
- આમ, બાળકો અનાયાસ અનુકરણ દ્વારા શુદ્ધ પ્રયોગો પર ધીરે ધીરે અધિકાર પ્રાપ્ત કરતાં રહે છે. આ વિચારને આગળ વધારતા રહી ભાષાશિક્ષણ સમયે તેને વિશેષ મહાવરાને આધારે ભાષા પ્રભુત્વ કેળવી શકાય. આ પ્રકારનું વ્યાકરણ શિક્ષણ વ્યાવહારિક

વ્યાકરણ - વ્યવહારુ વ્યાકરણ તરીકે ઓળખાય છે.

- વ્યાયકરણનું સૈદ્ધાંતિક શિક્ષણ અનિવાર્ય છે પણ તેનું વ્યાકરણ તરીકે અલગ શિક્ષણ આપવું યોગ્ય નથી :

  બાળકો ઉચ્ચ કક્ષાએ શિક્ષણ મેળવવા આવે છે ત્યારે તેઓએ વ્યાકરણના ઘણા પ્રયોગો આત્મસાત્ કરેલા હોય છે. તેથી ફક્ત નવા નિયમોને આત્મસાત કરાવવા પ્રયત્ન કરવો જોઈએ. આ માટે તેઓને વ્યાકરણનું અલગ શિક્ષણ ન આપતાં ગદ્ય પદ્ય લેખનનાં શિક્ષણની સાથો સાથ સૈદ્ધાંતિક શિક્ષણ આપી દેવું જોઈએ અને સ્વાધ્યાયકાર્ય માટે વ્યાકરણના પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવો જોઈએ.

- ઉપરોક્ત ત્રણેય મતો બે મત વ્યાકરણ શિક્ષણની તરફેણ કરે છે. જ્યારે એક મત તેને આવશ્યક ગણાતો નથી પણ મહાવરાથી ભાષા શીખી શકાય છે તેમ કહે છે. આ અંગે વિશદતાથી વિચારતાં લેખિત સ્વરૂપમાં પોતાના વિચારોને રજૂ કરવાના થાય છે ત્યારે ભાષાશુદ્ધિની ભૂલો થાય છે જ. રોજિંદા વ્યાવહારમાં ચલાવવામાં ભાષામાં વ્યાકરણની જરૂરિયાત ઓછી જણાય પણ ભાષા સૌંદર્ય વ્યાવહરમાં ચલાવવામાં ભાષામાં વ્યાકરણની જરૂરિયાત ઓછી જણાય પણ ભાષાસૌંદર્ય પ્રગટાવવા વ્યાકરણ જરૂરી બને છે. વ્યાકરણનું કાર્ય વિશ્લેષણનું છે અને વિશ્લેષણની પ્રક્રિયા અપનાવી ભાષાના અંતર્ગત સૌંદર્યને ભોગ્ય બનાવી શકાય છે. આમ વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષા પણ કરી શકાય તેમ નથી. પણ તેના શિક્ષણને રસમય બનાવવી જોઈએ. તે બાબત સ્વીકારવી જોઈએ.

## 2.5.3 વ્યાકરણના શિક્ષણના હેતુઓ :

વ્યાકરણના શિક્ષણના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

1. વિદ્યાર્થીઓ વ્યાકરણનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
2. વિદ્યાર્થીઓ વ્યાકરણના પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરે.
3. વિદ્યાર્થીઓ વ્યાકરણના સિદ્ધાંતો કે નિયમો અંગે સમજ મેળવે.
4. વિદ્યાર્થીઓ વ્યાકરણ પ્રત્યે અભિરુચિ કેળવે.
5. વિદ્યાર્થીઓ શુદ્ધ લેખનરચના કરવાનું વલણ કેળવે.

ઉપરોક્ત સામાન્ય હેતુઓને ધ્યાનમાં લઈ ધોરણવાર અને વિષયવસ્તુના મુદ્દા પર વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનોની રચના અને વિચારણા કરી શકાય. આ માટે માતૃભાષા શિક્ષણના હેતુઓ પ્રકરણમાં વિશેષ માહિતી આપી છે. એક ઉદાહરણથી અહીં થોડુંક વધુ સમજીએ. દા.ત. સંધિ વિશે ભણાવી રહ્યા હો તો વિદ્યાર્થી સંધિની વ્યાખ્યા રજૂ કરે, સંધિના પ્રકારો જણાવે, સ્વરસંધિની વ્યાખ્યા આપે, સ્વરસંધિના નિયમો દર્શાવે, સંધિવિગ્રહ કરે, સંધિ જોડી બતાવે, સંધિના અન્ય ઉદાહરણો આપે વગેરે જેવા વિશિષ્ટ હેતુઓ લખી શકાય. હવે વ્યાકરણ શિક્ષણ અંગેના મતાંતરો વિશે જોઈએ.

## 2.5.4 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ :

વ્યાકરણ શિક્ષણ વિશેના વિવિધ મતાંતરો અને વ્યાકરણ શિક્ષણના હેતુઓ જોયા. આ બંને બાબતોમાં વિચારભેદ અને પરિસ્થિતિ ભાગ ભજવતી હોય તેમ લાગે છે. પરંતુ વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ નથી તેમ કહેવું યોગ્ય નથી.

- ભાષાશિક્ષણમાં ભાષા મુખ્ય છે અને વ્યાકરણ ગૌણ છે. ભાષા સાધ્ય છે અને વ્યાકરણ

સાધન છે. આમ વ્યાકરણ એ ભાષા સાથે સંકળાયેલું એક વિશિષ્ટ અંગ છે ત્યારે ભાષા શિક્ષણમાંથી વ્યાકરણને દૂર કરવાની દલીલ શરીરમાંથી એક અંગને જુદું પાડવા બરાબર છે. વ્યાકરણ શિક્ષણનું મહત્વ નીચે જેવી બાબતોથી ખ્યાલ આવશે.

- શુદ્ધ ભાષા વ્યાકરણને કારણ - વ્યાકરણના જ્ઞાનથી બને છે.
- વાચન-કૌશલ્યનો વિકાસ વ્યાકરણને કારણે થઈ શકે છે. વ્યાકરણના જ્ઞાન સિવાય વાચન અર્થગ્રહણ થતું નથી જ્યારે લેખનમાં ભાષાશુદ્ધિ અને ક્રમિકતા આવતાં નથી.
- વ્યાકરણ તર્કશક્તિ અને માનસિક શિસ્ત કેળવે છે.
- વ્યાકરણ ભાષાની વ્યંજના શક્તિને દીપાવે છે.
- સ્વભાષાનું વ્યાકરણ અન્ય ભાષા શીખવામાં ઉપયોગી બને છે.
- વ્યાકરણથી ભાષા શુદ્ધ, સચોટ, પ્રાસાદિક, સુરુચિકર અને અભિવ્યંજનાત્મક બને છે. વ્યાકરણ તો ભાષા માટે પ્રાણવાયુની ગરજ સારે છે. તે ભાષાને જીવંત અને અણીશુદ્ધ રાખે છે. આમ ભાષાનું પૂરકબળ વ્યાકરણ છે ત્યારે તેનું શિક્ષણ અનિવાર્ય છે.

આટલું સમજ્યા પછી પણ વ્યાકરણ શિક્ષણની હાલત પણ ગદ્ય અને પદ્ય શિક્ષણની માફક કરુણ છે. ભાષામાં અનુસ્નાતક થયા પછી પણ હ્રસ્વ - ઇ અને દીર્ઘ - ઈ ને બદલે આગળ (િ) પાછળ( ી) ની નિશાની તેવી રીતે ઓળખાવે છે. ઘણા તો હ્રસ્વઇ લખે છે. સામાજિક, આઠવાડિક, સામાસિક શબ્દોની જોડણી પણ ખોટી લખે છે. અને તે અંગે તેઓને અફસોસ થયાની લાગણી પણ થતી નથી. વિજ્ઞાન, ગણિત જેવા વિષયોમાં અભ્યાસ કરનારને તો આ બધાંનું મૂલ્ય જ લાગતું નથી. વ્યાકરણ પ્રત્યેની આવી નીરસતાનાં કારણો શું ? તેનો અભ્યાસ કરીએ.

## 2.5.5 વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતાનાં કારણો :

વ્યાકરણ શિક્ષણની સ્થિતિ ઉપેક્ષિત નારી સમાન જોવા મળે છે. વ્યાકરણ શીખનાર કે શીખવનાર બંનેને રસ નથી. આમ કેમ ? વિચારતા ત્રણ પાસાં દૃશ્યમાન થાય છે. સમાજ, શિક્ષક-શિક્ષણ અને વિદ્યાર્થી.

(અ) સમાજ : વ્યાકરણ શિક્ષણ પ્રત્યે સમાજમાં નીરસતા જોવા મળે છે. સમાજમાં વ્યાકરણ શુદ્ધિને બહુ મહત્ત્વ અપાતું નથી કારણકે સમાજમાં વ્યવહાર મૌખિક વિશેષ છે અને મૌખિક વ્યવહારથી જે બાબતનું પ્રત્યાયન કરવું છે તે થઈ જાય તેટલી ભાષાથી ચાલી શકે છે. આ ઉપરાંત સમાજમાં ભાષા કરતાં બોલીને વિશેષ મહત્વ આપવામાં આવે છે. દરેક વ્યક્તિ પોતાની બોલીમાં પોતાના સમાજમાં વાતચીત કરે છે. તેથી તેના સમાજ પૂરતી તેની સમસ્યા હલ થઈ જાય છે અને ભારતની સામાજિક અને આર્થિક વ્યવસ્થા પણ પરંપરાને સાચવી રાખનારી હતી તેથી વ્યક્તિને બોલીથી વ્યવહાર ચલાવવામાં તકલીફ પડતી નહિ. પણ વર્તમાન સ્થિતિ બદલાઈ છે. વ્યક્તિને ધંધાર્થે જુદા જુદા પ્રદેશોમાં ભ્રમણ કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે શુદ્ધ ભાષાની જરૂરિયાત રહેવાની. આ માટે વ્યાકરણ શિક્ષણ અગત્યનું બની રહે.

સમાજમાં વ્યાકરણ પ્રત્યેની બેદરકારી તેના વ્યવહારમાં જોવા મળે છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ તો,

- દુકાનોનાં પાટિયાં (બોર્ડ) માં જોડણી વિષયક ભૂલો.
- વર્તમાનપત્રો - સામયિકોમાં વ્યાકરણ વિષયક ભૂલો.

- મૌખિક વ્યવહારમાં ઉચ્ચારણ સંબંધી ભૂલો.
- બોલે તેવું લખાણ - લેખનમાં ભૂલો કરાવે છે.

આ બધાંની અસર વિદ્યાર્થી ઉપર થાય છે અને તે જ્યારે શાળામાં આવે છે ત્યારે ભાષાની અશુદ્ધિઓથી ભરપૂર હોય છે. કોરી સ્લેટ ઉપર લખવાનું હોય તો વાંધો ન આવે. પણ લખાણવાળી આવી સ્લેટમાં અને તેમાંય માનવમનરૂપી સ્લેટમાં લખાયેલું ભૂંસવું અને નવું શુદ્ધ લખવું એકદમ કઠિન બની જાય છે.

(બ) શિક્ષક - શિક્ષણ :

વ્યાકરણ શિક્ષણ પ્રત્યે શિક્ષક કેમ નીરસ છે. તેનાં કારણો ઘણાં છે.

1. જે શિક્ષકો શાળામાં આવે છે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું છે ખરું ? ઉત્તર મેળવતાં 'ના' માં જ મળશે. પ્રશિક્ષણ કોલેજમાં આવતા ભાવિ શિક્ષકો ગુજરાતી સાથે સ્નાતક-અનુસ્નાતકની પદવી ધરાવતી હોવા છતાં વ્યાકરણની સમજ તેઓ પાસે નથી. અભ્યાસો જણાવો છે કે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું નથી. વ્યાવહારિક પદ્ધતિએ વ્યાકરણ શીખવી દેવાય છે. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ભાષા વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હોય છે. પણ તેમાં વ્યાકરણ કરતાં ભાષાવિજ્ઞાન સંબંધી (Linguistics) વિશેષ મહત્વ અપાય છે અને તે સૈદ્ધાંતિક જ્ઞાન પણ વ્યાખ્યાન પદ્ધતિથી જ સમજાવાય છે. જે વધુ નીરસતા પ્રસરાવે છે.
2. શિક્ષક સ્વઅધ્યયન દ્વારા શીખવા તૈયાર નથી, શિક્ષક તરીકે સેવા કરવાને બદલે નોકરી કરવા જોડાય છે. સેવામાં નિ:સ્વાર્થતા હોય છે. અને સ્વઅધ્યયન કરતો ન હોય તો વ્યાકરણનું જ્ઞાન કેવી રીતે પહોંચાડવું તે જો વિચારતો રહે તો વ્યાકરણ શિક્ષણ નીરસ બને
3. શિક્ષક કે જે ભાષા શીખવે છે તેનો વિષય ભાષા છે ખરો ? આ પ્રશ્નને બે રીતે વિચારી શકાય 1. ગુજરાતી સાહિત્ય સાથે સ્નાતક થનાર ગુજરાતી ભાષા સાથે સ્નાતક છે કે ગુજરાતી સાહિત્ય સાથે ? 2. ગુજરાતી ભાષા શીખવનાર શિક્ષક ગુજરાતી સાથે સ્નાતક છે ખરો ? ગુજરાતની ઘણી શાળાઓમાં અન્ય વિષયના શિક્ષકો ગુજરાતી શિક્ષણ સાથે સંકળાયેલા છે ? ગુજરાતી જેની માતૃભાષા તે તમામ ગુજરાતી શીખવી શકે તેવી માન્યતા ઘર કરી ગયેલ છે. આથી શાળામાં તે શિક્ષકો પાઠ્યપુસ્તકની કૃતિઓ જ સાહિત્યની ઢબે વાર્તાઓ સુધી પહોંચી શીખવતા હોય ત્યાં વ્યાકરણ શિક્ષણની પરિસ્થિતિ સર્જાય ખરી ?
4. વ્યાકરણ ભાષા શિક્ષણનો પાયો છે - અન્ય વિષયોનો આધાર છે. ઘણીવાર ગુજરાતી વિષય શીખવનાર શિક્ષક ગુજરાતીનો સ્નાતક નથી હોતો.
5. ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે. આમ ગુજરાતી ભાષાનું મૂળ સંસ્કૃત છે. તેના જ્ઞાન વિના ગુજરાતી વ્યાકરણ સુધી પહોંચાતું નથી. બધા ગુજરાતી વિષયના શિક્ષકોને સંસ્કૃતનું જ્ઞાન હોતું નથી.

(ક) વિદ્યાર્થીઓ...

વિદ્યાર્થીઓ વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતા કેમ દાખવે છે તે અંગે નીચે જેવા મુદ્દા ધ્યાનમાં આવે છે.

1. વ્યાકરણ ન આવડે તો પણ ભાષામાં પાસ થઈ જવાય તેવી માન્યતા પ્રવર્તે છે.
2. પ્રશ્નપત્રોમાં વ્યાકરણના પ્રશ્નો સૈદ્ધાંતિક હોતા નથી. તેથી વિદ્યાર્થીઓ શિક્ષકોના કહ્યા પ્રમાણે માર્ગદર્શિકાઓમાંથી અમુક પ્રશ્નો ગોખીને તૈયાર કરી દે છે. તે જ પૂછ્યા હોય

છે. જેથી ગુણ મળી જાય છે. ત્યારે તે વધુ કડાકૂટમાં પડવા ઈચ્છતા નથી.

3. વર્ગશિક્ષણ દરમ્યાન શિક્ષકજ વ્યાકરણ શિક્ષણને વિશેષ મહત્વ આપતાં નથી. માટે વિદ્યાર્થીઓ પણ નીરસ બને છે.

4. વ્યાકરણ શીખવવાની પદ્ધતિનો ઉપયોગ થતો નથી.

5. વ્યાકરણ વિષય પ્રયુક્તિઓ કે પ્રવૃત્તિઓ અંગે શિક્ષક પક્ષે વિચારણા થતી જ નથી.

6. શિક્ષકને વ્યાકરણ પ્રત્યે સૂગ હોય તો વિદ્યાર્થીઓને સૂગ આવે જ ને ?

7. પાઠ્યપુસ્તકોમાં ભાષાનાં મૂળ તત્વોને સ્થાન આપેલ નથી તેમજ અભ્યાસક્રમમાં પણ વ્યાકરણને ઓછું મહત્વ અપાય છે.

આટલું જાણ્યા પછી કોઈપણ શિક્ષકને એમ થશે કે વ્યાકરણ શિક્ષણ પ્રત્યે સજાગ બનવું જોઈએ. અને માતૃભાષા શિક્ષણનો વિકાસ સાધવો હોય, તેનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો વ્યાકરણ શિક્ષણ પ્રત્યે સભાન બનવું જોઈએ. શિક્ષકે વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓથી પણ વાકેફ બનવું પડશે અને તેનો સમુચિત ઉપયોગ કરવાનું વલણ કેળવવું જોઈએ. હવે આપણે વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ જોઈશું.

## 2.5.6 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ :

વ્યાકરણ શિક્ષણ અંગે નીચેની પદ્ધતિઓ પ્રચલિત છે.

1. આગમન - નિગમન પદ્ધતિ
2. પાઠ્યપુસ્તક પ્રણાલી
3. અનુબંધ પદ્ધતિ
4. ભાષા સંસર્ગ પદ્ધતિ

1) આગમન - નિગમન પદ્ધતિ :

આગમન -નિગમન પદ્ધતિ બંને એકબીજાથી વિરુદ્ધ હોવા છતાં એકબીજાની પૂરક છે. આગમન પદ્ધતિમાં ઉદાહરણો પરથી નિયમની સમજૂતી અપાય છે અને નિગમન પદ્ધતિમાં પ્રથમ નિયમ રજૂ કરીને ઉદાહરણો આપવામાં આવે છે. કોઈ એક જ પદ્ધતિનો ઉપયોગ કરવાને બદલે બંને પદ્ધતિઓનો ઉચિત સમન્વય કરીને અધ્યાપન કરવું વધુ અસરકારક બને છે. આ બંને પદ્ધતિઓ અંગે વિસ્તારથી તમે અભ્યાસ કરી ગયા છો.

2) પાઠ્યપુસ્તક પ્રણાલી : વ્યાકરણનાં પાઠ્યપુસ્તક કક્ષાવાર અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ છે. તે પાઠ્યપુસ્તકને આધારે વ્યાકરણ પાઠને એકમ તરીકે સ્વીકારી તેનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે. તેમાં સીધી સમજ આપવામાં આવે છે. આ રીતે થતાં શિક્ષણકાર્યને પાઠ્યપુસ્તક પ્રણાલી કહેવામાં આવે છે.

- આ પદ્ધતિથી વ્યાકરણ શિક્ષણ નીરસ અને અરુચિકર બને છે. વ્યાકરણના પુસ્તકની, તેના વિષયવસ્તુની ગુણવત્તા, રજૂઆતની મર્યાદાઓ આ પદ્ધતિના ઉપયોગમાં મર્યાદાઓ વધારે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓના જ્ઞાનને વધુ તલસ્પર્શી બનાવવા પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવે, અને તેમાં મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ અપનાવાય, વિપુલ ઉદાહરણો આપી ચર્ચા કરેલ હોય અને સ્વાધ્યાયની જોગવાઈ હોય તો આ પદ્ધતિ ઉપયોગી થઈ પડે.

3) અનુબંધ પદ્ધતિ : આ પદ્ધતિ બુનિયાદી શિક્ષણ પ્રણાલીમાંથી આવેલી છે. વિદ્યાર્થીને પ્રવૃત્તિ પાઠ અપાયા પછી પ્રવૃત્તિ પાઠમાંથી ફલિત થતાં જુદાં જુદાં વિષયાંગોને સમન્વય દ્વારા શીખવવામાં આ પદ્ધતિ પ્રયોજાય છે. આ રીતે વ્યાકરણ શિક્ષણમાં પ્રવૃત્તિપાઠ આપી શકાય ખરો ? તે પ્રશ્ન છે. પરંતુ અનુબંધ સાધવો એમ અર્થ કરીએ તો ગદ્ય-પદ્ય કે

લેખનના શિક્ષણકાર્ય દરમ્યાન વ્યાકરણ શિક્ષણને વણી લેવું તેમ સમજી શકાય. આથી વ્યાકરણ શિક્ષણ માટે અલગ તાસની જરૂર રહે નહિ ? અને પાઠ્યપુસ્તકની પણ આવશ્યકતા રહે નહિ.

- આ પદ્ધતિથી અભ્યાસક્રમના બધા મુદ્દાઓ શીખવી શકાતા નથી. સિદ્ધાંતો અને નિયમોને ક્રમિક શીખવવામાં આવે તો તેની સમજ વિશેષ રહે છે. જે આ પદ્ધતિના ઉપયોગથી થઈ શકતું નથી. કૃતિના શિક્ષણકાર્ય દરમ્યાન વ્યાકરણનો મુદ્દો શીખવવાથી રસ ક્ષતિ થાય છે. આ પદ્ધતિ પુનરાવર્તન માટે ઉપયોગી છે. શીખી ગયેલા વ્યાકરણના મુદ્દાને તાજા કરવા દૃઢીકરણ કરવા ફાયદાકી નીવડે.

4) ભાષા સંસર્ગ પદ્ધતિ : ભાષાના વપરાશ દ્વારા જ બાળક વ્યાકરણ શીખી શકે છે તે સિદ્ધાંત પર આ પદ્ધતિ આધારિત છે. આ પદ્ધતિમાં બાળક વ્યાકરણના ઔપચારિક શિક્ષણ વિના ભાષા સર્જન અને ભાષાશિક્ષણના પ્રયત્નોથી - શ્રવણ, કથન, વાચન અને લેખનના અનુભવોથી વ્યાકરણનું જ્ઞાન મેળવે છે. સમાજના સંસર્ગથી બાળક શુદ્ધ ભાષા આપમેળે શીખે છે. તેને વ્યાકરણના નિયમોની જરૂર નથી. આ પદ્ધતિ પ્રાથમિક ધોરણોના અભ્યાસકાળ દરમ્યાન ઉપયોગી બની રહે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ વ્યાકરણના ઔપચારિક શિક્ષણની જરૂરિયાત રહે જ છે. કારણકે વ્યાકરણ શિક્ષણ વિના ભાષાનું નિયમન થશે નહિ. ભાષામાં સ્વચ્છંદતા અરાજકતા ફેલાશે. આ ઉપરાંત વ્યાકરણના નિયમો ઔપચારિક શિક્ષણથી જ શીખવી શકાય.

- વ્યાકરણ શિક્ષણની ઉપરોક્ત પદ્ધતિઓમાં ઔપચારિક શિક્ષણ માટે આગમન - નિગમન પદ્ધતિ અનુકૂળ પદ્ધતિ છે. બંનેના વિવેકસરના ઉપયોગ દ્વારા વ્યાકરણ શીખવવામાં આવે તો તે અસરકારક બને. આ ઉપરાંત વ્યાકરણ શિક્ષણ પ્રવૃત્તિલક્ષી ક્રિયાલક્ષી બને તે પણ જરૂરી છે.

- આ સંદર્ભમાં ગદ્ય-પદ્ય શિક્ષણની જેમ વ્યાકરણ શિક્ષણની સજ્જતા માટે શું ધ્યાનમાં રાખવું જોઈએ તેનો પણ વિચાર કરી લઈએ.

## 2.5.7 વ્યાકરણ શિક્ષણની સજ્જતા :

વ્યાકરણ શિક્ષણને નીરસ બનતું અટકાવવા અને વિદ્યાર્થીઓને રસ લેતા કરવા નીચે જેવા મુદ્દાઓ ખ્યાલમાં રાખવા જોઈએ.

- પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને વ્યાકરણ ન શીખવતા તેઓને ભાષાનો વ્યાવહારિક ઉપયોગ કરતા શીખવવું જોઈએ.
- ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને ભાષાની શુદ્ધિ, સમૃદ્ધિને સમજવાની તકો આપો. અનૌપચારિક રીતે વ્યાકરણ શીખવવાની શરૂઆત કરવી જોઈએ.
- માધ્યમિક કક્ષાએ ઔપચારિક વ્યાકરણની શરૂઆત કરવી જોઈએ.
- વ્યાકરણ શિક્ષણમાં રસ હોય તેવા જ શિક્ષકોને વ્યાકરણ શિક્ષણ માટે કાર્ય સોંપવું જોઈએ.
- વ્યાકરણના નિયમોને અક્ષરશ : ગોખાવવાને બદલે તેઓ પોતાની જાતે સિદ્ધાંતો રચે તેવી પરિસ્થિતિ પ્રયુક્તિ - પદ્ધતિ વિચારવી જોઈએ.
- વ્યાકરણ શિક્ષણ માટે વિદ્યાર્થીઓના વલણોમાં ફેરફાર લાવવો જોઈએ. વ્યાકરણ વધુ ગુણ મેળવવા માટે છે, વ્યાકરણ વિના ભાષા ન આવડે તેવી બાબતો દૂર કરી ભાષા એ સાધ્ય છે અને વ્યાકરણ એ સાધન છે માટે સાધ્ય ને પહોંચવા માટે સાધનશુદ્ધિની અનિવાર્યતા સ્વીકારવાનું વલણ કેળવવું જોઈએ.

- વ્યાકરણ શિક્ષણ દરમ્યાન દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.
- વ્યાકરણ શિક્ષણ દરમ્યાન ક્રિયા દ્વારા શિક્ષણ, શબ્દ રમતો દ્વારા શિક્ષણ વાક્યપૂર્તિ, શબ્દ કુટુંબ શોધ, ભૂલ સુધાર, જોડકા બનાવો, સામ્ય-વૈષમ્ય તારવો જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરતા રહેવું જોઈએ.
- જે તે ભાષાનું વ્યાકરણ શીખવતા હોય તે ભાષામાં પોતાના પ્રત્યાયન વ્યવહારો અપનાવે છે તે ભાષાની સંરચના પ્રયોગો રૂપો વાક્યો અને અભિવ્યક્તિના વ્યાકરણીય આધારોનું સ્પષ્ટીકરણ, વ્યાખ્યા સમજી શકે - સમજાવી શકે તો તેને સાહજિકતાથી પ્રયોજી શકે એ માટે વ્યવહારોપયોગી વ્યાકરણ શીખવવા પ્રયાસ કરવો જોઈએ.
- જો શિક્ષકો ઉપર્યુક્ત મુદ્દાઓને ખ્યાલમાં રાખીને વ્યાકરણ શિક્ષણનું આયોજન કરે તો વિદ્યાર્થીઓને વ્યાકરણ પ્રત્યે સૂગ ન રહે. વળી ભાષાનું ગૌરવ કરતા થાય. અને તે રીતે આપણે ભાષાના સંવર્ધન અને વિકાસ ઘડતરમાં ભાગીદાર બની શકીએ. વિદ્યાર્થીઓને ઈતરવાચન અને ઈતર લેખન કરતા પણ કરી શકીએ. વિદ્યાર્થીઓને વિવિધ સ્વરૂપોમાં લેખન રચના કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. તો હવે આપણે લેખન- રચના વિશેનું શિક્ષણ જોતાં પહેલાં પ્રગતિની ચકાસણી કરી લઈશું.

તમારી પ્રગતિ ચકાસો - 3

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર નોંધો.

1. વ્યાકરણનો અર્થ સમજાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. વ્યાકરણ શિક્ષણ વિશે શું મતાંતરો પ્રવર્તે છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. વ્યાકરણ શિક્ષણ માટે તમે કઈ પદ્ધતિની હિમાયત કરશો ? શા માટે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

4. વ્યાકરણ શિક્ષણને રસમય બનાવવા તમે કઈ બાબતોનું ધ્યાન રાખશો ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 2.6 લેખન-રચના શિક્ષણ :

વિચાર એ માણસ હોવાની નિશાની છે. વિચાર સમગ્ર માનવજાત સાથે સંકળાયેલી બાબત છે. પ્લેટોએ તો ત્યાં સુધી કહ્યું કે આ વિશ્વ વિચારોનું બનેલું છે મનુષ્યના આ વિચારો અનિવાર્યપણે અભિવ્યક્તિ માટે આતુર હોય છે. આ અભિવ્યક્તિ કાં તો વાણી દ્વારા એટલે કે બોલીને થાય છે અથવા લખીને એટલે કે લેખન દ્વારા થાય છે. આ લેખન અભિવ્યક્તિ વિશેના શિક્ષણ, તેની વર્તમાન સ્થિતિ, લેખન-રચના માટેની નીરસતાનાં કારણો, લેખન-રચનાના ઉદ્દેશો, ધ્યાનમાં રાખવાની બાબતો, લેખનકાર્યની તપાસણી અને લેખનના વિવિધ પ્રકારો જેમ કે નિબંધ, વાર્તા, અહેવાલ, પત્ર, અર્થવિસ્તાર, સારલેખન વગેરેનું લેખનકાર્ય વિશે વિગતે અધ્યયન કરીશું.

### 2.6.1 લેખન-રચના શિક્ષણનો અર્થ :

સાદા શબ્દોમાં કહીએ તો લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેનું શિક્ષણ એટલે લેખન-રચના શિક્ષણ પણ અહીં વિશેષ અર્થ એ છે કે લેખન અભિવ્યક્તિના વિવિધ પ્રકારો અને તેના પ્રયોજન અનુસાર નિશ્ચિત ઢબની અભિવ્યક્તિની તાલીમ એટલે લેખન-રચના શિક્ષણ. વિચારોના પ્રવાહને આલેખી દેવા તે લેખન નથી. પણ પ્રસંગાનુસાર, ભાષાસંરચનાની ઉચિત પસંદગી સાથે, હેતુપૂર્ણ, તર્કબદ્ધ, સુગ્રથિત અભિવ્યક્તિ કરતાં શીખવવાનું છે. તેમાં કલ્પનાશીલતાને પણ ભરપૂર અવકાશ છે. આમ, વિદ્યાર્થીના વિચારગતને ભાષાગત કરવાની કળા એટલે લેખન-રચના શિક્ષણ.

●  પણ આ દિશામાં ધાર્યું કાર્ય હજી સુધી થયું નથી. અને અનેક ચિંતકોએ તે તરફ ચિંતાનો સૂર પ્રગટ કર્યો છે. પ્રથમ આપણે લેખન રચના શિક્ષણની વર્તમાન સ્થિતિ તરફ દૃષ્ટિપાત કરીશું.

## 2.6.2 લેખન રચના શિક્ષણની વર્તમાન સ્થિતિ :

શાળાઓમાં જે લેખન-રચના શિક્ષણ થાય છે તે વિદ્યાર્થીને લેખિત અભિવ્યક્તિ વિકાસમાં મદદરૂપ બને તેમ નથી. શિક્ષક લેખનકાર્ય કરાવવા ઈચ્છે ત્યારે કરાવતા હોય છે. તે માટે કોઈ આયોજન તૈયાર કરવામાં આવતું નથી. આર.એસ.ત્રિવેદી નોંધે છે કે, અલીબાબા અને ચાલીશ ચોર જેમ બારણાને ઊઘડી જા એમ કહેતાં અને બારણું ઊઘડી જતું તે પ્રમાણે શિક્ષક લખો કહે અને વિદ્યાર્થી લખી નાખે એવા ચમત્કારક પ્રયોગો હજી જોવામાં આવે છે. આ રીતે લેખનકાર્ય કરાવવામાં આવે તો વિદ્યાર્થી શું લખતા હશે તે વિચારણા માંગી લે છે.

- કેટલીક શાળાઓમાં વર્ષ દરમિયાન કરાવવાના લેખનનું વાર્ષિક આયોજન માસવાર તૈયાર કરવામાં આવે છે. જે માસમાં જે નિબંધ લેખન માટેનો વિષય હોય તે શિક્ષક પોતાની મરજી મુજબના દિવસે કરાવે છે. વર્ગમાં આવીને શિક્ષક કૃષ્ણ ફલક પર વિષય લખી તેના અંગે થોડી ચર્ચા કરે છે. કૃષ્ણફલક ઉપર મુદ્દા નોંધે છે. ક્યારેક આખો નિબંધ બોલી નાખે છે અને પછી વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે તે કહે છે. વિદ્યાર્થીઓએ નિબંધ કથનનું અર્થગ્રહણ થયું હોય તેવું લખે છે અને નિબંધનો વ્યાયામ પૂરો થાય છે.
- કેટલીકવાર સમયના અભાવે વિદ્યાર્થીઓને નિબંધ ઘેરથી લખી લાવવા આપવામાં આવે છે અને તેઓ મોટાભાઈ બહેન કે માતાપિતાની મદદ લઈને નિબંધ લખી આવે છે.
- કોઈ શાળામાં શિક્ષક પોતે બોલે અને વિદ્યાર્થીઓ નિબંધ લખે તેવી પરિસ્થિતિ પણ જોવા મળે છે.
- લેખનની સુધારણાનું કાર્ય પણ વિહંગાવલોકન પદ્ધતિથી થાય છે. ઉપર છલ્લી રીતે કેટલીક જોડણીની ભૂલો કાઢી શિક્ષક સુધારણાનો સંતોષ લે છે. વિદ્યાર્થી શિક્ષકે કાઢેલી ભૂલો તેની સૂચના અનુસાર સુધારે છે. આચાર્ય અને અધીક્ષક આયોજન પ્રમાણે શિક્ષકે લેખનકાર્ય કરાવેલ છે તેમાં સંતોષ માને છે.
- આમ શાળામાં લેખન-રચના શિક્ષણ અંગે અંધાધૂંધ પરિસ્થિતિ પ્રવર્તે છે. જે વિદ્યાર્થીઓના લેખનકૌશલ પર કુઠારાઘાત સમાન છે.

  લેખન રચના કૌશલ્યના શિક્ષણની આ કરુણ તાસીર માટે કેટલાક કારણો પણ જવાબદાર છે. અલબત આ કારણો સમજપૂર્વક વિચારી શકાય તેમ છે. પ્રથમ કારણોનો અભ્યાસ કરીએ.

## 2.6.3 લેખન-રચના શિક્ષણના હેતુઓ :

લેખન-રચના શિક્ષણ માટે નીચે જેવા હેતુઓ હોઈ શકે.

1. વિદ્યાર્થીઓ શુદ્ધ અને સુવાચ્ય અક્ષરે લખે.
2. વિદ્યાર્થીઓ લેખન માટે શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવત કે કાવ્યોનો યથોચિત ઉપયોગ કરે.
3. વિદ્યાર્થીઓ વિવિધ વાક્ય રચનાઓનો ઉપયોગ કરે.
4. વિદ્યાર્થીઓ યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે.
5. વિદ્યાર્થીઓ પોતાના વિચારો ક્રમબદ્ધ રીતે રજૂ કરે.

6. વિદ્યાર્થીઓ મૌલિક વિચારો લખીને વ્યક્ત કરે.

7. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે.

8. વિદ્યાર્થી તર્કબદ્ધ અને વિચારોની સુંદરગૂંથણી કરીને લખતાં શીખે.

9. વિદ્યાર્થીઓ યોગ્ય ફકરાઓ યોજીને લખે.

10. વિદ્યાર્થીઓ લેખનનાં વિવિધ સ્વરૂપો ઉપર પોતાની હથોટી અજમાવે.

- આ સર્વ હેતુઓ સ્વાભાવિક રીતે જ આ પ્રકરણની આગળના પ્રકરણ એટલે કે લેખન કૌશલ્યના અધ્યયન દરમ્યાન શીખી ગયા છો. પણ અહીં વિશેષ ભાર જે તે લેખન-રચનાના પ્રકારને કેન્દ્રમાં રાખીને હેતુપૂર્વકની અભિવ્યક્તિ શીખે તે પર છે. અને એટલે જ લેખન કૌશલ્ય કરતાં અહીં અલગ તેનો એક પાસાં તરીકે વિશેષ અધ્યયન કરી રહ્યા છીએ. એટલે આ સાથે જ આપણે એ વિચારણા કરવી પડે કે લેખન-રચના શિક્ષણના આયોજનમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ? તો હવે આપણે તેનું અધ્યયન કરીશું.

## 2.6.4 લેખનકાર્યોના આયોજનમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા :

1. લેખન-કાર્યનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. હેતુ આધારિત મૂલ્યાંકન કરવું જોઈએ.

2. વિદ્યાર્થીઓને ખૂબ જ લખાવવું જોઈએ તેવી જબરદસ્તી ન હોવી જોઈએ.

3. વિદ્યાર્થીની લેખનકાર્યની ભૂલો પ્રત્યે સહાનુભૂતિથી ચર્ચા કરવી અને સારી બાબતો બતાવવી જોઈએ.

4. વિષયની પસંદગી વિદ્યાર્થીની વય, કક્ષા, રસને ધ્યાનમાં લઈને કરવી જોઈએ. તેમાં વિદ્યાર્થીઓનો મત લઈ શકાય.

5. લેખનકાર્ય અંગે વર્ગમાં વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.

6. પ્રવૃત્તિલક્ષી લેખન કરાવવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ રસ પડે.

7. પાઠ્યપુસ્તક ઉપર આધારિત વિષયો લેખન માટે પસંદ કરવા જોઈએ.

8. લેખનકાર્ય ગુણ મેળવવા માટે છે તેવો ખ્યાલ દૂર કરવો જોઈએ.

9. લેખનને શબ્દો અને સમયના બંધનમાંથી મુક્ત કરવું જોઈએ. તેની ગુણવત્તા પર લક્ષ આપવું જોઈએ.

10. લેખન માટે વિદ્યાર્થીઓને પ્રથમ સજ્જ કરવા જોઈએ. ચર્ચા, વાચન, મનન અને પ્રશ્નોત્તરી પછી લેખન કરાવવું જોઈએ.

11. વિદ્યાર્થીઓના સુંદર લેખનકાર્યના નમૂનાઓને જાહેરમાં બિરદાવવા જોઈએ.સારા નમૂનાનું વાચન, સ્થાનિક પત્રમાં, હસ્તલિખિત કે વાર્ષિક અંકમાં સ્થાન આપવું જોઈએ.

12. લેખનકાર્ય માટે વર્તમાનપત્ર - સામયિકમાં કોઈ સારા નમૂના જોવા મળે તો વિદ્યાર્થીઓને વાંચવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

13. લેખનકાર્ય અંગેની પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.લેખનમાં બે બાબતો મુખ્ય છે, લખવાની રીત અને અભિવ્યક્તિની કલા.

- જો આટલું ધ્યાન રાખીને આયોજન કરવામાં આવશે તો શિક્ષક-વિદ્યાર્થી બંને પક્ષે કાર્ય કરવાની સરળતા રહેશે, વાતાવરણમાં સક્રિયતાનો આનંદ રહેશે અને શીખવાના

હેતુઓ સિદ્ધ થશે. આ સંજોગોમાં શિક્ષકને પક્ષે લેખન-તપાસણીનું કાર્ય જે પહેલાં બોજ સમાન હતું અને સમયનો વધુ ખર્ચ કરનારું હતું તેની જગાએ નિદાનપૂર્વકનું અને ઉપયોગી કાર્ય થઈ પડશે. આ સાથે જ લેખનકાર્યની તપાસણી અંગે પણ ચર્ચા કરી લઈએ. કેમ કે તે વગર લેખન-રચના કાર્યનું શિક્ષણ અધૂરું છે. કથન કૌશલ્યમાં તો ત્વરિત ચકાસણી થઈ જાય. પણ લેખનમાં વિવિધ આધારસ્તંભોને આધારે તેણે લેખન કાર્ય કર્યું છે કે નહીં તે ચકાસવું પડે. અને તે ત્વરિત તો ન જ થઈ શકે તે.લેખનકાર્ય પૂરું કરે પછી જ ચકાસી શકાય. તો આપણે લેખનકાર્યની તપાસણી પર નજર કરીએ.

## 2.6.5 લેખનકાર્યની તપાસણી :

લેખનકાર્યની તપાસણીએ મૂંઝવતો પ્રશ્ન છે. પણ તેના મૂળમાં આપણે જ છીએ. શિક્ષક જો પદ્ધતિસર, હેતુ સાથે લેખનકાર્ય કરાવે તો ખૂબ જ ઓછી મહેનતે તપાસણીકાર્ય પાર પાડી શકાય. તપાસણીકાર્ય માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે.

1. ઉપલા વર્ગના હોંશિયાર વિદ્યાર્થીઓને નીચલા ધોરણના વિદ્યાર્થીઓના લેખનનું તપાસણીકાર્ય સોંપવું જોઈએ. તેઓ તપાસણીકાર્ય પૂર્ણ કરે ત્યારબાદ શિક્ષકે તેના ઉપર નજર ફેરવી લેવી જોઈએ.
1. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીની સામાન્ય ભૂલોની યાદી બનાવી વિદ્યાર્થીઓને તેનો ખ્યાલ આપવો, સમજ આપવી જેથી ઓછી ભૂલો થશે.
2. નિબંધ લેખન કરાવતાં તેમાં આવતા અપરિચિત - અઘરા શબ્દો, જોડાક્ષરો કા.પા.પર લખવા, જેથી તે શબ્દોની ભૂલો ન કરે.
3. વિદ્યાર્થીઓની જોડણીવિષયક ભૂલો નીચે લીટી દોરવી અને વિદ્યાર્થીઓને જોડણીકોશને આધારે ભૂલો શોધવી, સાચી જોડણી લખવા કહેવું.
4. લેખનમાં કરેલી ભૂલોના સુધારથી કાર્ય પતતું નથી પણ તે ભૂલો ફરીથી ન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ.
5. શિક્ષકે પોતે તપાસવાની સજ્જતા કેળવવી.
6. લેખનકાર્યની તપાસણી વખતે વિદ્યાર્થીના દૃષ્ટિબિંદુને લક્ષમાં લેવું જોઈએ.
7. વિદ્યાર્થી લેખનકાર્ય કરે છે ત્યારે તે પોતાના વિચારોને મુક્ત રીતે રજૂ કરે છે. અને તેના લખાણ વિશે શિક્ષકનો અભિપ્રાય શું છે તે જાણવા તે ઉત્સુક હોય છે. અભિપ્રાય જણાવવો જોઈએ.
8. વિદ્યાર્થીને એકસામટી ભૂલો ન બતાવતાં અગત્યની ભૂલો તરફ જ ધ્યાન દોરવું જોઈએ જેથી વિદ્યાર્થીનો ઉત્સાહ મરી ન પરવારે.

   લેખનકાર્યની તપાસણી શિક્ષકના પક્ષે કેટલી ધીરજ, સહિષ્ણુતા અને પ્રેમપૂર્વક કામ લેવાની આવડત માગી લે છે તેનો ખ્યાલ આવે છે. અહીં શિક્ષક પાસે મનોવૈજ્ઞાનિક રીતે કામ કરવાની આવડત હોય તેવી અપેક્ષા છે. વિદ્યાર્થીઓ તો ભૂલો કરવાના જ. પણ વિદ્યાર્થીઓ એ ભૂલોમાંથી શીખશે, ફરી એ ભૂલો ન કરે અને ઉત્સાહપૂર્વક લેખનકાર્ય ચાલુ રાખે ત્યારે શિક્ષક સફળ થાય છે.

અહીં સુધી આપણે લેખનકાર્ય શું છે, તેમાં નીરસતા કેમ છે, તેની પ્રવર્તમાન સ્થિતિ, હેતુઓ,

ધ્યાનમાં રાખવાની બાબતો અને લેખન તપાસણી અંગે ચર્ચા કરી. આના પરિપ્રેક્ષ્યમાં હવે આપણે ખરેખર તો માધ્યમિક કક્ષાએ કઈ કઈ બાબતોનું અથવા તો કેવા પ્રકારનું લેખનકાર્ય શીખવવું જોઈએ તેના વિશે વિશદ્ ચર્ચા કરીશું. માધ્યમિક કક્ષાએ આ લેખન પ્રકારો અભ્યાસક્રમમાં છે અને ધો.10-12ની જાહેર પરીક્ષાઓમાં આના પ્રશ્નો પણ પુછાય છે. અહીં દરેક લેખન પ્રકાર વિશે તે શું છે, તેના લક્ષણો કયા છે, તે લખવા માટેનો હેતુ શો છે, તેનું લેખન કાર્ય કેવી રીતે કરાવી શકાય, ધ્યાન યોગ્ય બાબતો કઈ કઈ છે, લેખન-રચનામાં કયા કયા મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ વગેરે વિશે ટૂંકમાં રજૂઆત કરી છે. તમે તે વિશે થોડું વિશેષ ચિંતન કરીને વધુ સારી રીતે આયોજન કરી શકશો. તો હવે આપણે લેખન-રચનાના પ્રકારો વિશે અધ્યયન કરીએ.

## 2.6.6 લેખન - રચનાના પ્રકારો :

માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ અભિવ્યક્તિની યોગ્યતા, તેનું વૈવિધ્ય, સર્જનશીલતા, ઉત્તર વાક્યરચના, રજૂઆતનો તર્કબદ્ધ ક્રમ, લિપિબદ્ધ લખાણ, અક્ષરોના મરોડ, વિરામચિહ્નો સમજપૂર્વક ઉપયોગ વગેરે બાબતો શીખે તે પ્રમાણ લેખન-રચનાના પ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નીચે જેવા લેખન પ્રકારોનો સમાવેશ થયેલો છે.

1. નિબંધ લેખન
2. વાર્તા લેખન
3. અહેવાલ લેખન
4. વિચાર-વિસ્તાર
5. સારલેખન
6. પત્રલેખન
7. કાવ્યસમીક્ષા/ગદ્યસમીક્ષા
8. વાદાત્મક ગદ્ય
9. ભાવાત્મક ગદ્ય

હવે આપણે આ પ્રત્યેક પ્રકાર વિશે વિગતે અધ્યયન કરીએ.

### 2.6.7.1 નિબંધ લેખન :

નવલકથા અને નવલિકાની જેમ નિબંધ પણ પાશ્ચાત્ય સાહિત્યની દેન છે. ગાર્ડિનર કહે છે કે નિબંધ પોતાના વિચારો ટીંગાડવાની ખીંટી રૂપ છે. આમ એવું કહેવાય છે કે નિબંધ એટલે જેને કોઈ બંધન નથી તે. પણ તે એ અર્થમાં છે કે તે એક સ્વચ્છંદ સ્વરૂપની રચના છે. ટૂંકમાં નિબંધ વિશે કહીએ તો કહી શકાય કે, જે સાહિત્ય રચનામાં સંગઠન હોય, બુદ્ધિતત્વ હોય, અનાવશ્યક વિસ્તાર ન હોય અને જેમાં વિષય દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનું પ્રકાશન થતું રહેતું હોય તેવી પૂર્ણ, સંક્ષિપ્ત અને વ્યક્તિત્વનિષ્ઠ સાહિત્યરચના એટલે નિબંધ.

**નિબંધ લેખનની શિક્ષણ પદ્ધતિઓ :**

નિબંધ લેખનનું શિક્ષણકાર્ય કરવામાં ઉપયોગી કેટલીક પદ્ધતિઓની વિચારણા અહીં રજૂ કરેલ છે.

1 અવલોકન કરો અને લખો : આ પદ્ધતિના પ્રણેતા મોન્ટેસરી અને ફ્રોબેલ હતા. આ પદ્ધતિમાં જ્ઞાનેન્દ્રિયો દ્વારા શિક્ષણ, અનુકરણ દ્વારા શિક્ષણ તેમજ સ્વશિક્ષણ જેવા મનોવૈજ્ઞાનિક આધારો પર રચાયેલી છે.

- આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વસ્તુનું અવલોકન કરે છે અને તેનું વર્ણન કરી લેખન માટે ઉપયોગી ભાષાવસ્તુ (શબ્દો, મૂળાક્ષરો વગેરે) પૂંઠા કે કાગળની કાપલીમાં લખીને અલગ રજૂ કરે છે. વિદ્યાર્થીઓ પોતાની સ્વતંત્ર સમજ પ્રમાણે અભિવ્યક્તિ કરવા ભાષાવસ્તુનો ઉપયોગ કરે. આ પ્રવિધિ બાળકોની ઉંમર અને વર્ગકક્ષા પ્રમાણે ભાષા/લેખન અનુભવોને ધ્યાનમાં લઈ પ્રાથમિક કક્ષાએ ઉપયોગી બનાવી શકાય.

2 પ્રશ્નોત્તર પદ્ધતિ : પ્રશ્નોત્તર પદ્ધતિ અંગે પદ્ધતિ ના પ્રકરણમાં ચર્ચા કરેલ છે. નિબંધના વિષયના સંદર્ભમાં શિક્ષક પ્રશ્ન, પરિપ્રશ્નના આધારે વર્ગમાં ચર્ચા કરે અને કા.પા.માં મુદ્દાઓ નોંધતા જાય. જેનો વિસ્તાર કરી વિદ્યાર્થીઓ નિબંધ લખે. આનાથી વિરુદ્ધ અધ્યેતા વિષયના સંદર્ભમાં અધ્યાપકને પ્રશ્ન પૂછે અને નિબંધની ચર્ચા થાય. તેમાં તથ્યો, માહિતી, સિદ્ધાંતો, સંકલ્પનાઓ, અનુમાન તર્ક, દલીલ વગેરેની રજૂઆત થાય. અને વિદ્યાર્થી નિબંધ લખે.

3 સૂત્રવિધિ : સૂત્ર કે સૂક્તિ સ્વરૂપે રજૂ થયેલી વિગત, સિદ્ધાંત સમજને વિસ્તાર વિવેચનથી ટીકા-ટિપ્પણથી સમજાવવાની વિધિ એટલે સૂત્રવિધિ. આ પદ્ધતિ ગુરુકુલપ્રથામાં ઉપયોગમાં લેવાતી.

- સંહાર્થ વિસ્તાર, અર્થવિસ્તાર, વિચાર વિસ્તાર જેવા લેખન પ્રકારો આ વિધિથી શીખવી શકાય. વિવેચન કે સમજ વિસ્તારવા કહેવત, વિચાર કંડિકા, કાવ્યપંક્તિઓ કે સૂત્રોનો આધાર લેવામાં આવે છે. આ નીતિને ઐતિહાસિક ઘટનાઓ, જીવનકથાના પ્રસંગો, વ્યક્તિ વિશેષના કાર્યો, સામાજિક પરિસ્થિતિ કે ઘટના વિશેષનું વર્ણન પણ કરાવી શકીએ.

4 પ્રવચન પદ્ધતિ : આ પદ્ધતિની ચર્ચા અગાઉ પદ્ધતિના પ્રકરણમાં કરેલી છે. ચિંતનાત્મક, શાસ્ત્રીય વિચારણા કે અભિનય વિષય માટે આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

5 સ્વાધ્યાય અને મુલાકાત પદ્ધતિ : કોઈપણ વિષય અંગે નિબંધ લેખન કરવા માટે શિક્ષણ સંદર્ભ સાહિત્ય, સામગ્રી, સ્રોત, વ્યક્તિ, સ્થળ અંગે માહિતી આપે છે. વિદ્યાર્થીએ તે સંદર્ભોની શોધ કરી, અભ્યાસ કરી અને સંપાદન કરી નિબંધ લેખન કરવાનું હોય છે. શિક્ષક મુલાકાત દ્વારા માર્ગદર્શન આપે છે. આ પદ્ધતિ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઉપયોગી બને. શિક્ષકનું ચોકસાઈભર્યું માર્ગદર્શન અને વિદ્યાર્થીની અભ્યાસ નિષ્ઠા પર પદ્ધતિની સફળતાનો આધાર છે.

6 અનુકરણ અને આદર્શ વિધિ : વિદ્વાનો, લેખકો, સાહિત્યકારોએ લખેલા નિબંધોનું વાચન કરે, તેના અનુકરણથી વિદ્યાર્થીઓમાં વિચાર પ્રક્રિયા, લેખનશૈલી રજૂઆત ક્રમ વગેરે અંગે ક્ષમતા કેળવાય અને તેના આધારે તેઓ અનુકરણથી નિબંધ લેખન કરે.

7 વાદ-વિવાદ પદ્ધતિ : સંવાદ-સમસ્યાયુક્ત વિષય પર પક્ષ-વિપક્ષના દૃષ્ટિબિંદુથી વિવાદાત્મક નિદર્શન રજૂ કરી નિબંધ લખવાની આ પદ્ધતિ છે. વર્ગમાં વાદ-વિવાદ રૂપે ચર્ચા કરાવી પક્ષ-વિપક્ષની દલીલો સાથે લેખનકાર્ય કરાવી શકાય.

8 જૂથ ચર્ચા પદ્ધતિ : વિષયના સંદર્ભમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા માટે વર્ગના વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી નાખી-ચર્ચાના અંતે વર્ગમાં અહેવાલ વાચન કરાવી નિબંધ લેખન કરાવી

શકાય. પદ્ધતિના પ્રકરણમાં આ પદ્ધતિ વિશે વિશેષ માહિતી આપેલ છે.

9 પ્રોજેક્ટ પદ્ધતિ : નિબંધ લેખનના સંદર્ભમાં ચારેક દિવસનો પ્રોજેક્ટ લઈને નિબંધ લેખન કરાવી શકાય. કોઈ સ્થળની મુલાકાત, પ્રદર્શન વગેરેનો આધાર લઈને આયોજન કરી શકાય.

- નિબંધ લેખન વિશે આટલી ચર્ચા બાદ સહેજે લાગે કે શિક્ષક-વિદ્યાર્થી બંને પક્ષે ખૂબ પરિશ્રમ માગી લે તેવી બાબત છે. અને જો ખરેખર આ રીતે કાર્ય થાય તો કલ્પી શકાય કે વિદ્યાર્થી કેટલી સરસ પ્રગતિ કરી શકે. હવે અન્ય રચનાના પ્રકાર પર જતાં પહેલાં એક નમૂનારૂપ નિબંધનું પણ અધ્યયન કરી લઈએ. વિશેષ તો એ કહેવાનું કે તાલીમાર્થીએ જયારે નિબંધના પાઠનું આયોજન કરવાનું હોય ત્યારે તેની પાસે તે વિષયનો લેખિત નિબંધ (પોતે જ લખેલો હોય તે અનિવાર્ય) હોવો જરૂરી છે. એ નિબંધને આધારે પાઠનું આયોજન કરી શકાય. આયોજન તમે ખંડ-1 માં શીખી ગયા છો. તે જ પ્રમાણે કરવાનું હોય છે. આ ચિંતનાત્મક નિબંધ છે.

### 2.6.7.2 વાર્તા લેખન

'એક હતો રાજા અને એક હતી રાણી...

અને અંતમાં ખાધું, પીધું ને રાજ કર્યું' આ વાર્તા આ સમગ્ર વિશ્વની કોઈ પણ વ્યકિતના મનનો હિસ્સો હશે. વર્તા આબાલ વૃદ્ધ સૌને પ્રિય છે. પણ તેનું લેખન સહેલું નથી.

- માધ્યમિક કક્ષાએ વાર્તાના ટૂંકમાં મુદ્દા આપ્યા હોય છે. તે મુદ્દાને કેન્દ્રમાં નાખીને રસપ્રદ રીતે વાર્તાની ગૂંથણી કરવાની હોય છે.
- તેમાં પણ નિબંધની જેમ તેના ત્રણ ભાગ પડે છે.

1. શરૂઆત : રસપ્રદ અને આકર્ષક રીતે શરૂઆત થવી જોઈએ. પ્રથમ વાક્યથી જ વાર્તામાં રસ જાગે તેવી ભાષા શૈલી હોવી જોઈએ.
2. મધ્ય : મધ્યમાં વાર્તાના વિષયવસ્તુનું, પ્રસંગો કે ઘટનાઓનું વિગતવાર આલેખન થવું જોઈએ.
3. અંત : અંત ચોટદાર અને બોધપ્રધાન હોવો જોઈએ. વાર્તામાંથી મળતો બોધ ટૂંક સાર રૂપે રજૂ કરવો જોઈએ.

ધ્યાનયોગ્ય મુદ્દા :

- વાર્તામાં કેટલી કલ્પનાઓ રજૂ કરી શકો છો તે અગત્યનું છે તેથી વાર્તાને અનુરૂપ કલ્પનાઓની રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાઓના મુદ્દાઓને મનમાં ગોઠવી સળંગ વાર્તા વિચારવી જોઈએ. કયા મુદ્દા મહત્વના છે અને વિકસાવવાના છે તે પ્રથમથી વિચારી લેવું જોઈએ.
- વાર્તાની શરૂઆત આકર્ષક, વાંચવી ગમે તે રીતે થવી જોઈએ.
- વાર્તાનાં પ્રસંગ કે ઘટનાની ક્રમબદ્ધ રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાના પાત્રોને અનુરૂપ પહેરવેશ, વ્યવહાર અને વાર્તાલાપની રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાની ભાષા સરળ, શુદ્ધ અને હૃદયસ્પર્શી હોવી જોઈએ.
- વાર્તાના પ્રસંગો દ્વારા વાચકને લાગણી થાય તે રીતે રજૂઆત થવી જોઈએ.
- વાર્તામાં આવતા પાત્રોના સંવાદોને અવતરણ ચિહ્નોમાં મૂકવા જોઈએ.

- વાર્તાને વિકસાવવામાં કલ્પનાશક્તિનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ.
- વાર્તાનું શીર્ષક વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ અથવા બોધ પરથી નક્કી કરી શકાય.

## 2.6.7.3 અહેવાલલેખન :

નિબંધ અને વાર્તાલેખનની જેમ અહેવાલલેખન પણ એટલું જ જરૂરી છે. વિવિધ પ્રવૃત્તિઓ, ઘટનાઓ, બનાવો, ઉજવણીઓ, જાહેર સમસ્યાઓ, કુદરતી આફતો, કોઈ નેતાનું ભાષણ, જાહેર કાર્યક્રમો વગેરેનો અહેવાલ લખવાનો અનુભવ વિદ્યાર્થીને મળવો જોઈએ. અહેવાલમાં પ્રસંગ કે ઘટના જ કેન્દ્રસ્થાને હોય. લખનારના પોતાના અભિપ્રાયને તેમાં સ્થાન હોતું નથી. અહેવાલ એટલે બનેલી વિગત કે ઘટનાને રજેરજ શુદ્ધ સ્વરૂપમાં યથાક્રમ કરવી તે. અહેવાલમાં વિગતોનું સાચું અને સંક્ષિપ્ત નિરૂપણ હોય છે.

- અહેવાલ લેખન પત્રકાર માટે, નેતા માટે, સરકારી નોકરી કરનાર, વહીવટી ફરજો બજાવનાર અને શિક્ષક માટે પણ ખૂબ જરૂરી છે.
- અહેવાલ લખતી વખતે અહેવાલનો હેતુ શો છે, તેમાં કઈ કઈ બાબતો સમાવવાની છે, તેનું સ્વરૂપ કેવા પ્રકારનું છે, વાક્યોની રચના કેવા પ્રકારની હશે વગેરે બાબતોને ધ્યાનમાં રાખવાની હોય છે.

ધ્યાનયોગ્ય બાબતો :

- અહેવાલ લેખન કરતાં સૌપ્રથમ ઉપર શીર્ષક લખવું.
- અહેવાલ જેમને સ્પર્શતો હોય તેમને અથવા પ્રસ્તુત કામગીરી સોંપનાર સંસ્થા, સંગઠનને સંબોધન કરીને અહેવાલ લેખન કરાવવું.
- અહેવાલ સંબંધિત સંદર્ભની માહિતી આપવી.
- જે સંસ્થાએ કામગીરી સોંપી હોય તેનો, ઘટના સમસ્યાનો, પ્રાસંગિક તપાસનો, સંબંધિત સ્થળનો, સમય, તારીખ અને કામગીરી બજાવનાર સભ્યોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. અહીં અહેવાલ લેખનનો વિષય અનુસાર ફેરફાર કરવો પડે.
- અહેવાલમાં નાનામાં નાની વિગતો, માહિતી, આંકડાકીય માહિતી, ચોકસાઈપૂર્વક કરવી.
- હૃદયસ્પર્શી, જનજાગૃતિની, સામાજિક પ્રભાવ પેદા કરનારી નોંધપાત્ર વિગતો અચૂક રજૂ કરવી.
- રજૂઆત ટૂંકાં વાક્યો, યથાર્થ શબ્દો, વિવિધ વાક્યરચનાઓ વડે કરવી.
- પ્રવૃત્તિ કે ઘટનાની અસર, લાભ-ગેરલાભ, ટીકા, યશને પાત્ર સંબંધિતોનો ખાસ ઉલ્લેખ કરવો.
- પ્રતિભાવ, તારણ, અભિપ્રાય, દિશાસૂચન, લોકમત જણાવી ભાવનિર્દેશથી સમાપન કરવું.

## 2.6.7.4 વિસ્તાર - અર્થવિસ્તાર :

અર્થ : ગૂઢ કે સૂક્ષ્મ અર્થ, સત્ય કે સારતત્ત્વ ધરાવતી કાવ્યપંક્તિ - કે વાક્યને સમજપૂર્વક વિસ્તાર કરવો એટલે વિચાર કે અર્થ વિસ્તાર.

હેતુ :

- વિદ્યાર્થીઓ અન્યના ઉમદા વિચારોનું સમજપૂર્વક આકલન કે મૂલ્યાંકન કરી શકે.

- વિદ્યાર્થીઓ બીજાઓને તે વિચાર પૂરેપૂરો સમજાવી શકે.
- વિદ્યાર્થીઓ તેમાંથી સાર કે બોધ તારવી શકે.

ધ્યાન યોગ્ય બાબતો :

- વિચારની કંડિકા પદ્યમાં હોય તો ગદ્યમાં તેનો સરળ - સામાન્ય અર્થ લખો. ગદ્યમાં હોય તો તેને સામાન્ય અર્થ સરળ ભાષામાં લખો.
- મધ્યમાં વિચાર અંગે સમજૂતી આપો. આ માટે વિવિધ દષ્ટાંતો આ વિચારને મળતી કાવ્ય પંક્તિઓ કે સુવાક્યોનો ઉપયોગ કરી વધુ સ્પષ્ટતાથી સમજ આપવી.
- અંતમાં વિચાર કંડિકામાંથી મળતો બોધ કે સાર તારવી લખવો.
- આપેલ કંડિકાના અર્થને સમજીને - પામીને રજૂઆત કરવી.
- કંડિકામાં રૂપક, વ્યંગ્યાર્થ, હોય તો તેને સ્પષ્ટ રીતે સમજીને રજૂઆત કરવી.
- અન્યના વિચારોને પણ પોતાના શબ્દોમાં રજૂ કરો.
- વિચારની સમજણ સ્પષ્ટ કરવા સમર્થનયુક્ત કાવ્ય પંક્તિઓ, કહેવતો, સદ્‌વિચારો વગેરેની રજૂઆત અવતરણ ચિહ્નમાં કરો. અને તેના રચિયાતાનું નામ લખો. નામ અને કંડિકા પૂર્ણ-રીતે યાદ ન હોય તો પણ એક વિદ્વાને - લેખકે કવિએ કહ્યું છે કે એમ ઉલ્લેખ કરી શકાય
- રજૂઆત તર્કબદ્ધ અને ક્રમિક હોવી જોઈએ.
- બિનજરૂરી પુનરાવર્તન ટાળવું.
- છેલ્લે ટૂંકમાં સાર કે બોધ રજૂ કરવો.
- વિચાર કે અર્થ વિસ્તાર બારથી પંદર લીટીમાં કે સવાસો - દોઢસો શબ્દોમાં હોવો જોઈએ.
- અર્થવિસ્તાર માટે કેટલીક વખત નિશ્ચયાત્મક વિધાન, રૂપક કે સરખામણી દર્શાવતાં વિધાન, વ્યંગ્યાર્થવાળા વિધાન કે વિવાદાસ્પદ વિધાન અથવા પંક્તિઓ આપવામાં આવે છે. દરેક વિધાન કે પંક્તિને અનુરૂપ અર્થ, દલીલો કે સમર્થન અને બોધ રજૂ કરવાના હોય છે.

## 2.6.7.5 સારલેખન :

અર્થ : મૂળકથનનાં તાત્પર્યને યથાર્થ રીતે જાળવીને ઓછામાં ઓછા શબ્દોમાં જે સુસંકલિત સુરેખ, એકરૂપ રચના સંક્ષેપ શબ્દ સમ્ + ક્ષિપ્ શબ્દ પરથી બન્યો છે. સંક્ષેપ એટલે સારી રીતે - ટુંકાવીને લખવું.

સંક્ષેપના કદનો આધાર સંક્ષેપ કરવાનો હેતુ કે લખાણના પ્રકાર પર કે લેખકની શૈલી પર રહે છે.

સંક્ષેપીકરણ માટે બે પદ્ધતિઓ છે.

1. સૂચિત ફકરાના મુદ્દાઓ, પેટા મુદ્દાઓ નોંધી તેનું સંક્ષેપીકરણ કરવું.
2. સૂચિત ફકરાના મહત્ત્વના વાક્યો નીચે લીટી દોરી તેનું સંશ્લેષણ કરવું.

ધ્યાનયોગ્ય બાબતો :

- આપેલ ફકરાને પ્રથમ એકાગ્રતાથી વાંચી મુખ્ય વિચાર તારવો. બીજા વાચનમાં મુખ્ય મુદ્દા પેટામુદ્દા, ભાષાવસ્તુ, અગત્યના શબ્દો કે વાક્યોની નોંધ કરો. ત્રીજા વાચનમાં કોઈ

અગત્યની બાબત રહી જતી નથી. તેની ચકાસણી કરો. આમ વાચન દ્વારા અર્થગ્રહણ કરો.

ફકરામાં....

- અવતરણ, ઉદાહરણ, દૃષ્ટાંત કે આલંકારિક વાક્યો છોડી દેવા.
- શબ્દસમૂહની જગ્યાએ એક શબ્દોનો ઉપયોગ કરો.
- મહત્વના વાક્યોમાંથી બિનજરૂરી શબ્દો કાઢી નાખી વાક્યખંડ બનાવી એકથી વધુ વાક્યખંડને જોડો.
- રૂઢિપ્રયોગ, સામાજિક શબ્દોનો ઉપયોગથી વાક્યોની સંખ્યા ઘટાડો.
- સૂચિત ફકરાની રજૂઆતના ક્રમને જાળવો.
- સંક્ષેપ એક જ પ્રયત્ને ન કરતાં બે -ત્રણ પ્રયત્ન કરો. દરે વખતે સંક્ષેપને મૂળ ફકરા સાથે વાંચી મુખ્ય વિચાર વ્યક્ત થાય છે કે નહીં તેનો ખ્યાલ રાખો.
- સંક્ષેપ લેખનમાં જોડણી, વિરામચિહ્નો, વાક્યરચના દોષ ન રહે તેની કાળજી રાખો.
- સંક્ષેપને અર્થસૂચક - શીર્ષક આપો.

  વિદ્યાર્થીઓને સંક્ષેપીકરણનો મહાવરો આપવો જોઈએ. તે માટે સ્વાધ્યાય રચના કરી શકાય.

- ફકરામાંથી શબ્દસમૂહો તારવી તેની જગ્યાએ એક શબ્દ મૂકી સંક્ષેપ કરો.
- વાક્યને વાક્યાંશમાં બદલી - જોડી સંક્ષેપ કરો.
- શબ્દોને બદલે સામાસિક શબ્દો વાપરીને સંક્ષેપ કરો.
- કહેવત - રૂઢિપ્રયોગના ઉપયોગની સૂઝ - સમજનો મહાવરો આપો.
- બે-ત્રણ કે પાંચ વાક્યોમાં સંક્ષેપીકરણ કરો.

  અહીં વિદ્યાર્થી બિનજરૂરી ભાષા પ્રયોગોને ટાળી મૂળ તાત્પર્યને ટૂંકમાં લખતા શીખે છે. ભાષાનો કરકસરનો ગુણ ખિલવવામાં સહાય મળે છે. આ ગુણ પણ ખૂબ જરૂરી છે.

### 2.6.7.6 પત્રલેખન :

પત્રલેખન એ જીવનોપયોગી કળા છે. વ્યક્તિના જાહેર જીવનની સાથોસાથ અંગત જીવન તેનું વ્યવહારુ જીવન તો તાજગી ભર્યું રાખવા પત્રવ્યવહાર ઉપયોગી થઈ પડે છે. પત્રવ્યવહારમાં વ્યક્તિના વ્યક્તિત્વના કે સહૃદયાીપણા નો સારો પરિચય મળી આવે છે. પત્રલેખનની તાલીમ કે અનુભવ ન હોય તો તેના વ્યવહારિક જીવનમાં પણ મૂંઝવણ કે ઓછી અનુભવાય છે.

ધ્યાનયોગ્ય બાબતો :

પત્રનું માળખું સમજી લેવું જોઈએ.

- પત્ર લેખકનું સરનામું : પત્રના જમણા ખૂણે પત્રલેખનું સરનામું લખવું જોઈએ. સરનામામાં પ્રથમ નામ, મકાનનું નામ કે નંબર, શેરી, મહોલ્લો કે સોસાયટીનું નામ, રસ્તો કે નજીકના પ્રખ્યાત સ્થળનો ઉલ્લેખ, ગામ કે શહેરનું નામ, તાલુકા - જિલ્લાના ઉલ્લેખ, (રાજ્ય બહારના પત્રમાં રાજ્યનું અને વિદેશના પત્રમાં દેશનું નામ પણ લખવું જોઈએ) છેલ્લે પોસ્ટ ઓફિસનો (Pincode) નંબર લખવો જોઈએ. નીચે તારીખ લખવી જોઈએ.

- સંબોધન : તારીખની નીચે, ડાબા ખૂણે સામી વ્યક્તિના નામને યોગ્ય સંબોધન કરવું

સંબોધન વ્યક્તિ સાથેના સંબંધને અનુરૂપ લખવું જોઈએ. સરકારી પત્રોમાં, વ્યાવસાયિક પત્રોમાં સંબોધનની સાથે તેમનું સરનામું પણ લખવું.

- પત્રનું વક્તવ્ય : સંબોધનની નીચે ડાબી બાજુએ પત્રનું વક્તવ્ય લખવાની શરૂઆત કરવી.
- અંત : પત્રનું વક્તવ્ય પૂરું થયા બાદ છેલ્લી લીટીના જમણા ખૂણે શિષ્ટાચાર સૂચક યોગ્ય વિદાયવચન (આભારસહ, હેતમાયા રાખજો), કામકાજ લખશો, જોઈતું કરતું મંગાવજો, ભૂલચૂક માફ કરજો, આશીર્વાદ ઇચ્છીએ છીએ એવુ લખવું જોઈએ અને છેલ્લે પત્ર લેખકનું નામ કે સહી કરવી જોઈએ.
- પત્રનું સરનામું : પત્ર જેને લખ્યો છે તેનું સરનામું (ઉપર જણાવ્યા મુજબ) કવર પર લખવું અને ડાબા ખૂણે રવાના કરી મોકલનારનું સરનામું લખવું જોઈએ.
- પત્રલેખનની ભાષા સરળ, શુદ્ધ અને હૃદયસ્પર્શી હોવી જોઈએ.
- પત્રમાં, આધાર, વિનય, સ્નેહ, આનંદ કે લાગણીઓ વ્યક્ત થતી હોવી જોઈએ.
- પત્ર, સ્પષ્ટ અને સચોટ રીતે લખાયેલો હોવો જોઈએ.
- પત્ર અરજી સ્વરૂપે હોય તો તેમાં સંબોધન પછી સંદર્ભ આપવો જોઈએ અને તેની સાથે જરૂરી કાગળો બીડવા જોઈએ.
- પત્રલેખનના વિષયવસ્તુ અનુસારની ભાષા હોવી જોઈએ. વડીલોના પત્રમાં આદર, મિત્રોના પત્રમાં સ્નેહ, અભિનંદનના પત્રમાં હર્ષ, આશ્વાસનના પત્રમાં શોક અને સહાનુભૂતિ જેવી લાગણી પ્રગટાવવી જોઈએ.
- પત્રમાં જોડણી, વિરામચિહ્નોની કોઈ ભૂલો ન રહે તેવી કાળજી લેવી જોઈએ.
- અહીં એક પત્ર નમૂનારૂપે રજૂ કર્યો છે. વિદ્યાર્થીને આવા પ્રકારના પત્રો ભવિષ્યમાં એક નાગરિક તરીકે પણ કામમાં આવી શકે છે.

## 2.6.7.7 : કાવ્ય સમીક્ષા/ગદ્યસમીક્ષા :

આમ તો કાવ્ય સમીક્ષા એ કાવ્યના રસદર્શન અને અર્થગ્રહણના કૌશલ્ય સાથે સંબંધિત રચના કાર્ય છે. આપેલા કાવ્યમાંથી તેમાંથી પૂછેલા પ્રશ્નોના જવાબ લખવાના હોય છે. વિદ્યાર્થી કાવ્યનો ભાવાર્થ ગ્રહણ કરી શક્યો છે કે નહીં તે તેનાથી ચકાસી શકાય છે. પદ્યાર્થગ્રહણમાં કાવ્યનું તાત્પર્ય, ભાવ સ્પષ્ટ રીતે સમજવાનો પ્રયત્ન થવો જોઈએ. કાવ્યસમીક્ષાની જેમ જ ગદ્યસમીક્ષા પણ શીખવવી જોઈએ. ગદ્યનું વિષયવસ્તુ પામી તેના અંતે આપેલા પ્રશ્નોના ઉત્તર સ્પષ્ટ રીતે લખવાના હોય છે.

**ધ્યાન યોગ્ય બાબતો :**

- કાવ્ય અથવા ગદ્યને સ્વસ્થ ચિત્તે વાંચી જઈને તેની નીચે આપેલા પ્રશ્નો વાંચી જવા જોઈએ.
- પ્રશ્નોને અનુલક્ષીને પુનઃ કાવ્ય કે ગદ્ય વાંચી જવું જોઈએ.
- કાવ્ય/ગદ્યમાં રહેલા મુખ્ય વિચારને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમાં રહેલી કલ્પના કે વિચારધારાને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.
- ઉત્તર હંમેશાં ટૂંકો, મુદ્દાસર અને પોતાની ભાષામાં લખવો જોઈએ.

- કાવ્ય/ગદ્યને બને તેટલું ટૂંકું શીર્ષક આપો. તે કેન્દ્રવર્તી ભાવ પર આધારિત હોવું જોઈએ.
- હવે આપણે કાવ્યસમીક્ષા અને ગદ્યસમીક્ષાના એક એક નમૂના જોઈશું.

## 2.6.7.8 વાદાત્મક ગદ્ય :

અર્થ : વિષય, મુદ્દાના પક્ષમાં કે વિપક્ષના સમર્થન રૂપે દલીલો રજૂ કરવી એટલે વાદાત્મક ગદ્ય.

ધ્યાનયોગ્ય બાબતો :

- વાદાત્મક ગદ્ય લખતી વખતે વિષયના મુદ્દા પક્ષમાં કે વિપક્ષમાં ગમે તે એક પક્ષમાં દલીલો રજૂ કરવી.
- પોતાની દલીલો રજૂ કરતાં આ એક માત્ર હકીકત છે, એમાં શંકાનું કારણ નથી, સૌ સંમત થશે જ, અન્ય દલીલને અવકાશ નથી, વિરોધીઓ પણ સંમત થશે જ, એ સર્વ વિદિત જાહેર સત્ય છે જેવા આત્મવિશ્વાસ રજૂ કરતા શબ્દપ્રયોગો વાપરવા.
- હકારાત્મક, નકારાત્મક કે નકારાત્મક હકારાત્મક વાક્યરચનાઓના ઉપયોગ દ્વારા દલીલોની વધુ તર્કસંગત, અને સમર્થનયુક્ત રજૂઆત કરવી.
- પુરાવા માટે સરખામણી, દૃષ્ટાંત, પ્રસંગોનો ઉપયોગ કરવો.
- દલીલનું સમાપન સારાંશ કે, આ બધાં કારણોસર, એટલે કે આવું તારણ કાઢતાં કહી શકાય કે...જેવા શબ્દપ્રયોગો દ્વારા કરવું.

## 2.6.7.9 ભાવાત્મક ગદ્ય :

અર્થ : આત્મલક્ષી ભાવ, લાગણીઓ કે સંવેદનાની રજૂઆત કરતું ગદ્ય એટલે ભાવાત્મક ગદ્ય.

ધ્યાનયોગ્ય બાબતો :

- આપેલ વિષય પર તમને થતી લાગણીઓનું આલેખન કરવાનું હોય છે. આ માટે અંતરવાચન ખાસ ઉપયોગી બને છે.
- પોતાની લાગણીઓની રજૂઆત માટે શબ્દ પસંદગી ચોકસાઈપૂર્વક હોવી જોઈએ.
- ઓછામાં ઓછાં ક્રિયાપદોનો ઉપયોગ કરવો.
- ચોક્કસ કાર્યસાધક ભાષાપ્રયોગો કરવા.
- ઉદ્ગાર વાક્યો - વિસ્મયની લાગણી વ્યક્ત કરતા વાક્યો, દુઃખદ લાગણીઓને રજૂ કરતાં વાક્યો કે આનંદ મિશ્રિત ભાવોને વ્યક્ત કરતાં વાક્યો વિષય પ્રમાણે વાપરવા.
- કેટલીક જગ્યાએ અપૂર્ણ ઉક્તિઓ છોડી દેવી જોઈએ. જેથી તેની અસર વિશેષ થાય.
- ટૂંકાં વાક્યોમાં ધારદાર રજૂઆત કરવી જોઈએ.

વાદાત્મક અને ભાવાત્મક ગદ્યનું વિવિરણ જોતાં અર્થ સ્પષ્ટ થઈ જાય છે. બંને પ્રકારના

તમારી પ્રગતિ ચકાસો -4

નોંધ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં તમારી ભાષામાં જવાબ લખો.

1. લેખન-રચના માટે શાળાની વર્તમાન સ્થિતિ શું છે તે જણાવો.

2. વિદ્યાર્થીઓને નિબંધ લેખન કરાવતી વખતે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખશો ?

3. તમને લેખન-રચનાના વિવિધ પ્રકારોમાંથી કયો પ્રકાર સૌથી વધુ પસંદ આવ્યો ? શા માટે ?

ઉપસંહાર :-

ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને લેખન-રચના શિક્ષણના વિવિધ પ્રકારો જોયા પછી માતૃભાષા શિક્ષણ વિશે કોઇ ગંભીર ન બને તો જ નવાઇ શિક્ષક ખુદ સજાગ બને, વિધાયક વલણ કેળવે અને

વિદ્યાર્થીના ભાષા ઘડતરમાં સંનિષ્ઠ પ્રયત્નો કરે તે આવશ્યક છે. અને આમ બનશે તો જ વિદ્યાર્થીઓ લેખન કૌશલ્યમાં જેટલી ભૂલો કરે છે તે તો સુધરશે જ પણ સર્જનાત્મક અને મૌલિક વિચારો દ્વારા વિવિધ સ્વરૂપોમાં તેઓ લેખન-રચના કરતાં શીખશે. તેનાથી વ્યક્તિનો અને સાહિત્યનો એમ બંનેનો વિકાસ સાધી શકાશે.

## 2.7 સારાંશ :

- ગુજરાતીનો તાસ એટલે ફ્રી તાસ, ગુજરાતીમાં શું શીખવાનું ? વગેરે જેવા નકારાત્મક વલણમાંથી વેળાસર જાગી જઈને માતૃભાષાનાં શિક્ષણમાં નક્કર પગલાં ભરવાની જરૂર છે. ચારેય કૌશલ્યોની સાથે માતૃભાષાના અન્ય પાસાંના શિક્ષણમાં ગદ્યશિક્ષણ, પદ્યશિક્ષણ, વ્યાકરણ શિક્ષણ અને લેખનરચના શિક્ષણનો સમાવેશ થાય છે.
- ગદ્યશિક્ષણ : છંદ રહિત પદના વિસ્તારનો ગદ્ય કહેવામાં આવે છે. તેમાં નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, આત્મકથા, વિવેચન જેવા પ્રકારોનો સમાવેશ થાય છે.

### ગદ્યશિક્ષણના હેતુઓ:

સર્જકના વિચારોની સમીક્ષા કરે, ગદ્યકૃતિનું અનુભાવન કરે, ગદ્ય પ્રત્યે રસ કેળવે, વિશેષવાચન કરવા પ્રેરાય, ભાષાતત્ત્વોનો પરિચય કેળવે વગેરેનો સમાવેશ થાય છે.

- ગદ્યશિક્ષણમાં આદર્શવાચન ક્યારે અને કેવી રીતે કરાવવું, લેખક પરિચય ક્યાં અને કેવી રીતે આપવો તેમ ભાષાવસ્તુમાં કેટલા મુદ્દાઓનો સમાવેશ કરવો વિદ્યાર્થીઓ,સર્જકના વિચારોથી સમીક્ષા કરે. કા.પા.નોંધ ક્યારે કરવી, વગેરે બાબતો અંગે વિવિધ મતાંતરો પ્રવર્તે છે.
- ગદ્યશિક્ષણની હેતુકેન્દ્રી પદ્ધતિ અનુસાર હાલમાં વિદ્યમાન છે. તેમાં વ્યાખ્યાન, પ્રશ્નોત્તર, જૂથ-ચર્ચા, સંશ્લેષણ-વિશ્લેષણ, નાટ્યીકરણ અને ડોલ્ટનપ્લાન જેવી પદ્ધતિઓ દ્વારા અધ્યાપન કરી શકાય છે.
- ગદ્ય-વિષયવસ્તુનું વિશ્લેષણ નવલિકા, નાટક, નિબંધ, જીવનકથા, વગેરે સાહિત્ય પ્રકારોની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને અલગ અલગ રીતે કરાય છે.
- ગદ્ય શિક્ષણમાં હેતુઓની સ્પષ્ટતા, ભાષાવસ્તુનો પરિચય, પ્રશ્નોની રચના, શબ્દશિક્ષણ, પાઠનું વાચન ગદ્યસાહિત્યના વિવિધ સ્વરૂપો, વિવિધ પદ્ધતિઓનો વિનિયોગ, રસમય અધ્યાપન અને સ્વઅધ્યયનની તક જેવી બાબતોનું ધ્યાન રાખવા જેવું છે.સ્વઅધ્યયનની તક જેવી બાબતોનું ધ્યાન રાખવા જેવું છે.
- પદ્યશિક્ષણ : જેમાં છંદશાસ્ત્રના નિયમોને અનુસરી એકંદર પદાવલિની રચના કરવામાં આવી અથવા કાવ્યસૌંદર્ય ધરાવતી પદાવલિઓને પ્રાસ્નાવલિની પદ્ય કહે છે. પદ્ય રચનાનો આત્મા સંવાદ છે. પદ્ય રચનાના નિબદ્ધ અને આબદ્ધ એમ મુખ્ય બે પ્રકારના પેટાપ્રકારો પણ પડે છે. ગદ્ય અને પદ્ય રચનાઓ વચ્ચે ઘણું અંતર છે.
- કાવ્યની અનેક વ્યાખ્યાઓ છે. શબ્દઅર્થની સંહતિ એટલે કાવ્ય, રસાત્મક વાક્ય એટલે કાવ્ય, કવિતા સુસ્પષ્ટ સંગીત છે, કવિનું કાર્ય-કાવ્ય છે - વગેરે. ચંદ્રકાંત જોશીના મતાનુસાર કવિતા શબ્દોની એવી મનોહર રચના છે, જે જીવનના અનુભવના આકારનું નિર્માણ કરી આપણા હૃદયમાં ભાવોનો આનંદદાયક સાક્ષાત્કાર કરાવે છે.

- કવિતાનું શિક્ષણ સંસ્કાર ઘડતર, મૂલ્યોનું સંરક્ષણ, લાગણીઓની સમજણ, સર્જનાત્મક કલાદૃષ્ટિ, ભાષાકીય કૌશલ્યોનો વિકાસ, વ્યક્તિનો વિસ્તાર, આધ્યાત્મિકતાનો વિસ્તાર કરાવે છે.
- કાવ્યશિક્ષણના હેતુઓમાં વિદ્યાર્થીઓ કાવ્યોનો આનંદ અનુભવે, લાગણીઓનું સમસંવેદન કરે, વિવિધ સ્વરૂપોનો પરિચય મેળવે, કાવ્યનો ભાવાર્થ સમજે, કવિ પરિચય મેળવે, કલ્પનો-પ્રતીકો સમજે, સાહિત્યમાં રસ કેળવે વગેરેનો સમાવેશ થાય છે.
- કાવ્યશિક્ષણના કેટલાક મુદ્દાઓ પરત્વે મતાંતરો પ્રવર્તે છે. જેમાં કવિતા શીખવાની નથી પણ પામવાની છે, બધા ભાષાશિક્ષકો કવિતા શિક્ષકો નથી, કાવ્ય શીખવવાની એક માત્ર રીત નથી, કાવ્ય કાનની કળા છે વગેરે મુદ્દાઓનો સમાવેશ થાય છે.
- કાવ્યશિક્ષણની પદ્ધતિઓમાં ગદ્યવિવરણ પદ્ધતિ, હેતુકેન્દ્રી પદ્ધતિ અને પ્રભાવવાદી-પ્રયોગવાદી પદ્ધતિનો સમાવેશ થાય છે.
- કાવ્યશિક્ષણની વર્તમાન સ્થિતિ નિરાશાજનક છે. કાવ્યશિક્ષણ રૂઢિગત બની ગયું છે. કાવ્યનો અર્થ તારવી ગદ્યાત્મક રજૂઆત કરી દેવામાં આવે છે. અને પ્રશ્નોના જવાબ લખાવી ઇતિશ્રી માની લેવામાં આવે છે. તે નિરસ બની ગયું છે.
- કાવ્ય શિક્ષણની સજ્જતા કેળવવા માટે કાવ્યનું વાચન કરવાની ઇચ્છા, પોતાના કંઠની સમજ, ઉચ્ચાર-લય-છંદ- અલંકારની સમજ, સંવેદનશીલતા, ભાવવાહી પઠન વગેરે બાબતો ખૂબ મહત્વની છે.
- વ્યાકરણ શિક્ષણ ભાષા એક વ્યવસ્થા છે, આ વ્યવસ્થાને પોતાના શિક્ષણ નિયમો છે અને આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ વ્યાકરણ એ શાસ્ત્ર છે.
- વ્યાકરણ શિક્ષણ અંગે જે મતાંતરો પ્રવર્તે છે તેમાં કેટલાક એવું માને છે કે વ્યાકરણ શિક્ષણ ભાષાશિક્ષણનું અનિવાર્ય અંગ છે. એટલે વ્યાકરણનું શિક્ષણ ફરજિયાત આપવું જોઈએ, તો કેટલાકને મતે ભાષાજ્ઞાન માટે વ્યાકરણ અનાવશ્યક છે. અને તેમાંથી વ્યવહારુ વ્યાકરણની શરૂઆત થઈ.
- વ્યાકરણ શિક્ષણના હેતુઓમાં વિદ્યાર્થીઓ વ્યાકરણના મૂળતત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે, પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરે, સિદ્ધાંતો નિયમો અંગે સમજ કેળવે, અભિરુચિ કેળવે વગેરેનો સમાવેશ થાય છે.
- વ્યાકરણ શિક્ષણ ભાષા શુદ્ધિ, વાચન કૌશલ્યનો વિકાસ, તર્કશક્તિ અને માનસિક શિસ્તની કેળવણી, અન્ય ભાષા શિક્ષણમાં સહાય વગેરે બાબતોમાં મહત્વનું બની રહે છે.
- વ્યાકરણ શિક્ષણ પ્રત્યેની નીરસતામાં સમાજ, શિક્ષક અને વિદ્યાર્થી ત્રણેય જવાબદાર છે. સમાજમાં વ્યાકરણ પ્રત્યે બેદરકારી, શિક્ષકમાં વ્યાકરણ શિક્ષણની સજ્જતા અને રસનો અભાવ અને વિદ્યાર્થીના પક્ષે નિષ્ક્રિયતા કારણભૂત બની રહે છે.
- વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓમાં આગમન-નિગમન પદ્ધતિ, પાઠ્યપુસ્તક પ્રણાલી, અનુબંધ પદ્ધતિ અને ભાષાસંસર્ગ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.
- વ્યાકરણ શિક્ષણની સજ્જતા કેળવવા માટે પ્રાથમિક કક્ષાએ ભાષાનો વ્યાવહારિક ઉપયોગ, ઉચ્ચ પ્રાથમિક કક્ષાને અનૌપચારિક શિક્ષણની શરૂઆત અને માધ્યમિક સ્તરે ઔપચારિક શિક્ષણની શરૂઆત થવી જોઈએ. આ ઉપરાંત વ્યાકરણ શિક્ષણ પ્રત્યેના વલણમાં ફેરફાર, પદ્ધતિમાં પરિવર્તન, વિવિધ સાધનોનો ઉપયોગ, શબ્દ રમતોનો સમાવેશ વગેરેને પણ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

- લેખન-રચના શિક્ષણ લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેનું શિક્ષણ એટલે લેખન-રચના શિક્ષણ. લેખન રચના શિક્ષણ અંગે પણ પ્રવર્તમાન સ્થિતિ સંતોષજનક નથી. તેમાં શિક્ષકોને પક્ષે હેતુઓની સ્પષ્ટતા નથી. અભ્યાસક્રમનું ભારણ, સમયનો અભાવ, તપાસણી કાર્યનો બોજ વગેરે બાબતો કારણભૂત બની રહે છે.
- લેખન-રચના શિક્ષણના હેતુઓમાં વિદ્યાર્થીઓ સુવાચ્ય અક્ષરોમાં લખે, વિવિધ વાક્ય રચનાઓનો ઉપયોગ કરે, વિરામચિહ્નોનો ઉપયોગ કરે, વિચાર ક્રમબદ્ધ રજૂ કરે, મૌલિક વિચારોમાં લખે, વિવિધ સ્વરૂપોમાં લખે વગેરેનો સમાવેશ થાય છે.
- લેખનકાર્યની તપાસણી હોશિયાર વિદ્યાર્થીઓની ભાગીદારી, સામાન્ય ભૂલોની સમજ, ભૂલોની સુધારણા, વિદ્યાર્થીનું દૃષ્ટિબિંદુ, શિક્ષકનો અભિપ્રાય, વિદ્યાર્થીનો ઉત્સાહ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને થવી જોઈએ.
- લેખન-વિસ્તાર પ્રકારોમાં નિબંધ, વાર્તા, અહેવાલ, વિચાર-વિસ્તાર, સારલેખન, પત્ર, કાવ્ય/ગદ્યસમીક્ષા, વાદાત્મક ગદ્ય અને ભાવાત્મક ગદ્યનો સમાવેશ થાય છે. (આ સર્વ પ્રકારોના શિક્ષણમાં શિક્ષકે શું ધ્યાન રાખવાનું છે, શું શીખવવાનું છે, કેવી રીતે શીખવવાનું છે તેની ચર્ચા પ્રસ્તુત છે. અને દરેક પ્રકાર માટે એક ઉદાહરણરૂપ નમૂનો રજૂ કરવામાં આવ્યો છે.)

## 2.8 ચર્ચા અને સ્પષ્ટીકરણ :

પ્રસ્તુત એકમના અધ્યયનને અંતે તમને જે મુદ્દાઓ પરત્વે વિશેષ ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું હોય તેને તે મુદ્દા અંતર્ગત અવશ્ય નોંધો.

ચર્ચા :

સ્પષ્ટીકરણ :

## 2.9 તમારી પ્રગતિ ચકાસોના ઉદ્દેશો :

1. (1) જુઓ 2.3.1.
   (2) જુઓ 2.3.3.
   (3) જુઓ 2.3.6.

2. (1) જુઓ 2.4.1.
   (2) જુઓ 2.4.6.
   (3) જુઓ 2.4.6.

3. (1) જુઓ 2.5.1
   (2) જુઓ 2.5.2.
   (3) આગમાન-નિગમન પ્રણાલિ કારણે તે એક બીજાને પૂરક છે.
   (4) જુઓ 2.5.7

4. (1) જુઓ 2.6.2.
   (2) વિષયાંતર ન થાય, બિનજરૂરી મુદ્દાઓને સમાવેશ ન કરવો.
   O, ક્રમિક રજૂઆત
   O યોગ્ય ફકરા પાડવા
   O યોગ્ય ઉદાહરણો, અવતરણો...
   O પુનરુક્તિ કામનું O સુવાચ્ય હસ્તાક્ષરો O યોગ્ય આરંભ અને અંત O ભૂલોની સુધારણા
   (3) તમારી પસંદગી માટેની રચના પસંદ કરી કારણો આપવાં

# એકમ-3 માતૃભાષા શિક્ષણમાં નૂતન પ્રવાહો

એકમની રૂપરેખા

3.1 પ્રસ્તાવના
3.2 ઉદ્દેશો
3.3 અભિક્રમિત-અધ્યાપન
3.4 ક્રિયાત્મક સંશોધન
3.5 નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ
3.6 સારાંશ
3.7 ચર્ચા અને સ્પષ્ટીકરણ
3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 3.1 પ્રસ્તાવના

શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે વિકાસની સાથે પરિવર્તન એ સહજ રીતે જોડાયેલી બાબત છે. વિકાસનો અહેસાસ આપણને પરિવર્તનથી થાય છે. આજથી કેટલાંક વર્ષો પહેલાં શિક્ષણની જે પરિસ્થિતિ હતી તેમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી પ્રત્યેનાં મનોવલણોમાં અને તેમની ભૂમિકામાં અમૂલ પરિવર્તન આવ્યું છે શૈક્ષણિક પ્રૌદ્યોગિકીએ શિક્ષક માટે શૈક્ષણિક વિકાસનાં દરેક દ્વાર ખોલી આપ્યાં છે. અને એને પરિણામે માત્ર વર્ગખંડ, બ્લેકબોર્ડ, પાઠ્યપુસ્તક અને શિક્ષણ સેટેલાઈટ સુધી વિસ્તર્યું છે. આધુનિક શિક્ષણમાં હવે નૂતન પ્રવાહો દ્રષ્ટિગોચર થવા માંડ્યા છે. શાળાના વિદ્યાર્થીઓ સ્વ અધ્યયન કરી શકે તે માટે શૈક્ષણિક પ્રૌદ્યોગિકી માં અભિક્રમિત અધ્યયનનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની ક્ષતિઓ સુધારવા માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય ઉપરાંત ક્રિયાત્મક સંશોધનનો આશ્રય લેવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં અભિક્રમિત અધ્યયન ક્રિયાત્મક સંશોધન અને નિદાનાત્મક તેમજ ઉપચારાત્મક કાર્યની સવિસ્તાર ચર્ચા કરવામાં આવી છે. જે આપને ઉપયોગી થશે.

## 3.2. ઉદ્દેશો

પ્રસ્તુત એકમના અધ્યયનને અંતે તમે :

માતૃભાષામાં નૂતનપ્રવાહો ની જરૂરિયાત શી છે.તે અંગે જાણકારી મેળવી શકશો .

- અભિક્રમિત અધ્યયન નો અર્થ, મહત્વ, સિદ્ધાંતો, સોપાનો, મહત્ત્વ અને મર્યાદાઓ વિશે માહિતી મેળવી શકશો.
- ક્રિયાત્મક સંશોધનનો અર્થ, મહત્વ અને સોપાનો વિશે પરિચય કેળવી શકશો .

- નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્યનો અર્થ, મહત્ત્વ, સોપાનો નિદાન, કસોટીની રચના વગેરે વિશે માહિતી મેળવી શકશો.

## 3.3 અભિક્રમિત અધ્યયન

નામ પરથી જ અર્થનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. અભિ એટલે સન્મુખ અને ક્રમિક એટલે ક્રમમાં રજૂ થનાર વિષયવસ્તુના નાના ખંડો ક્રમાનુસાર સામે રજૂ થાય તે દ્વારા અધ્યયન. આ સાદો અર્થ થયો. હવે આપણે તેના પારિભાષિક અર્થ -વ્યાખ્યા લક્ષણો, સિદ્ધાંતો, સોપાનો, ફાયદાઓ, મર્યાદાઓ અને અભિક્રમિત અધ્યયનનો એક નમૂનો જોઈશું.

**અર્થ:**

અભિક્રમિત અધ્યયન એ પ્રત્યેક અધ્યેતા પોતાની ગતિએ શિક્ષણ મેળવી શકે તેવી પ્રવિધિ છે.આ પ્રવિધિમાં અધ્યેતા કેટલું સમજશે અને તેને કયા તબક્કે માર્ગદર્શનની જરૂર છે.તેનો ખ્યાલ આવે છે. જેથી વ્યક્તિગત માર્ગદર્શન આપી શકાય છે. તેની વ્યાખ્યા તપાસીએ તો

અભિક્રમ એ એવી પ્રક્રિયા છે, જેમાં વિષયવસ્તુની ગોઠવણી નાનાં પગલાંની હારમાળા દ્વારા કરવામાં આવે છે. એને પરિણામે વિદ્યાર્થી સ્વાધ્યાય વડે જ્ઞાતથી અજ્ઞાત તરફ જઈ નવી અને અઘરી બાબતો તથા સિદ્ધાંતો શીખે છે.

**લિસોટ અને વિલિયમ્સ**

એક એવા પ્રકારની શિક્ષણ પદ્ધતિ છે જેમાં શીખનાર તબક્કાવાર ફ્રેમ દીઠ વ્યવસ્થિત રીતે અધ્યયન કરે છે. જેમાં બે ફ્રેમ વચ્ચે પ્રતિપુષ્ટિ આપવામાં આવી છે.

**ઉમેદસિંહ**

આમ, અભિક્રમિત અધ્યયનમાં

- અધ્યેતા જે વિષયનું અધ્યયન કરે છે તે વિષયની અધ્યયન સામગ્રીને જો કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે તો અધ્યયન ભૂલ વગરનું અને ક્ષમતાપૂર્ણ બનાવી શકાય છે.

- આ પ્રયુક્તિમાં વિષયવસ્તુને નાનાં અને સરળ એવાં સંખ્યા બંધ સોપાનોમાં વિભાગીકરણ કરી ક્રમાનુસાર ગોઠવવામાં આવે છે.
- સોપાનોમાં વિભાજિત કરેલા વિષયની મુદ્દાની સાથો સાથ તેનું ઉદાહરણ તેમજ અધ્યેતા તેને સમજ્યો કે નહીં તેની ચકાસણી માટે એકાદ પ્રશ્ન પણ મૂકવામાં આવે છે.
- અધ્યેતા પૂછેલા પ્રશ્નનો જવાબ આપે અને તે સાચો છે કે તેની ચકાસણી પણ કરતો જાય તે માટે જવાબ પણ આપવામાં આવે છે.

  આમ, વિદ્યાર્થી પોતાની ઝડપે સ્વઅધ્યયન કરે છે.

લક્ષણો :

પ્રો. જે.ડી.વિલિયમ્સ અભિક્રમિત અધ્યયનનાં મુખ્યત્વે ત્રણ લક્ષણો ગણાવે છે.

- અધ્યેતાને એક ઉત્તેજક (ઉત્સાહ) પૂરો પાડવામાં આવે, જે એને માહિતી આપે અને એના પાસેથી જવાબ કે બન્ને એટલે માહિતી અને જવાબ મેળવે.
- અધ્યેતાઓ પોતાની માહિતીનો ઉપયોગ જવાબ વાળવામાં કે નિર્ણય કરવામાં સતત કરવો

પડે એવી પરિસ્થિતિ સર્જાય એટલે કે અધ્યેતાએ પોતાની પાસેની માહિતીનો ઉપયોગ કરીને ઉત્તર આપવાનો હોય છે.

- ઉત્તર આપ્યા બાદ તરત જ પરિણામ સાચું કે ખોટું તેની જાણકારી કરવાની હોય છે.

આ ત્રણેય લક્ષણો દ્વારા અધ્યયનચક્ર બને છે. અને તે અભિક્રમમાં વારંવાર પુનરાવર્તન પામે છે. અભિક્રમનું હાર્દ સમજવા માટે આ ત્રણ લક્ષણો પૂરતાં છે. પ્રારંભિક માહિતી, જવાબવાળવાની સૂચના અને જવાબના સાચા-ખોટાની જાણ એમ ત્રણ મળીને જે એકમ બને તેને ફ્રેમો (Frame) કહેવામાં આવે છે.

## સિદ્ધાંતો :

અભિક્રમિત અધ્યયનની રચનામાં નીચેના સિદ્ધાંતો કાર્ય કરે છે.

1. નાનાં સોપાનોનો સિદ્ધાંત : જેમ ઘોડાને પલોટવા માટે પ્રથમ હલકી ગોદડીથી શરૂ કરી ક્રમશઃ તેની પીઠ ઉપર વજન વધારતા જઇ માણસની સમકક્ષ વજન ઉપાડતો થાય ત્યારે માણસ તેની ઉપર સવારી કરે છે. તેમ અધ્યેતા વિષયની સમગ્રતાને સરળતાથી અને ક્રમશ: પકડી શકે તે માટે વિષય વસ્તુને નાનાં અને સરળ સોપાનોમાં વહેંચી નાખવામાં આવે છે. જેથી અલ્પમાં અલ્પ જ્ઞાન ધરાવતો વિદ્યાર્થી પણ ધીરે ધીરે સોપાનો ચઢી આગળ વધી શકે છે.
2. સક્રિય પ્રતિચારનો સિદ્ધાંત : અહીં અધ્યેતાએ સતત સક્રિય રહી ઉદ્દીપકનો પ્રતિચાર આપવાનો હોય છે. આથી અધ્યાપન પ્રક્રિયા સંગીન અને વેગીલી બને છે. તેમાં રસ અને રૂચિ પેદા થાય છે અને ક્રિયાશીલતા વધે છે.
3. પરિણામની ત્વરિત જાણનો સિદ્ધાંત- અધ્યેતા પ્રત્યુત્તર આપે કે તરત જ તેનો પ્રત્યુત્તર સાચો છે કે ખોટો તેની જાણ સાચા પ્રત્યુત્તર મારફતે કરવામાં આવે છે. આમ, પરિણામની તરત જ ખબર પડે છે. આથી અધ્યેતા વધુ સારી રીતે શીખી શકે છે.
4. વ્યક્તિ ઝડપનો સિદ્ધાંત : વર્ગશિક્ષણ દરમ્યાન શિક્ષક દરેક અધ્યેતાની ગતિને ધ્યાનમાં રાખ્યા સિવાય શિક્ષણની ગતિ રાખે છે જેથી અધ્યેતા પોતાની ગતિ પ્રમાણે ભણી શકતો નથી. જ્યારે અભિક્રમિત અધ્યયનમાં વિદ્યાર્થી પોતાની ગતિ પ્રમાણે વધારે કે ઓછી ઝડપથી શીખી શકે છે. આથી અધ્યયન સંગીન અને અસરકારક બને છે. અને અધ્યેતાઓના વ્યક્તિગત તફાવતો સરળતાથી સંતોષાય છે.
5. અધ્યેતાની ચકાસણીનો સિદ્ધાંત : અધ્યેતાએ પ્રત્યેક અભિક્રમમાં ક્યાં અને કેવા પ્રકારના ભૂલો કરી છે ? આ ભૂલો કેમ થઇ હશે ? તે જાણવાનું જરૂરી છે. આમ, અધ્યેતા કાર્યની મુલવણી થતી રહે એ પણ જરૂરી છે. આથી પ્રત્યેક પગથિયું અધ્યેતાની દૃષ્ટિએ સમજી, તેની સુધારણાની દૃષ્ટિ મળે છે. શિક્ષક અભિક્રમમાં પોતાની ભૂલો રહી ગઈ હોય તો તે પણ સુધારી શકે છે. આમ, અધ્યેતાના પ્રતિચારોને આધારે અભિક્રમમાં કરવામાં આવતા ફેરફારને અધ્યેતાની ચકાસણીનો સિદ્ધાંત કહે છે.

## અભિક્રમિત અધ્યયનનાં સોપાનો :

જે તે વિષય એકમનો અભિક્રમ તૈયાર કરવા નીચેનાં સોપાનો ક્રમશઃ અનુસરવાં જોઇએ.

1. ઉદ્દેશ :

   કોઇ પણ પદ્ધતિ કે પ્રયુક્તિથી શિક્ષણકાર્ય કરીએ છીએ ત્યારે તે શિક્ષણકાર્યથી કયા હેતુ સિદ્ધ થશે ? વિદ્યાર્થીઓમાં કયા વર્તન-પરિવર્તનો આવશે તે નક્કી કરીએ છીએ.

વર્ગશિક્ષણમાં અભિક્રમનો ઉપયોગ કરતાં પહેલા અધ્યેતામાં ક્યાં વર્તન-પરિવર્તનો આવશે તે સંદર્ભમાં સ્પષ્ટ અને ચોક્કસ હેતુઓ નક્કી કરવા જોઇએ.

2. પ્રક્રિયા :

વિષયવસ્તુનું પૃથક્કરણ કરી, એકમની શરૂઆત ક્યાંથી કરવી ?, ક્યાં ઉદાહરણો પસંદ કરવાં ? પુનરાવર્તન કે દૃઢીકરણ માટે શું કરવું ? હેતુની સિદ્ધિ અર્થે અને કયે રસ્તે તાર્કિક વિચારણાને વાળવી  વગેરે મુદ્દાઓ અંગે મુદ્દાઓ અંગે વિચારણા કરી અધ્યયન પ્રક્રિયા નક્કી કરવામાં આવે છે.

3. ફ્રેમો (માળખું) :

અભિક્રમનું માળખું તૈયાર કરવા માટે જે તે વિષયનું ઊંડું જ્ઞાન જરૂરી છે. પ્રત્યેક માળખામાં વિષયાંગના મુદ્દાઓ અને હેતુઓને ધ્યાનમાં રાખી ઉત્તેજક-પ્રતિચારને સમાવી લેતા પ્રશ્નોની હારમાળા તૈયાર કરવામાં આવે છે. એમાં મુખ્યત્વે અધ્યેતાએ કઇ કઇ બાબતો સમજવાની છે, તે વિષે વિચારવું પડે છે. સમજવામાં સરળતા રહે તેવા સંકેતોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવાનો રહે છે.

4. વિષયવસ્તુની ચકાસણી :

અભિક્રમની વિષય નિષ્ણાતો પાસે બારીકાઇથી ચકાસણી કરાવવામાં આવે છે. વિષયવસ્તુની દૃષ્ટિએ કોઇ ભૂલો રહી જવા પામી હોય તો તેમને દૂર કરવામાં આવે છે. અપેક્ષિત જવાબો સાચા છે કે નહિ તે તપાસવામાં આવે છે. તેમાં જો કોઇ ક્ષતિઓ હોય તો તે દૂર કરવામાં આવે છે. નવા ફ્રેમની જરૂર લાગે તો તે દાખલ કરવામાં આવે છે. અને બિનજરૂરી ફ્રેમ કાઢી નાખવામાં આવે છે.

5. અજમાયશ :

તૈયાર કરેલ અભિક્રમની વારા ફરતી જૂથ પ્રમાણે અધ્યેતા ઉપર અજમાયશ કરવામાં આવે છે. આ અજમાયશ પહેલાં વ્યક્તિગત અને પછી સમૂહગત કરવામાં આવે છે. જો અધ્યેતાઓ ઘણી ભૂલો કરે અથવા જો તેમને અભિક્રમ ઘણો સરળ પડે તો એમાં જરૂરી ફેરફાર કરવામાં આવે છે જે મુદ્દાઓ પરત્વે અધ્યેતાઓમા ગૂંચવાતા હોય તે સુધારવામાં આવે છે.

6. ઉપયોગ :

તૈયાર કરવામાં આવેલ અભિક્રમ અધ્યેતા ઉપર ઉપયોગ કરવા માટે છે. આ અભિક્રમ અધ્યેતા માટે કેટલો ઉપયોગી થાય તેમ છે તે જોવામાં આવે છે. આ અભિક્રમને છપાવી અધ્યેતાને સ્વ-અધ્યયન માટે આપી શકાય છે.

ફાયદાઓ :

અભિક્રમિત અધ્યયનના ફાયદાઓ નીચે મુજબ છે.

- અભિક્રમિત અધ્યયનમાં અધ્યયન સારું થઇ શકે છે તેથી શિક્ષણની ગુણવત્તા વધે છે.
- આ રીતે અધ્યયન થાય તો સારી રીતે યાદ રહે છે.
- ઉદ્દીપકના જવાબો તરત જ અને સક્રિય રીતે આપવાના હોવાથી અધ્યેતાને અધ્યયન કરવું ગમે છે.
- અધ્યેતા પોતાના સમયે, પોતાની રીતે અને પોતાની ગતિએ અધ્યયન કરી શકે છે.
- અભિક્રમ દ્વારા વિષયની પાયાની સમજનો વિકાસ અસરકારક બને છે.

- શિક્ષકના કાર્યનો બોજો ઘટે છે.
- ક્રમિક નાનાં સોપાનોનો ઉપયોગ હોવાથી અધ્યયન સંગીન બને છે.
- ઓછા સમયમાં વધુ શીખી શકાય છે.
- અધ્યયન કરનારમાં આત્મવિશ્વાસ તથા એકાગ્રતા જળવાય છે.
- વ્યક્તિગત તફાવતો સંતોષાય છે.
- જ્ઞાન-શિક્ષણના વ્યાપ અને વર્ગની મોટી સંખ્યાને પહોંચી વળવામાં ઉપયોગી બને છે.
- અધ્યેતા ફુરસદના સમયમાં અભિક્રમો દ્વારા શીખી શકે છે. આથી તેના ફુરસદના સમયનો સદુપયોગ પણ થાય છે.
- વર્ગ અધ્યયનની મર્યાદાઓ જેવી કે વધુ પડતો અભ્યાસક્રમ, અધ્યેતાઓની વધુ સંખ્યા, કેટલાક વિષય નિષ્ણાતોનો અભાવ વગેરે દૂર થાય છે.
- અધ્યેતાને સ્વમૂલ્યાંકનની તક મળે છે. વળી ભૂલોનું દૃઢીકરણ થતું નથી.
- સરળ પરથી કઠિન જવું , જ્ઞાત પરથી અજ્ઞાત પર જવું, મૂર્ત પરથી અમૂર્ત તરફ જવું જેવાં અધ્યાપન સૂત્રો આ પ્રયુક્તિમાં સાર્થક બને છે.

**મર્યાદાઓ :**

ફાયદાઓની સાથે જ તેની કેટલીક મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ છે.

- અભિક્રમિત અધ્યયનની સામગ્રી તૈયાર કરવાનું કામ સામાન્ય શિક્ષક માટે ખૂબ મુશ્કેલ છે.
- બધા જ વિષયો માટે અભિક્રમો રચવા મુશ્કેલ છે. ગણિત, વિજ્ઞાન અને વ્યાકરણ સિવાયના વિષયોમાં અભિક્રમો રચવા અત્યંત મુશ્કેલ બને છે.
- અભિક્રમની યોગ્યતા તપાસ્યા સિવાય અભિક્રમનો અમલ અસરકારક યા સફળ અભિક્રમ કરી શકાતો નથી.
- અભિક્રમિત અધ્યયન દ્વારા જ્ઞાન અનેક નાના નાના ટુકડાઓમાં વિભાજિત થાય છે. ફલત ઘણા વિષયોમાં ઘણીવાર સાતત્ય જાળવવું શક્ય બનતું નથી.
- અમુક પરિસ્થિતિ અને સાંસ્કૃતિક વાતાવરણમાં તૈયાર થયેલો અભિક્રમ બીજા દેશમાં જુદી પરિસ્થિતિમાં ભાગ્યેજ કામ લાગે. કસોટીની માફક અભિક્રમમાં પણ સાંસ્કૃતિક સંદર્ભનું મહત્ત્વ છે એ ભૂલવું જોઈએ નહીં.
- સાતત્ય ન જળવાય તો અભિક્રમના પ્રશ્નો કસોટી પ્રશ્નો જ બની રહે છે. ક્રમિતાએ કોઈપણ અભિક્રમનું આધારબિંદુ હોય છે.

  અભિક્રમિત અધ્યયન વિશે આટલું જાણ્યા પછી એટલું ચોક્કસ લાગે કે જો કેટલીક મર્યાદાઓ દૂર કરવામાં આવે તો વિદ્યાર્થીને સરસ રીતે ભણવામાં મજા આવે. આ દિશામાં ઘણા જ સંશોધનો થયા છે.

## 3.4 ક્રિયાત્મક સંશોધન (Action Research)

'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.' કોઠારી શિક્ષણપંચના હાર્દ સમા આ વિધાનને ધ્યાનમાં રાખી શિક્ષણ વિશે ચિંતન કરીએ તો તેની ફલશ્રુતિરૂપે ખ્યાલ આવે છે કે

વર્ગખંડ શિક્ષણની સુધારણા ખાસ કરવી જોઈએ. વર્ગખંડમાં કાર્ય કરતાં શિક્ષકને અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓમાંથી માર્ગ કાઢવામાં ક્રિયાત્મક સંશોધન વ્હારે આવે તેમ છે. તેનો ઉપયોગ શિક્ષણ માટે ખૂબ સરળ છે.

અર્થ-સંકલ્પના

શિક્ષણ-પ્રક્રિયા દરમ્યાન અનેક સમસ્યાઓ ઉદ્ભવે છે. તેના નિરાકરણ માટે વિવિધ ઉપાયો શોધવા, તેનો અમલ કરવા, અમલીકરણથી આવતાં પરિણામોની ચકાસણી કરવા અને પુનઃસુધારણા ઉપાયો અજમાવી શકાય તે માટે લઘુ સંશોધનો હાથ ધરવામાં આવે છે તેને ક્રિયાત્મક સંશોધન કહેવામાં આવે છે.

ડૉ. સ્ટીફન કોરે ક્રિયાત્મક સંશોધનનો અર્થ નીચે પ્રમાણે આપેલ છે.

વ્યવસાયી પોતાની સમસ્યાનું વૈજ્ઞાનિક ઢબે અધ્યયન કરી પોતાનો કાર્યો અને નિર્ણયોમાં માર્ગદર્શન મેળવવા, સુધારણા કરવા, મૂલ્યાંકન કરવા જે પ્રક્રિયા કરે તેને ક્રિયાત્મક સંશોધન કહેવાય.

મેકેયના કથન મુજબ પોતાના કાર્યમાં પરિવર્તન અને વિકાસ માટે અભ્યાસ કરીને રચનાત્મક સૂચનો કરવાના ઉદ્દેશથી સંબંધિત વ્યક્તિ કે સમૂહ દ્વારા થતી સંગઠિત સંશોધન પ્રક્રિયા એટલે ક્રિયાત્મક સંશોધન.

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

- વર્ગખંડની સમસ્યા હલ કરવા ક્રિયાત્મક સંશોધન હાથ ધરાય છે.
- ક્રિયાત્મક સંશોધન વ્યવસાયી (શિક્ષણ) દ્વારા હાથ ધરાય છે.
- સંશોધનકાર્ય પોતાના કાર્યની સુધારણા, ચકાસણી કે સમસ્યાના નિદાન માટે સંશોધનકાર્ય કરવામાં આવે છે.
- સંશોધનકાર્યથી વર્ગની સમસ્યાના સર્વમાન્ય ઉકેલ શોધી શકાય છે.
- સંશોધનકાર્ય અંતે પ્રાપ્ત થતા પરિણામો ઉપયોગ શિક્ષકે પોતાના વર્ગ માટે કરવાનો રહે છે.

મહત્ત્વ :

ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ નીચેની બાબતો પરથી સ્પષ્ટ થશે.

- સંસ્થાની અને રોજિંદી સમસ્યાઓનો ઉકેલ વૈજ્ઞાનિક રીતે મેળવી શકાય છે.
- સિદ્ધાંત સ્વાભાવિક વ્યવહારની પ્રક્રિયામાંથી પસાર થઈને બંનેને સુધારે છે.
- સમસ્યાથી પરિચિત અને પરિણામોનો ઉપયોગ કરનારા જ સંશોધનમાં સામેલ થાય છે.
- લાભકર્તાની ભાગીદારીથી સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેનું અને સંશોધક અને લોકો વચ્ચેનું અંતર ઘટે છે.
- સમસ્યાઓ પ્રત્યે લોકોની સંવેદનશીલતા વધે છે.
- શિક્ષણમાં વ્યવસ્થિત ઢબે સુધારણા કરનારા લોકોનું એક વર્તુળ ઊભું થાય છે.
- સમસ્યાનો ઉકેલ વાદવિવાદ પર રહીને સર્વમાન્ય રીતે શોધી શકાય છે.
- સંશોધનકાર્ય શિક્ષકે જાતે કર્યું હોવાથી શિક્ષણ સ્વયં આત્મસંતોષ મેળવી શકે છે.

આ પ્રકારના સંશોધનોથી અન્ય શાળાઓને પ્રેરણા મળે છે.

સોપાનો

ક્રિયાત્મક સંશોધનાં નીચેના સોપાનો અથવા પગથિયાંઓને અનુસરવામાં આવે છે.

1. સમસ્યા
2. સમસ્યાનું ક્ષેત્ર
3. સંભવિત કારણો
4. ઉત્કલ્પનાઓ
5. ઉત્કલ્પનાઓનું પરીક્ષણ
6. પ્રયોગકાર્ય
7. મૂલ્યાંકન
8. પરિણામ

આ દરેક સોપાન ઊંડી સમજ માગી લે છે. આપણે ક્રિયાત્મક સંશોધનના એક નમૂના દ્વારા પ્રત્યેક સોપાનને સમજવાનો પ્રયત્ન કરીશું.

## 1. સમસ્યા

આપણા સર્વનું એવું સામાન્ય અવલોકન છે અને વાસ્તવિક રીતે જોવા પણ મળે છે કે વિદ્યાર્થીઓ મુખવાચનમાં નબળા હોય છે. શિક્ષક આ સમસ્યા પર આવવા માટે પ્રારંભિક પૃથક્કરણ કરે છે. આ પૃથક્કરણ તેને સમસ્યા નિર્ધારિત કરવામાં સહાયભૂત થાય છે. શિક્ષક અવલોકન, પોતાના અધ્યાપન દરમ્યાનના અનુભવો અથવા તો પ્રશ્નાવલિ દ્વારા પણ સમસ્યા પ્રાપ્ત કરે છે. વર્ગમાં વિદ્યાર્થીઓ પાસે પાઠ કે કાવ્યનું પઠન કરાવીએ તો વાચનમાં ઘણી જ ભૂલો કરતા હોય છે. તો સમસ્યા એ છે કે વિદ્યાર્થીઓ મુખવાચનમાં ભૂલો કરે છે.

તો અહીં પ્રથમ સોપાનાં પ્રથમ તો શિક્ષકને સમસ્યા અનુભવવી જોઈએ.સમસ્યા તેને નડશે તો તે નિરાકરણ તરફ વળશે ક્રિયાત્મક સંશોધન શિક્ષકની મદદ માટે છે.

## 2. સમસ્યાનું ક્ષેત્ર

સમસ્યા નિશ્ચિત થયા પછી તેનું ક્ષેત્ર નક્કી કરવું પડે છે. મુખવાચનમાં વિદ્યાર્થીઓ નબળા છે તો શું શાળાના તમામ વર્ગના વિદ્યાર્થીઓને તેમાં સમાવવા છે કે પછી એક જ વર્ગના વિદ્યાર્થીઓ પૂરતો અભ્યાસ સીમિત રાખવો છે. અહીં સમસ્યાનું ક્ષેત્ર નક્કી થાય છે.

દા.ત. પ્રસ્તુત સંશોધનનું કાર્યક્ષેત્ર નીચે મુજબ છે. એલિસબ્રિજની નૂતન વિદ્યાલયના ધો-8, કના વિદ્યાર્થીઓની મુખવાચનની ભૂલોનો અભ્યાસ.

## (3) સંભવિતકારણો

સમસ્યાનું ક્ષેત્ર નક્કી થયા પછી સ્વાભાવિક રીતે જ તેનાં કારણોની તપાસ કરવી પડે છે. કે આ સમસ્યા માટે કારણરૂપ પરિબળો કયાં કયાં છે સાથે સાથે તેણે એ પણ જોવું પડે છે કે શું એ કારણો માટે કોઈ હકીકતોનો આધાર લીધો હતો કે માત્ર ધારણા કરી હતી. અને શિક્ષક એ તમામ કારણોનો તો દૂર ન કરી શકે. એટલે કારણો વિચારતાની સાથે જ તેણે એ પણ વિચારવું પડે છેકે કારણના ઉપચાર માટે પોતે કંઈ કરી શકશે ખરો અને અંતમાં જે કારણો

સામે આવ્યાં હોય તેને અગ્રતાક્રમ આપવામાં આવે છે. કે કયું કારણ સૌથી વધુ જવાબદાર છે. આ સમગ્ર બાબતોને રજૂ કરતી એક સારણી તૈયાર કરવામાં આવે છે. જેને અભ્યાસથી કારણો, કારણોનો આધાર, શિક્ષક શું કરી શકશે અને કારણોનો અગ્રતાક્રમ વિશે માહિતી મળે છે. ઉપરોક્તય સમસ્યાના સંદર્ભમાં નીચે સારણી રજૂ કરી છે.

| ક્રમ. | સંભવિત કારણો | આધાર શો છે? | | હું એમાં કાંઈ કરી શકું? | | કારણોનો અગ્રતાક્રમ |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હા | ના | |
| 1. | વિદ્યાર્થીઓને વાચન અંગે યોગ્ય માર્ગદર્શન મળ્યું ન હોય. | √ | | √ | | 5 |
| 2. | વિદ્યાર્થીઓએ મુખવાચન કરવાનો મહાવરો મળ્યો ન હોય. | | √ | √ | | 1 |
| 3. | વિદ્યાર્થીઓને વિરામચિન્હોનો ખ્યાલ ન હોય. | | √ | √ | | 3 |
| 4. | વિદ્યાર્થીઓના વાચનમાં પ્રાદેશિકતા આવી જતી હોય. | √ | | √ | | 4 |
| 5. | વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો અભાવ હોય. | | √ | √ | | 6 |
| 6. | વિદ્યાર્થીઓને ઉચ્ચારણ કવાયત કરવાવામાં આવતી ન હોય. | | √ | √ | | 2 |
| 7. | વિદ્યાર્થીઓ મંદ બુદ્ધિવાળો કે આંખની નબળાઇ વાળો હોય. | | √ | | √ | 7 |

સારણી પરથી અગાઉ કહ્યું તે બધી બાબતો સ્પષ્ટ થાય છે. હવે ઉત્કલ્પનાઓ રચવામાં આવે છે.

## (4) ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પના એટલે સંશોધનની એરણે ચઢ્યા પહેલાંની સંશોધનની માન્યતા, ધારણા કે કલ્પના અહીં શિક્ષક કારણો વિચારી લીધા પછી કલ્પના કરે છે કે જો આમ કરું તો આવો સુધારો થાય. દા.ત. અહીં શિક્ષક એવી ઉત્કલ્પના રચે છે કે, જો હું વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં સુવિચારના મુખવાચન માટે ઊભા કરું, વર્ગશિક્ષણ દરમ્યાન એક ફકરાનું મુખવાચન કરાવું અને મુખવાચનની ભૂલો પ્રત્યે ધ્યાન દોરું ઘરે સ્વાધ્યાય દરમ્યાન રોજ 30 મિનિટ તેમજ ના મુખવાચનનો મહાવરો કરાવું તો તેઓના મુખવાચનમાં સુધારો થાય. આ થઇ શિક્ષકની ઉત્કલ્પના.

## (5) ઉત્કલ્પનાનું પરીક્ષણ

ઉત્કલ્પના કર્યા પછી એની ચકાસણી કઈ રીતે કરવી તે પણ શિક્ષકે અગાઉથી જ વિચારવું પડે છે. શિક્ષક તેનું પ્રયોગકાર્ય શરૂ કરે તેની સાથે સાથે અથવા પૂર્ણ થયા પછી તેના ફેરફારો નોંધવાના હોય છે. એ પરથી જ એ કહી શકે કે તેણે જે ઉત્કલ્પના બાંધી હતી હતી તે સાચી હતી કે નહીં.

ટૂંકમાં, અહીં શિક્ષકે વિદ્યાર્થીઓ કેવા પ્રકારની ભૂલો કરે છે તે જાણવા માટેની કસોટી બનાવવી પડે છે. અને તો જ તે પ્રયોગકાર્ય કરે અને પછી તે કસોટી ફરીથી આપે ત્યારે જાણી શકાય છે કે પ્રયોગકાર્યની અસર થઈ છે નહીં. અહીં પ્રમાણિત કસોટીઓ અને શિક્ષકરચિત કસોટીઓ વાપરી શકાયછે. ઉપરની સમસ્યાના સંદર્ભમાં આપણે ઉત્કલ્પનાઓનું પરીક્ષણ કરવા માટે વિદ્યાર્થીઓની મુખવાચનની ભૂલોને ત્રણ વિભાગમાં વહેંચીશું (1) શુદ્ધોચ્ચારની ભૂલો (2) વિરામચિહ્નોના ઉપયોગની ભૂલો (3) યોગ્ય ભાવવાહિતાની ભૂલો. આ ભૂલો કેટલા પ્રમાણમાં થાય છે. તે દર્શાવતો કોઠો તૈયાર કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

સારણી -1

ઉત્કલ્પના પરીક્ષણ સારણી

| મુખવાચનનો ક્રમ | શુદ્ધોચ્ચારની ભૂલો | વિરામ ચિહ્નોના ઉપયોગની ભૂલો | યોગ્ય ભાવવાહિતાની ભૂલો | કુલ ભૂલો |
|---|---|---|---|---|
| 1 | | | | |
| 2 | | | | |
| 3 | | | | |
| 4 | | | | |
| 5 | | | | |

હવે તમને એ સ્પષ્ટ થશે કે શિક્ષક જે તે સમસ્યા માટે તેણે જે ઉત્કલ્પના વિચારી હતી તેનું પ્રાયોગિક કાર્ય કરે અને સાથે સાથે આ કોઠામાં તેની અવલોકન નોંધ કરે તો પરિણામનો ખ્યાલ આવે. આ કોઠો તૈયાર થયા પછી પ્રાયોગિક કાર્ય હાથ ધરાય છે.

## (6) પ્રાયોગિક કાર્ય

ક્રિયાત્મક સંશોધનનું આ સૌથી મહત્ત્વનું સોપાન છે. શિક્ષકને પક્ષે આ કાર્ય ધીરજ, ખંત અને ગાંભીર્ય માંગી લે છે. પ્રયોગકાર્ય વેળાએ શિક્ષકે પોતે જે જે કાર્ય કરવાનું છે તેને ક્રમાંક આપી દેવા જોઈએ. પ્રયોગકાર્ય આયોજનપૂર્ણ થવું જોઈએ. પ્રયોગકાર્યનાં અવલોકન નોંધવા જોઈએ.અહીં રજૂ કરેલી ઉત્કલ્પના સંદર્ભમાં નીચે પ્રમાણે પ્રયોગકાર્ય કરવામાં આવ્યું જેની રજૂઆત નીચે મુજબ થઈ શકે. પ્રાયોગિક કાર્ય તા. 2/7/06 થી 22/7/06 દરમ્યાન કરવામાં આવ્યું જેમા કુલ 15 દિવસોનો સમાવેશ થાય છે.

(1) પ્રાર્થના સભામાં સુવિચારનું વાચન

(2) વર્ગશિક્ષણ દરમ્યાન એક ફકરાનું મુખવાચન અને દરમ્યાન મુખવાચન કૌશલ્યની રજૂઆત

(3) સ્વાધ્યાય માટે દરરોજ 30 મિનિટના મુખવાચનનો મહાવરો

| ક્રમ | સમય | સમયગાળો | પ્રવિધિ | સાધન |
|---|---|---|---|---|
| 1 | 15 | 10 મિનિટ | પ્રાર્થના સભામાં બે વિદ્યાર્થીઓ દ્વારા સુવિચારોનું વાચન | સુવિચારોની પુસ્તિકાઓ |
| 2 | 15 | 15મિનિટ | વિદ્યાર્થીઓ દ્વારા ફકરાઓનું મુખવાચન અને મુખવાસનનું મહત્ત્વ દર્શાવતાં પ્રવચનો | જુદાં-જુદાં સામયિકો, વર્તમાનપત્રો અને પાઠ્યપુસ્તકો |
| 3 | 15 | 30મિનિટ | સ્વાધ્યાય 30 મિનિટ મુખવાચનોનો મહાવરો | સામયિકો, વર્તમાનપત્રો, અહેવાલો, સંદર્ભપુસ્તકો |

## (7) મૂલ્યાંકન

સંશોધન હોય ત્યાં મૂલ્યાંકન હોય જ. મૂલ્યાંકનની રીતોમાં ફેરફાર હોઈ શકે. ક્રિયાત્મક સંશોધનોમાં નીચેની રીતોએ મૂલ્યાંકન થઈ શકે.

(1) શિક્ષકનાં અવલોકનોથી

(2) અનુભવીઓના અભિપ્રાયોથી

(3) પરીક્ષા દ્વારા

(4) ખાસ તૈયાર કરેલી કસોટી દ્વારા

મૂલ્યાંકન જેટલું આત્મલક્ષી તેટલાં પરિણામ વધુ વિશ્વસનીય.

ઉપરોક્ત સમસ્યાના સંદર્ભમાં પ્રયોગકાર્ય કરાવ્યા પછી શિક્ષક વિદ્યાર્થીઓની મુખવાચન કસોટી લે છે.ત અને તેમાં નીચે પરિણામ જોવા મળે છે. અહીં ઉત્કલ્પના પરીક્ષણની સારણી જ ઉપયોગમાં લેવાય છે.

| મુખવાચનના ક્રમ | શુદ્ધોચ્ચારની ભૂલો | યોગ્ય વિરામચિહ્નોની ઉપયોગની ભૂલો | યોગ્ય ભાવવાહિકતાની ભૂલો | કુલ ભૂલો |
|---|---|---|---|---|
| 1 | 17 | 19 | 22 | 58 |
| 2 | 14 | 17 | 20 | 51 |
| 3 | 11 | 13 | 14 | 38 |
| 4 | 09 | 08 | 11 | 28 |
| 5 | 08 | 05 | 09 | 22 |

## (8) પરિણામ

મૂલ્યાંકનનું પરિણામ જ પ્રયોગની સફળતા વિશે ઘણું કહી જાય છે. સારાં પરિણામોથી શિક્ષક અને વિદ્યાર્થી બંને રાજી થાય છે.

ઉપરોક્ત સારણીના સંદર્ભમાં કહી શકાય કે અહીં પરિણામો આંકડાશાસ્ત્રીય રીતે આપવામાં આવ્યા નથી. વિદ્યાર્થીઓની ભૂલોની સંખ્યા માત્ર નોંધવામાં આવી છે. સારણી પરથી કહી શકાય કે,

- વિદ્યાર્થીઓ વિરામ ચિહ્નોના ઉપયોગની ભૂલો સૌથી ઓછી કરતા થયા.
- બીજા ક્રમે શુદ્ધઉચ્ચાર અને ત્રીજા ક્રમે યોગ્ય ભાવવાહિતાના અભાવની ભૂલોમાં

ઘટાડો થયાં

- વિદ્યાર્થીઓમાં મુખવાચન દરમ્યાનની ભૂલોમાં ઘટાડો જોવા મળ્યો.

આ ઉપરાંત અન્ય કેટલાંક પરિણામો પણ જોવા મળ્યાં

(1) વિદ્યાર્થીઓ ભાષાના તાસને અલગ દૃષ્ટિથી જોતા થયા તેઓ હવે ગુજરાતીના તાસમાં અગાઉ કરતા વધુ રસ લેતા જોવા મળ્યા.

(2) તેઓની અરસ-પરસની વાતચીત અને અન્ય શિક્ષકો સાથેની વાતચીતમાં સુધારો જોવા મળ્યો.

(3) વર્ગમાં પ્રશ્નોત્તરી દરમ્યાન વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ વધુ સ્પષ્ટ જોવા મળી.

(4) બીજા વર્ગના વિદ્યાર્થીઓને પણ આ જાણવાનો રસ જાગ્યો અન્ય શિક્ષકોને પણ આવાં સંશોધનોમાં રસ જાગૃત થયો.

આવાં સંશોધનો કોઈપણ ભાષાશિક્ષક કરી શકે. આમ કરવાથી શરૂઆતમાં થોડો પરિશ્રમ લાગે પણ લાંબાગાળે કાર્યબોજ હળવો બને છે. અને તે કરતાંય વિશેષ તો આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે. વળી વિદ્યાર્થીઓને જે લાભ થાય છે. તેનાથી વિશેષ તો બીજી કઈ ફૂલશ્રુતિ હોઈ શકે ?

## તમારી પ્રગતિ ચકાસો-1

નોંધ: નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ નોંધો

(1) અભિક્રમિત અધ્યયનનાં ત્રણ લક્ષણો જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(2) અભિક્રમિત અધ્યયનનાં સોપાનોનાં નામ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(3) ક્રિયાત્મક સંશોધન માટે માતૃભાષાની ત્રણ સમસ્યાઓ જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 3.5 નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

નિદાન નો ખ્યાલ ચિકિત્સા વિજ્ઞાનમાંથી આવેલ છે. બીમાર વ્યક્તિના રોગનાં મૂળ કારણોની તપાસ અર્થે ડૉક્ટર નાડી જૂએ, જીભ ચકાસે, આંખ ચકાસે, શ્વાસોચ્છવાસની ક્રિયા ચકાસે અને તે ઉપરાંત લોહી, પેશાબ, ઝાડાની તપાસ, તેમજ જુદાંજુદાં ઉપકરણો દ્વારા તપાસ કરે. આ પ્રક્રિયાને નિદાન કહેવામાં આવે છે. આ વિચારસરણીને શિક્ષણમાં પણ સ્વીકારવામાં આવી. અને તે દ્વારા અધ્યેતામાં જે શિક્ષણ સંબંધી ઊણપો જોવા મળે તેનાં મૂળ કારણોની જાણ માટે તેના કાર્યનું નિદાન કરવામાં આવે છે. અને ઉપચારાત્મક કાર્ય દ્વારા તેમાં સુધારણા કરવામાં આવે છે. આથી નિદાનને action of identifying diffiecultles and strenghts કહી સમજાવાય છે.

એમ.એ. ગ્રીન નિદાન નો અર્થ આ રીતે સમજાવે છે. શૈક્ષણિક નિદાન અધ્યયન- અધ્યાપનની ખાસ મુશ્કેલીઓને વધતા યા ઓછા પ્રમાણમાં વૈજ્ઞાનિક પદ્ધતિ એ રજૂ કરે છે. અને જો શક્ય બને તો નિવારણ પ્રયત્ન કરે છે.

વિદ્યાર્થીના વ્યક્તિગત તફાવતો અથવા વાતાવરણની ભિન્નતા અથવા બીજાં કોઈપણ કારણસર વર્ગના બધા વિદ્યાર્થીઓ સાથે શિક્ષણની પ્રક્રિયામાં સમાન ન રહેતાં પાછળ રહી જતા વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત સુધારણા માટે જે શિક્ષણકાર્ય કરવામાં આવે તેને ઉપચારાત્મક શિક્ષણ કહે છે.

(ક) મહત્વ :

અધ્યેતાના શિક્ષણમાં રહેલી ક્ષતિઓ નિવારવા માટે.

- નિદાનાત્મક કાર્યની પૂર્વશરત શિક્ષણ સુધારણા છે. ઉપચાર માટે નિદાન થવું જરૂરી છે.
- વર્ગખંડનાં બધાં જ બાળકોના સમાન વિકાસનું ધ્યેય જળવાઈ શકે છે.
- અધ્યેતાના સમાન વિકાસનું ધ્યેય જળવાઈ શકે.
- શિક્ષણમાં અરુચિ ધરાવનાર અધ્યેતા અભિરુચિ વિકસાવવા માટે સમાનતા કેળવી શકે.
- શિક્ષક પોતાના કાર્યની ક્ષતિઓનું નિવારણ કરી શકે.

  આમ, નિદાનનું ક્ષેત્ર વિસ્તૃત છે.

- નિદાનની પ્રક્રિયા

  સી.મી. રોસના મંતવ્ય પ્રમાણે શૈક્ષણિક નિદાનની પ્રક્રિયા પાંચ સ્તરમાં વહેંચાયેલી છે. જે નીચે મુજબ છે.

(1) કયા વિદ્યાર્થીને મુશ્કેલી છે ?

(2) ભૂલ ક્યાં થાય છે ?

(3) ભૂલ શા માટે થાય છે ?

(4) કયા ઉપાયો હાથ ધરી શકાય છે ?

(5) ભૂલ કેવી રીતે અટકાવી શકાય ?

પહેલાં ચાર પગથિયાને સુધારણા સાથે નિસબત છે અને પાંચમા પગથિયાને ભૂલોના અટકાવ સાથે સંબંધ છે. બીજી રીતે કહેએ તો નિદાનનો તાત્કાલિક હેતુ સુધારાનો છે, પણ અંતિમ હેતુ ભૂલો થતી અટકાવવાનો છે. આ માટે નિદાનકાર્ય માટે નિદાન કસોટીની રચના કરવી પડે છે.

(ખ) નિદાન કસોટીની રચના

નિદાન કાર્યનું સૌથી પહેલું પગથિયું એ નિદાન કસોટીની રચના કરવી તે છે. નિદાન કસોટી તૈયાર કરતી વખતે નીચેની બાબતો લક્ષમાં રાખવી જોઈએ.

- નિદાન કસોટી દ્વારા કયાં પાસાંનું નિદાન કરવાનું છે તેને ધ્યાનમાં રાખી વિષયવસ્તુની પસંદગી કરવી જોઈએ. દા.ત. ભાષામાં વાચનનું નિદાન કરવું હોય તો વાચનને અનુલક્ષી વિષયવસ્તુની પસંદગી કરવી જોઈએ. દા.ત. ભાષામાં વાચનનું નિદાન કર્વું હોય તો વાચનને અનુલક્ષી વિષય વસ્તુની પસંદગી કરવી જોઈએ.
- કસોટી કલમો કઠિનાઈના ક્રમમાં ગોઠવવી.
- કસોટીના પ્રશ્નોના મળેલા ઉત્તરો અગત્યના નથી. અધ્યેતા જવાબ આપવામાં ક્યાં કેવી મુશ્કેલી અનુભવે છે તે શોધવાનો હેતું અહીં અગ્રસ્થાને હોય છે.
- કસોટી પ્રશ્નો માટે સમય મર્યાદા હોતી નથી. અધ્યેતા જવાબ આપવામાં ક્યાં કેવી મુશ્કેલી અનુભવે છે તે શોધવાનો હેતુ અહીં અગ્રસ્થાને હોય છે.
- નિદાન કસોટીના આધારે થયેલા નિદાનનો ઉપયોગ ઉપચારાત્મક કાર્ય માટે કરવામાં આવે છે. કેટલીક વખત વિદ્યાર્થીના શિક્ષણકાર્યમાં ક્ષતિ ન રહે તે માટે સાવચેતી સ્વરૂપે પણ કાર્ય કરવામાં આવે છે.
- નિદાન કસોટીના પ્રશ્ન સ્વરૂપમાં ભિન્નતા હોય છે.

શિક્ષક નિદાન સકોટીનો મર્યાદિત ઉપયોગ કરી શકે છે. શિક્ષકનિર્મિત કસોટીની મર્યાદાઓ દૂર કસોટીનો મર્યાદિત ઉપયોગ કરી શકે છે. શિક્ષક નિર્મિત કસોટીની મર્યાદાઓ દૂર કરવા પ્રમાણિત કસોટીનો ઉપયોગ થાય છે. પ્રમાણિત કસોટીની રચના વધુ વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે. આ કસોટી મોટા વ્યાપના આધારે તૈયાર કરવામાં આવતી હોવાથી વિશેષ ઉપયોગી બને છે.

## ઉપસંહાર

ઉપરોક્ત નૂતન પ્રવાહોથી વાકેફ થયા પછી એવું લાગે કે એક તરફ વિકાસ માટેની અગાધ શક્યતાઓ પડી છે અને બીજી બાજુ માણસ પુરુષાર્થના અભાવમાં પોતાની દરિદ્રતા માટે નસીબને દોષી માટે છે. આજની શૈક્ષણિક પરિસ્થિતિ માટે પરસ્પરની ભૂમિકા માટે દોષારોપણ કરવું ઘણું જ સહેલું છે, પણ વિકાસ તરફ જાતે પહેલ કરવાની તૈયારી નથી બતાવવી ચાણક્યના વાક્યો દરેક શિક્ષકે મનમાં કોતરી રાખવા જેવાં છે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઔર નિર્માણ ઉસકી કોખમેં પલતે હૈં. જો દરેક શિક્ષક નૂતન પ્રવાહોને એક વિદ્યાર્થી બનીને ઝીલી લે તો એક સફળ શિક્ષણ બનવાની મંજિલ દૂર નથી.

હવે સમગ્ર એકમનો સારાંશ જોતાં પહેલાં પ્રગતિની ચકાસણી કરી લઈશું.

## તમારી પ્રગતિ ચકાસો -2

(1) નિદાનાત્મ અને ઉપચારાત્મક કાર્ય એટલે શું તે સમજાવો.

(2) નિદાનાત્મક કાર્યનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ નોંધો.

(3) નિદાન કસોટી રચતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

## 3.6. સારાંશ

- બદલાતા સમયની સાથે શિક્ષણ પણ પોતાના કલેવરો બદલી રહ્યું છે. દર બે વર્ષે જ્ઞાન બમણું થઈ જાય છે. સમય અને સ્થળના બંધનો તૂટવા માંડ્યા છે. આ સંદર્ભમાં શિક્ષણ નૂતન પ્રવાહો ઝીલે, અપનાવે અને આત્મસાત કરે આવકાર્ય જ નહીં અનિવાર્ય છે.
- અભિક્રમિત અધ્યયન આ એક એવી પ્રક્રિયા છે જેમાં વિષયવસ્તુની ગોઠવણી નાનાં પગલાંની હારમાળા દ્વારા કરવામાં આવે અને વિદ્યાર્થી સ્વાધ્યાય વડે જ્ઞાનથી અજ્ઞાત તરફ જતાં નવી બાબતો શીખે.
- અભિક્રમિત અધ્યયનની રચનામાં નાનાં સોપાનોનો સિદ્ધાંત, સક્રિય પ્રતિચારનો સિદ્ધાંત, પરિણામની ત્વરીત જાણનો સિદ્ધાંત, વ્યક્તિગત ઝડપનો સિદ્ધાંત અને અધ્યેતાની ચકાસણીનો સિદ્ધાંત એમ પાંચ સિદ્ધાંતો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

  અભિક્રમિત અધ્યયનના સોપાનોમાં ઉદ્દેશ પ્રક્રિયા, ફ્રેમા, વિષયવસ્તુની ચકાસણી, અજમાયશ અને ઉપયોગનો સમાવેશ થાય છે.
- અભિક્રમિત અધ્યયનથી શિક્ષણની ગુણવત્તા જળવાય છે, અધ્યેતા, પોતાની ગતિએ અધ્યયન કરી શકે છે. સમજનો વિકાસ થાય છે. રસ, એકાગ્રતા જળવાઈ રહે છે. શિક્ષણના કાર્યનો બોજો ઘટે છે., વ્યક્તિગત તફાવતો સંતોષાય છે. અધ્યેતાને સ્વમૂલ્યાંકનની તક મળે છે. આવા, અભિક્રમિત અધ્યયનના ફાયદા છે.

  તેની મર્યાદાઓમાં અભિક્રમો રચવા મુશ્કેલ છે, જ્ઞાન નાના નાના ટુકડાઓમાં વિભાજિત થઈ જાય છે, રોજિંદા શિક્ષણમાં આ પદ્ધતિ વ્યવહારુ બનતી નથી.
- ક્રિયાત્મક સંશોધન : શિક્ષક પોતાની સમસ્યાઓનું વૈજ્ઞાનિક ઢબે અધ્યયન કરી પોતાના કાર્યો અને નિર્ણયોમાં માર્ગદર્શન મેળવવા, સુધારણા કરવા અને મૂલ્યાંકન કરવા જે પ્રક્રિયા આદરે તેને ક્રિયાત્મક સંશોધન કહેવાય.
- ક્રિયાત્મક સંશોધનની સમસ્યાનો ઉકેલ વૈજ્ઞાનિક ઢબે મેળવી શકાય છે. સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેનું અંતર ઘટે છે. સમસ્યા પ્રત્યે લોકોની સંવેદનશીલતા વધે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે છે અને શિક્ષક આત્મસંતોષ મેળવી શકે છે.

- ક્રિયાત્મક સંશોધનમાં સમસ્યા, સમસ્યાનું ક્ષેત્ર, સંભવિત કારણો, ઉત્કલ્પનાઓ, ઉત્કલ્પનાઓનું પરીક્ષણ, પ્રયોગકાર્ય, મૂલ્યાંકન અને પરિણામ એમ આઠ સોપાનોને અનુસરવાનું આવે છે.
- નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય શિક્ષણની પ્રક્રિયામાં કોઈપણ કારણસર પાછળ રહી જતા વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત સુધારણા માટે જે શિક્ષણકાર્ય કરવામાં આવે છે તેને ઉપચારાત્મક શિક્ષણ કહે છે.
- અધ્યેતાના શિક્ષણમાં રહેલી ક્ષતિઓ સુધારવા, બધાં બાળકોના સમાન વિકાસનું ધ્યેય જળવાઈ રહે તે માટે, અધ્યેતાના વ્યક્તિત્વ વિકાસ માટે અને શિક્ષકની પોતાની ક્ષતિઓ નિવારવા માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય નું મહત્વ છે.
- નિદાનની પ્રક્રિયામાં કયાં વિદ્યાર્થીને મુશ્કેલી છે, ભૂલ કયાં થાય છે. ભૂલ શા માટે થાય છે. કયા ઉપાયો હાથ ધરી શકાય તેમ છે અને ભૂલ કેમ અટકાવી શકાય એમ પાંચ સોપાન ધ્યાનમાં લેવામાં આવે છે.
- નિદાન કસોટીની રચના સૌથી અગત્યનું પાસું છે. તેમાં અધ્યેતા શીમુશ્કેલી અનુભવે છે તે જાણવાનું મહત્વ છે.
- નિદાન કર્યા પછી ઉપચાર કરવામાં આવે છે. તે ઉપચારની પણ અસરકારતા તપાસાય છે. જો સફળતા ન જણાય તો પુનઃઉપચાર કરાય છે.

## 3.7 ચર્ચા અને સ્પષ્ટીકરણ

પ્રસ્તુત પ્રકરણને અંતે તમને જે મુદ્દાઓ અંગે વિશેષ ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવા જેવું લાગે તેને તે મુદ્દા અંતર્ગત નોંધો.

ચર્ચા

સ્પષ્ટીકરણ

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.

(1) જુઓ 3.3

(2) જુઓ 3.3

(3) (1) મુખવાચનની સમસ્યા

(2) જોડણીની સમસ્યા

(3) ઉચ્ચારણની સમસ્યા

2.

(1) જુઓ 3.5

(2) જુઓ 3.5 (ક)

(3) જુઓ 3.5 (ખ)

## નોંધ :